श्रीमन्महाराजा सयाजीराव गायकवाड सरकारना आश्रयथी.

पद्मनाभ कवि कृत

कान्हडदे प्रबन्ध.

સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઈ પીતામ્બર દેરાસરી.

બેરિસ્ટર-એટ્-લૉ, અમદાવાદ.

आवृत्ति १. प्रत ५००.

संवत १९७३.

मूल्य रु. २।.

અમદાવાદ
ટંકશાળમાં–શ્રી યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ સામળદાસે છાપ્યું.

પ્રસ્તાવના.

આપણી ભાષામાં પુરાણોની કથા અને કલ્પનાઓને ઝુલાવી ઝુલાવીને ઘણુંએ કાવ્ય લખાયા છે, પરતુ અત્યાર સુધીમાં કેવળ ઐતિહાસિક વસ્તુ-વાળું કાવ્ય જાણવામાં આવ્યુ નથી. જૂનામાં જૂનુ એવું વીરકાવ્ય તે કાન્હડદે પ્રબંધ છે. આ પ્રબંધને પ્રજાની જાણમાં લાવવાનુ માન પ્રાચીનશોધરસિક પ્રખ્યાત વિદ્વદ્ર સ્વ૦ ડા. બ્યુલરને ઘટે છે. જૂના સસ્કૃત ગ્રથોની શોધમાં એઓ રજપૂતસ્થાન તરફ ગયા હતા, ત્યાં થરાદના જૈનભંડાર તપાસતાં તેમની દૃષ્ટિ આ પ્રબંધ ઉપર પડી. લુગડાના બાંધણમાં બાંધેલુ અને સુરક્ષિત દાબડામાં મુકીને તાળાકુચી વાળા પટારામાં સાચવેલુ આ રત્ન કદરદાન ઝવેરીની દૃષ્ટિએ પડતાં જ તેમણે તેનું આબ જોઈ કિંમત કરી. પોતે એની નક્કલ કરાવીને સ્વ. નવલરામ લક્ષ્મીરામ પડયા, -જેઓ શાળાપત્રના તત્રી હતા અને જેમના ઉપર ગૂજરાતી ભાષાના સારા વિદ્વાન તરીકે પોતાને પક્ષપાત હતો, તેમની તરફ મોકલી દીધી. એક જ પ્રત ઉપરથી સશોધન કરવુ ઘણુ વિકટ ધારી તેમણે લખેલી પ્રત ગેરવલ્લે ન જાય માટે કડકે કડકે શાળાપત્રમાં છાપી.

ઘણા પ્રસંગોને લીધે આ કાવ્ય સશોધિત કરવાની અમને ઉત્કટ લાલસા ઉત્પન્ન થઇ અને પ્રતો એકઠી કરવાનો આરભ કર્યો. છએક પ્રત મળશે એમ ધારવુ હતુ પણ જોધપુર તરફથી આવનારી પ્રતનો પત્તો જ ન લાગ્યો. અમારા જૂના મિત્ર અજમેરની મેયોકોલેજના પ્રિન્સિપાલ મી. વોડિંગ્ટન સાહેબ મારફત, તેમ જ જાતે જોધપુરના રેસીડેન્ટ સાહેબ ઉપર લખ્યુ. એઓશ્રીએ ઘણી ખોળ કરતાં જોધપુર રીયાસતમાં એની નક્કલ નથી એમ જણાયુ. એક ચારણ પાસે અમારા જોધપુરવાળા વિદ્વાન મિત્ર રા. રા. મુનશી દેવીપ્રસાદજીએ એ કાવ્ય જોયુ હતુ. એ પ્રત મેળવવાનો પ્રયત્ન કરતાં કમનશીએ એ ચારણનું મૃત્યુ થયુ છે એમ માલમ પડયુ, અને એનો વારસો લેનારને એ પુસ્તકની બિલકુલ માહીતી નથી એવી નિરાશાજનક ખબર મળી.

સંશોધન વખતે અમારી પાસે પાંચ પ્રત હતી. જેને અમે **क**, **ख**, **ग**, **घ** અને **च** એવી સંજ્ઞાથી ઓળખાવીશું.

क. સ્વ. નવલરામ લક્ષ્મીરામે સન ૧૮૭૭–૭૮ ના શાળાપત્રમાં છૂટક છૂટક આ પ્રબંધ છાપ્યો હતો. મળેલી સઘળી પ્રતોમાં આ ઘણી જ ભૂલો ભરેલી છે. ઘણા શબ્દોને તોડી નાખ્યા છે, જોડણી ફેરવી નાંખી છે અને અનુસ્વાર ઉમેરવામાં બિલકુલ કંજૂસાઇ કરી નથી. શબ્દોની વિકૃતિને લીધે અર્થ ઘણો જ અસ્ફુટ થઈ ગયો છે. ચોથા ખંડમાં ૧૭૨ થી ૨૦૪ સુધી પ્રત ત્રુટક હોવાને ૩૧ તૂકો ખૂટે છે. ચોથા ખંડમા ઘણીજ ગરબડ થઇ ગઇ છે.

શાળાપત્રને છેડે આપેલો સમાપ્તિ લેખ **घ**ના સમાપ્તિ લેખ જેવો જ છે તેથી અનુમાન થાય છે કે **घ** પ્રત જ ડા૦ બ્યુલરે શાળાપત્રપર મોકલી હશે. સ્વ. નવલરામજીને ત્યા બીજી પ્રતનો પત્તો નથી તેથી પણ એજ અનુમાન સભંવ છે. માત્ર **घ**ના કરતા શાળાપત્રમા ઘણી ભૂલો પેશી ગયેલી દૃષ્ટિગોચર થાય છે એટલુ જ.

ख થરાદના જૈન ભંડારમાથી અમારા મિત્ર ત્યાંના કારભારી રા. રા. પુરૂષોત્તમરાય ભવાનિશંકરની મહેનતથી આ પ્રત અમને મળી હતી. એના અક્ષર જૈન ગ્રંથોમા હોય છે તેવા મરોડના છે પ્રત સામાન્ય રીતે શુદ્ધ છે. અમે એનાપર વિશેષ વિશ્વાસ રાખ્યો છે. આ પ્રતને અંતે લખ્યુ છે કે

‘**इति का. प्र. समाप्त संवत १६४८ वर्षे मार्ग्रशिर मासे कृष्ण पक्षे अष्टम्यां तिथौ रविवासरे ॥ श्री सत्तिपुरे श्री भावहडराय गछे श्री श्री श्री ४ कालिकाचार्य संताने । वांचनाचार्य श्री श्री श्री भावकलस तत् शष्य वाचनाचार्य श्री श्री श्री जयमेर तत् शष्य मुनि रांमाकेन आत्मार्थे लपी कृतं ॥ या द्रश्यं पुस्तके दृष्टा तादृशं लख्येतं मया यदि शुद्धमशुद्धंवा मम दोशो न दियते ॥** આનુ અશુદ્ધ સંસ્કૃત લખાણ્ છે આ પ્રત પણ **क** છે ત્યાથી જ ત્રુટક છે.

ग પૂનાની ડેકન કોલેજની આ પ્રત બાંધેલા પુસ્તકના આકારની છે. આરંભમા કર્ણઆખ્યાન (કડી ૪૫) સુરદાસ કૃત છે. ત્યાર પછી કાન્હડદે પ્રબંધ ઉતાર્યો છે અને એની પછી છેવટમા શ્રીધર વ્યાસ કૃત રણમલ્લ છંદ છે, તે ઈડરના રાણા રણમલ્લ વિશે છે. ઉતાર્યા સાલ સ. ૧૬૬૫ છે. આ પ્રત શાળાપત્ર જોડે કાળજીથી મેળવીને પાઠાન્તર અમારા મિત્ર સાક્ષર

શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવે જૂદાં તારવ્યાં હતાં. બધી પ્રતોના કરતાં આ પ્રત જૂદી જ માલમ પડે છે. **ख** ના કરતાં સત્તર વર્ષ મોડી ઉતારાયેલી છે. પાઠાંતર ઘણાં છે અને જે છે તે જૂની ભાષામાં થતા ફેરફાર બતાવી આપે છે બીજી પ્રતોમાં **आवइ, ज्यारइ** ને બદલે આમાં **आवि, ज्यारि** એમ છે. તેમજ ક્ષેપક ભાગ ઘણો છે. બીજી પ્રતો જ્યા ત્રૂટક છે ત્યા આ પ્રત પૂરી છે, એટલે એટલા ભાગ પૂરતી તો આ પ્રતને જ મુખ્ય ગણી છે.

घ. ડેકન કોલેજની આ પ્રત પ્રોફેસર મી પે. બ વાડીઆની મહેનતથી અમને પ્રાપ્ત થઇ હતી. ઘણુ કરીને શાળાપત્રમાં જે પ્રત ઉપરથી છાપ્યુ છે તે પ્રત આ જ હશે પરતુ આ પ્રત અને શાળાપત્રમાં ઘણો તફાવત અને ભૂલો છે તેથી બરાબર નિર્ણય થતો નથી. એની અંતે '**इति कान्हड प्रबंध चतुर्थ खड समाप्त ह्रिँ सं. १९३० माहा सूद २ वार भोमे ऋषभ प्रासादात गां डीसा नयरे लं। पं कल्याण विजयजितन् शिष्य मु. मोतिचंद्र तथैवं दयाविजयजी च॒ मांमे कृत्वा**'. એવુ લખાણ છે

च કપોલના બાગેટ પ્રહ્લાદે આપેલી આ પ્રતમા પ્રથિરાજની રૂકિમણીવેલ પૂરી થયા પછી કાન્હડદે પ્રબધ ઉતારવાનો આરભ કર્યો છે. પ્રથમની સો–દોઢસો ત્રક જ લખેલી છે અક્ષર કાચા અને બહુ જૂના જણાતા નથી (જૂનુ ન સમજાયું હોય તેમાં) પાઠાંતર અર્થ સ્પષ્ટ કરવાને માટે ફેરફાર કર્યો હોય એવા જણાય છે.

વાસ્તવિક જોતાં મળેલી પ્રતો બે તરેહની જણાય છે. **क ख** અને **घ** એક જ પ્રત ઉપરથી થયેલી જણાય છે. બધામાં એક જ ભાગ ત્રૂટક છે. **च** પ્રત આખી નથી.

આ કાવ્ય ' કાન્હડદે ચોપાઈ, ' ' કાન્હડદે રાસો, ' અને ' કાન્હડદે પ્રબંધ ' એવે જૂદે જૂદે નામે ઓળખાય છે. ચોહાણ કુળતિલક કાન્હડદેવના વંશજ અખેરાજની આજ્ઞાનુસાર ઝાલોરમાં સવત પદરસે બારમાં આ કાવ્ય રચ્યુ છે. લહીઆઓની શરત ચૂકથી બનાવ્યા સાલમા ભૂલ ન થાય માટે કવિ ઝાલોર પડયાની સાલથી એકસો પીસ્તાળીસમા વર્ષમાં રચ્યુ છે

એવો તાળો પણ મેળવી મૂકે છે. કવિ પોતે પોતાના કાવ્યનું *માપ ગ્રંથને અંતે આપે છે. એ કહે છે કે આ કાન્હડદે ચોપઇના પદબંધ સાતસેં અને એંશી છે. કાવ્યમાં ચોપાઈ, પવાડો, દોહરો અને ગીત વાપર્યાં છે. क પ્રતમાં પવાડાની તૂક બે લીંટીની ગણી છે; તે પ્રમાણે અમે પણ બે લીંટીની તૂક ગણી છે, પરંતુ ग પ્રતમાં તૂક ચાર લીંટીની પણ ગણી છે. એમ ગણતાં આખા કાવ્યમાં પવાડાની સંખ્યા એકસોને પચાણું થાય છે; તે હિસાબે કુલ ગ્રંથ સંખ્યા આઠસેં ને ત્રીસની થાય છે. તે પૈકી ચાળીસ કડી ગીતની છે તે બાદ કરીએ તો તફાવત માત્ર દશનો જ રહે છે, એટલે કે લગભગ મેળ મળી રહે છે. ગીત બાદ કરતાં કથાભાગના સંબંધમાં કશી અડચણ આવતી નથી.

---

*છાપેલી પ્રતની ગણત્રી પ્રમાણે એની ફોડ નીચે મુજબ છે:--

ખંડ.	૧	૨	૩	૪	કુલ.
ચોપઇ.	૫૦	૪૩½	૨૦૮	૨૬૩	૫૬૪½
પવાડો.	૧૮૪	૧૧૭	૩૨	૫૭	૩૯૦ (૧૯૫)
દોહરા.	૧૨	૨	૫	૧૧	૩૦
ગીત.	૯	૬	૯	૧૬	૪૦
કુલ.	૨૫૫	૧૬૮½	૨૫૪	૩૪૭	૧૦૨૪½
ભટાઉલી ગદ્ય.	૧	૦	૧	૦	

ધન, ધાન્ય અને વસ્ત્રાભરણથી ભરપૂર નવકોટી મારવાડ દેશમાં જગ વિદિત કનકાચળ અથવા સોનગિરિ નામના પર્વત ઉપર જાબાલિ ઋષિને નામે જાબાલિપુર અગર ઝાલોર કરીને શહેર છે એ શહેર ધવળ કીર્ત્તિ-વાળા સોનગીરા ચોહાણોની રાજધાની છે પૂર્વે ત્યાં સાંમતસિંહ નામના સોનગિરા ચોહાણ રાજાનો પુત્ર કાન્હડદે ચોહાણ રાજ્ય કરતો હતો. અને તે રાજનીતિમાં કુશળ હતો. એને વિજયવંત વીરમદે નામે કુંવર અને બુદ્ધિવંત માલદે નામે ભાઇ હતો

એ વખતે ગુજરાતમા સારગદેવની સાથે કરણદેવ વાઘેલાની આણ ફરતી હતી. નાગર બ્રાહ્મણ માધવ મહેતો એનો પ્રધાન હતો એ પ્રધાનના ઘરની આબરૂ ઉપર રાજાએ હાથ નાખ્યો તેથી વિગ્રહનુ બી રોપાયુ. માધવને રોમ રોમ રોષ વ્યાપી રહ્યો અને જો તુરક લોકોને અહીં લાવુ તો જ ગુજરાતનુ અન્ન જમુ એવી ભીષ્મ પ્રતિજ્ઞા લીધી.

માધવ દીલ્હી તરફ ચાલ્યો પ્રથમ દીવાનને મળ્યો. દીવાને સુલતાનને કાને એની હકીકત પહોચાડી. માધવે આણેલા ઘણા ઘોડા નજર કરીને દીવાને અરજ કરી કે માધવ નામનો આ મોટો સરદાર પાદશાહને તાઝીમ બજાવે છે તે ઉપર નીધા કરીએ.

પરદેશી મોટો પ્રધાન છે એમ જાણીને પાદશાહે માધવનું સન્માન કર્યું. તેણે હસીને ગુજરાતની હકીકત પુછી અને કહ્યુ કે અમારા સાંભળવા મુજબ ત્યાનો રાજા અવિચારી છે ?

એ સાંભળીને નાગર બ્રાહ્મણ માધવે કકળી ઉઠીને ફરીઆદ કરી કે અણહિલપુરના રાજાએ તો ક્ષત્રિય ધર્મનો લોપ કર્યો છે. એણે મને જ દૂભવ્યો મારા ભાઈ કેશવનુ ખૂન કર્યું અને એની સ્ત્રીને જબરાઇથી લઈ જઇને રાજવળામાં દાખલ કરી. એ મોટુ દુઃખ મારાથી સહ્યું જતુ નથી. મારી જોડે લશ્કર મોકલો હુ ગુજરાતમાં જંગ મચાવીને ગુજરાતીઓને મારીશ અગર કેદ પકડીશ; અને બળ કરીને ગુજરાત આપને સર કરી આપીશ.

-સુલતાન અલ્લાઉદ્દીને તુષમાન થઇને માધવને તરત જ પચાંગ પોશાક આપીને તેના ઉતારાનો અને ખાધાપીધાનો બંદોબસ્ત કરાવ્યો, ત્યાર પછી પાદશાહે ગુજરાત જવાના રસ્તાપર બાદશાહી લશ્કરને રસ્તો આપવા કહેણુ મોકલાવ્યુ. આ વેળા ઝાલોરના ચોહાણ રાજાએ પાદશાહના પ્રધાનોને માથામાં વાગે એવો જવાબ આપ્યો કે એ અમારો ધર્મ નહિ. ગામો લૂંટાય,

બાન પકડાય, બિચારી અબળાઓના કાન તોડાય અને ગૌબ્રાહ્મણુને પીડા થાય એવી બધી ખુવારી વ્હોરી રાજા નામ ધરનાર રસ્તો આપે નહિ. મનમાં લજવાતા પ્રધાનો પાછા દીલ્લી ગયા અને પાદશાહને અરજ ગુજારી કે ઘણી ઘણી જીકર કરતાં પણ કાન્હડદે આપનું કહેણુ માનતો નથી. બાદશાહે આ સાંભળીને નીસાસો નાંખ્યો વાત રસપર ચઢી હતી તેથી અલફખાનને તેડાવી બીજે રસ્તે ગુજરાતપર ચઢાઈ લઈ જવાનુ બાદશાહે ફરમાવ્યુ. પ્રધાન માધવને તેની જોડે મોકલ્યો મોટા મોટા મલેકો, ખાન, ખોજા વગેરેને પણ સાથે મોકલ્યા.

હુકમ થતાં જ લશ્કરની તૈયારીઓ થઇ. લશ્કરના શણુગારરૂપ તણુ, કચેરી, સમીયાણુા અને રાવટીઓ આપી. ઘડીએ જોજન કાપી નાંખે એવી સાંઢણીઓ ઉપર ભાર ભરીને પલાણુ મેલાયાં. કોટમાં ધમકતી ઘુઘરીઓ વાળી સાંઢો ઉપર રબારીઓ સ્વાર થયા. પહેલો ડકો થતાં જ તેઓ ચાલવા માંડતા; લગીરે વિલંબ થતો નહિ. લશ્કરમાં ફારૂકી, હાથી અને હબસી સીપાઇઓ હતા. બીહામણુા બગાળો પણ હતા. અસખ્ય પટાવતો, કા'રો અને ભોઈ પાળા ચાલતા હતા. રસ્તામાં ભઠીઆરાઓ રસોઈ કરતા હતા, અને સિપાઇઓ ઉતાવળને લીધે ચાલતાં ચાલતાં ખાતા. લશ્કરની પુઠે લાખેક મ્લેચ્છ બચ્ચાઓ હતા. ઉપર અંબાડીઓ અને બખ્તર નાંખીને અને કોટમાં રણુકાર કરતી ઘટાઓ બાંધીને મદોન્મત્ત હાથીઓને શણુગાર્યા હતા. તેમના ઉપર મહાવતો બેઠા હતા. મસ્ત હાથીઓ અંકુશને લગીરે લેખવતા નહોતા. તેઓ એક બીજાની સાથે સ્પર્ધા કરતા જાણે પર્વત માળા જ ચાલતી હોય નહિ એમ ચાલતા હતા. ઘોડાની ફોજ વળી જૂદી હતી, તેની સખ્યાનો તો પારે પામીએ નહિ. ખાનોના ઘોડાઓ આડી વાટે ઉડયા ઉડયા ચાલતા હતા. લશ્કરમા બણુગાં, નફેરી, શરણાઇઓ અને નોબતો વાગી રહી હતી. લશ્કર જ્યાં જ્યાં ઘાસ પાણીની સારી સોઈ હોય ત્યાં ત્યાં પડાવ નાંખતુ. કોદાળીઆઓ લશ્કરની આગળ ચાલતા. આરહડા જાતના માણસો પાસે લોઢાના ઘણોવડે વાટમા પથરા વગેરે હોય તે ભગાવીને માધવે રસ્તો સારો કરાવ્યો. લશ્કરને જોઇને વગડાનાં હિંસક પશુઓ બીહીને નાશી જતાં. લશ્કરનાં ધાડાં ચોતરફ વસમી જગાઓ હાથ કરતાં ધાતાં હતાં. મેવાડના સમરસિંહ રાવળે લશ્કરને પોતાના રાજ્યમાંથી જવા દીધુ અને એ રસ્તે લશ્કર બનાસ નદી ઉપર આવી પહોંચ્યુ લશ્કર આવે છે, લશ્કર આવે છે એવી બૂમ છેક ગુજરાત સુધી પડી અને બધાંને ત્રાસ પડી રહ્યો. તુર્ક લશ્કરે મોડાસે આવીને ડંકો દીધો.

તે કાળે મોડાસામાં બત્તડ કરીને ઠાકોર હતો, તે મૂછાળા મુસલમાનો આવે છે સાંભળીને ફફડી ઉઠયો. અમારા પૂર્વજોને પૂર્વે (મહમદ ગીઝનીના વારામાં) બહુ વેઠવું પડયું છે માટે હું મ્લેચ્છોને છોડું નહિ, અને સામે મોએ યુદ્ધમાં હાથ બતાવું એમ કહીને પોતાના મુઠીભર રજપૂતો સાથે હાથમાં ઉઘાડી તરવાર લઇને તુર્ક લોકો ઉપર તૂટી પડયો. અલફખાને એના વીરત્વનુ વખાણ કર્યું અને બત્તડ સ્વર્ગે ગયો. બત્તડ પડતાં મોડાસું ભાગ્યું. અલફખાને ગામને આગ લગાડી અને અનેક લોકોને બાન પકડયાં. તુર્ક લશ્કરનાં ધાડાં દશે દિશામાં દોડયાં. તેમણે ઠેર ઠેર લૂંટો કરી. દડાવ્ય, ચિડોત્તર અને ધાન્ધારને ઢ ઢોળી નાંખી, તેમણે બાવન ગામનો ટપ્પો લૂટયો. છેક પાટણ સુધી બૂમ પહોંચી કે લશ્કર આવે છે.

પાટણના દરવાજા બંધ થયા મુસલમાન લશકર પાટણના દરવાજા આગળ આવ્યુ; તેમણે માધવ મહેતાને મોખરે કર્યો કેમકે એ પેસનીકાલનો ભોમીઓ હતો. મુસલમાનોએ શહેર લીધુ. રજપુતો કિલ્લામાં ભરાયા. માધવ મહેતાએ કરણને કહાવ્યુ કે નાશી છૂટ. કાં વગર મોતે મરે છે? છીંડુ પાડીને કરણ રાજા નાઠો. એની રાણી પણ એની પુઠે પગપાળી નાઠી. કરણ નાઠો એટલે કિલ્લો ભેળાયો, ભંડાર લૂટાયા. અરે! અણહિલપુરમા આવુ બન્યુએ નહોતુ અને બનશે એ નહિ જે જગાએ મંદિર હતું ત્યા મશીદ બની અને સરદારે ખુતબો પઢયો. સુલતાન અલ્લાઉદ્દીનની આણ વર્તાવી.

પાટણમાં થાણું મૂકીને તેઓ અશાવળ ગયા. ગુજરાતમાં અશાવળ, ધોળકા, ખભાત, સુરત અને રાંદેર લૂટયાં. એમનું નામ સાંભળીને ચાંપાનેર પણ કપી ઉઠયુ. આ પ્રમાણે ગુજરાતમા લૂંટ કરીને મુસલમાનોએ બધુ સાંભરી લીધુ. તેમણે આસપાસનાં બધાં શહેર હચમચાવી નાંખ્યાં અને છેક દરીઆ કિનારા સુધી ગયા સોનાં, રૂપાં, જરીઆન, કાચ, કપૂર વગેરે લૂંટી લીધુ ઠેર ઠેર મોટા માણસોને બાન પકડતી, દેશ મારતી અને લૂંટ કરતી મુસલમાન ફોજો ફરતી હતી. ત્યારપછી બળવાન ખાને ડકો દેઇને સોરઠ તરફ પ્રયાણ કર્યું.

સોરઠમાં મેગલપુર, મહુવા, ઉના, દાઠા વગેરે લૂંટયાં. તેઓ ખંત રાખીને દીવગઢમાં પેઠા અને લોકો બિચારા દશે દિશાએ નાસવા લાગ્યા. જાણે મૂર્ત્તિમાન કાળ જ કોપ્યો હોય એવો કોલાહળ સંભળાતો હતો.

ઠેર ઠેર લાહ્યો લગાડયાથી ધૂમાડાના ગોટેગોટ દેખાતા હતા. મુસલમાન સેનામાં ચોતરફથી ખારેકો, દ્રાક્ષ, લીલાં નાળિયેર, સોપારી, બીજોરાં, શેલડીના સુંદર વાઢના વાઢ, બાગાયત લીલી પેદાશો, આદુ, સુરણ, પડોળાં અને સુંદર પાન લૂંટાઇને આવ્યે જતાં. કોઇ ધાન ખાવાની તો દરકારે કરતું નહિ. આખા સોરઠની વસ્તી નસાય તેમ નાઠી ભર્યોભાદરો દેશ લૂટાયો અને કિનારાનાં નગરો કચરી નાંખ્યાં. કોઈ સામુ થઇ શકયું નહિ. આ પ્રમાણે દેશ જેર કરતુ કરતુ મુસલમાન લશ્કર દેવપાટણે આવી પહોંચ્યુ.

સોમનાથ પાટણે આવીને તેમણે શહેરની પાસે જ મૂકામ કર્યો. નગર રક્ષકોએ શહેરના દરવાજા દઇ દીધા. મુસલમાન લશ્કરે શહેરને ઘેરો ઘાલ્યો. સોમનાથની વ્હારે વાળાઓ, વાજાઓ, જેઠવાઓ, ચુડાસમા સર્વે આવ્યા. આ બળવાન સોરઠીઆ રજપૂતોએ પાછી પાની ન કરી. તેઓએ પાદરમાં આવીને ધસારો કરીને જંગ મચાવ્યો, પણ પાદશાહની સેના રૂપી સમુદ્ર તેમના ઉપર થઇને આગળ વધ્યો. કાંઈ લાગ ન ફાવવાથી રાજાઓ પાદરમાંથી ખશી શહેરમાં પેઠા અને દરવાજા ભીડી દીધા. તુરકો ચાંપીને ગઢ પર ચઢી ગયા. સોમનાથ પાટણમાં ભેળ પડી, તેના દરવાજા અને કોટ ધૂળ ભેગા થઈ ગયા. ખાનના સ્વારોએ શહેર લૂટવા માંડયું. એટલામાં રજપૂતો સ્નાન કરી, શીરપર તુળશીપત્ર ચઢાવી, સોમનાથને સ્વાર્પણ કરીને દેવાલયની ચારેબાજુએ તત્પર થઇને ઉભા. બીજે દિવસે આ સઘળા અનર્થનું મૂળ માધવ મહેતાને તેમણે ઠાર કર્યો. માંકડી આંખોવાળા મૂગલોને મારીને પોતે રણમાં સુતા. પછી સોમનાથ મહાદેવનો પ્રાસાદ ભેળાયો. મુસલમાન સીપાઇઓ હલહલ કરતા દેવળમા પેઠા. તાળાં કુચી ભાગીને ઢોલ કસાલા લીધાં. પથરફોડા આરહડાઓ દેવળના શિખરપર ચડી ગયા અને ઝડપથી ઘણના ઘા મારી મારીને આરસની પૂતળીઓ વગેરે ભાગી નાંખ્યું. તેના પહાણા ધબોધબ નીચે પડવા લાગ્યા. તેમણે મૂત્તિઓના સાંધેસાંધા જૂદા કરી નાખ્યા. પછી તેઓએ ઘમારો ભાગવા માંડયો. ઉપર જે હાથી ઘોડાનાં પૂતળા હતાં તેનો ચૂરો કરી નાખ્યો પછી સોમનાથની મોટી મૂત્તિની નીચે લોઢ.ની સાગ ઘાલી, બળ કરી ઘણા માણસોએ બે પખે વળગીને તેને તોડી નાંખી. અલફખાને હૂકમ કર્યો કે મૂર્તિને દિલ્લી લઈ ચાલો, ત્યા ભઠ્ઠીમાં પકવીને એનો ચૂનો કરીશુ. મુસલમાનોએ સોરઠમાં ગામો બાળ્યાં, દેશ ઉજાડી મૂકયો અને ઘણાં શહેરો પાયમાલ કરી નાંખ્યાં. તેમણે સોરઠમાં કેર વર્ત્તાવ્યો અને લોકોનાં ધન લૂટી લીધાં. બ્રાહ્મણો, અઢારે વર્ણના માણસો, સ્ત્રીઓ

અને બાળકોને બાન પકડયાં. મુસલમાનોએ ગિરનારનો જૂનો ગઢ ઉલટાવી નાખ્યો. તેમણે કચ્છની ભૂમિ ચાંપી નાંખી. કથકોટ, પારકર અને ઠઠ્ઠા તેમના ધાકે થથરી ઉઠયાં. અલફખાને પોતાનું પરાક્રમ દીઠુ અને એને ઘણો ગર્વ આવ્યો સુલતાનનું અપમાન થયુ હતું એ વાતનો રોષ મનમાં લાવીને એણે મારવાડને સીધે રસ્તે જવાનો વિચાર કર્યો. મુસલમાનો મારવાડમાં પહોંચ્યા. પોતાના પ્રધાનને કાન્હડદે તરફ રવાને કર્યો ને કહાવ્યું કે—'તમે મર્દ થજો.'

અહિ ઝાલોરમાં તે જ રાત્રે રાજા કાન્હડદેને સવાર થતાં થતાં સ્વપ્નુ આવ્યુ. સ્વમામાં પાર્વતી અને ગગા બન્ને પધાર્યાં. તેઓએ આવી આર્ત નાદે કહ્યું કે સૂતો છે શુ? તારા સ્વામીને મ્લેચ્છો કબજે કરીને તારા રાજ્યમાં થઇને લેઇ જાય છે. આ સાંભળીને કાન્હડદે જાગી ઉઠયો એણે આળસ મરડયુ અને સ્વપ્નાનો વિચાર કર્યો. પોતાના પુરોહિત સોમનાથ વ્યાસને બોલાવીને પુછતાં તેણે પણ કહ્યુ કે 'મ્લેચ્છોને મારી સોમનાથની સાહ્ય કરીને બાનો ને છોડવવાં જોઇએ.'

એટલામાં તો ખાનના લશ્કરમાંથી પ્રધાન ઝાલોર આવ્યો. ખાનના પ્રધાનને રાજસભામાં કાન્હડદેવે ઘણું સન્માન આપ્યુ. પ્રધાને કહ્યું રાજાજી સાંભળો, ખાને કહાવ્યુ છે કે હુ તમારો આખો દેશ પાયમાલ કરીશ. તમે પણ તમારાથી થાય તે કરજો. તમારી નજર આગળ ગઢની તળેટીના સરોવરની પાળ ઉપર અમે મુકામ નાંખીશું.' કાન્હડદેવે કહ્યું—વીર પુરૂષો પોતે આપ વડાઈ કરતા નથી. જો પુરૂષાર્થ કરી બતાવે તો આખું જગત જાણે. અલફખાનને જઇને કહેજો કે અમે એક બે દિવસમાં તમારા લશ્કરમાં જ આવીને ધા દઇશુ.

બીજે દિવસે મુસલમાન લશ્કરમાં સઘળા સજ્જ થઈ ગયા અને ડંકો દઇને પ્રયાણ કર્યું. દડમજલે સિરાણે પહોચ્યા. ચોતરફ લક્કડકોટ કરીને ખાઈ કરી હૂમલો થવાનો લાગ લગીરે રહેવા દીધો નહિ. હાથી ઘોડા પાખર્યા જ રહેતા હતા. મુસલમાનોએ ધાર્યું કે હવે રજપુતો શી રીતે ફાવશે?

અહિ કાન્હડદેવે જયત દેવડો, મોટો લખણુસી, લૂણુકરણ, સાલ્હુ અને સોભતુ એ સુભટોને તેડાવીને તેમને વીણી કાઢેલા સતાવીશ ઘોડેસ્વાર આપીને મુસલમાન લશ્કરની બાતમી કાઢવા જવાનો હૂકમ કર્યો. કહ્યું

કે તપાસ કરો કે લશ્કર કેટલું છે. પ્રધાનો લશ્કરમાં પહોંચ્યા. ખાને બધાની મુલાકાત લઇને ખેરીઅત પૂછી કહ્યુ કે તમારી મારફત કાન્હડદેવે શી અરજ કરી છે તે કહો. પ્રધાન કહે, ખાનજી, જો અગ્નિ ટહાડો હોય અને સૂર્ય પશ્ચિમ ઉગે તો જ કાન્હડદેવ શ્રી પ્રભુ સિવાય બીજાને માથું નમાવે કે અરજ કરે. ખાન કહે ત્યારે તમારે જે કામ હોય તે કહો. તેઓ કહે રાજાજીની આજ્ઞાથી અમે લશ્કર જોવા આવ્યા છીએ.

ખાનના ફરમાનથી મહાવતોએ હાથીઓને તૈયાર કર્યા, ઘોડા પાખર્યા, સઘળા મલીકોને તેડાવ્યા. તુરકબચ્ચા, મૂગલો, કરકટીયાઓની હાર કટાર થઈ ગઇ. પ્રધાને લશ્કરની સબળ સામગ્રી દીઠી. ખાને એક મૂગલને સાન કરી એટલે તેણે ધનુષપર બાણ ચઢાવીને ગગનમાં ઉડતી પખિણી વીંધી નાખી તે બધાની સન્મુખ આવીને પડી! આ જોઇને લખણ રાઉતે પોતાની મ્યાન સહિત તરવારે એક પાડાના એક ઘાએ બે કડકા કર્યા! ખાને અને અમીરોએ એનું ઘણુ વખાણ કર્યું. ખાને પૂછ્યુ કે—કાન્હડદેવને ત્યાં તમારા જેવા કેટલા છે? લખણ કહે કે આપ પૂછોછો તો સાભળો; અમે ચોવીસે છઇએ. ખાને બહુ પ્રસન્ન થઇને કહ્યું કે ‘ તમે માગો કે ન માગો પણ હુ તમને ઇનામ આપુ છુ.’ પ્રધાન કહે ‘નાજી, અમે તમારી રીઝ લઇએ તો કાન્હડદેવને હીણપત લાગે. અમારી એક માગણી બક્ષો તો અમે બધુ દળ ચોગરદમ ફરીને જોઇએ. અમને એક રાતવાસો રહેવા દેશો તો માનીશુ કે અમને વર્ધ રાખ્યા ’ ખાને પડાવ દેખાડવાને જોડે માણસો મોકલ્યાં.

પ્રધાનોએ જોયુ તો જૂદા જૂદા મલીકોના પદવીસર મુકામો કરી દીધા છે. બળવાન યોદ્ધાઓની સંખ્યાનો પાર નથી. હાથી, ઘોડા, ઉંટ, પોઠીઆ અને ખચ્ચરો ઉપર પલાણ માડીને તૈયાર રાખ્યાં છે. છેક સાંજ પડવા આવી તોએ લશ્કર જોયાનો તાગ આવ્યો નહિ પ્રધાનોએ બંદીવાનોને ઘણા પીડા પામતા દીઠા

પ્રધાનોએ દાંડી પીટાવીને બધાને ખબર કરી કે ફીકર કરશો નહિ, સુરજ ઉગ્યા વગર રહે તો કાન્હડદે આવ્યા વગર રહે, અને આવે કે યુદ્ધ કરીને તમને છોડવશુ. પ્રધાનો ઝાલોર તરફ પાછા વળ્યા, તેમની સાથે ખાને કાન્હડદેને કહાવ્યુ કે:-તૈયાર રહેજો, બેએક દિવસમાં અમે આવી શુ.

પ્રધાનોએ ઝાલોર જઇને મુસલમાન લશ્કરની સઘળી હકીકત નિવેદન

કરી. કાન્હડદેવે પ્રતિજ્ઞા કરી કે હવે તો સોમનાથને અને બાનને છોડાવીશું ત્યારે અન્ન જમીશું.

કાન્હડદેવે પાછલે પહોરે તૈયારી કરવા માંડી. ચોતરફ વગર પલાણે ઘોડે બેસીને દૂતો ધાયા. તેમણે રાવતો, રાણાઓ અને રજપૂતોને એકઠા કર્યા. છત્રીસે રાજકુળના રજપૂતો એકઠા થયા. બે ચાર લાખ ખાંડાં આવ્યાં. એઓ એક કરતાં એક અધિક બળિયા હતા. લઢતાં કોઇથી હાર્યા ન જાય એવા હતા. મનવેગી, પવનવેગી, પાણીપથા, ખુરાસાણી, તુરકી, સુડાપખા, કિહાડા, નીલ્લા એમ જૂદી જૂદી જાતના ઘોડાઓ ઉપર જૂદી જૂદી જાતનાં બખ્તરો નાંખી દીધાં હતાં. ઘોડાઓને પગે સોનાનાં સાંકળાં શોભી રહ્યાં હતાં. કોઈ તો પોતાની ખરીએ બળથી ધરતીને ખૂંદી રહ્યા હતા. કોઇ તો લગામને ગણકારતાએ નહોતા. રેવાલથી વાંકા વાંકા ચાલતા હતા. ઘોડા હણહણી રહ્યા હતા. ઘોડાઓને ગંગાજળે સ્નાન કરાવ્યાં, તેમને બાવના ચંદનના હાથા દીધા, તેમને માથે કમળ પુષ્પો ચઢાવ્યાં અને તેમના પર લોઢાનાં ઘણઘણતી ઘુઘરીવાળાં બખ્તરો દીપી રહ્યાં. તેમના સામાનને ફૂમતાં ફરકતાં હતાં. રજપૂતોએ ખાંડાં, ખેડાં, કટારી, પટા વગેરે આયુધો સારાં સારાં જોઇને વીણી વીણીને લીધાં ને સજ્જ થયા. તેઓએ દેવીના સ્તોત્ર ગાયાં. પોતાની કુળદેવી આશાપુરીને બે હાથ જોડી નમસ્કાર કર્યા શક્તિની ચંદન ફુલવડે પૂજા કરીને પગે લાગ્યા અને માગ્યુ કે હે આશાપૂરી! કાન્હડદેવને જીત આપજો. પચીશ વર્ષ ઉપરના, પચાશની અંદરના, પરનારી સહોદર, સંગ્રામે સદ્ધર, હાકેટીને મારે, મરે તો મારીને મરે અને ઘણે પ્રકારે શ્રમ કરીને પોતાના સ્વામીનુ કાર્ય સિદ્ધ કરે એવા રજપૂતો ઘોડે ચઢયા. તેમણે પોતે જરહજીણ, જીવરખી, અંગરખી, વજ્રાંગી, લોહબધ વગેરે જૂદી જૂદી જાતોનાં બખ્તર ધારણ કર્યા હતાં. તેઓ તત્પર થયા, તેમના મુગટના શણગાર જળહળ્યા, તેમની રત્નાવળી ઝળકી રહી; ઘોડાઓના ફૂંફવાટથી ફીણ ઉડી રહ્યાં. તેમના ચાલવાની રજથી સૂર્ય છવાઇ ગયો અને અંધકાર થઈ રહ્યો. રાજાઓ ચાલ્યા એટલે બંદીજનો બિરૂદાવળી બોલવા લાગ્યા. ત્યાં ખાંડાના ખખડાટ, ભાલાના ભટાક, તરવારોના ચળકાટ ને ધનુષ્યના ટંકાર થઈ રહ્યા. આશાપૂરીએ આજ્ઞા આપી એટલે રજપૂત દળ ચાલ્યુ. રાવળ કાન્હડદેવ ઘોડેસ્વાર થયો કડિંગધિંગ કડિંગધિંગ એમ ત્રબાળુપર ડકા પડયા. ઢાલ ધ્રસૂકી રહ્યાં. ડૂંગર ડોલી ઉઠયા. ધરતી ધમધમી રહી રજપૂતો તરવરી રહ્યા હતા. તેઓ તળેટીએ પહોંચ્યા

તળેટીએ ગયા એટલે જઇત દેવડાએ વિનતી કરી કેઃ—' રાજાજી આજ્ઞા આપો. આપને પ્રતાપે હુ મ્લેચ્છોને અહિંથી મારી કાઢું.' કાન્હડદેવે કહ્યું ' જાઓ બળ કરીને મેલાણમાં પેસો અને મુસલમાનોને મારો. જો જો લોક હસારત ન થાય.' એટલામા બાતમીદારોએ ખબર આપી કે મુસલમાન લશ્કરનો પડાવ સિરાણે થયો છે; જલદીથી એમની પૂંઠ પકડીએ નીકર એ લોકો દૂર જતા રહેશે. આથમતે સૂરે દદામાં દઇને દળ દડવડ ચાલ્યા. બે ચાર હજાર મશાલો તૈયાર કરાવી. વીણી કાઢેલા ઘોડા એકઠા થયા. સાતસે મોટા ઢોલ ઢમ્રુકી રહ્યા. માલદે રાવળે ફોજના બેભાગ કર્યા અને પશ્ચિમ તરફ ગયો. તેમણે મુસલમાનોના લક્કડકોટ ભાગી નાખ્યા. ચોકીદારો નાઠા. મેલાણમા ભેળ પડી. બૂમરાણ થઇ રહ્યું. તુરકો ઉઘમાંથી ભડકી ઉઠ્યા. તેમણે બેતરફ અજવાળું જોયુ. ગભરાઈ ગયા; હે કિરતાર અમારી સાહ્ય કર કરીને ઉંચે હાથે ત્રાહ્ય ત્રાહ્ય બોલવા લાગ્યા ઉતાવળ અને ગભરાટમાં તેમણે જરહજીણ ઉંધાં પહેર્યા. ઘોડા ઉપર અવળાં પલાણ મૂક્યાં. હજુરના માણસે ખાનને જાહેર કર્યુ કેઃ—' હિંદુઓ વઢવા આવ્યા, વિંટી વળ્યા, લશ્કરમા ત્રાસ પડયો !!' ખાને તરત હાથી ઘોડા સજ્જ કરાવીને અજવાળા તરફ હલ્લો કર્યો. રાત્રિનો વખત, પારકા કે પોતાના જણાય નહિ. બે દિશામાંથી હિંદુઓ આવવા લાગ્યા. મુસલમાનોને મારીને હિંદુઓની તરવારની મુઠો ભાગી ગઈ. રજપૂતો તેજ તેજીઓને કુદાવીને હલ્લો કરતા. તેમણે પોતાના ભાલાનો ઠીક ઉપયોગ કર્યો, ધનુષ્યની પણછો ગાજી રહી. અણીવાળાં તીરનો વર્ષાદ થવા લાગ્યો. અણીદાર ભાલાને બરછીવતે મુસલમાનોનાં બખ્તરોને વિંધી નાખ્યા, તરવારોએ એમના સાંધે સાધા વછોડી નાખ્યા કોઇ તો કટારી વાપરતા; ત્યાં લોહાં ઉછળી રહ્યાં. તરવારને ધાએ તેઓ મુસલમાનના પાખરવાળા ઘોડાને કાપી નાંખવા લાગ્યા. કોઇતો મલ્લની પેઠે બાથબાથા કરતા હતા. હાથી ઉપરથી મહાવતોને ઢાળી પાડવા લાગ્યા. બિચારા ભોંય પડીને પગ ભાગતા. રજપૂતો મુસલમાનોના હાથીઓની સુંઢો કાપી નાખતા હતા. પગ કાપેલા હાથીઓ ઢગલો થઇને ઢળી પડતા હતા. હિંદુઓ મુસલમાનની ખાંધ કાપી નાંખતા તેમના માથાં રણાંગણ પર રગડતાં હતાં. બહાદૂર મુસલમાનોનાં માથા વગરનાં ધડ તરવાર ઝૂમાવતાં ધાતા હતાં. આ પ્રમાણે કાપાકાપી ચાલી. સવારમાં રણક્ષેત્ર કસાઈવાડા જેવુ દેખાતુ હતું. ઠેરઠેર લોહીના પ્રવાહ ચાલ્યા જતા હતા. હિંદુઓએ મેલાણમાં પેશીને ડહેલી, ડેરા અને તબુઓના દોર કાપી નાખ્યા. જૂદાં

જૂદાં હાથીઓનાં ચામડાં કાપીને બાનોને છોડવ્યાં. હાથી, ઘોડા, ઉંટ અને પોઠીઆ ઝૂંટી લીધા. તેમણે બે મોટા મલીકોને જીવતા પકડયા. સાદીમલીક નામનો મોટો ઉમરાવ રણક્ષેત્રપર પડયો અને બહાદૂર અલફ્ખાન એકલો જીવનો નાઠો. હિંદુઓ પીછો લેશે અને કાપી નાંખશે ધારીને જે જેમ ફાવ્યું તે તેમ નાઠું.

જીત કરીને લશ્કર પાછાં વળ્યાં. બધે આનંદ ફેલાઈ રહ્યો. બંદીજનો વખાણ કરવા લાગ્યા. રાજાજી ડંકા દેવરાવતા શહેરમાં પધાર્યા. જીતની વધાઇ સાંભળીને આખા નગરે વધામણાં દીધાં. ઠેકાણે ઠેકાણે ભેરી અને ભૂંગળના નાદ થઈ રહ્યા. લોકોએ પોતાને બારણે તરીઆતોરણ બાંધ્યાં. આખા શહેરમા ધજાઓ ઉડી રહી. ઠેકાણે ઠેકાણે રાસ લેવાઈ રહ્યા. અઢારે વર્ણના લોકો જય જયકાર કરી રહ્યા. શહેરમાં તમાસા થઇ રહ્યા. સ્ત્રીઓએ લૂણ ઉતાર્યાં. રસ્તામાં નવાં ચીર પથરાયાં, અગર ધૂપના પરિમળ બ્હેકી રહ્યા. ઠેર ઠેર ફૂલના ઢગલા બની રહ્યા. બીજા રાણા, રાવતો, રજા લઇને પોતપોતાને સ્થાનકે ગયા. બાનોને ભાતાં અને લૂગડાં આપીને પોત પોતાને દેશ વિદાય કર્યાં.

પછીથી સોમનાથના પાંચ કડકામાંથી એકની પ્રભાસ, બીજાની વાગડ ત્રીજાની આબુ ઉપર, ચોથાની ઝાલોરમાં નવા પ્રાસાદમાં અને પાંચમાની પોતાના બગીચામા નવા પ્રાસાદમાં એમ સ્થાપના કરી. મહાદેવની ષોડશોપચારે પૂજા કરી અહીં પહેલો ખંડ પૂરો થાય છે.

છેલ્લી સખત હારના સમાચાર મળવાથી દિલ્લીમાં રડારોળ થઇ રહે છે, ત્યાં ઠેકાણે ઠેકાણે માતમના જ અવાજ સંભળાય છે અને અલફ્ખાન અવકૃપામાં આવી પડે છે. હારના સમાચાર શાહને જાણ થતાં જ તેને ઘણો શોક થાય છે. ખોયેલી આબરૂ પાછી મેળવવા તરત જ નાહર મલીકને તેડાવવામાં આવે છે. જોડે ભોજલો ખાંડાધર લઇને ઝાલોરપર સ્વારી કરવાનો હુકમ શાહ આપે છે. શું શું સાથે રાખવુ, શી રીતે જવુ, શી રીતે વર્ત્તવું વગેરે વિગતવાર સમજૂત આપીને લશ્કર રવાને કરવામાં આવે છે. પાદશાહનો હુકમ શિરપર ચઢાવીને ઝાલોર બળ કરીને લઇશું અગર તળેટીએ ઘોરમાં સુઇશું એવું પણ લઇને નાહર મલીક ચઢયો. તેના લશ્કરનો દમામ ઓર જ હતો. પર્વત, ઘાટ, ગુફાઓ વટાવતા મુસલમાનો સમિયાણે આવી પહોંચ્યા.

સમિયાણામાં રાજા કાન્હડદેવનો ભત્રિજો સાંતળસિંહ ચોહાણ ગઢપતિ હતો. મુસલમાન આવ્યાની ખબર સાંભળીને તે કોપી ઉઠ્યો. ઝાલોરમાં કાન્હડદેવને ખબર પડી. સાંતળસિંહને મુસલમાનોને વગર સહાયે જીત્યાનું માન મળે માટે, જો તેડાવે તો જ જવાનો વિચાર કરીને તે તૈયાર થઈ રહે છે. અહિં સાંતળસિંહ કાન્હડદેવને તસ્દી આપતો નથી અને પોતે જ બહાદૂર રજપૂતોને લઇને તેમના પર ચઢી જાય છે. રાતોરાત મારેલા છાપામાં સાંતળસિહને જય મળે છે. એણે અર્ધોઅર્ધ મુસલમાન લશ્કરને કાપી નાંખ્યું. મુસલમાનો પાસેથી પડાવી લીધેલા સઘળા ઘોડા ઝાલોરે મોકલ્યા. ભત્રિજાનું પરાક્રમ જોઇને કાન્હડદેને બહુ આનંદ થયો. બાકી રહેલા મુસલમાન લશ્કરે સમિયાણાને ઘેરો ઘાલ્યો. બીજા રજપૂતોએ કાન્હડદેવને કહાવ્યું તેથી પોતે સવાલાખ પાખરેલા ઘોડા લઇને છડો ત્યાં આવ્યો. એક તરફથી સાંતળસિંહે અને બીજી તરફથી કાન્હડદેવે મારો ચલાવ્યો. બહાદૂર મુસલમાનોએ જીવ પર આવીને બન્ને લશ્કર પર સામે મોંએ હલ્લા કર્યા. દારૂણ યુદ્ધ મચી રહ્યું. ઘણા મલીક રણમાં સૂતા. ખૂદ નાહર મલીક પણ મૃત્યુને શરણ થયો. સિંઘળકુળનો મહા બળવાન ગણાતો ભોજલો ખાંડાધર સાંમો થયો. એણે પણ રણમાં પ્રાણ તજ્યા. આ પ્રમાણે એ મહા બળિયા સરદારોને મારી મીર, મલીક, વગેરેની કત્તલ કરી, મુસલમાન સેનાને દળી નાંખી રાજાજી ઝાલોર પાછા પધાર્યા.

આ હારની ખબર સાંભળતાં જ સુલતાન બોલી ઉઠયા કે ' અહો, મુસલમાનોપર શો દૈવ કોપ થયો છે ?' શાહે તરત જ ખાનજહાન, મલીક અમાદલ, મલીક નેબ અને મલીક કમાલુદ્દીન એ ચાર બળવાન સરદારોને હઝૂરમાં બોલાવ્યા. પાદશાહે કહ્યું કે જૂવો ! જે જે મલીક આપણે મોકલ્યા તેને ચોહાણે હરાવ્યા ! મુસલમાનોને બે ત્રણ વખત પાછું ફરવું પડયું છે તેથી મને મોટા રાજાઓમાં ગેરઆબરૂ ઉત્પન્ન થઇ છે. આ વખત અમે ખૂદ ઝાલોર પર ચઢી જઇશું, બળ કરીને યાતો ઝાલોરને જેર કરીશું અગર ફરી આયુધ ધારણ નહિ કરીએ. આવી પ્રતિજ્ઞા લઇને પાટણથી ખાનને તેડાવવાનો પેગામ મોકલ્યો ને ચોતરફથી લશ્કરનો જમાવ કરવાનો હૂકમ કર્યો.

પાદશાહનો હૂકમ થતાં જ હલકારાઓ ચોતરફ ચાલી નીકળ્યા. તેઓ ઘોડા ઉપર સાજ નાંખવાએ રહ્યા નહિ. મોટું લશ્કર એકઠું થયું. કૂચ કરી ખૂદ સુલતાન ચઢયો. ઘણા દિવસની મુસાફરીને અંતે દળે મારવાડમાં પ્રવેશ કર્યો. તેમણે સમિયાણે આવીને પાદરે મુકામ કર્યો. પાદશાહે જાહેર કર્યું કે

આ બળવાન ગઢથી જીતનો પ્રારંભ કરીએ. એ ગઢ લઈ, થાણું મુકીને પછી ઝાલોર જઇશું.

સમિયાણા ગઢ ઘણો દુર્ગમ હતો. કિલ્લામાં બધી સર સામગ્રી ભરી હતી. ઘાસ, દાણો, બળતણ, પાણી કશુંએ વર્ષોના વર્ષો સુધી ખૂટે નહિ એમ હતું. મુસલમાનોએ ગઢની તળેટીએ પડાવ નાંખી બધી લડાયક ગોઠવણ કરી દીધી. સાંતળસિંહે મુલતાની સૈન્ય જોઇને તેનું ઘણું વખાણ કર્યું. એ કહે કે અમને ધન્ય છે કે અમારે ત્યાં સુલતાન સૈન્ય લઇને આવ્યા છે.

સાંતળસિંહે ગઢને દરેક કોઠે રક્ષણ કરનાર રજપૂતો ખડા કરી દીધા. ઉતાવળે ગોળા ફેંકે એવાં યંત્ર કોટે ચઢાવી દીધાં. સૈનિકો રાતે પણ પોતાની જગાપર હાજર રહેતા હતા. હિંદુઓ રાતોવાઈ નીચે ઉતરીને છાપા મારતા. દહાડે પણ હુમલા લઇ જઇને યુદ્ધરૂપી ચોપટ ખેલતા હતા. હિંદુઓ તેમજ મુસલમાનો પડતા હતા. રોજ લઢાઇઓ જામતી. મુછાળા મ્લેચ્છો મર્દાઈ કરીને માંકડાં ચઢી જાય એમ કોટ પર ચઢી જતા. ગઢ ઉપરથી હમહમ કરતી હવાઇઓ રાત્રે આવીને મેલાણમાં આગ સળગાવતી. ગઢ ઉપરથી મોટા મોટા પથરનો વરસાદ ચાલતો. હાથી, ઘોડા ને માણસ જે આડું આવે તે તરત મરણ પામતું. આ પ્રમાણે સાત વરસ સુધી ઘેરો રહ્યો. અને સાંતળસિંહે કિલ્લાનો બચાવ કર્યો. ગઢ ઉપર રોજ નાચ રંગ અને તમાસા થતા. સાંતળસિંહ ત્રિકલસે બિરાજતો ને નાચ જોતો. તે જોઈ એક વખત પાદશાહે રોષ ચઢયાથી લશ્કરમાં સાદ પડાવ્યો કે શું કોઈ એવો તીરંદાજ નથી કે જે ગઢ ઉપરનો જલસો ફેડી શકે? એક અમીરનો બંદો હાજર થયો અને પાદશાહના હૂકમથી એણે જલસો ફેડવા નાચનારીને લક્ષીને બાણ ફેંક્યું. આ માણુસ–હબાખુ મીર-જબરો નિશાનબાજ, આંખે પાટો બાંધીને તીર ફેંકે તોએ લક્ષ ચૂકે નહિ એવો હતો. એણે બળથી ખેંચીને ધનુષ્ય એવડું થઈ જાય એટલું તાણ્યું અને તીર ફેંક્યું. તે નાચનારી સોઢીના શરીરને વીંધીને આરપાર નીકળી ગયુ. રંગમાં ભંગ થઇ ગયો. બિચારી તરફડતી ભોંય પર પડી. સાંતલસિંહે ક્રોધે ભરાઇને પોતાના લશ્કરમાંથી તેવા વિરલા તીરંદાજને બોલાવ્યો. રોશાલો રામસિંહ રજપુત હાજર થયો. એના દિલક્ષી બાણે હબાખુ મીરનો હાથ ઉડાવી દીધો ને ત્યાંથી ઉછળીને તે પાદશાહના સિંહાસને જઇ ચોટયુ. પાદશાહે શેહ ખાઈ તરતજ પોતાનું સ્થાન બદલ્યુ. મરણનો ભય કોને ન હોય!

સાંતળસિંહને આશાપુરી શક્તિ હાજરાહજુર હતી. તેણે તેની ઘણા આર્જવથી પ્રાર્થના કરી. શક્તિએ દર્શન દીધાં અને એનો હાથ ઝાલીને અર્ધી રાત્રે ઘોર નિદ્રામાં પાદશાહ સૂતો હતો ત્યાં તેને લેઇ ગઈ. સાંતળસિંહ જૂવે છે તો અલ્લાઉદ્દીનને પાંચ મુખ છે, ત્રણ આંખ છે, માથે કપિલ જટા છે, ગળે મુંડમાળા છે ને હાથમાં તુબી ને બ્રહ્મકપાળ છે. જટાજૂટમાં ગંગાજી બિરાજી રહ્યાં છે. પડખામાં પાર્વતી પણ છે. શંકરનું શરીર ભભૂતથી ધોળું શોભે છે. સાંતળસિંહ તો છક્ક જ થઈ ગયો! એણે જોયું કે સુલતાન તો રૂદ્રનો અવતાર છે! સાક્ષાત્ શકરને ઘા કેમ કરાય, એમ વિચારીને સાંતળસિંહ પાછો હઠયો. પાદશાહ ઉંઘતા હતા તે વખત પોતે ત્યાં આવી ગયો હતો તેની નિશાની તરીકે સાંતળસિંહે સુલતાનના પડખામાંથી તેનું ગૂરજ લઈ લીધુ. અલ્લાઉદ્દીન સાક્ષાત રૂદ્રનો અવતાર છે એ જાણ્યા છતાં પણ સાંતળસિંહે પોતાનો ટેક મુક્યો નહિ.

અહિં લશ્કરમાં પાદશાહના પ્રધાને યુક્તિ સૂચવી કે ગઢ ઉપર એક મોટું સરોવર છે તેનો જો નાશ કરીએ તો રજપૂતો એની મેળે તાબે થાય. આ સૂચના ઉપરથી દિલ્હીથી બે ચાર લાખ ગુણપાટના કકડા મંગાવ્યા અને તે કોટને લગોલગ નીસરણીઓ માડી ઉપર યંત્ર મૂકાવ્યું. પછી ઘણી ગાયોને રહેંસી નાંખીને તેમનાં માથાં ગુણોમાં ભરીને યત્રવડે સરોવરમાં નંખાવ્યાં.

સાંતળસિહને આ વાતની ખબર પડી એટલે એ ખિન્ન થઇ ગયો. એણે અંતઃપુરમાં વાત કરી. રાણીઓએ કહ્યું કે એમાં શી વિશાત છે! અમે બધાં ઝમહર કરીશું. તેમણે કાન્હડદેને આ ખબર કહાવી અને પોતે ઝમહર કરવાની તૈયારી કરી. બધી રાણીઓએ શણગાર સજ્યા. ચંદનનાં લાકડાની ચિતાઓ ખડકી અને તમામ રાણીઓએ અગ્નિપ્રવેશ કર્યો. બધાઓની આંખમાંથી અશ્રુના પ્રવાહ ચાલ્યા અને મ્હોમાંથી રામનામના ઉચ્ચાર નીકળ્યા. ભાઇલુ નામના વિશ્વાસઘાતીએ આ રસ્તો પાદશાહને સૂચવ્યો અને આ પ્રમાણે ગઢ પડવાની વખત આવી પહોચી.

ચિતાઓના ધૂમાડાથી ગગન છવાઈ રહ્યું. સાંતલસિંહે પાદશાહને તેનું પોતે રાત્રે લીધેલુ ગૂરજ મોકલ્યુ. પાદશાહે જાણ્યુ કે અહો, મને એણે જાણી જોઇને માર્યો નથી. સાંતળસિંહ આવીને મને મળે તો હુ એને પ્રાણદાન આપું એટલું જ નહિ પણ ગૂજરાત ઇનામમાં આપી દઉં એવુ કહાવ્યુ. પણ સાંતળસિંહ સ્વાભિમાન આગળ પ્રાણની કિંમત ગણે નહિ એવો હતો.

એણે કહાવ્યું કે હું શરણ આવું તો મારી ચોહાણની આખી શાખાને લાજ આવે. સઘળા રજપૂતોએ સ્નાન કર્યાં, કંઠે તુલસીની માળાઓ ધારણ કરી અને શાહના દળ ઉપર તૂટી પડયા. રજપૂતો મરણીયા થઇ લઢયા, અને રણભૂમિમાં સુતા. ત્રણ પહોર સુધી મુસલમાનો જોડે લઢીને સાંતળસિંહ રણમાં પડયો. એને ઘણા ઘા વાગ્યા હતા. પાદશાહે સાંતળસિંહની શૂરવીરતાનાં ઘણાં વખાણ કર્યાં. અને એના માનમાં એના લોહીને વાંદી માથે ચઢાવ્યું. સમિયાણા પડયુ. અહીં બીજો ખંડ પૂરો થાય છે.

સમિયાણાનું ઊપડયું એક લશ્કર બાહડમેર આવ્યુ. શિકારને માટે ગાળો નાંખ્યો હોય તેમાં જે પકડાયું તે સહી સમજી બાહડમેર સર કર્યું. પાદશાહે શહેર લૂટાવ્યુ અને પડાવ નાંખ્યો. દુભાષિયાએ જાહેર કર્યું કે અહિં પાસે ચોહાણની બ્રહ્મપુરી ભિન્નમાલ કરીને છે, ત્યાં પીસ્તાળીશ હજાર બ્રાહ્મણો રહે છે. આ સાંભળીને એ શહેર લૂંટવા ગોરી મલીક ગયો. એઓ પડતી રાત્રે નિકળ્યા. કોઈ સાહસિક રજપુતને ખબર પડી તેથી આગળ જઇને તેણે બ્રાહ્મણોને ચેતાવ્યા કે શહેર છોડીને નાસો. બ્રાહ્મણોએ વિચાર કર્યો કે સવારમાં ગાયો દોહી, હોમ કરીને નાસી જઇશું ! પણ મુસલમાનોએ બ્રાહ્મણોને સુતા જ દબાવ્યા. નરનારીઓને કેદ કર્યાં, ગામ લૂટયુ અને બાળી નાંખ્યુ. સવાર થતાંમાં તો મુસલમાન ધાડુ પાછું વળ્યુ. આ ખબર ઝાલોર પહોંચતાં જ કાન્હડદેવને ઝાળ ઉઠી રહી. એણે તરત લશ્કર એકઠુ કર્યું. છત્રીસે વંશના રજપૂતોને બોલાવ્યા. ત્યાં આગળ વાઘેલા, સોલકી, પરમાર રાઠોડ, બારડ, હણ, હરિયડ, ચાવડા, ડોડીઆ, જાદવો, વિહૂલ, નિકુભ, ગોહીલ સઘળા એકઠા થયા. શ્રીગરણાએ દફતરો વાંચી વાંચી તેમને સારા સારા જૂદી જૂદી જાતના ઘોડા વેંહચી આપ્યા. કાન્હડદેવે બધાને આજ્ઞા આપી અને તેઓ યુદ્ધે ચઢયા.

સુલતાનનો સરદાર મલીક નેબ પડાવ નાંખીને પડયો હતો ત્યાં રજપૂતો ગયા. બપોર થયા હતા ને મલીક નેબ શિકારે ગયો હતો. તે તક સાધીને તેમણે મુસલમાન લશ્કર ઉપર છાપો માર્યો. ઘણા મલીકો તૈયાર થઇને સાહમા થયા. દારૂણ યુદ્ધ થયું. મુસલમાનો હાર્યા. હિંદુએ છાવણી લૂંટી. બાન પકડયાં અને પાછા વળ્યા. કાન્હડદેવના લશ્કરના આગેવાન જયત દેવડો અને મહીપ અગાઉ ઝાલોર ગયા અને લખણ, સેવટો, સાલ્હુ અને શોભતો પોતાના માણસો સાથે પાછળ રહ્યા. તે દિવસે અમાવાસ્યા હતી. મધ્યાન્હનો

સમય હતો તેથી તળાવે સ્નાન કરીને જઇશું એમ ધારીને એ રજપૂતોએ તળાવની તેડે બખ્તર, કોઠા અને ડાબ ઉતાર્યાં. ઘોડાનાં પલાણ ઢીલાં કર્યાં અને પોતે નહાવા પેઠા.

અહિં છાપા વખતે તુરકોએ જે વાજાં જોશભેર વગાડયાં હતાં તે સાંભળીને મલીક નેબ પાછો દોડી આવ્યો તો એણે પોતાના દળની દુર્દશા થએલી દીઠી. મલીક નેબે રજપૂત સરદારોને તળાવમાં એક્રામ નહાતા દીઠા. તેઓએ તળાવને ઘેરો લીધુ, હાથીઓને તતકાવ્યા, ભાલાનો કોટ કરી દીધો અને બાણુની વૃષ્ટિ કરવા માંડી. બૂમરાણ સાંભળીને હિંદુઓ ચમકી ઉઠયા. પાણી ચૂતે લૂગડે જ બહાર ધાયા. પણ પોતાના ઘોડા સુધી જવા જ પામ્યા નહિ. મુસલમાનોએ વીંધી નાંખ્યા. સપડાયલા હિંદુઓએ એક પછી એક એમ એકવીસ વાર હૂમલા કર્યા, પણ તેઓ ફાવ્યા નહિ. તેમના સરદાર લખણે બહુ પરાક્રમ કર્યું, પણ કશું અર્થ આવ્યુ નહિ. ચાર હજાર રજપૂતોએ ત્યાં પ્રાણ સમર્પણ કર્યા અને મુસલમાનો જીત્યા. ઝાલોર જઇને ખબર કરવા કોઇએ ઉગર્યું નહિ. લખણ પડયો, લખણના લોહીમાં આંગળી બોળી પોતાને કપાળે અડાડીને મલિકે એને વંદન કરીને એની મર્દાઇની ખૂબ વાહ વાહ કરી. મલિક કહે તારી માતાને ધન્ય છે. હિંદુ કે તુરકમાં તાહરા જેવો રણમા બહાદૂર બીજો જોયો નથી. પછી મુસલમાનો પોતાની છાવણીમાં ગયા. આ જીતના સમાચાર જાણીને પાદશાહ ખૂબ ખૂશ થયો. અહિં ઝાલોરમા કાન્હડદેવને ફીકર થઈ કે પાછળ રહેલામાંથી કોઇ કેમ આવ્યુ નહિ. છેવટે હારની ખબર પડી. મહીપદેવડો નામનો સરદાર આગળ આવ્યો હતો. હારની ખબર સાંભળ્યા પછી એ જમતો હતો તે વખત એની દીકરીએ રસોઇયાને કહ્યું કે કાસાથાળની સાથે કડછી ખખડાવીશ નહિ. લોઢાના ખખડાટથી બાપ નાશી આવ્યા છે તે બ્હીશે. આ મ્હેણાથી ગુસ્સે થઇને મહીપ દેવડો તુરત ઉઠીને ચાલી નીકળ્યો. પોતાના પચાસ સ્વારોને લઇને મુસલમાનોપર તુટી પડયો. એણે મલિક સરૂપને પોતાને હાથે કાપી નાંખ્યો અને પોતે અને સ્વારો ત્યાં ખપી ગયા અને સ્વર્ગે ગયા.

સુલતાન ગુસ્સે ભરાઇને ઝાલોર તરફ જવા ઉપડયો. તે વખત તેની સીતાઇ નામે કુવરી હતી તેણે હજૂરમાં આવીને સલામ કરી. એનુ બીજું નામ પીરોજા હતું. એણે કહ્યુ કેઃ—પતંગ ચાલી ચલાવીને દીવા પાસે જાય છે તો પોતાની પાંખો બાળીને મરી જાય છે. તેમ જો આપ ઝાલોર જશો તો મરણશરણ થશો. મને પૂર્વ જન્મનું સ્મરણ છે. હું જાણુ છું કે

કાન્હડદેવ દેવાંશી નર છે. એણે દસમીવાર આ અવતાર લીધો છે. કુંવરીનું કહેણુ ન માનતાં પાદશાહે પ્રયાણુ ચાલુ રાખ્યું. એક વખત કુંવરી હજૂરના ઉછંગે બેઠી હતી તે વખત તેણે પાદશાહને કહ્યું કે મારી અરજ સાંભળો. વીરમદે કુંવર અનુપમ નર છે; એની જોડે મને પરણાવો. બાદશાહે કહ્યું કે કુંવરી તું ગાંડું ગાંડું બોલીશ નહિ. દિલ્હીમાં મોટા મોટા ખાન, શાહજાદા વગેરે છે તેમાંથી તને ગમે એને પરણાવું. કુંવરીએ કહ્યું કે હિંદુ ને તુરકમાં બહુ ભેદ છે. હિંદુઓ ઇંદ્રના જેવો વૈભવ માણુનારા છે. હિદૂનાં ભોજનો વિવિધ પ્રકારનાં છે. હિંદૂના શણુગાર સારા છે. મારે તો મુસલમાનને પરણુવું નથી. જો પરણું તો વીરમદેવને જ પરણું, નીકર હું કુવારી રહું. કુંવરીએ હઠ ન જ છોડી એટલે પાદશાહે ગોલ્હણુ શાહ કંચુકીને ઝાલોર મોકલી માગું કહાવ્યું. એણે ઘણા પ્રકારે કહ્યું ત્યારે કાન્હડદેવે કુવરને પુછવાનું કહ્યું. વીરમદેવ કુંવરે ચોખ્ખી ના કહી; સામદામ ભેદ બતાવ્યા પણ એકનો બે થયો નહિં. ગોલ્હણુશાહ થાકીને નીચે ઉતરી આવ્યો અને પાદશાહને હકીકત નિવેદન કરી. પાદશાહે ક્રોધે ભરાઇને લશ્કર ઉપડવાનો હૂકમ કર્યો. રહુદ્રેથી ઉપડીને લશ્કરે ગોલે થઈ આવી તળેટી આગળ સુદર નામના સરોવરની પાળે પડાવ નાંખ્યો.

અહિં મુસલમાન લશ્કરને જોઇને કાન્હડદેવે ગઢને શણુગાર્યો. ઠેકાણે ઠેકાણે હાથી ઘોડા રાખી દીધા. સૈન્ય મૂકી દીધાં. ગઢની અનુપમ શોભા જોઇને સુલતાન છક થઈ ગયો. ત્યાં ઠેર ઠેર નાચરંગ થઇ રહ્યા હતા. ગાયનના સુર સંભળાતા હતા. ઝાલોરના બૂરજ ઉપર ચોમેર દીપમાળો ઝળહળી રહી હતી. બીજી તરફ માલવદેવ અને વીરમદેવ રતોવાઇએ નીચે ઉતર્યા અને એમણે મુસલમાનોએ ખોદેલી ખાઇઓ પૂરી નાંખી, કાઠગઢ ભાગી નાંખ્યા, અને એક રાતમાં બારસેં મુસલમાનોને કાપી નાંખ્યા. મુસલમાનો દિવશે જે જે બાંધકામ કરે તે તે હિંદુઓ રાત્રે ભાગી નાંખે. રોજ રાત્રે ઉતરીને છાપા મારે. રોજ લઢાઇઓ જામે. એમ સાત દિવસ ચાલ્યું. એક દિવસ સુલતાનને સ્વપ્નું આવ્યું. શાહે પોતાની કુંવરીને કહ્યું કે ' મેં સ્વમામાં શંખ ચક્ર ધારણુ કરેલા, પીતાંબર પહેરેલા, માથે મોરપિચ્છવાળા, કાને રત્ન જડિત કુંડળવાળા, શ્યામ શરીર, જેની કટીમેખળા ગભીરનાદ કરી રહી છે એવા દેવકીનંદન–વાસુદેવ ભગવાનને દીઠા. હવે તારૂં તે દહાડાનું કહેવું મને સત્ય લાગે છે.' અહિં કાન્હડદેવે પોતાની શક્તિ આશાપુરીની આરાધના કરી. દેવીએ તુષમાન થઇને મુસલમાન લશ્કરમાં આમ વરસાવ્યો. મુસલમાનો હેરાન્

થયા. તેઓ છાવણી ઉઠાવીને આઘા ગયા અને પાદશાહ પોતે દિલ્હી પાછા ફર્યા. જતાં જતાં વીરમદેવને તેડવા ગોલ્હણશાહને મોકલ્યો. કાન્હડદેવે માન્યુ નહિ અને માનભંગ થઇને તે પાછો ગયો અને વાલુદ્રા જઇને લશ્કરને મળ્યો. મુસલમાન લશ્કર ત્યાંથી સુદડી આવ્યાં. બીજે દિવસે મેડતા ગઢ ગયા. કાન્હડદેવને લશ્કર જવાથી બહુ અફસોસ થયો. એણે શક્તિની પ્રાર્થના કરી કે હે દેવી ! લશ્કર પાછાં વળે એમ કરો, કે હુ હમ્મીરરાયની પેઠે બહાદુરી કરીને મારૂં નામ અમર કરૂં. આશાપુરીએ કહ્યું કે મેડતે જાઓ, ત્યાં હલ્લો કરજો. કાન્હડદેવના હુકમથી માલવદેવ કટક લઇને લશ્કર પાછળ ગયો. તેઓ પૂનલુ ગયા. ત્યાં જઇને જૂદી જૂદી આઠ ફોજો કરી. પાછલે પહોરે પહોંચ્યા અને છાપો માર્યો. ત્રણ હજાર મુસલમાનોને કાપી નાંખ્યા. નવ હજાર ઘોડા લઇ લીધા. મોકલ સરોવરે શિકારે આવેલા પાદશાહના બનેવી સમસખાન નામના સરદારને તેની હુરમ સહિત જીવતો કેદ કરી લાવ્યા. જીતની ખબર સાંભળીને કાન્હડદેવ ખુશી થયો.

હારની ખબર સાંભળીને પાદશાહ દીલગીર થયો. ત્યારે કુંવરીએ કહ્યું કે:—વીરમદેવ મારો પૂર્વ જન્મનો સ્વામી છે. મને ઝાલોર મોકલો. મારાં બહેન અને બનેવીને પકડયાં છે તેને અને બીજા સરદારોને હું છોડાવી લાવુ. પાદશાહના પૂછવાથી કુંવરીએ પોતાના અને વીરમદેવના નવ પૂર્વે જન્મની વાત કહી. છેવટે કહ્યું કે સંવત તેરસેં અડસઠના વૈશાખ સૂદ છઠને ગુરૂવારે વીરમદેવ લઢાઇમાં પડશે. મારો પૂર્વજન્મનો સ્વામી હોવાથી હુ એને દાહ કરાવીશ અને જેઠ મહિનામાં હુ એની પાછળ આ દેહ તજીશ. કુંવરીના આગ્રહથી સુલતાને લશ્કર નોકર નફર આપીને તેને ઝાલોર મોકલી.

ઝાલોરમાં કાન્હડદેવ અને વીરમદેવે કુંવરીને ઘણું માન આપ્યું. વચ્ચે ચક નાંખીને વીરમદેવે પૂર્વજન્મની વાતો કહી અને સાંભળી. કુંવરીએ ઝાલોર સઘળે ફરી ફરીને જોયું. કેદ પકડેલા સરદારો, હાથીઓ વગેરે પાછું આપ્યું. કુંવરીને પહેરામણી કરી. રતોવાઇએ છાપો નહિ મારીએ એવું વચન આપ્યું. ખુદ પાદશાહને ફરી લઢવા મોકલવાનું વચન આપ્યું. બહુ સન્માન આપીને કુંવરીને પાછી વળાવી હેરાન થયેલો પાદશાહ દડમજલ દિલ્હી તરફ ચાલ્યો. હરસુરી જઇને કુંવરી શાહને મળી અને બધાં ત્યાંથી શંભર અંબેર અને બાહડપુર થઈ દિલ્હી પહોંચ્યાં. અહીં ત્રીજો ખંડ પૂરો થાય છે.

દિલ્હી ગયા પછી એક દિવસ કુંવરી પાદશાહને ઝાલોરનું મનહર વર્ણન કરી સંભળાવે છે. ઝાલોરની સમૃદ્ધિ, કાન્હડદેવની રાજલક્ષ્મી, રજપુતોનો વૈભવ વગેરે સાંભળીને પાદશાહ દંગ થઈ ગયો. તે કહે કે તેં ગઢ પડયાનું ભવિષ્ય ભાખ્યું છે ખરૂં પણ આવો જબરો ગઢ તે શી રીતે લેવાશે? કુંવરી કહે મેં કહ્યું છે તેટલી અવધીએ ગઢ જરૂર ભેળાશે. તે ઉપરથી પાદશાહે મોટું લશ્કર તૈયાર કર્યું. ફરમાન આપીને બધાને ઝાલોર તરફ મોકલ્યા. મુસલમાન લશ્કરને સુદ્રડીએ પડયું સાંભળીને કાન્હડદેવે બધા રજપુતોને એકઠા કર્યા. છત્રીસે વંશના રજપુતો આવી મળ્યા. માલદે રાવળ તેમજ વીરમદેવ લશ્કર લઇને ઉપડયા. તેઓ વાડી, ભદ્રાજણ વગેરે જગાએ ગયા. એક દિવસ માલદે અને એક દિવસ વીરમદેવ એમ યુદ્ધનો આરંભ કર્યો. આમ કરતાં ચાર વરસ વહી ગયાં. હિંદુઓને મુસલમાનો કશુંએ કરી શકયા નહિ.

દરમ્યાન કિલ્લા ઉપર અનાજ ને ઘાસચારાની તાણ પડવા વારો આવ્યો. દરબારી ભંડાર છેક ખાલી થઇ ગયા હતા તેમાં પણ જે બચ્યું હતું તે છેક બટાઇ ગયેલુ કસ વગરનું હતું. રાજા ભારે વિમાસણમાં પડયો. રાજાની મૂઝવણ મહાજનના જાણવામાં આવી. તેઓ એકઠા થઇને રાજદ્વારે ગયા અને મોતી ભરેલો થાળ નજર કરીને વિનતિ કરી કે આપ યુદ્ધ જારી રાખજો, ટેક મૂકશો નહિ. જે જે જરૂરની વસ્તુઓ જોઇએ તે અમે પૂરી પાડીશું. કોઇએ અનાજ, કોઇએ બળતણ, કોઇએ ઘી તેમ દીવેલ, કોઇએ કપડાં, એમ જોઇતી ચીજો પૂરી પાડવાની માગણી કરી. એક વે-પારીએ તો કહ્યું કે નાંખવાના ગોળા અને પથરા માટે દેવળ ન ભાગતાં મને હૂકમ આપો એટલે ગોળ પૂરો પાડું; ગોળના રવાનો ગોળો બમણો છેટે જશે. એક ઢીકલી સારૂ તાપડાં આપવા કબૂલ્યાં. આવી વિનતિ કરીને અને લઢવાનો આગ્રહ કરીને મહાજન પાછું વળ્યું.

વિગ્રહ પાછો શરૂ થયો. મુસલમાનોએ ગઢમાં બનેલા બનાવની હકીકત જાણી એટલે દિલ્હી અરજ ગુજારી. પાદશાહે કહાવ્યું કે અમે બમણો સામાન મોકલીશું પણ લાગ્યા જ રહેજો. મુસલમાનો પણ રંગપર આવીને લઢવા લાગ્યા.

કાન્હડદેવે પોતાના ગોર સોમચંદ્ર વ્યાસને પુછ્યું કે બાર વર્ષ અને છ મહિના થયા. જો સો વરસ ઘેરો ચાલશે તો પણ તુરકોથી ગઢને કશું થઈ શકશે નહિ. આથી નિરાશ થઇને મુસલમાનો પાછા જતા રહેશે તો આપણે કીર્ત્તિ શી રીતે સંપાદન કરીશું. વ્યાસના કહેવાથી માલદેવને કિલ્લા

પરથી નીચે મોકલ્યો. ચોમાસામાં મલિકે સુંદર તળાવની તેડે મૂકામ કર્યો. માલદેવના લશ્કરને મુસલમાનો સાથે રોજ ઝપાઝપી થતી. છેવટે મુસલમાનોએ તળેટી આગળ લશ્કર એકઠું કર્યું. કાન્હડદેવે કાન્હ ઉલીચો નામના શૂરા રાવળને બોલાઇની વાડી તરફથી ઉતારી દસ હજાર લશ્કર સાથે ઊદલપુર મોકલ્યો કે તે મલિક નિજામદીનને રોકી રાખે. ઊદલપુરની લડાઇમાં નિજામદીન પડયો. એની હુરમ હાથ આવી. આ હારની ખબર સાંભળીને સુલતાને તાજું લશ્કર મોકલ્યું. છેક બહાદુરપુર અને અબેરની વચ્ચમાં સઘળે યુદ્ધનો દાવાનળ સળગી રહ્યો. કાન્હડદેવ પણ નીચે ઉતર્યો. એક તરફ માલદેવ અને બીજી તરફ કાન્હડદેવ બેની વચમાં મુસલમાનો હેરાન થઇ ગયા. અહિં આવો રંગ જામી રહ્યો હતો. તેવામાં વીકા સેજવાલ નામના રજપુતે દગો કર્યો. સિંહ મલિક ગઢ ઉપર પ્રથમ કેદમાં હતો તેણે છૂપો સંદેશો કહાવ્યો. અડધી રાત્રે વીકો સંતાતો નાટરડકની વાટે એને મળવા આવ્યો. વીકે કહ્યું 'જો મને પાદશાહ ગઢ આપી દે તો હું છૂપો રસ્તો બતાવું'. સિંહ મલિકે વચન આપ્યુ અને વીકા સેજવાલે લોભને લીધે વિશ્વાસઘાત કર્યો. મલિકે રાતોરાત લશ્કર એકઠુ કર્યું અને ગઢપર ચઢયા.

અહિં કાન્હડદેવને સ્વપ્નુ આવ્યુ. બ્રાહ્મણને વેષે ઝાલોર ગઢ, આશાપુરી, ગણેશ અને કાન્હસ્વામી એમણે સ્વપ્નામાં કહ્યું કે દગો થયો અને ગઢ ભેળાયો. રાજા જાગી ઉઠયો અને સ્વપ્નાનો વિચાર કરવા માંડયો. અહીં વીકો—વીકમસી—ઘેર ગયો અને પોતાને થયેલા લાભની વાત પોતાની સ્ત્રી હીરાદેવીને કહી. શુરી રજપૂતાણી કકળી ઉઠી. હીરાદેવી કહે કે અરે નરાધમ ચંડાળ તેં આ શું કર્યું ? તેં તારા લોભની મોંકાણમાં સ્વામીદ્રોહ કર્યો ! પોતાને પાળનારે પીવાનું દુધ તુ બિલાડાને પાય છે. જેના પ્રતાપથી સોનાં રૂપાં, ગામગરાસ વગેરે ભોગવીએ છીએ તેનું તે દીઠ વાળ્યું ! એમ કહીને ગુસ્સે ભરાઇને પાસે પડેલું ત્રાંબાનું વાસણ છૂટુ માર્યું. સેજવાળ તરફડીને ભોંય પડીને મરણ પામ્યો. હીરાદેવી તરત રાજા પાસે ગઈ અને પોતાના સ્વામીની નીમકહરામી જાહેર કરી.

ગઢમાં બધા તળે ઉપર થઈ ગયા. લશ્કર એકઠુ થઈ ગયું. રજપૂતો હૂમલો કરવા નીકળી પડયા. ખૂદ કાન્હડદેવ ગઢના બૂરજ પર ઉભા રહ્યા. અને ત્યાંથી લશ્કરને ઉશ્કેરીને શાબાસી આપવા લાગ્યા. દારૂણ સંગ્રામની શરૂવાત થઈ. ભલા ભલા ગરાસીઆઓ રણમાં સૂતા. છેક રાતથી તે બીજે દિવસ રાત સુધી યુદ્ધ ચાલુ રહ્યું. ઘણા હિંદૂઓ અને મુસલમાનો મરાયા. કાન્હડદેવે જોયું કે હવે ઝાઝીવાર ટકાવ નહિ થાય.

ઝાલોરમાં હાહાકાર થઈ રહ્યો. કાન્હડદેવની રાણીઓ, જયતલદે, ઉમાદે, ભાવલદે, અને કમલાદે એમણે ઝમોરની તૈયારી કરી. એમની જોડે ઘણી દાસીઓ અને બીજી રાણીઓ પણ ચાલી. વસ્તીના લોકો પણ ઝમોર કરવા તૈયાર થયા. બ્રાહ્મણોએ રાજાજીને આશીર્વચનો કહ્યાં. વાણીઆ, શેઠીઆ બધા હાજર થયા. સઘળા રાજલોક પણ આવી મળ્યા. નગરમાં ઠેર ઠેર ઝમોર મંડાયા. શૂદ્રો ધરાધરી નમન કરી જઇને પોતપોતાને ઘેર ઝમોરમાં પેઠા. સઘળી વર્ણના લોકોએ આ પ્રમાણે અગ્નિપ્રવેશ કર્યો. ઝાલરવાવમાં પાણીમાં હીરા, માણેક, રત્ન, સોનાં, રૂપાં વગેરે ભંડાર ફેંકી દીધા. સુવર્ણ પુરૂષ પણ ઉંડા પાણીમાં નખાવ્યો કે તે મ્લેચ્છને હાથ જાય નહિ. વીરમદે કુવરને તેડાવીને તેને માથે અભિષેક કર્યો. ચંદનનાં લાકડાં મંગાવ્યાં; તુલસી અણાવી, રાણીઓએ સૂર્યને નમસ્કાર કરીને અર્ઘ્ય આપ્યો અને ઝમોરમાં પેઠી. હાહાકાર થઈ રહ્યો. બધા ગગળે સાદે રામ! રામ! બોલવા લાગ્યા. એકલા ઝાલોરમાં પંદરસેં અને ચોર્યાસી ઝમોર મંડાયા. ચિતાના ભડકા છેક સાચોર સુધી દેખાતા હતા.

ઝમોર પછી રાજા કાન્હડદેવ યુદ્ધે ચઢયો. દારૂણ યુદ્ધને અંતે શત્રુઓને ત્રાસ આપીને, પોતાનું કર્તવ્ય કરીને એણે સ્વર્ગારોહણ કર્યું.

પ્રથમના યુદ્ધમાં ઉગરેલા મુસલમાનો પાછા બીજે દિવસે લઢવા આવ્યા. વીરમદેવે કહ્યું કે સઘળા રજપૂતોએ આજ રામાયણ મચાવવું. એની રાણીઓએ પણ ઝમોરમાં પ્રવેશ કર્યો અને વીરમદેવ યુદ્ધે ચઢયો. મુસલમાનો જીવતો પકડી લે નહિ માટે વીરમદેવે પોતાના પેટમાં કટારી ખોસીને તેના ઉપર બખ્તર પહેરી લીધું. રણક્ષેત્ર ઉપર ઘણા હિંદુ મુસલમાનો પડયા. આખરે વીરમદેવે પોતાનો પ્રાણ તજ્યો. મુસલમાનો જાણતા હતા કે વીરમદેવને જીવતો પકડીશું. એમના મનની વાત મનમાં રહી. લઢાઈ પછી મુસલમાન સરદારો ગઢ ઉપર ગયા; વીરમદેવને અંગના એંધાણ ઉપરથી ઓળખી કાઢયો. ગઢ ઉપર ઠેર ઠેર અંગારા ધખી રહ્યા હતા. આ પ્રમાણે સાડાત્રણ દિવસ રાજ્ય કરીને વીરમદેવ પરલોક ગયો. ગઢની તળેટીમાં ત્રણ ચાર લાખ ઘોરો બની રહી.

અલ્લાઉદ્દીને છેલ્લા મોકલેલા લશ્કરની સાથે પીરોજા કુવરીની ધાવ–દદા સનાવરને પણ મોકલી હતી. કુંવરીએ એને આજ્ઞા કરી હતી કે જો વીરમદેવનું મરણ થાય તો એમનું મસ્તક અહિં આણવું. બધા મુસલમાન

અમીરો ગઢ ઉપર ગયા તે વખત દદા સનાવર પણ ગઈ. અને એણે વીરમદેવના મરણને માટે ઝાઝો શોક કર્યો. સુગંધ પદાર્થોમાં મૂકીને વીરમદેવનું મસ્તક દિલ્હી લેઈ ગઈ. રણવાસમાં બધાં વીરમદેવનુ મુખારવિંદ જોઇને બહુ અજાયબ થયાં. કલંક વગરના પુનેમના " ચંદ્રબિંબ જેવું " વદન નિહાળવા વસ્તીના લોક પણ આવ્યા. કુંવરીએ જ્યારે મુખના સામુ જોયુ ત્યારે પૂર્વજન્મના કકાસના રોશને લીધે મોં બીજી તરફ ફર્યું. મોં જોઇને કુવરીએ કલ્પાત કર્યો. પોતાના પૂર્વજન્મના કર્માનુસાર વિયોગના અવતાર પૂરા થયા અને હવેના જન્મમાં મળીશુ ગણીને કુવરીએ મસ્તકને અગ્નિસંસ્કાર કરાવ્યો. પછી પોતાની માની આજ્ઞા લઇને પોતે જમના નદીમાં પડીને પ્રાણ ત્યાગ કર્યો. બન્ને ધણી ધણીઆણી વિમાને બેશીને સ્વર્ગે સીધાવ્યાં. કુવરીએ પહેલાં કહ્યું હતું તેમ આઠ માસ પછી અલ્લાઉદ્દીન સુલતાન આ ફાની જહાનને તજીને બહેસ્તમાં ગયા.

કાન્હડદે પ્રબન્ધનો ટૂંક સાર આપ્યા પછી એ કાવ્યમા કરેલાં વર્ણનની ઐતિહાસિક કિંમતની તૂલના કરવાનો પ્રયત્ન કરીશુ. તદર્ગે કાવ્યમાં વર્ણવેલા અગર સૂચવેલા બનાવોના અમે ચાર વર્ગ પાડીએ છીએ. (૧) કેટલાક બનાવો ખાત્રી લાયક અને ખરા છે, (૨) કેટલાક બિન પાયાદાર હોઇને તેના સત્યને વિષે શકા રહે છે, (૩) કેટલાક ભૂલભરેલા અને ખોટા છે અને (૪) કેટલાક માત્ર ચમત્કારિક હોઇને કવિએ પોતાના કાવ્યને દીપાવવાને સારૂ ઉમેરેલા જણાય છે

અમને મળેલી કાન્હડદે પ્રબન્ધની બધી પ્રતોમા " **तिणि अवसरि गूजरधर राइ, सारङ्गदे नामि बोलाइ** " એવું લખ્યુ છે. કર્ણદેવ કિંવા કરણનુ નામ ન આપતાં સારંગદેવનુ નામ કેમ આપ્યુ હશે એ સંદેહનું નિરાકરણ સહજ થઈ શકે છે. રાજા અને યુવરાજ બન્ને નામે રાજ્ય કરવાનો જૂનો સપ્રદાય હોય એમ જણાય છે ઇડરના રાજ્યમા મુરલીધરના મંદિરમા રક્ષિત શિલાલેખ ઉપર ટીકા કરતાં રા. રા તનસુખરામ મનઃસુખરામ આ વાત નિર્વિવાદિત સ્પષ્ટ કરે છે. વ્યાઘ્રપલ્લીવાળા—વાઘેલા મહામંડળેશ્વર લવણપ્રસાદને તેમા વશકર કહ્યો છે. એના પુત્ર વીરધવળનો પુત્ર વીશળ પોતાના ભત્રિજા અર્જુનદેવ જોડે, અર્જુનદેવ પોતાના પુત્ર રામદેવની જોડે અને એનો ભાઈ સારગદેવ પોતાના ભત્રિજા કર્ણદેવની જોડે રાજ્ય

કરેતા હતા.§ આવા દ્દેઅમલી રાજ્યનાં બીજાં પણુ દષ્ટાંતો મળી આવે છે. કાન્હડદેપ્રબંધનો નાયક કાન્હડદે પોતાના પિતા સામંતસિંહની જોડે ઝાલો-રમાં રાજ્ય કરતો હતો એવું સં. ૧૩૫૫ ના ચોટણુ ગામમાં મળેલા એક શિલાલેખ ઉપરથી જણુાય છે. સારંગદેવ સં. ૧૩૩૨ ના અરસામાં ગાદીએ આવ્યો અને સં. ૧૩૪૫-૪૬ માં કર્ણુદેવ તેની જોડે સામીલ થયો. સારંગ-દેવની હયાતી સુધી પાટણુમાં દોઅમલી સમય હતો. સં. ૧૩૫૪ ની પ્રશસ્તિમાં કર્ણુદેવનો આાગવો અમલ જણુાય છે, એટલે સ. ૧૩૫૪ ના પૂર્વભાગ પર્યન્ત સારંગદેવ વિદ્યમાન હશે. અને કર્ણુદેવનો આાગવો અમલ ઘણા જ થોડા સમયનો હશે, કેમકે 'પટ્ટાવલી' માં કર્ણુદેવનુ નામ નથી. એમાં સારંગદેવનાં વર્ષ ગણુાવીને પછીથી **ततःअलावदि सुरत्राणराज्यं** એમ કહેલું છે.

સારંગદેવના અમાત્ય પદ ઉપર પૂર્વભાગમાં મલ્લદેવ હતો અને પછીથી માધવ હતો. ધોળકાના બ્રાહ્મણુ પંડિત ચાણ્ડૂની કરેલી નૈષધકાવ્યની દીપિકા નામની ટીકાની અંત પ્રશસ્તિ ઉપરથી જણુાય છે કે, સંવત તેરસેં ત્રેપનમાં મહામાત્ય માધવ અને નૃપ સારંગદેવ હતા. સારંગદેવની હયાતી-માં જ કરણે માધવ ઉપર જૂલમ ગુજાર્યો હશે. ત્યાર પછી થોડા જ સમ-યમાં એને આાગવો અમલ પ્રાપ્ત થયો હશે.

મહામાત્ય માધવ શી જાતનો અને કયાંનો હતો એ જાણુવાનાં સા-ધનો તપાશીશું. એ જાતે નાગર હતો એવી દંતકથા છે. તેમજ લોકમાં પ્રચલિત એક દોહરાથી માલમ પડે છે કે એ કચ્છનો વતની હતો.

---

§ જૂઓ બુદ્ધિપ્રકાશ પુસ્તક ૫૭, માર્ચ અને એપ્રિલના અંક

મહામંડળેશ્વર લવણુપ્રસાદ (વરાકર)
|
વીરધવળ
|
વીરમ (બિરૂદ પ્રતાપમલ્લ, — વીસલ (બિરૂદ મહીમલ્લ)
|
અર્જુનદેવ (બિરૂદ નિઃશંકમલ્લ)
|
રામદેવ — સારંગદેવ
|
કર્ણુદેવ.

"વચ્છ ત્રવાડી પીપળે, સોરઠ શંકરદાસ;
માધવ કેશવ કચ્છના, એણે રાખી આખ્યાત.૧"

રાસમાળામાં લખ્યુ છે કે માધવે બાદશાહને ત્રણસે અને સાઠ કચ્છી ઘોડા નજર કર્યા. સં. ૧૩૫૩ માં જૂલમ ગુજર્યા બાદ પાટણ છોડયા પછી માધવની હીલચાલની કશી માહીતી મળતી નથી, સ્વ૦ નંદશંકર એને જાત્રાએ ગયો જણાવે છે પણ એ વાતમાં કાઈ વજૂદ જણાતું નથી, તેમજ એની કશી સાબીતી મળતી નથી. એ દુઃખના દિવસમાં પહેલવહેલો પોતાને દેશ જાય એ સંભવિત જણાય છે. ઝાલાવાડમાં વઢવાણ શહેરમાં એક જૂની વાવ છે જે માધાવાવ કહેવાય છે. માધવને વઢવાણ જોડે કશો સબંધ ન હોતાં એ ત્યાં વાવ કેમ બંધાવે એ સવાલ છે. એ વાવમાં બે મૂર્ત્તિઓ છે. એક પુરૂષની અને એક સ્ત્રીની. બન્નેની નીચે સસ્કૃતમાં લેખ છે. એ લેખ જાતે જોવાનો યોગ અમને મળ્યો નથી. વઢવાણ દરબાર તરફથી છપાયલા એક પુસ્તક ઉપરથી ઉતાર્યો છે. અમે તે નીચે આપિયે છિયે.

પુરૂષ પ્રતિમા નીચેઃ—**संवत १३५० वर्षे कातीक शुद ८ गुरो** (sic.**गुरौ**)
नागर ज्ञातीय व० श्री० शामसुत मिद्श्री सिंधु

જોડાજોડની સ્ત્રી પ્રતિમાની નીચેઃ—**नागर ज्ञातिय महं श्री सांढल**
सुता महं श्री तषमादिती.

અમને લાગે છે કે આ લેખ વાંચવા કે ઉતારવામાં ભૂલ થઈ છે. અનુમાને અમે એનુ ગૂજરાતી આ પ્રમાણે કરીએ છીએ.

'સંવત ૧૩૫૦ વર્ષે કાર્તિક શુદિ ૮ ગુરૂ.
નાગર જ્ઞાતીય સ્યામસુત માધુ (?)
નાગર જ્ઞાતીય સંધિલ સુતા
સુખમા દેવી."

જૂના વખતથી કચ્છ જવાનો રસ્તો વઢવાણ આગળથી છે. તેમજ એ ભાગની પાણીની તગી પણ મશહુર છે. આમ હોવાથી માધવે પોતાના સુખના દિવસોમાં પોતાના દેશના ધોરી રસ્તા ઉપર મુસાફરોના સુખને માટે આ વાવ બધાવી હોય.

મુસલમાનો દિલ્હીથી સ. ૧૩૫૩ ના અરસામાં જ નીકળ્યા હશે, કેમકે એલિયટ ગૂજરાતની લીધા સાલ સન ૧૨૯૭ અને સોમનાથની સન

૧૨૯૮ આપે છે. ફિરિસ્તા પણ એ જ સાલ આપે છે. રાસમાળા ચઢાઇ લાવનાર સરદારનું નામ ઉલઘખાન અને નસરતખાન વઝીર આપે છે પણ કાન્હડદે પ્રબંધમાં વઝીર નસરતખાનનું નામે નથી.

દિલ્હીથી ગૂજરાત આવવાનો સુગમતા ભરેલો રસ્તો મારવાડનો છે. છેક મહમદ ગઝનીના વખતથી તે ફ્રેંચ મુસાફર મો૦ ટ્રેવર્નિયરના કાળ સુધી એ રસ્તો જ ધોરી ગણાતો. નાડોલ અને ઝાલોરના બળકટ કિલ્લાના બાંકા મારૂઓ જ્યારે જ્યારે યોગ મળે ત્યારે ત્યારે મુસલમાનોને સતાવણી કર્યા વગર રહ્યા નથી. પૂર્વે ચોવાણ રાજા અણહિલ્લ મહમદ ગઝનીની સાથે લઢયો હતો. મહમદ ગઝની નાડોલને રસ્તે જ સોમનાથ ગયો હતો. સ૦ ૧૨૩૫ માં શાહબુદ્દીન ઘોરી અણહિલવાડ ઉપર ચઢાઇ લાવ્યો ત્યારે સોનગિરો કીર્તિપાળ તેની સાથે લઢયો હતો. આ લઢાઇમાં ઘાયલ થઇને સુલ્તાનને પાછું ફરવું પડયુ હતું. સુલ્તાન અલ્તમશ સ. ૧૨૬૮ માં ઝાલોર પર ચઢાઈ કરી હતી પણ એ બળવાન કિલ્લો પડયો નહોતો. આ પ્રમાણે સોનગિરા ચોવાણોની મુસલમાનોને નડવાની પરપરા જ હતી. બાકી ગૂજરાત સાથે એ ચોવાણોને બહુ સપ નહિ હોય. ગૂજરાત સાથે તેમને વિવાહના બે ચાર સંબધ થયા હતા. કાન્હડદેવના પ્રપિતામહ ઉદયસિંહની દિકરીનુ લગ્ન ધોળકાના વાઘેલા વીરધવળના દિકરા વીરમ વેરે થયું હતું. પણ તેને ઉદયસિંહના દિકરા અને કાન્હડદેવના પિતામહ ચાચિગદેવે મારી નાંખ્યો હતો. દિલ્હીએ રસ્તાની માગણી કરી ત્યારે ચોવાણોએ એ જૂના અણબનાવની વાત મનમાં રાખી હોત, તો તો રસ્તો આપ્યો હોતઃ પણ તેમણે તેમ કર્યું નહિ. પદ્મનાભ કહે છે તેમ કાન્હડદેવે ધર્મધ્વંસનાં કારણથી સુલતાની લશ્કરને રસ્તો આપવાની સાફ ના પાડી.

પશ્ચિમનો રસ્તો આમ બધ થવાને લીધે મુસલમાનોએ પૂર્વ તરફનો રસ્તો લીધો હશે. પદ્મનાભ કોઇ સમરસી રાવળે રસ્તો આપ્યો એમ કહે છે. પંડિત ગૌરીશંકર ઓઝા અમને સૂચવે છે કે વખતે એ મેવાડનો સમરસી રાવળ હશે. આ સૂચના બંધ બેસતી લાગતી નથી. મેવાડની ગાદીએ એક જ સમરસી થએલ છે અને તે આ બનાવથી ઘણા કાળ પૂર્વે. પંડિત ગૌરીશકર સમરસીના વખતનો સ૦ ૧૩૩૦ એટલે સન ૧૨૭૪ નો શિલાલેખ મળ્યાનું કહે છે. જો શિલાલેખ ઉપર ભરોંસો રાખીએ તો એ વર્ષમાં સમરસી રાવળ વિદ્યમાન હતો એટલું જ સાબીત થાય છે. એ સાલથી બીજાં પચ્ચીશ વર્ષ વધારે જીવ્યો હોય તો મુસલમાન સ્વારી વખત

એ હયાત હોય. અમે ધારીએ છીએ કે એ સમરસી રાવળ તે મેવાડનો રાજ્યકર્ત્તા નહિ પણ એ નામનો કોઈ નાનો તાલુકદાર હોવો જોઇએ, જેણે મુસલમાન લશ્કરને પોતાના દેશમાંથી જવા દીધું હોય. તેઓ બનાસ ઓળંગીને આવ્યા અને ધાણુધાર અને દઢાવ્યને ઢંઢોળીને પાટણ ગયા એમ પદ્મનાભનું કહેવું છે.

ભીલવાડા, કે ટોંક આગળથી અગર ત્યાંથી થોડા નીચાણમાં મુસલમાનો બનાસ ઉતર્યા એટલામાં તો ગૂજરાત્ત સુધી તેમના આવ્યાની બૂમ પહોંચી. મુસલમાન લશ્કર ઘણી ઝડપથી અને ઓચિંતું આવ્યું હતું. પાટણમાં છેક તેમના જઈ પહોંચતાં સુધી ખબરે પડી નહોતી. ઓચિંતા જઇને છાપો મારવામાં જ મુસલમાનોને લાભ હતો કે હિંદુઓ સજ્જ થઈ શકે નહિ. આવા જ હેતુથી તેઓ સિદ્ધપુર જેવા શહેરને લૂંટવા એ થોભ્યા નહોતા. મોડાસાથી પાટણ જતાં સુધી બત્તડની પેઠે બીજું કોઈ સામુ થયું નથી તેથી જણાય છે કે બાકીનો મુલ્ક ખાલસા હશે.

પાટણ લેતાં કિલ્લા આગળ જબરૂં યુદ્ધ થયુ હશે. કરણને વખતે લાગ્યું હશે કે કીડીઆરાની પેઠે ઉભરાઇ જતી મુસલમાન સેના આગળ ઝાઝી મુદત ટકાશે નહિ. એવી મનની સ્થિતિમાં માધવે નાશી જવાની એ અર્થ સાધે એવી પેચવાળી સલાહ કહાવી. એ સલાહ હઇયે ધરી કર્ણદેવ નાશી છૂટયો. એની સાથે એની રાણી પણ પગપાળી નાઠી એમ પદ્મનાભનું કહેવું છે. રાસમાળામાં કરણ એકલો નાઠો અને રાણીઓ વગેરે ત્યાંજ મુસલમાનોના હાથમાં આવ્યાં કહ્યું છે.

પેગંબરની આજ્ઞા પ્રમાણે મુસલમાન સ્વારીઓનો હેતુ માત્ર મૂર્ત્તિઓ તોડવી અને લૂંટ કરવી એજ હતો. એમનાં લશ્કર જોડે પૈસા કમાઈ ખાનારનાં ધાડાં રહેતા. વરસોનાં વરસો પહોંચે એવા વિગ્રહમાં મચેલા લશ્કરમાં કટકીઆ વાણીઆની એક નવી જાત જ ઉદય પામી હતી. તેઓ લશ્કરમાં વેપાર કરતા. દરેક જાતના ધંધાધારીઓ તેમજ નારૂકારૂ લશ્કરની જોડે રહેતા. મહમદ ગઝનવી માત્ર લૂંટ કરતો. બીજા ધર્મનો નાશ અને મુસલમાન ધર્મનો બને એટલો ફેલાવો એ શીવાય એણે પોતાની ત્રાસદાયક સ્વારીઓમાં બીજું કશું કર્યું નથી. અલ્લાઉદ્દાનના વખતમાં તેઓ રાજકીય બાબતમાં એક પગલું આગળ વધ્યા હતા. મોગલોના જેવો રાજ્ય વહીવટ તો નહિ પણ જીતેલાં રાજ્યોને તેઓ યાતો ખાલસા કરતા યાતો ખંડીઆ બનાવતા.

પાટણ સર કર્યા પછી પોતાનો હેતુ બર આણવાને મુસલમાનોની જૂદી જૂદી ટુકડીઓ ગૂજરાતમાં ચોતરફ ફરી વળી. તેઓ ગામ લૂંટતા, બાળતા અને માણસોને બાન તરીકે પકડતા. કવિ પદ્મનાભ એવાં કેટલાંક ગામોનાં નામ જણાવે છે. તેઓનું લશ્કરઃઅસાઉલિ (આશાપલ્લી?) ગયું હતું. એ કાળે અમદાવાદ અસ્તિત્વમાં નહોતું. ત્યાર કેડે પુરાતન શહેર ધોળકાનો વારો આવ્યો. પાંડવની નિશાળ નામે ઓળખાતી હિંદુઓની જગાની મસ્જીદ બની. ત્યાંથી તેઓ ખંભાયતના પ્રખ્યાત બંદરને લૂંટવા ગયા. મુસલમાન તવારિખ લખનાર નસરતખાન ખંભાત ગયો હતો એમ કહે છે. અહીંથી જ ભવિષ્યમાં અલ્લાઉદ્દાનનો પ્રાણ લેનારો ગુલામ કાફુર હજાર દીનારી મળ્યો હતો. ખંભાતમાંથી મુસલમાનોને અનરગળ દ્રવ્ય સંપાદન થયુ પદ્મનાભ ત્યાર પછી સુરત અને રાંદેરનાં નામ આપે છે અને બીજાં પણ કિનારાનાં શહેરો લૂંટયાનૂં મોઘમમાં કહે છે. તેમણે ભરૂચ, વલસાડ અને વખતે સંજાણ પણ લૂટ્યું હશે. મુસલમાનોએ વડનગરને ઉધું વાળ્યુ હતું તે અને મોઢેરાને ઘેરો ઘાલી, તહ કરી, દડ લઈ પછી વિશ્વાસઘાત કરીને તેને લૂંટીને પાયમાલ કર્યું હતું તે વાતો તો જાણીતી છે. સંખેશ્વર પાર્શ્વનાથ વગેરે ચુંવાળની જગાઓની પણ એવી જ વલે થઈ હતી. અલ્લાઉદ્દીનનો એવો સિદ્ધાંત જ હતો કે કાફરો પાસે પરાણે ગુજરાન થાય એટલું જ રહેવા દેવું. તેમની પાસે જમીન પણ તેઓ બાદશાહની જમા ભરે અને પરાણે પોતાનું જીવન ચલાવે એટલી જ રાખવી. ગૂજરાતની લૂંટોમાં તેમણે શુ કર્યું હશે તેનો સહજ ખ્યાલ પદ્મનાભના શબ્દોથી થાય છે. કવિ કહે છે કે બધુંએ સાંભરી લીધુ! ચાંપાનેરને પણ વેઠવું પડયું. અમે ક્ષેપક ગણેલા કેટલા ભાગ ઉપરથી જણાય છે કે તેઓએ કાનમ, ચિડોત્તર, બાવનખેડ વગેરેનું સત્યાનાશ વાળ્યું હતું. કેટલાંક નામ ગણાવીને કવિ ટૂંકામાં પતવે છે કે ગૂજરાત બહુ વિસ્તારવાળુ છે એટલે તેનો પાર શી રીતે આવે? દાહોદ પાસે જેસાવાડા આગળ અને મહીસા આગળનાં ખંડેરો, ખંડન કરેલી મૂર્ત્તિયો અને લોકોક્તિયો અદ્યાપિ એ લૂંટોની ગવાહી પૂરે છે.

ગૂજરાતને નિસ્સત્વ કરીને ખાન સોરઠ તરફ ગયો. સોરઠ શબ્દ અહીં આખા કાઠીઆવાડના અર્થમાં વાપર્યો છે. સોરઠમાં તેણે લૂંટેલાં ગામોનાં નામ ગણાવતાં કવિએ કાંઇ ક્રમ રાખ્યો હોય એમ જણાતુ નથી. મયગલપુર કે મેલગપુર શિવાય ગણાવેલાં બીજા ગામો હાલ અસ્તિવમાં છે. કવિના

વર્ણનથી સોરઠની ફળદ્રૂપતા જણાઈ આવે છે. સોરઠમાં મુસલમાનોની સામે કોઇ થયું હોય એમ જણાતું નથી. પણ બધી લડાયક જાતો શ્રી સોમનાથનો બચાવ કરવાના ધર્મયુદ્ધ સારૂ ત્યાં એકઠી થઇ હતી. વાળાઓ વાજાઓ, જેઠવાઓ અને ચુડાસમાઓ ત્યાં તૈયાર હતા. દ્વીપકલ્પના મોટા ભાગને પોતાનું નામ આપનારા ઝાલાઓનું નામ પદ્મનાભ આ-પતો નથી.

તુમુલ યુદ્ધને અંતે મુસલમાનો જીતે છે અને પ્રખ્યાત જ્યોતિર્લિંગનો નાશ કરે છે. આ જગાએ બીજા દિવસના યુદ્ધમાં મહામાત્ય માધવ મરાયો. કવિ એની તરફનો પોતાનો તિરસ્કાર એને સહુ અનર્થનુ મૂળ કહીને જ-ણાવે છે. પોતાના કાવ્યના આરભમાં જ માધવને માટે કવિયે કાઢેલા ઉદ્‌-ગાર તે કાળની પ્રજાનો માધવના કૃત્ય માટેનો અભિપ્રાય દર્શાવે છે. નાંદોદ તરફ કહેવાતી ‘અલાદિયો ખૂની અને માધા બોળુ’ એ લોકોક્તિ પણ એની પ્રતિ લોકની લાગણી કેવી હતી તેની પ્રતીતિ આપે છે.

આવ્યા તે રસ્તે ન જતાં સોરઠમાંથી મુસલમાનો જૂના રસ્તા તરફ વળે છે. માર્ગમાં કચ્છ, કથકોટ, ગેડી અને ઠઠ્ઠા વગેરે થથરાવીને તેઓ આગળ ધપે છે. કવિ તો કહે છે કે તેઓ રસ્તો ન આપ્યો તેનું વેર લેવા ઝાલોર જ જતા હતા મુસલમાન લશ્કર આવ્યું જાણી કાન્હડદે તેની સામે લઢવા જાય છે. કાન્હડદે ઘાટ આગળ રહે છે અને બીજા સાંમતો અગાડી જાય છે. એવામા બાતમી મળે છે કે મુસલમાનો સિરાણે છે. હવે આ બાબતમાં વિચારવા જેવું છે કે ઝાલોર પર ચઢી આવતા દુશ્મનોને દૂર જ ભેટી હરાવવાની ધારણાથી રજપૂતો આગળ જાય છે કે જીત કરીને સોમ-નાથને લઇને દિલ્હી જતા મુસલમાન લશ્કરને મારીને સોમનાથ છોડાવવા માટે પોતે જ છેડતી કરીને લઢવા જાય છે. મુસલમાનોને કનડગત કરવાની સોનગિરાઓની પરપરા જ હતી. પૂર્વે પણ બે ત્રણવાર તેઓએ એવાં જ યુદ્ધ કરેલાં છે, એ અમે આગળ કહી ગયા છીએ. તો આ વખત પણ જીતથી ફુલાયલા લશ્કરને પૂરેપાંસરૂં ન જવા દેવું ધારીને સોનગિરાઓએ જ યુદ્ધમાં ઉતાર્યું હોય એમ પણ બને એવું છે. કવિ બાતમીદાર પાસે કહેવડાવે છે કે ‘મુસલમાનો સિરાણે છે. એમની પૂઠ પકડીએ; નીકર એ લોકો દૂર જતા રહેશે.’ જો ઝાલોર જ આવતા હતા તો દૂર કયાં જાય? શું કરવા જાય? ઘણી તપાસ કરતાં એ સિરાણાનુ સ્થળ નક્કી થઇ શકયુ નથી. કંથકોટથી ઝાલોર જતાં સિરાણા રસ્તામાં ન આવતું હોય તો

વખતે અમારૂં અનુમાન ખરૂં હોય. છતાં જ્યાં સુધી સિરાણાનું સ્થળ નક્કી નથી થયું ત્યાં સુધી કશું નક્કી કહી શકાતું નથી. આ યુદ્ધ સિરાણે થયુ, અને મુસલમાનો હાર્યા.

આ હારની ખબર સાભળીને સોનગિરાઓને સિકસ્ત આપવા બાદશાહ નાહરમલીક અને ભોજલુ ખાંડાધર એમની સરદારી નીચે બીજું લશ્કર મોકલે છે. આ લશ્કર પાધરૂ સમિયાણા જાય છે. સમિયાણાનું જ નામ સીવાણા છે. એકલે હાથે મુસલમાનોને જીતવાનુ માન ખાટવા દેવાને કાન્હડદે પોતે અલગ રહે છે અને સમિયાણાનો થાણી સાંતલસિહ જે એનો ભત્રિજો હતો તે જ પોતે નાહરમલીકના લશ્કરપર હૂમલો કરે છે. નાહરમલીક હારખાઇને અગર યુદ્ધકળાને અનુસરીને પાછો હઠે છે અને થોડીકવાર ખમીને સમિયાણાને ઘેરો ઘાલવા પાછો આગળ ધપે છે. આ વખતે કાન્હડદે આવે છે એ અને સાંતલ બન્ને સામસામી બાજુથી હલ્લો કરે છે. સારી રીતે બચાવ કરતાં છતાં મુસલમાનો હાર પામે છે અને નાહરમલીક અને ભોજલુ બન્ને મરાય છે. આ હારથી બહુ ગુસ્સે થઈ પાદશાહ બીજા મલીકોને મોકલે છે અને પોતે પણ ચઢે છે. તેઓ આવીને સમિયાણાને ઘેરો ઘાલે છે. કવિના કહેવા પ્રમાણે સાત વરસના ઘેરાને અંતે એ ગઢ પડે છે. અમીર ખુશરૂની 'આશિકામાં' સીવાણા આગળ પાંચ છ વર્ષ ઘેરો રહ્યો એમ કહ્યું છે. સાતલસિંહને એમાં 'સતલ' કહ્યો છે અને એનાં અને એના લશ્કરનાં વખાણ કર્યાં છે. એ કહે છે કે પાંચ છ વર્ષ ઘેરો રહ્યો પણ એના ગઢનો અડધો બૂરજ પણ લેવાયો નહિ, પણ ખૂદ પાદશાહ ચઢયા કે એક જ હુમલે કિલ્લો તારાજ થઈ ગયો. પાદશાહ ગયાની સાલ ખુશરૂ સં. ૧૩૦૮ આપે છે. સન ૧૩૦૧ માં આ સ્વારી પ્રથમ ગઈ હશે અને ત્યાર પછી સાત વર્ષે એટલે ૧૩૦૮ માં ગઢ પડયો હશે. એ રીતે કવિના કહેવા પ્રમાણે સાત વર્ષની લઢાઈ પૂરી થાય છે. ગઢ પડવાનાં કારણ તરીકે કવિ કહે છે કે મુસલમાનોએ ગાયો કાપીને તેનાં ડોકાં કિલ્લા ઉપર એક જ સરોવર હતું તેમાં નાંખ્યાં હતાં એટલે પાણી વગર હેરાન થઇને રાણીઓએ ઝમોર કર્યો અને સાંતલસિહે રજપૂતો સાથે કેસરીયાં કર્યાં.

સમિયાણા પડયા પછી પાદશાહ ઝાલોર તરફ પ્રયાણ કરે છે. ત્યાંથી એક ટુકડી બાહડમેર જઇને તે સર કરે છે. દુભાષિયાથી ભિન્નમાળની ખબર પડતાં લશ્કરની એક ટુકડી રાતોરાત જઇને તે શહેર લૂંટી લઇને બાળી નાંખે છે. સમિયાણા પડતી વખતે સરોવર દૂષિત કરવાની સલાહ

આપનાર ભાઈલ્લ જ આ ભિન્નમાળની ટુકડીમાં ગોરી મલીક જોડે જાય છે.

એક ટુકડી જે ખુડલી આગળ હતી તેમાં બાદશાહના આઠ મલીકો હતા. એઓને કાન્હડદેવના પાંચ પટાવતો હરાવીને મુસલમાન લશ્કરને તારાજ કરે છે. મલીકનેબ એ વેળા શિકારે ગયો હતો. તે કોલાહલ અને રણવાદ્ય સાંભળીને પાછો ફરે છે અને ખુડલીના તળાવે ત્રણ પટાવતોને સુભટો સાથે ભીના લૂગડાભેર ઠાર કરી બાદશાહી મેલાણ તરફ વળી જાય છે.

મલીક નેબની ગેરહાજરીમાં પાંચ પટાવતે મેળવેલી જીતની ખબર આગળથી મહીપ દેવડો ઝાલોર લેઇ ગયો હતો પણ પાછળ રહેલા પટાવતોની બિલકુલ ખબર પછીથી ન આવી તેથી ત્યાં શોક ફેલાઈ રહે છે. મહીપ દેવડો દીકરીના મ્હેણાથી બાદશાહી લશ્કર ઉપર પચાસ સુભટથી તૂટી પડે છે ને કપાઈ મરે છે. એ ઝપાઝપીમાં મલીક સરૂપ અને બસેં સિપાઈ રણમાં પડે છે. એ બનાવની ખબર થતાં જ બાદશાહ બહુ ખફા થઈ ઝાલોર તરફ પ્રયાણ કરે છે. તે વખત બાદશાહજાદી પીરોજા ઉર્ફે સીતાઈની હઠથી બાદશાહ વીરમદેવનૂં માગૂં કરે છે તે કાન્હડદે અને વીરમદે પાછૂં ઠેલે છે. આ બનાવ લગીર અજાયબ જેવો જણાય છે. પણ જ્યારે આપણે પૂર્વે બનેલા આવા જ બનાવ જોઇએ છીએ ત્યારે એમાં નવાઈ લાગતી નથી. નયચંદ્રસુરીના હમ્મીર કાવ્યમાં આવો જ બીજો બનાવ વર્ણવ્યો છે. એમાં હમ્મીર તરફથી ગએલા પટાવત રતિપાળને ફોડવાને અલ્લાઉદ્દીન ઘણી લાલચો આપે છે. તે રતિપાળને પોતાના જનાનામાં લઈ જાય છે અને પોતાની નાની બહેનની * જોડે ખાવા પીવા મૂકી પોતે ખસી જાય છે. માગુ પાછું ઠેલાવાથી અપમાનથી ગુસ્સે થઈ બાદશાહી લશ્કર (સમિયાણાથી) રહુદ્રે, ત્યાંથી ગોલે અને

---

*हम्मीर काव्य. १३–९१ હમ્મીર કાવ્યના સંશોધક રા. રા નિલકંઠ જનાર્દન કીર્તને આ બનાવ ઉપર ટીકા કરે છે કે —At first sight this statement might seem to be a fancy of the author intended to blacken the character of the victor But we read that such things were quite possible in the tribe to which the conqueror belonged A slipper at the door of his wife's room is a signal well understood by a husband in this tribe, at the sight of which he immediately takes care to retire from the house. See Tod, Vol. I. p. 56.

ત્યાંનું ઉપડયું ઝાલોર આવીને કાન્હમેર બુરજ સામે સુંદર સરોવર ઉપર પડાવ નાંખે છે. સાત દિવસના રતોવાઈ છાપાથી બાદશાહી લશ્કરની દહાડાની મ્હેનત રાતે બરબાદ જાય છે અને ૧૨૦૦ મુસલમાન સિપાઇઓ માર્યા જાય છે.

આઠમે દિવસે બાદશાહ સ્વપ્નામાં વાસુદેવ ભગવાનનાં દર્શન થયાથી અને લશ્કરમાં ઉલ્કાપાત થયાથી ઘેરો ઉઠાવી પાછો વળે છે. જતાં જતાં વીરમદેને તેડવાને ગોલ્હણશાહને મોકલીને ગૂજરાત આપવાની આશા આપે છે. કાન્હડદેવે તેની અવગણના કરવાથી તે ઝાલોરથી ઉતરી આવે છે અને વાલૂહીએ જઇને બાદશાહને મળે છે. ત્યાંથી લશ્કર સૂંદ્રડી, ત્યાંથી ગઢી અને ત્યાંથી મેડતા ગયુ. દરમ્યાન મેડતેથી પુનોલે મોકલ સરોવરે ૨૦૦૦૦ અસવાર સાથે સમસખાન શિકારે આવ્યો હતો તેને વીરમ આઠ તુકડીએ સામટો હુમલો કરી હુરમ સહિત કેદ પકડે છે. હમ્મીરદેવે × પોતાના લશ્કરની આઠ જૂદી જૂદી ફોજો કરીને આઠે દિશાએથી મુસલમાનો ઉપર હુમલો કર્યો હતો, તેમ વીરમદે પણ તેની તેજ ગોઠવણથી જય મેળવે છે.

બાદશાહજાદી પોતાને ઝાલોર મોકલવાની હઠ લે છે. બાદશાહ દાસ દાસીઓ સાથે તેને ઝાલોર મોકલે છે. બાદશાહજાદીનું ઝાલોરમાં સારૂ આતિથ્ય થાય છે અને ઘણી ભેટ સોગાદ મળે છે. બાદશાહજાદી પોતાનાં બ્હેન, બનેવી ને બે ભાણેજને છોડવી, રજપૂતોએ લીધેલા હાથી વગેરે પાછું લાવે છે. તેમજ રતોવાઈ છાપો નહિ મારવાનું વચન લેઈ પાછી આવે છે. બાદશાહ તરફથી તે બદલ ફરી લશ્કર લેઇ ખુદ બાદશાહ લઢવા આવવાની કબૂલત આપી આવે છે.

બાદશાહી લશ્કર મેડતેથી હરસુર અને ત્યાંથી શભર પહોંચ્યું તેટલામાં બાદશાહજાદી ઝાલોરથી આવી મળે છે. તેઓ સંભરથી અંબેર અને બીજે મુકામે દિલ્હી પહોંચે છે.

શાહજાદીને મ્હોડે થયેલી કબૂલત પ્રમાણે બાદશાહ પોતાના નવ મલીકને ઝાલોરે લઢવા મોકલે છે. સાથે બાદશાહજાદી તરફથી દદા સનાવર પણ જાય છે. લશ્કરની ખબર જાણવાને જોજને જોજને ઢોલ અને અસ્વાર રખાવે છે.

મેડતે નવ લાખ લશ્કર એકઠૂં મળે છે ત્યાંથી ગોલ્હણશાહ બાદશા-

× જૂઓ हम्मीर काव्य ११।३।

હને શરણે આવવાનુ કહેણુ લઇને ઝાલોર જાય છે. કાન્હડદે તેની ભારે અવગણના કરે છે અને લઢવા આવવાનું કહાવે છે.

અહિં કાન્હડદે ગામે ગામ તેડાં મોકલી લશ્કર એકઠુ કરે છે. સાચોર, થરાદ, કાકનેર, કુંથકોટ, ગઢી, અમરકોટ, વીક્રમપુર, જેસલમેર, વાધણહુર, પારકર, પૂગલ, મરોટ, ધાણુક, પોખર, આલ્હણકોટ, કછ, જાગલૂ, જાસેહર, સારણિ, ચેત્રા, નાઇસર, જિહલવાડુ, દેનેર, કઇલિવાડુ, બાહડમેર, સિંધુ સવાલખ, નરવર, ખમાલ, નાબરૂ, ટૂકટોડુ, સોજિત, બારડુ, પાદ્રડુ, ગિરડુ, રછેલિ, ડોડિઆલિ, રાણિક, કાછેલિ, ધાટુ, સીસુદુ, છેવાણુ, ભાઇલ, બોરી, માહુ, ચડાઉલિ, ચાંગુ, આબુ, ત્રસાંગમુ, દાંતુ, ભેલડી, પોસીના, સીહુર, તારગુ, પાલ્હણપુર, સમિયાણુા, રહુદ્રા, રોહાવિ, મહેવા, ભાદ્રાજણ, મડોહર, વગેરે સ્થળે જાસુસો મોકલે છે. નવે કોટના રજપૂત રાણાઓને તેડાવે છે.

કાન્હડદેના ત્યાથી પાછો આવેલો ગોલ્હણશાહ નવ મલીકને તેની તૈયારીની ખબર આપે છે. લશ્કર મેડતેથી ઉપડી સિઉદ્રડી આવે છે. પચ્ચીસ હજાર અસવાર અને પચાસ હજાર પ્યાદળ સાથે માલદેવ આવીને વાડીએ પડે છે અને વીરમદે કુંવર ભદ્રાજણ મૂકામ કરે છે. ચાર વરસ લઢાઈ ચાલ્યા પછી સરખે સરખાં લશ્કરે લઢવાનૂં ઠરાવતાં એક વરસની અંદર માલદે અને વીરમદેના રજપૂતો ખપી જવાનો વખત આવે છે. (બેશક મુસલમાનો બમણા પડયા હતા.) તે ઉપરથી કાન્હડદેવે માલદે અને વીરમદેને ઝાલોર પાછા તેડાવ્યા. પાંચમે વરસે બાદશાહી લશ્કર પ્રાદલ થઈ ઉડવ ગયુ.

કાન્હડદેવે માલદેને ૨૫૦૦૦ સવાર અને ૫૦૦૦૦ પ્યાદળ આપીને તુર્કના લશ્કરમાં ત્રાસ પાડવા અંબેર મોકલ્યો. આણી તરફ બાદશાહના ફરમાનથી કમાલદીને આવી સુદર સરોવરે પડાવ નાંખ્યો ને ઝાલોરને ઘેરો ઘાલ્યો. કાન્હડદે રાવળે ભીલ કાન્હ ઊલીચાને ભોલાઇની વાડી તરફથી ઉતારી નિજામદીન મલીકના સામે ઉદલપુર મોકલ્યો. ખરે બપોરે લઢાઈ થઇ તેમાં મલીક મરાયો ને હુરમ પકડાઈ તેને અને હાથી ઘોડાને કબજે કરી ઉદલપુરના ડૂગરે કાન્હ ઊલેચો ચઢી ગયો. લૂર્ણકર્ણ ઊલેચાના સામો જાય છે. ઊલેચો જાબાલિકુડવાળા શોભિત બુર્જની બારીથી દાખલ થઈ રામપોળે જઈ રાજાને જુહારે છે.

બાદશાહે ખાનજિહાંની સરદારી નીચે વ્હાર મોકલી. તે પોતે પણ ચડયો અને બહાદુરપુર આવ્યો. એને વધાવી લેવા માલદે અંબેરમાં તૈયાર

જ હતો. કેટલીક વાર લડાઈ ચાલ્યા પછી બાદશાહ થાકી દિલ્હી પાછો વળી ગયો.માલદે તરત અંબેર છોડી વનાદ્રે આવ્યો. ખાનજિહાં બ્હાર લેઇને આવ્યાની એને ખબર પડી હતી. કાન્હડદેવની આજ્ઞાથી તે બાહાડમેર રહીને તુર્કોને સતાવવા લાગ્યો. દરમ્યાન મુસલમાનો ઘેરો ઉઠાવીને ગયા હોય એમ જણાય છે કેમકે મલીકના ફરમાનથી તેઓ ફરી ઘેરો ઘાલે છે એમ પદ્મનાભ કહે છે.

જે વખત સીહમલીક કેદમાં હતો તે વખતનું ઓળખાણ કાઢીને મલીક વીકા સેજવાળને નાટરડકની વાવે મળવા બોલાવે છે. અડધી રાત્રે સંતાતો સંતાતો વીકો આવે છે. તેને ફોડવાનુ કરે છે. પ્રથમ તો વીકો તેને જતા રહેવાનું કહે છે પણ પછીથી ઝાલોર મળવાના લોભથી તેમજ બીજી લાલચોથી અને સોનાના ટકા આપ્યા તેથી ઝાલોરનો છૂપો રસ્તો બતાવીને રાત્રે હલ્લો કરવાનો બેત રચે છે. વીકો ઘેર જઇને પોતાને થયેલા લાભની વાત પોતાની સ્ત્રી હીરાદેવીને કહે છે, જે એનો તિરસ્કાર કરે છે અને ત્રાંબાનું વાસણ પાસે પડયું હતું તે મારે છે જેથી વીકો મરી જાય છે. હીરાદેવી તરત જ રાજા પાસે જઇને પોતાના ધણીની બેવફાઇની વાત કહી દે છે. એટલામાં તો મુસલમાનો ચઢી આવે છે.

સામો કાંધીલ ઉલીચો કમર બીડે છે, તે સીહમલીકને મારે છે. કાંધીલના આઠ પહોરના યુદ્ધમાં ૪૦૦૦ રજપૂતો અને ૧૨૦૦૦ મુસલમાન માર્યા ગયા. સવારે કાન્હડદે કોટ ઉપરથી આ યુદ્ધ જૂવે છે અને સાબાશી આપે છે. છેવટે પાંચસેં રજપૂતોને લઇને કાંધીલ મુસલમાનોમાં પડીને કપાઈ મરે છે. તે જ વખત કાન્હ ઉલીચો મોખરે આવીને બે પહોર સુધી લઢયો અને ઘણા ઘાથી વિંધાઇને રણ પર પડયો. અરધી રાત્રે કાંધીલ અને કાન્હ ઉલીચો પડયા પછી જયત દેવડો મોખરે થઈ લઢીને મરણ પામે છે. પાછલી રાત્રે જયત વાઘેલો આગેવાન થઇને લઢે છે. એના મરણ પછી ઉગતે સૂર્યે લૂણકર્ણ પ્રાણ સમર્પે છે. ત્યાર પછી અરજણ વડાઉલાએ ટક્કર લીધી. હવે અંત પાસે આવ્યો જાણીને ઝાલોરમાં ઝમોર મંડાયા. બધી દોલત, હીરામાણેક સુવર્ણપુરૂષ વગેરે વાવમાં નંખાવી દીધુ. ઝમોરના ભયંકર અગ્નિથી છેક સાચોર સુધી અજવાળુ થઈ રહ્યું. કાન્હડદેવે વીરમકુવરને રાજ્યાભિષેક કર્યો. ખુદ કાન્હસ્વામીના દેવળ ઉપર મુસલમાનો હલ્લો લઈ ગયા એટલે તે કેસરીઆં કરે છે. કવિ કહે છે કે મેં કહેવાતું સાંભળ્યુ છે કે તે દિવસ પચાસ મુગટધારી રાવતો પડયા; રાજાના અંગરક્ષકો પડયા; ભલા ભલા ગરા-

સીઆઓએ રાજાનું લૂણ હલાલ કર્યું અને પ્રાણ આપ્યા. અહીં કવિ રણાંગણ પરથી જતા રહેનારનાં પણ નામ ગણાવે છે. છેવટે સંવત ૧૩૬૮ ના વૈશાખની શુદ પાંચમ ને બુધવારે કાન્હડદે સ્વર્ગે ગયો.

મરતાં ઉગરેલા શૂરવીરો ફરી લઢવા ગયા. તુમુલ યુદ્ધ મચી રહ્યું પણ બાજી પલટાઈ ગઈ. જીતવાની આશા ન રહેવાથી વીરમદેવની રાણીઓએ ઝમોર કર્યો. મુસલમાનો જીવતો ન પકડે માટે વીરમદેવ પોતાના પેટમાં કટારી મારી ઉપર બખ્તર બાંધી લઇને લઢવા ચઢયો. સાડાત્રણ દિવસના રાજ્ય પછી ભયકર યુદ્ધને અંતે વીરમદે પડયો ને ઝાલોર પણ પડયું. લઢાઈ પછી અલીકો ગઢ ઉપર ગયા. વીરમદેવને જીવતો પકડવાની તેમની આશા ફોગટ ગઈ. અગના એંધાણુથી એને ખોળી કાઢયો. સાથે આવેલી દદા સનાવર વીરમનું માથું સુગધીદાર પદાર્થમાં મૂકી બાદશાહજાદીની આજ્ઞાઅનુસાર દિલ્હી ગઈ.

માથાને હઝૂરમાં લઈ ગયા. ત્યાં બધાં જોવા મળ્યાં. બાદશાહજાદીએ એને અગ્નિ સંસ્કાર કરાવ્યો. બાદશાહજાદીની માનું હૃદય ભરાઈ આવ્યું. બાદશાહજાદીએ માની રજા લીધી અને પૂર્વે કહ્યા પ્રમાણે જેઠ મહિનામાં જમના નદીમાં ઝપાવીને પ્રાણ ત્યાગ કર્યો. આઠ મહિના પછી સુલતાન સ્વર્ગે ગયો.

આ પ્રમાણે પ્રબંધ પૂરો થાય છે. જાહોજલાલીવાળુ ઝાલોર પડયું અને ચોહાણોનુ રાજ ડગમગી ગયું. હાલ ઝાલોર ચોહાણોના હાથમાં નથી. જોધપુરના રાઠોડ રાજ્યકર્ત્તાઓની ત્યાં આણ ફરે છે અને એક વખત રાજધાનીનુ શહેર હાલ જોધપુરના એક તાલુકાની પદવી ભોગવે છે.

કાન્હડદેને અને અલ્લાઉદ્દીનને આવતાં સ્વપ્નાં, દેવદેવીઓનાં સાક્ષાત્ દર્શન, ઉલ્કાપાત, ઉંડાં ગયેલાં પાણી મંત્રોપચારથી ઉંચે આવવાં વગેરે વાતો કવિએ પોતાના કાવ્યમાં ચમત્કારરૂપ ઉમેરી જણાય છે.

પદ્મનાભ કવિ વીસલનગરા નાગર હોઇને ઝાલોરના ચોહાણ રાજા અખેરાજના રાજ્યકવિ હતા. વીરમદેવ પછી મેગલદેવ, પછી અંબુરાજ, પછી ખેતસી અને તેના પુત્ર અખેરાજ. એમ અખેરાજ કાન્હડદેથી પાંચમી પેઢીએ થયો હતો. અખેરાજની આજ્ઞાથી કવિયે ચોહાણ કુળની કીર્ત્તિ ગાઈ છે. સભળાય છે કે પદ્મનાભની બીજી કવિતા છે, પણ તે અમારે હાથ આવી નથી. વળી એક વૈષ્ણવ કવિ પદ્મનાભનું નામ જણાયું છે તે આજ

કે બીજા તે નક્કી નથી. પ્રબંધ ઉપરથી જણાય છે કે કવિને રજપૂતસ્થાનના ઇતિહાસનું અને ભૂગોળનું સારૂં જ્ઞાન હતું. બીજા દેશના ઇતિહાસની વાત કરતાં કાંઇક ભૂલ થાય છે.

કાન્હડદે પ્રબંધની ભાષા, લોકભાષા એટલે વ્યવહારૂ, પ્રબંધને ઘટે તેવી છે. સાદી ભાષા, રસની જમાવટ અને દેશાભિમાન અને ધર્માભિમાન ઠેકાણે ઠેકાણે દીપી રહે છે; ચઢાઈ, યુદ્ધ વગેરે પ્રસંગનું વર્ણન એવી ભભકભરી અને જુસ્સાદાર વાણીમાં કર્યું છે કે વાંચતાં આપણે તન્મય બની જઇએ છીએ. આવી કવિતા લખનારની બીજી કવિતા હોવી જોઇએ ખરી.

પ્રાચીન અને નવીન ગુજરાતી સાહિત્ય પ્રકાશમાં લાવનાર અને ખીલવનાર સમશેર બહાદૂર સેના ખાસ ખેલ **શ્રીમન્મહારાજા સયાજીરાવ ગાયકવાડ સરકારે** આ ગ્રંથને પણ તેમની હમેશની ઉદારતા પ્રમાણે સારૂં ઉત્તેજન આપ્યું છે તેટલા માટે હું તેમનો આભારી છું. સદર્હુ ઉત્તેજન મળવામાં મે. નાયબ દિવાન મનુભાઈ નંદશંકર મ્હેતા અને વિદ્યાધિકારી મે. અ.મ.મસાણી સહાયભૂત થયા છે તેથી તેમનો પણ ઉપકાર માનવો ઘટે છે.

જૂની પ્રતો મેળવી આપવામાં સહાય કરવા બદલ પુનાની ડેકન કોલેજના પ્રોફેસર પે. અ. વાડીયા અને થરાદના કારભારી રા. રા. પુરૂષોત્તમરાય ભવાનીશંકર વ્યાસનો, તેમજ બીજી કેટલીક સૂચના સારૂ જોધપુરના વિદ્વાન ન્યાયાધીશ મુનશી દેવીપ્રસાદજીનો આભાર માનતાં મને આનંદ થાય છે. મારા મિત્ર રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવની વખતોવખતની સલાહ અને મદદ કૃતજ્ઞાપૂર્વક કબુલ કરવી જોઇએ. બીજા પણ ઘણા મિત્રો જેમણે કાંઈ કાંઈ સૂચના કરી છે તે માટે તેમનો ઉપકાર માનું છું.

આ આવૃત્તિ દોષ રહિત નથી. મને પોતાને કેટલીક ખામીઓ જણાય છે, તો ખામી જ જોનારના વિશે તો શું કહેવું? ગૂજરાતી વાંચનારી પ્રજા આ આવૃત્તિને જો ઉત્તેજન આપશે તો બીજી આવૃત્તિમાં કેટલીક સંદિગ્ધ બાબતના ખૂલાસા કરવાનું બનશે. કવિતાના રસિક પુરૂષો જેને પદ્મનાભની બાનીનો સ્વાદ લેવાની ઇચ્છા હોય, તેને સારૂ અમે કાન્હડદે પ્રબંધનો આધુનિક ગૂજરાતીમાં અનુવાદ કર્યો છે તે અવકાશે પ્રગટ કરીશું.

છેવટે મારી આ આવૃત્તિથી ગુજરાતી ભાઇઓને પદ્મનાભ કવિની મનોહર બાનીની લ્હેજત મળવામાં સહજ પણ સુગમતા થઈ હશે, તો હું પોતાને કૃત્યકૃત્ય માનીશ.

कान्हडदे प्रबन्ध.

प्रथम खण्ड.

॥ दुहा ॥

गौरीनंदन वीनवूं, ब्रह्मसुता सरसत्ति;
सरस बन्ध प्राकृत कवूं, दिउ मुझ निर्मल मत्ति. ॥१॥

आदिपुरुष अवतार धुरि यादवकुलि जयवन्त
असुरवंस निकन्दीउ, ते प्रणमूं श्रीकन्त. ॥२॥

जिणि जमुनाजलि गाहीउं, जिणि नाथीउ भुयङ्ग,
वासुदेव धुरि वीनवूं, जिम पामूं मन रङ्ग. ॥३॥

पद्मनाभ पण्डित सुकवि, वाणी वचन सुरङ्ग;
कीरति सोनगिरा तणी तिणि उच्चरी सुचङ्ग. ॥४॥

जालहुर जगि जाणीइ, सामतसी सुत जेह;
तास तणा गुण वर्णवूं, कीरति कान्हडदेह. ॥५॥

नवकोटी नामे भणूं मारूआडि घण देस;
धण कण घरि सविकहि तणे कप्पड कणय सुवेस. ॥६॥

---

१ क ख घ धु. च सरसत्य, मत्य. २ ग वंश, च धरि. ३ ख भुअङ्ग. ५ ग तणु गुण; कान्हडदेव. ६ ग धण कंचण घरि रे घणां.

कणयाचल जगि जाणीइ ठाम तणुं जाबालि;
तहीं लगइ जगि जालहुर जण जम्पइ इणि कालि. ॥७॥

कुल कीरति आगइ घणी; वंस विशुद्ध वखाण;
राजहंस रलीआमणा सोनगिरा चहूँआण. ॥८॥

कान्ह तणइ संपत्ति इसी जिसी इन्द्रह घरि रिद्धि;
सवे दिवसि वासु वसइ राजभवनि नव निद्धि. ॥९॥

प्रीति सहोदर स्यूं घणी, मालवदे मतिमन्त;
कूंयर वीरमदे वली जाणि जगि जयवन्त. ॥१०॥

हठ कीधुं सुरताण स्यूं तास कथा संबन्ध
चाहूआण गुण वर्णवूं पुहविं प्राकृत बन्ध. ॥११॥

राजनीति जाणइ घणी रूपि सुहावि अङ्ग;
राज करइ घरि आपणइ चाहूआण नवरङ्ग. ॥१२॥

॥ चउपई ॥

तिणि अवसरि गूजरधर राइ सारङ्गदे नामि बोलाइ.
तिणि अवगणिउ माधव बम्भ तांहि लगइ विग्रह आरम्भ. ॥१३॥

रीसावीउ मूलगु प्रधान करी प्रातिज्ञा नीम्यूं धान.
'गूजरातिनूं भोजन करूं जु तुरकाणूं आणूं अरहूं.' ॥१४॥

माधव महितइ करिउ अधर्म; नवि छूटीइ आगिलां कर्म.
जिहां पूजीइ सालिग्राम, जिहां जपीइ हरिनूं नाम, ॥१५॥

---

८ घ राज करइ घरि आपणे. ९ ग वासि वसि. १० ग मालदेव घ मालदे. च सिउ. ११ ग आपणि. १३ ग तेणि दिवसि गूजर. १४ अहरूं; च गूजराति (रही) भोजन. १५ ख पूजीजइ, जापिजइ, ग आगिलां.

जिणि देसि कीजइ जाग, जिहां विप्रनइ दीजइ त्याग,
जिहां तुलसी पीपल पूजीइ, वेद पुराण धर्म बूझीइ, ॥१६॥
जिणि देसि सहू तीरथ जाइ, स्मृति पुराण मानीइं गाइ,
नवखण्डे अपकीरति कही,—माधवि म्लेच्छ आणिया तहिं. ॥१७॥
चालिउ माधव ढीली भणी भेटि अपूरव लीधी घणी;
विषम घाट उल्लङ्घ्या देस, नयर-योगिनी कीध प्रवेस. ॥१८॥
पहिलूं जई मिलीउ दीवाण; साची वात सुणी सुरताणि—
अलावदीन वडु सुरताण, घणि देसि वरतावी आण. ॥१९॥
धरी भेटि घोडानी लास मीर ऊंबरे करी अरदासः—
'वडु मुकद्दम माधव नाम पातसाहनि करि सलाम.' ॥२०॥
जाण्यूं परदेसी परधान; असपति राइं दीधूं मान
पूछइ वात पातसाह हसीः—'गूजराति ते कहीइ किसी? ॥२१॥
किस्यूं खम्भायत, अणहलपुर? किस्यूं दीवगढ, मांगलहुर?
झालावाडि, सूरठ छि किसी? एह राउत सुणीइ साहसी.' ॥२२॥
इस्यूं सांभली सरुइ सादिं माधव बम्भ करइ फरीआदि.
'खित्री तणु धर्म लोपीउ, राउ करणदे गहिलु थयु. ॥२३॥
एहवु अङ्ग तणु अनुराग, नितु नितु भच्छ करइ वछनाग.
विण पडीआर पटु कर वहइ; न को अङ्गरख जमलु रहइ. ॥२४॥
मरण तणि भयि भोजन वार वासी चाटुउ धरइ सूआर.
पहिलु राइं हूं अवगणिउ; माहरु बन्धव केसव हणिउ. ॥२५॥

---

१६ क ख षटदर्शन, तुलसी च तुलशी पीपलु १७ ग तीरथनाई, मेछ. १८ ग कोधी घणी २० क कुर्दम. ख मुकुर्दम. २१ ग केही, २२ ग खमाइत. घ खंभावित च. झालावाडि गोहिलवाडि कसी २५ ग मरणे भूप भोजन वार, वासि चाउ धरि सूयार.

तस घरणी घरि राखी राइ. ए वडु रोस न सहिणुं जाइ.
गूजराति स्यूं मांडिसि कलहु माहारइ साथि कटक मोकलुं ॥२६॥
ढुंडी हींदू घाल्यूं रानि, एक मार्‍यूं एंक म्राल्यूं बान;
खूनकार तूं साचूं जाणि, गूजराति लेंई आपूं प्राणि. ॥२७॥
ततखिण तूठउ असपति राउ; तस आप्युं पश्चाङ्ग पसाउ.
दींआ ऊतारा पाणी धान. निड्या पातसाहइ परधान. ॥२८॥
जालहुर भणी सींखामणि दीइ:—'चाहूआण जई इम पूछीइ,
तूं ताहरुं भोगवि पाट, लसकर आलइ सूधी वाट ? ॥२९॥
सुरताणनी वाणी सुणी ग्या परधान कॉन्हडदे भणी,
पातसाहनी पिहिरामणी तव धरावु सिम्भरनु धणी. ॥३०॥
कहइ प्रधान 'ऊंधारु राइ ! भणी सूरठ तुरकाणूं जाइ.
बीजी भूमि दोहिला घाट; पातसाह मागइ आ वाट.' ॥३१॥
सभा सिद्ध रा बोलइ मर्म:—'एतां नहीं अह्मारु धर्म.
भाजींइ गाम झालींइ बान, अबला तणा त्रोडींइ कान, ॥३२॥
जिहां पीडींइ विप्र नइ गाइ, तिहां वाट नवि आपइ राइ.'
वल्या प्रधान, न सीधूं काज, हुईअडि घणी ऊपनी लाज. ॥३३॥
वीनवींआ जई नइ सुरताण:—'कान्हडदे नवि मानि आण.
चडी वात घणेरइ प्राणि.' नीसाणु मेहलुं सुरताणि. ॥३४॥

॥ पवाडु. ॥

वडुं वीर वख्यात वदीउ महमूद साहनु केडु:
'अलूखान बलवन्तु बन्दउ महुल मांहि तेडु. ॥३५॥

---

२६ ख तास घरणी. ग तेह घरणी २८ ग दिंन, पसात, २९ ग चालि, घ हुइ, लश्कर जाशि. ३० ख धरावीउ. घ ळधरावि. ३२ ग जिहां भाजइ गाम.

अलूखान बलवन्तु बान्धु तास दीउं फुरमाण;
गूजराति ऊपरि दल न्युंधा; बीडउं दीउं सुरताणि. ॥३६॥
माधव महितु साथि मोकल्युं पोसातु परधान;
मोटा मीर मलिक मेलावइ दीधा खोजा खान. ॥३७॥
अलावदीन पातसाह पोढु, कान्हडदे चहूआण,
गढ जालहुरि हूउ गढरोहु; तेह हुं करूं वखाण. ॥३८॥
गूजराति सोरठ सोमईआ वाहरि विसमूं वीतूं;
भडकमाडि राउलि हठ कीधउ, अलूखान दल जीतूं. ॥३९॥
डहली, दोर, सांबान सिराचा कटक तणा सिणगार;
घडीआ जोयण सांढि पहलाणि, पूठइ परठइ भार. ॥४०॥
कोटि घणी घूघरी वाजइ; रब्बारी असवार;
पहिलइ ढमकइ सहू चालइ, घडी न लागइ वार. ॥४१॥
फारुकी हाथी नइ वली हबसी बीहामणा बङ्गाल;
पाला पलि पटावत काहर भोइ नव लाभि पार. ॥४२॥
रांध्यां धान चालतां खाइ भठिआरा तब्बाक.
चाल्यां कटक पेसरा पूढा मांहि म्लेच्छना लाख. ॥४३॥
मदिमाता मयगल [illegible] पूठि चड्या पूंतार.
लीधां पाखर नइ कठपञ्जर घण्टा रणरणकार. ॥४४॥
ऊपरि चड्या न मानइ अङ्कुस, एहवा गज रोसाल;
सवि सारसी करता चालइ जेहवा परवत माल. ॥४५॥

---

३६ ख तासु दीधउ, ३८ ग हऊउ. ४१ ग पेसरु चालिउ लाई-वार. ४२ ग मारक माथा अनि हबसी; पाला पुलि पटाई काहल मोई नि बहुयाल. ख माथी. ४३ ग पेसरु पूठिं मेछना, ४४ ग घंटारव झणकार,

घोडा तणी फोज जूजई, तेह न लाभइ पार;
ऊवट वाटि ऊपड्या चालइ खान तणा तोखार. ॥४६॥
भणगां ढोल नफेरी वाजइ, काहल नि नीसाण.
जिहां जिहां झामां खड नइ पाणी, तिहां तिहां दीइ मेहलाण. ॥४७॥
आगलि थिका कुद्दालीआ चालि, भली कराई वाट;
आरहडे पाहणा घणि भांजी कीधउ माधव घाट. ॥४८॥
आगलि थिकां वागडु सावज वाटि नाठां जाइ;
विसमी भूमि लीइ, चिहूदिसि हुडी धाडां धाइ. ॥४९॥
दीधी वाट समरसी राउलि; आव्या कटक बनासि;
गूजराति बूंबीआ पहुता; ततखिण पडीउ त्रास. ॥५०॥
ऊडी खेह थयूं अन्धारूं; गयणि न सूझइ भाण.
चाली दल मुहडासि आव्या; ढमढमीआ नीसाण. ॥५१॥
आव्या सुणी म्लेच्छ मूछाला रणि राउतवट कीधी;
बतड भणइ 'साहमा घा लेसीऊं;' अन्न प्रतिन्या लीधी. ॥५२॥
'आगइ अह्म वंस सूं वीतूं', छयल भणइ 'नवि छांडूं';
असपतिनां दल साहमु चालु लेई ऊघाडूं खांडू, ॥५३॥
दीठा तुरक रह्या रणि थोभी, पिहुलु काम ज सारि;
रोसि चडीउ रणि पेरण मांडइ, मारी माग देवारि. ॥५४॥
घडी बि चारि घणूं दल थोभ्यूं; वीर वावरइ लोह;
तुरक बचा मूंगल करकटीआ ऊपरि पाडि समोह. ॥५५॥
मारी म्लेच्छ पडन्तु दीठउ बतड, वखाणीउ खानिं;
जय जयकार हूउ, सरगापुरि बइसी गयु विमानि. ॥५६॥

---

४७ ग सलसल पाणी. ४८ ख कुंदल. ग कुद्दाला ४९ ग वंदि नाठां. ५० ग बूंबडीउ. ५१ ग मुडासि. ५२. ग मेछ. पहिला घा. ५३ ग हवि छल नावि छांडू. ५४ ग रणि पेसइ मारु. ५५ ख करहटिया. ५६ ग बिसी.

धर्यां बान, [illegible] भागु, गामे घाली लाइ;
गमे गमे लूसालूसि हूइ; दहदहि धाडां धाइ. ॥५७॥
चड्या कटक, डण्डाहि चिडोत्तर धाणधार धन्धोलि.
ऊडि वीवी आव्या वासी दीधी पाटण पोलि. ॥५८॥
दीधा रखत जई दरवाजइ; सज्ज थया झूझार;
माधव महितु आगलि कीधु, जाणइ मागनीसार. ॥५९॥
भेलूं नगर; रह्या गढ थोभी, साह्मा तीर विछूटइ;
माधव भणइ 'कर्ण! जा नासी, कां मरइ अणखूटइ?' ॥६०॥
पाडी छीडूं कर्ण रा नाठउ; पाली जाइ राणी;
पाए नवी डाभसी खूचइ; रही न पीइ पाणी. ॥६१॥
किस्या रूंख फल्या? राउ! ऊधारि; नाणि मनि संदेह;
बीलां बोर किर नि गोहोलां माधवना फल एह. ॥६२॥
नाठउ कर्ण, पछइ गढ भेलीउ, भर्या लीया भण्डार,
अलूखानि आवी छोडाव्या वालि तणा तोखार. ॥६३॥
एहवी वात न हूई, न हूसिइ; अणहलपुर मझारि,
जेणि ठामि हूतूं देहरासर बांग दीइ सेलार. ॥६४॥
अलूखानि पाटण गढ दीठउ, पूठि करूं वखाण,
अलावदीन पातसाह केरी तु वरतावी आण. ॥६५॥
भणी कटक ऊपड्यां असाउलि, गढ मांहि मेहलूं थाणूं;
गूजरात देस हीलोल्यूं अति कीधुं तरकाणुं. ॥६६॥

---

५७ ख खेडहार. ग गामि गामि. चेरोतर बावन माहि (sic माहि) बहुमार; खोखर भाठु. ५८ क दहोत्तर. ख दहोत्तर. ग दाहोतर. ५९ ख रखत. ६२ ख राणीमनि, अनइ इंगोरा. ६४ ग नवि होसि. ६५ ग पोटिं. ६६ ग गूजरात देश माहि गढजुनु.

अ॰ावलि, धूलकूं, खम्भायति, सूरति नइ रानेर,
बीजां नगर केतलां कहीइ? कम्पइ चांपानेर. ॥६७॥

तडीआं नगर सवे धन्धोलां; दीठां सायरपूर;
सोनां रूपां अनइ सावटूं लीया काच कपूर. ॥६८॥

मारइ देस, फिरइ वण फोजि, अनइ लूसइं धान,
वालइ ढोरढार, सपराणा माणस झालइ बान. ॥६९॥

गूजराति मांहि ताखनि कीधी, सहू सामटी लीधूं;
वाजी सान; खान सोमईआ भणी पियाणूं कीधूं. ॥७०॥

सोरठ मांहि मयगलपुर महूवा वली उना नि दाठा
पडी ढाक, नीसाण धसूका, लोक दहोदिसि नाठा. ॥७१॥

राखी जीव दीव मांहि पयठा, वरतइ ॰लकॅल्लाल;
तुरक पासि देव म पाडासि, वरि वाले द्रहबोल ॥७२॥

हईआ ढक्क कोलाहल सुणीइ, दीसइ धूम विराल
पडइ बूंबरण, काहल वाजइ, जाणे कुपीउ काल. ॥७३॥

खारकी, द्राख, नालीयर नीलां, फोफल नइ बीजोरां,
वारू वाड सेलडी केरा, वाडीना केलेहरा, ॥७४॥

---

६७ क चापानयर. ख चापानेर. ग खंभाइति; ६८ ख तडीआ नइ. ग सावडु (? सावटु) च काचा लूटाइ कपुर. ६९. ख ढोरथार. ग वालिं ढोर चोर. ७० ग समेटी. ७१ क दहदिसे. ख महूया. ग मेगलपुर. च मेळगपुर उना आगल्य दाठा. ७२ ग देवमांहि. ७३ क हीयाप्रगि; च हैया डगमगइ कोलाहल सुणी ७४ ग वाड (? वाड) च वारु वाव.

आदूं, सूरण नइ पिण्डोलूं, वलीॅ पोसातां पान,
कटक मांहि जुं ताखति आवइ; कोइ न खाइ धान. ॥७५॥
सोरठ मांहि सहूंको नाठतूंॅ; भरीॅउ देस लूसाइ;
भाजइ नगर देग–आगलीॅआं; आडु कोइ न थाइ. ॥७६॥
कीधउ कूच, ऊॅपडीॅआं साहण, घणॅूं नीसाण वजाव्या;
भाजी देस देवकइ पाटणि दल देखन्ता आव्या. ॥७७॥
नगर निवेस बारगइ दीधी; नवा सराचा ऊभ्या;
घोडा तणी पायगइ कीधी; तरुअरि मयगल थम्भ्यां. ॥७८॥
दीधी पोलि; हूउ गढरोहु; कीधु घणु पराण;
नगर मांहि पोसाता पायक, तेह न मूकइ माण. ॥७९॥
आवी पाद्रि सिइफलूंॅ कीधूं; लीधा चउपट घाय,
सोरठीॅआ राउत सपराणा न दीध पाछा पाय. ॥८०॥
वाला, वाजा अनइ जेठुआ, चुडासमा से आवइ;
असपति सेन समुद्र ऊलटीॅउ ऊपरि चांपी जावइ. ॥८१॥
कटक मांहि हाथी पाखरीॅआ; पटा दन्तूॅसलि घाल्या;
वीटऊॅं नगर; तुरी हणहणीॅआ; पोलि पाधरा चाल्या. ॥८२॥
पाद्र थका ऊमरीॅआ राउत; काइ न लाधु लाग;
दीधी पोलिः फारुकी चडीॅआ म्लेच्छ महलावि माग. ॥८३॥
कटक ऊलल्यां, ढोल ध्रमूक्यां, थरहर धरती कांपी,
करीॅऊॅं पराण, ऊठव्या हाथी, तुरक चड्या गढ चांपी. ॥८४॥

---

७६ ग भाजि नगर अभग आगला आढि. ७७ ग दल देखता. ७८ निवेसि बागइ; पाइगि. ८१ ग वाजि बाजा अनि जुद्ध हुया, सुइढ सूझ्या-मेलाथि. ८४ ग असन ऊलटी.

वरती भेल देवकइ पाटणि, पाडी पोलि पगार;
नगर मांहि जु लङ्का लूसि खान तणा असवार. ॥८५॥
देव तणइ प्रासादि चिहुं दसि राउति दीधा हाथ;
करी सनान, धरी सरि तुलसी, सरणि किउ सोमनाथ. ॥८६॥
देव तणे मढवाइ चुरासी तेह पडाउं थाइ;
वाजी हाक, ऊठव्या हाथी, आव्या चूपट घाइ. ॥८७॥
रणि वाउला दोटि उछीना वलति साहमा चाल्या;
करकटीया हबसीए पाखलि फेरी कुंडइ घाल्या. ॥८८॥
रोसाला राउत रणि सूंझ्या, नडी नाद ऊतारिउ;
अनरथ तणूं मूल बीजी दीहि माधव महितु मारिउ. ॥८९॥
किम गोहर साहि देवराइ, आङ्क एतली आहि,
मारी म्लेच्छ मांकडा मूंगल पछइ पड्या रण मांहि. ॥९०॥
जे पद नहीं याग नि तीरथ घणि दानि त्रैलोकि,
सोमनाथ नि चाडिं मरता ते पुहता सुरलोकि. ॥९१॥
पडी भेल प्रासादि देवनइ, भागा कुञ्ची ताला,
हलहल करी पोलि माहि पयठा; लीया ढोल कंसाला. ॥९२॥
ईडि चढ्या असुर आरहडा; वेगि वावरइ घाण;
पासा तणी पूतली भांजइ, भूमि पाडइ पाहाण. ॥९३॥
संधि संधि जूजई कीधी, घर पाडेवा लागा,
ऊपरि थिका जे हाथी घोडा घण तणे घाइं भागा. ॥९४॥

---

८५. ग. भीडि देवकि; ८६. ग. कठि तुलसी, करु. क ख तलसी ८७ ग ओडव्या. ८८ ख चालति. ग ऊछीता; करकटीए ता पाखलि फेरी हबसी कूडि घाल्या. ८९ ख मूलजे कहीइ ग नागिनाद. ९० ख किमको गिरि, माकडी, रह्या; ग माजरा. ९१ ख जे फल नही हूइ गगा नइ; घणे दनि. ९२ ग मीडि. ९३ ग हींडि; ९४ ख साधि साधि, ग हाथीया घ घाय.

तलि परठइ सांणि लोहडानी, प्राण करेवा लागइ,
हलहल करि बिहुं पखि वलगइ, मूठा मूरनि नांमइ. ॥९५॥
विरूई वात वरतेवा लागी; कलिजुग करइ विलास;
प्रथवी तणूं पीठ मेहली नइ देव गया कैलास. ॥९६॥
अलखानि एहवूं फरमायूं, मइ रहावु सूनु;
ढीली भगी भून चलावउः निहा करेसिऊं चूनु. ॥९७॥
लोहडा तणी फलक अगावी, वली अणावु गाडा;
सोमनाथनूं लिङ्ग चडावउ आणी ओडां आडां. ॥९८॥
काला भूंछ तेडीआ भोई; गाडे लिङ्ग चडावूं;
आगलि घणी जोतरी त्रीयल; ढीली भगी चलावूं. ॥९९॥
आगइ रुद्र ! घणइ कोपानलि दैत्य सवे तिइं बाला;
तिइं प्रथवी माहि पुंण्य वरतावीऊं; देवलोकि भय टाल्या; ॥१००॥
तिं बालिउ काम; त्रिपुर विध्वंसिउ पवनवेगि जिम तूल.
पद्मनाभ पूछइ सोमईया ! केथऊं करूं त्रिसूल ? ॥१०१॥
बालां गाम, देस ऊजाडिउ, घणां नगर विध्वंशां;
सोरठ मांहि कोलाहल कीधउ, लोक तणां धन लूशां. ॥१०२॥
साह्या लोक बम्भ नइ बालक नारी वरण अढार;
आले वाध्रे हालरां कीधां; बान न लाभइ पार. ॥१०३॥
बन्दीखानूं साथि चलावीऊं, तुरक कर्या तसलीमा.
वाजी सान; खान ऊतरीउ सोरठीयानी सीमा. ॥१०४॥

---

९५ क हलकहल फरि ग पराठि सागि लागि लोहडानी. ९७ ख मठ. ९८ ख लोहडइं जडइ फरकइ रहकलि; अडव्या ग फरक. ९९ ग. खोड लिंग. १०१ क तिरलाउ काम वचन वेगि ख ति वलकाक, १०२ ख हा-लाहल; ग. गाम.

वाउ वाइ वेडिं दव बालइ, तेह प्रतिं सिउँ करीइ ?
तिणीँ परि तुरक तरवरा आवइ, कहुँ किहां ऊँगरीइ. ॥१०५॥
जूनुं गढ गिरिनार वुलीँउं; काच्छ तणी भूँइ चांपइ;
कन्थागहडिं अनइ पारकर, ठठ्ठूं थरहर कांपइ. ॥१०६॥
अलूखान आपणपूं दीठऊं: कीधुं गरव अपार,
वाट पाधरी मारू वांका नाविं चींतिं लगार. ॥१०७॥
आगइ पातसाह अवगणीउं, वाट काहानडिं नापी.
तेह रोष हीआ मांहि आणी लीउँ सोनगिरि चांपी. ॥१०८॥
अलूखानि एहवूं नवि जाणिउँ जे लागा छइ पाप.
दरिं दरिं नवि गोह प्रगटइं, कहीँ नीसरइ साप. ॥१०९॥
तीना तेजी तुरक नारविं बिरद आपणूं बोलइ.
बरगां ढोल नीँमाण धसूकिं, डगमग डूंगर डोलइ. ॥११०॥
मारूआडि मांहि कटक पुहुंता, भली जायगइ लीधी.
मुहल मांहि बीसी नइ मोटे मलिकि मसूरति कीधी. ॥१११॥
करी मन्त्र जालहुरि कान्हडदे भणी प्रधान चलाव्या.
अस्यूं कहावूं:—'मांटी थाजो, अलखान गढि आव्या. ॥११२॥
माहरा दल साहामूं कुण मंडइ ? देखिं माहरी वात ?
आणीमुहिं देस मि जीता सोरठ नि गूजराति. ॥११३॥
कीधा भूत बन्दिं मिं तेरा; करी सजाई आवे,
मांटी हुइ तु घाटु बाधे, सोमनाथ मेहलावे. ॥११४॥

---

१०५ कख व इवाउवेगि; ग. वेहिदवलागि. १०६ ख कच्छ ग कछ, काथगेहडी. १०९ ग दरदरि. ख तीनातीँ तुरक ग. ग बिरद आपणि; टगमग, ११२ ग करी मसूरति. ११३ ग बे

लेई भेटि कइ मिलवा आवे, कइ पुरुखारथ दाखे;
कइ ताहरुं भलपण जाणीइ सिइ घर आपणं राखे'. ॥११५॥
तेणि दिवसि हूउं सुपनन्तर हूंतइ प्रगट विहाणइ.
पाउ-धारां गंगा नइ गोरी, कान्हडदे इम जाणइ. ॥११६॥
पूछइ वात, 'राज किणि दीधूं ?' काहान भणइ, 'ईशानि'.
गोरी भणइ, 'ताहरु स्वामी तेरा ग्रहीउ बान.' ॥११७॥
गंगा भणइ, 'ऊठि, अजरामर ! अजि विमासण कांइ ?
ताहरा देस मांहि सोमईउ अमपनि लीधइ जाइ. ॥११८॥
एक वार आगइ दैत्य थिकु रामि रुद्र मूकावीउ;
बीजी वार वली वैरोचनि भगति विशेष जणावीउ. ॥११९॥
लीजइ मोर बिहु ऊडाणे; जाणे काहानडदेउ !
म करि जेड वीर !' इम बोलइ गंगा गोरी बेउ. ॥१२०॥

॥ राग रामगिरि ॥

बे अबला बोलइ अस्यूं 'असुरि असंभम कीध.
चौद लोक स्वामी ग्रहीउ ते प्राणि पेखतां लीध !'
विलवइं बे सतीरे 'कीजइ कङ्कण भङ्ग !
ऊछइ नीरि जिम माछिली (तिम) विरहि दहइ अह्म अङ्ग.(आंचली)१२१
जे को बन्धन छोडवइ, पातिग छण्डि पूंठि.
वेद वचन अम सांभलां; तूं काहानडदे ऊठि. ॥वि०॥१२२॥
छोडवि स्वामी अह्म तणु; मूंगल म्लेच्छ विहण्डि.
कीरति लि काहानड घणी; तुझ नाम रहइ नवखण्डि.' ॥वि०॥१२३॥

---

११६ ख सपनान्तर, १२० ख त्रिहु, १२१ ख उछलइ ग. जी, ग्रहीड; तुछ. १२२ ख अह्मे सांभल्यु; १२३ ग ते बल मेछ;

॥ पवाडु ॥

ऊठीउ वीर, मोडीउं आलस, कीधुं सपन विचार.
सोमचन्द्र व्यापि इम कहीऊं:—'म्लेच्छ तणुं करि मार. ॥१२४॥
सोमनाथनी वाहार करेजे; वली छोडावे बान'.
अश्वपतिना दल थिकुं तेनलइ गढि आवीउ प्रधान. ॥१२५॥
सभा माहि जई राउल भेट्या, दीधां आसन मान.
कहि परधान 'काहान! अवधारुं; इस्यू कहावइ खान— ॥१२६॥
'मारी देस सवे ऊजाडिसि. तूं पणि करे पराण,
गढ तलहटीइ सरोवर पालि अमे देस्यूं मेल्हाण'. ॥१२७॥
राउल भणइ 'वीर आफणीइं आपणपूं म वखाणि.
जु पुरुखारथ करी दाखवइ, तु सहूको इम जाणि. ॥१२८॥
अलखाननि इम संभलावे, अह्मे परगणूं करेस्यूं.
दिवस एक बिहु मांहि जालवे, दलि आवी धाउ देस्यू.' ॥१२९॥
जई प्रधानि खान वीनवीआ:—'हिंदू वेढि करेसि'.
खान भणइ:—'सहूइ सज्ज थाउं; ए अछवां दाउ देसि'. ॥१३०॥
करी सजाई दीया ददामा बीजइ दिवस विहाणइ.
अलूखानना कटक तेतलइ चाली गया सिराणइ. ॥१३१॥
पाखलि कर्या काठगढ खाई, नहीं लगारइ माग;
घोडा हाथी रहइ पाखर्या; किम लहेसि लाग? ॥१३२॥

---

१२४ क वहिउ ग चुपै पासि इम कहावि. १२५ क चाढ करेजे ख चाढइ करेजे ग पालिआविउ. १२८ ग. ते वीर नहीं जे आपणपूं य १२९ ख पगाणु ग सभालु. १३० क दाइ देसि ख इमखान. १३१ ग. सराढि (sic सिराणि).

जयत देवड़ु, लखणसी वडु, लूणकरण बोलाव्या;
साल्हुं नि सोभतु, राउलि लसकर भणी चलाव्या. ॥१३३॥
सरखे घोडे साथि मोकल्या सातवीस असवार;
दीधी सीख 'जई दलि जाणु कटक केतलुं पार'. ॥१३४॥
कटक मांहि परधान पहूता, दीठूं दल मेल्हाण;
हेजबनि बरदार नकीबे मांहि कीधूं जाण. ॥१३५॥
अलूखानि एहवूं फरमायूं 'करुं विच्छेद, म जेडु;
जे प्रधान कान्हडदे केरा, मुहुलि मांहिलि तेडु. ॥१३६॥
अलूखानि जूंजूआ देवार्या ते सविहूनि अनाम;
सोनां रूपां अनइ सावटूं आप्या तीरी द्राम. ॥१३७॥
एक भणइ 'कान्हडदे टाली अवर न करूं प्रणाम'.
खान भणइ 'आग्रा तेडावुं, वरि, म करस्यु सिलाम'. ॥१३८॥
करी भेटि राउले प्रधाने; पूछइ खान भलाइ;
'कटक तणी कान्हडदे आगलि किसी वात बोलाइ? ॥१३९॥
द्यु अरदास, पासि तुह्म दीधी जे कान्हडदे राइ.'
कहि परधानः—'खान, अवधारुं, किहा सिलाम लिखाइ? ॥१४०॥
जुं वैश्वानर टाढु थाइ, पश्चिम ऊगइ दीस,
नारायण वलतु कान्हडदे कहीइ न नामइ सीस.' ॥१४१॥
खान भणइ, 'कुण कारणि आव्या? कहु तुह्मारूं काज'.
कहि प्रधान, 'राउल आदेसि कटक जोईइ आज.' ॥१४२॥
अलूखानि आयसि पूंतारि ततखिण गयवर गुड्या;
वालि तणा तेजी पखराव्या; मलिक मुहुल मांहि तेड्या. ॥१४३॥

---

१३५ ख परदार. १३७ ग तेरी (corrected into तीरि.) १३८ ख अह्मे कान्हड टाली ग ह्मणि (म्हणि). १४१ ग. नारायण टलतु हु सांचि काहि न नामू. १४२ ग राउलि आइसू; जोएसु.

तुरक बचा मूंगल करकटीआ, तेहे मांडी हारि.
परधाने सामग्री दीठी कटकह तणी अपार. ॥१४४॥
कीधी सान खानि मूंगलनइ; सींगिणि परठिउ तीर,
ताणी गयणि पंखिणी वींधी; पेखइ मोटा मीर. ॥१४५॥
तडंग समेत तेतलइ लखणइ राउनि भइसु आहाण्यु.
करिउ विसंध घाइ खाडानइ. अलूखानि विखाण्यु. ॥१४६॥
पूछइ खान, 'कान्ह घरि केता ताहरि जमलि कहीजइ ?'
लखणु भणइ, 'वीर चुवीसइ पूछ्या व्याज लहीजइ.' ॥१४७॥
तूठु खान भणइ, 'तु हीदू ! मागि न; करूं पसाउ'.
कहि प्रधान, 'रीझ नवि लीजइ; लाजइ कान्हड राउ. ॥१४८॥
एक खांति पूरवु अह्मारी कटक चिहुंदसि जोस्यूं.
मनि जाणेस्यं वरीसु वीतु, रातीवाहु देस्यु.' ॥१४९॥
अलूखानि जण साथि मोकल्यु; देखाडि मेल्हाण.
घोडा हाथी ऊंठ पोठिया वेसरी पूठि पल्हाण. ॥१५०॥
मलिक तणा जूजुया मरानव माहि भला झूझार.
दल जोअंतां दिवस आथमिउ, तुहि न आवइ पार. ॥१५१॥
बंदीवाल घणा सीदाता दीठा; पाडइ ढाडि;
दीसि अगासि तावडि दाझइ, राति वाइ टाढि. ॥१५२॥
थान विछोह्या बालक रोइं. दीसइ सरखां दू:ख.
आगइ एक टलवलि तरसिइं बीजी लागइ भूख. ॥१५३॥
ऍक मांदा, ऍक न सकइ ऊठि. ऍक अणुहाण ऊघाड्या.
दाणा पांच लहइ नवि खाता. एक तणे पाएं लोहडा. ॥१५४॥

---

१४४ क करी सामगिरी. १४६ ग भिसु. १४७ ग काह्मडर.

ऍंक जूजुयां हालरां कीधां, वाघ्रि बांध्या आलइ;
ऍंक छोरू माय बाप विछोह्यां. एक जकडीया गालइ. ॥१५५॥
करिउ विछोह, जूजुआं कीधां सवि नारी नइ नाह.
बाल वृद्ध टलवलतां दीठां; कटकि ऊछली धाह. ॥१५६॥
एक भणइ, 'अह्मे जन्मि आगिलइ हींड्या किस्यूं अणूरूं;
तुरक पासि पाडीया दैवि; वयरी दीधुं पूरु; ॥१५७॥
कूडी साखि कइ अह्मे दीधी, कइ चडाव्या आल;
कइ जणणी ऊछंगि रडतां थान विछोह्यां बाल; ॥१५८॥
गाइ तणां कइ गोयर खेड्यां, कइ लोप्या आघाट,
कइ अह्मे जंगलि मधु लीधा, कहिं कइ पाडी वाट. ॥१५९॥
कइं अह्मे मॉयबाप न मान्यां, वेद वचन उथाप्यां,
कइअह्मे एकादशीं न कीधी, कइ रिखि दान न आप्यां. ॥१६०॥
कइं अह्मे कुलाचार लोपिया, कइ संभेडा लाया;
कइ घरि आव्या अतिथि न पूज्या, तरस्यां नीर न पाया. ॥१६१॥
कइ परनारी गमन आचर्या, कीधां पातिग पंच,
खाधां धान रात्रिं अंधारइ, छोरू कीधां वंच. ॥१६२॥
भर्या सरोवर पालि ऊंसासी, तरुअर दीधा घाउ;
देव तणा प्रासाद विणास्या, कइ हरि लायु पाउ. ॥१६३॥
लाख लूण तिल वुहर्यां वीक्या, कन्या विक्रय कीधा;
सोम सूर कइ राहु गलंतइ महादान को लीधां. ॥१६४॥

---

१५५ ग पाडीआ गाले. १५६ ग नारी नर (sic नइ) नाह. १५९ ग गोचर भांज्या. १६० क नवि पर्व तिथिनवि कीधी ग विप्रदान. १६२ ग धान डलविविसी. १६४ क रालंतइ ग गलंति.

कइ विश्वास घात अह्मे कीधा, कइ अवगणियां पात्र,
कइ धन प्राणि परायां झूटी पामर पोख्यां गात्र. ॥१६५॥
जन्म लगइ जेहनां धन लीजइ ते चाडइ संग्रामि
कइ आपणा प्राण उगार्या रूंधिउ मेहली स्वामी. ॥१६६॥
कइ अह्मे स्वामीद्रोह आचरीउ, कीधां आसव पान.
कइ अह्मे ब्रह्म घात कीधा, कइ पाड्या बंधाण. ॥१६७॥
कइ अह्मे नीच संग आचरीउ, कनक चोरीआं कापी;
तुरक तणइ बन्धानि पडीआ कहु अह्मे केहइ पापि. ॥१६८॥
भावि करी नि देव न पूज्या, जीव दया नवि पाली.
अंगी कर्यां वचन को लोप्यां, कइ अह्मि काल्हरि बाली. ॥१६९॥
सूप्या द्रोह कइ अह्मे कीधा, कइ छानां विष दीधा;
आशाभंग कइ अह्मे कीधा, कइ धन प्राणि लीधां. ॥१७०॥
कइ अह्मे सप्त व्यसन आचरियां, कइ गुरु निंदा कीधी.
कइ अह्मे दीन दया नवि पाली, लाच अजुगति लीधी. ॥१७१॥
एहवा वचन खामणां बोलइं; बि करि पीटइ आप;
'केहा जन्म तणा एणीं वेलां आवी लागां पाप?' ॥१७२॥
एक भणइ 'एहवु भरूसु जे छोडवासि कान्ह;
कीधुं मेल; मिल्या दलि आवी तेह तणा परधान'. ॥१७३॥
झूरमझूरा करइ, विमासइ—'हवइ जंवारइ आणइ
जुं कान्हडदे नहि छोडावइ, रह्या सही तुरकाणइ" ॥१७४॥
इसी वात सांभली प्रधानि बान विगूंचतां दीठां,
कटक मांहि डांगरा फेरिया, कथन कहाव्यां मीठां. ॥१७५॥

---

१६५ ग. पीयारू पोखया. १६९ ग तुलसीपात्रि कान्ह न पूज्या काछरि.

'पडखुं कटक करी मेलावुं कान्ह जेतलइ आवइ,
ऊग्या सूर तणुं जुं साचु, सही बान मेलावइ.' ॥१७६॥
ग्या प्रधान कान्हडदे आगलि; अल्लखान मोॅकलावी;
'लेस्यूं घाउ, रहेज्यो मांडी, दिवस बिहु मांहि आवी'. ॥१७७॥
जई प्रधानि जालहुरि कान्हड कटक सरूप जणाव्युं:
'पाटणि थिकुं देव सोमईउ ढीली भणी चलाव्युं. ॥१७८॥
कटक सनाहु हाथी घोडा साहण संख न पार,
गूजरात सोरठॉआं माणस झाल्यां बान अपार.' ॥१७९॥
करी प्रतिज्ञा राउल कान्हि 'हवि तुं जिमीइ धान'
मारी म्लेच्छ देव सोमईउ अनि छोडीइ जु बान.' ॥१८०॥
लेख लिखाणा; आयस दीधा, फिरइ देसि उपल्हाणा;
करो सजाई पुहुरि पाछलि तेड्या राउत राणा. ॥१८१॥
राजवंश छत्रीसइ मिलिआ, खांडा लाख त्रि च्यारि;
एक एक पाहिं सपराणा जेह भुजि नावइ हारि. ॥१८२॥
पाणीपंथा खुरासाणॉ नइ एक तुरकी तुरंग;
सूडा पंखा नइं किहाडा एक नीलडा रंगि. ॥१८३॥
पंचवर्ण नेजी पाखरीॅआ; कंकलोह पल्हाण,
सोना तणां सांकलां पाइं; हणहणीॅआ केकाण. ॥१८४॥
प्राणि खुरतालि धरती खूंदइ; एक न मानइ साट;
बारगिरिं तेजी देवराणा; चालइं ऊवट वाट. ॥१८५॥
सावलोह पाखर नइ चामर; घणी घूघरी खलकइ;
पाणी तणी ढलकती चालइ नीचां फूमत फरकइ. ॥१८६॥

आंगां टोप रँगाउलि खांडां खेडां पटा कटारी
सींगणि जोझ भली तरूयारी लीजइ सार वसारी. ॥१८७॥
छत्रीस इ दंडायुध लीधां; पडण पञ्या तिणि वारि;
आसापूरी शक्ति कर जोडी राउलि करिउ जुहार. ॥१८८॥
पूजा करी चंदन नि कुसुमि राउत पाइं लागइ.
'आसापूरी ! कान्ह जींपाडि' करी आशिका मागइ. ॥१८९॥

(भडाउली.)

राजा कान्हडदे तणि कटाकि पाछलि पुहरि कडाहि चडइ। सिं हात्थि बीडां ; प्रवाहि घोडां पडख ता न सहइ । थानान्तरि पहिला सुखासनि चाल्या। कंठा लीया। किस्या किस्या। भंडार भरीआ । आलोची आत्मा नि आव्या। मन्त्र मांहि डाहा सेलहुत सीखामण हुई । पडण पञ्या । गोत्रदेव्यानइ नैवेद्य नीपनां । सूरा सुभट खित्री तणे घरे घोडा पाठव्या । किस्या किस्या वर्ण तणा घोडा । उज्जरा गुरा कारा तूरकी भारिजा सींधूया अहिठाणा पइठाणा । उत्तर देसना ऊंदिरा । कनोज देसना कलथीया । मध्य देसना महूयडा । देवगिरा गंगाजला । चपल चरण, खुर विस्तीर्ण; खेत्र खुरासाणी । वाहीक देसना बोरिया लहिटूया गंगेटिया हंस जादरा ऊडणभ्रमरी शालिहोत्र प्रतिष्ठित सिद्ध विशेष गति करइ । मन स्यूं चलइ, पवन स्यूं तरइ, पाटि पग देई ऊतरइ। समुद्र मांहि वस्या, कसूटी कस्या, प्रथवी खुरतलि खूंदइ । ते घोडा गंगोदकि स्नान कराव्या। तेह तणे सरि कमलपूजा

(क) क लोहबध लुडि, रुप हरेतु. इसी सुरातनी. ख (ख) ख. बाज, कठा, गुल्यवरा, शिवनि नमस्कार, थोडु बोलइ, कीर्त्ति विस्तारि, ग (ग) अथ भडाउली—पाली, म्हीडे, वर्णना, देखाऊ, शंबा, पठाण, संभ्राणिया, ऊरुहा, शिराहा, कालीकंटा, करडागर, हरीडा, शिखरडा, घटकत्रा, उब्रुसा, फोरडा, वाहडदेसना, हलडूया गंगेटी, लखण मनि धरि, वाघा वालींइ.

कीधी। तेह तणी पूंठि बावना चंदन हाथा दीधा । तेह तणी पूंठि पंचवर्ण पाखर घाती । किसी किसी पाखर । रणपाखर जं[illegible] गुडिपाखर लोह-पाखर कातलीआली पाखर । तेह घोडा तणी पूंठि पंचवर्ण पल्हाण मांड्या। किस्या किस्या पल्हाण । कंकलोह वोडीआ नागफणा वाजती वज्राउली । कटी पुहली। पातली पटाटि। ढलकतां फूमत मूक्यां । पीतलहर वाजतां पागडां । तेहे घोडे किस्या किस्या खित्री चड्या । पंचवीस वरस ऊपरें पंचास वरस मांहि। परनारी सहोदर, संग्रामि सधर। बोलावी मारि, मारि नइ मरि । आपणा स्वामी तणूं कारिज करि । छत्रीस युद्ध सरम करि । सूर्य भणी नमस्कार करइ । तेह राउते चालते हूंते हस्ती गुड्या । तुरी पाखर्या। रथ जूता । राउत चड्या । सनाह लीधा । किस्या किस्या सनाह। जरह-जीण जीवरखी अंगरखी वज्रांगी लोहबंध । समस्त लीधा । सज्जीभूत हुआ। मुगट तणा सिणगार धडहड्या । रतनाउली झलकी । साहण फडहड्या । फेत्कारनी फेणाउली । आसणी ऊडी रज । अंधकार प्रवर्तिउं । सूर्य खेहइ छाहु । छत्रीस दंडायुध लीधा । तेहे राउते चालते हूंते बंदिजन बिर-दावली बोलइ । खड्ग तणा खटक । खेडा तणा भटक । तरूयारि तणा झटक । धनख तणा टंकार । अग्नी तणा अंगार । बाण तणी वृष्टि । इसी सूरा राउतनी सूरवृत्ति ॥

॥ पवाडु. ॥

आशापुरी आशिका आपी; त्रंबकि वाजी सान;
ढोल ध्रमूकि, डुंगर कंपइ, चडीउ राउल कान्ह. ॥१९०॥

असवार वळगाछि, जाणे आकाश गमन का॰छि, पाताल तणा पाणी प्रगटसि. पाखर ढाली रणपख्खर, छाक्यो हस्ती, मोंअडा तणी कसकसी, वाघवाडलीवागी, चालते छाके हूते, सौर्यवृत्ति.

१९० ग चपई.

उपरि थिका सांचरि साहण वेगि पुहुता घाटि.
नह वाजी, धमधमी धरणी, तरवरीआ तलहाटि. ॥१९१॥
जइत देवडु करइ वीनती, 'बीडा करुं पसाउ.
राउल कान्ह! प्रतापि तुह्मारि अह्मे जई लेसिउ घाउ.' ॥१९२॥
मानिउ बोल; देइ सीखामगि इम कान्हडदे राइ,
'इसी प्राणि असुर मारेजो, रखे हसारथ थाइ'. ॥१९३॥
कटक ऊपडां करी ददामा, 'वढीसूं जइ तुरकाणि'
आव्या हेरु, वात जणावी, 'छइ मेहलाण सिराणि.' ॥१९४॥
करीइ केडि, 'तरकागा पूंठि ए जाएसि दूरि.'
पूंठि मिल्या तारव्या तेजी जई आथमति सूरि. ॥१९५॥
दीवी सहॅस्र बि च्यारि करावी नइ वजव्या रणकाहल.
कटक थऊं ऊगमणि पासि; कीधूं झाकझमाल. ॥१९६॥
जांगी ढोल सातसिइ वाजइ बीहामणां नीसाण.
मांटी सवे मूछि वल घालइ, कायर पडइ पराण. ॥१९७॥
करी बि फोज मालदे राउलि गयु आथमति पासि;
पीठा कटकि, काठगढ भाजी; चूकी रह्या ते नासि. ॥१९८॥
पडी भेल; बुंबारव वरतिउ; हींदु कीधी हाक.
ऊडी ऊंघ; तुरक दशमुहडच्या; काने पडीया ढाक. ॥१९९॥
गमे गमे दीसइ अजूआलां! म्लेच्छे छांडी छाक;
आपोपइं ऊठइ दिशिमुहुडच्या. कटकि पडच्युं वलकाक. ॥२००॥

---

१९१ ग संचर्यावेगि. १९२ ख प्रसादि १९३ क ख मारेयो. १९५ ग. जाएसि कालि. १९८ ग पिठा कटक. १९९ ग ऊठि तु॰ रक सवे दिशि मुहुड्या. २०० क आपोपाग, असमुह्या ग मेछे माडी छाक.

ऊंचे हाथे धाह पुकारइ, बोलावइ किरतार,
'आणी वार किम्हि ऊवेले, करे अह्मारी सार!' ॥२०१॥
जरहजीण लेवराइं अवलां आंगा सिंगणी बाण;
ऊतावलि घालीइ अवलां तेजी पूंठि पल्हाण. ॥२०२॥
कीधी खबरि खानजी आगलि; एहवूं कहइ खवास,
'फेरी वेढि दलि हींदु आव्या! लसकरि पडीउ त्रास!' ॥२०३॥
अलूखानि हाथी पखराव्या, पल्हणाव्या तोखार;
हलहल करी भणी अजूंआलां सांचरीआ असवार. ॥२०४॥
आपण पीआर विगति न लाभइ! दुहदसि हींदु आवइ.
बइठी मूठि मलेछ मारतां! खांडाना घॉउ फावइ. ॥२०५॥
तीना तुरी ऊठवि राउत; भला वावरइ भाला;
माझिम राति म्लेच्छ मारतां दुहदसि हींदू भाला. ॥२०६॥
सपराणा सींगिणी गण गाजइ; तीन्हा तीर त्रिछूटइ;
जरहजीण आंगा वींधी नइ आगे सूंसरा फूटइ. ॥२०७॥
अंगोअंगि पटा अणीआला प्राणि पाखर फोडइ.
खांडा तणे घाएं सपराणे सांधि सांधि विछोडइ. ॥२०८॥
रणि राउत वावरइ कटारी. लोह कटाकटि वाजइ.
तुरक तणा पाखरीआ तेजी, ते तरुयारि भाजइ. ॥२०९॥
माल तणी परि बाथि आवइ, प्राणि विलगइ, झूंटइ,
गडदा पाटु, डोट वजावइ, भडइ प्रहारइ मोटइ. ॥२१०॥

---

२०१ ग. ऊगारे. २०५ ग आप नि पर विगति न जाणिइ: बिठी, मेछ.
२०६ ग भूला.

ऊपरि था पूंतार विछूटइ, भूतल भाजइ पाउ.
वाढइ सूंढी, ढालइ ढांचा, धरणि ढलि नीहाउ. ॥२११॥
भाजइ कंध, -पडइ रणि माथां, धगड तणां धड धाइ.
मांहोमांह मारेवा लागइ; विगति किसी न लहाइ. ॥२१२॥
हींदुए मारीथल कीधुं, पग मेल्हणु न जाइ;
लोही तणा प्रवाह उलटीया दीसइ व्याहणा मांहि. ॥२१३॥
दोर सिराचा फेरी पाडइ डांहिलीना बधान;
वाढि चंब जूजूआ गाला नइ छोडाव्या बान. ॥२१४॥
घोडा हाथी ऊंट पोठीया ते ऊदाली लीधा;
सादल सींह मलिक बे मोटा बंदि जीवता कीधा. ॥२१५॥
अलूखान एकलुं ज नाठउ जे हुतुं सपराणु.
सादी मलिक ऊंबरु मोटुं, ते रण-क्षेत्रि मराणु. ॥२१६॥
ऐंक नाठा जाई दसिमुहड्या, ऊडी वीवीं अपार,
करासि केडि 'मारासि हींदु!' ऊत्रेले किरतार. ॥२१७॥
बीजइ दिनि राउति रण सोध्यां; दीठां पड्यां पल्हाण.
हाथी तणी पांजरी भागी; धरणि ढल्या केकाण; ॥२१८॥
खेडां खांडां पड्यां जूजूयां भाला सींगिणि कटारी;
भागे कणसे पडि तरुआर्युं म्लेच्छ मांकडा मारी. ॥२१९॥
कंध कबंध पड्या रणि दीसइ; कीधुं कचरा वोह!
सोमनाथ मूकाव्युं राउलिं पछि पखालिआ लोह. ॥२२०॥
नत्रि लाख जु बान मूकाव्या. वरतिउ जय जयकार!
'धन्न धन्न राउल कान्हडदे कान्ह तणुं अवतार!' ॥२२१॥

---

२११ ग डांचाला. २१२ क खडग. २१९ ग मेछ.

॥ चूपई ॥

चाहुआण कुलि पुण्य अपार, पुण्यइ म्लेच्छ करिउ संहार;
पुण्य विचार जे जाणि सहू, इम संखेपि प्राकृत कहू. ॥२२२॥
पुण्यइ एक आरोगि पान, पुण्यइ घरि संपजइं निधान.
पुण्यइ हुइं सकुलिणी नारि; पुण्यइ रेवंत बझइ बारि. ॥२२३॥
पुण्यवंत नइ सहुको नमइ, पुण्यहीण नर भूलू भमइ;
पुण्यइ रोग न आवइ अङ्गि, पुण्यइ पुरुष रमइ नवरंगि. ॥२२४॥
पुण्यइ अङ्ग न आवइ रीस, पुण्यइ सहू दीइ आसीस.
पुण्यइ वाहलां नहीं वियोग, पुण्यइ हुइ सजन संयोग ॥२२५॥
पुण्यइ पहिरइ वारू चीर, पुण्यइ हुइ फूटरां शरीर.
पुण्यवंतना दुष्कृत टलइ, पुण्यवंत नइ चामर ढलइ. ॥२२६॥
पुण्यवंत सरि छत्र धराइ, पुण्यवंत नवि पाला जाइ.
पुण्यइ मयगल बझइं बारि, पुण्यवंत नवि आवि हारि. ॥२२७॥
पुण्यइ हुइं नवनवा रंग, पुण्यइ सुणीइ वेगि मृदंग.
पुण्यइ सुईइं तलाई खाट, पुण्यइ बोलइ कीरति भाट. ॥२२८॥
पुण्यइ घरि नवि खूटि धान, पुण्यइ हुइं पुत्र संतान.
पुण्यइ करीं रा दीइ मान, पुण्यइ हुइ पाधरा प्रधान. ॥२२९॥
पुण्यइ धरीइ सोनां सार; पुण्यइ पहिरीइं मोती हार;
पुण्यइ पामीइ विद्या वली; पुण्यइ हुइं कीरती ऊजली. ॥२३०॥
पुण्यवंत घरि त्रिणि वार, अट्ठोतर सत मंगलाचार.
पुण्यइ मुखि नवि कडूउ चवइं; पुण्यवंत पृथ्वी भोगवइं. ॥२३१॥

---

२२५ ग विप्रहीइ. २२८ ग नूतन वाराग. २३१ क शिष्य, कुडउ.

पुण्यइ पुण्य करि आदरि; नितु दीवाली पुण्यइ करी;
जे जे आण्या वानर वीर, पुण्यइ पत्थर तरीया नीर. ॥२३२॥
पुण्यइ अणयुगतूं संभवि, रामि राक्षस मार्या सवि.
कौरव कूडि न सीधूं काज, पुण्यइ पांडव पाम्या राज. ॥२३३॥
पुण्य प्रसंसा पुहुविं करी, पद्मनाभ पंडित विस्तरी.
कान्हडदे नइ पुण्यइ करी, जगि जय दीधुं आश्यापुरी. ॥२३४॥
वल्यां कटक आणंद्युं सहू; कीरति बोलइ बंदणि बहू;
नगर भणी सांचरीउ राउ; ततखणि वलि नीसाणे घाउ. ॥२३५॥
भेट्या रूद्र न्हलाई खेव; नगर भणी पधराव्या देव.
जीतु कान्ह वात इम सुणी, नगरलोक दि वद्धामणी. ॥२३६॥
मदन भेर भुंगल भरहरइं; वर्ण अढारइ जयजय करइं.
तलिया तोरण सवि झलहलइं; नगर मांहि गूडी ऊछलइं. ॥२३७॥
फल्या मनोरथ पूगी आस; ठामि ठामि देवराइ रास.
नारी करइ लूण लूछणां, नगर मांहि मांड्या पेखणा. ॥२३८॥
मारगि नवां पाथरीइं चीर; फूल पगर परिमल अबीर.
पद्मनाभ कवि इणि परि भणइं; आव्या राय नगर आपणइं. ॥२३९॥
बीजा छइ जे राणा राय, आप आपणि ऑवासे जाय.
खांडव दि चासणी नइ खाण, वाली लेई बांध्या केकाण. ॥२४०॥
सविकहइ हईयडि हरख न माय; मांहिलि मुहालि पधारइ राय. ॥२४१॥

॥ राग धन्यासी. ॥

मांडवि मिलइ सुहासणी, सखी, ऊढणि नवरंग घाट कि,
जाई सहीय वधामणी, हईयडलइ हर्ख न माइ कि. ।जीतु सही.
आंचली ॥२४२॥

---

२३२ ख पाथर. २३३ अणगमतु कुषर. २४० ग पाढव (? खाडव) नि दीधी चासणी खाण. २४१ क धन्यासीधुल:

हार निगोदर बहिरखा, सखी, नेउर रणझणकार कि. ।जी.। ॥२४३॥
त्राट करुं करि कनकमइ, सखी, मोतीडे पूरु चूक कि. ।जी.। ॥२४४॥
तिलक करुं कुंकम तणां, सखी ते रंगि राउ वधावु कि. ।जी.। ॥२४५॥
असुर दली घरि आविउ, सखी, शंकर छोडीउ बंध कि. ।जी.। ॥२४६॥
कान्हडदे जीते घणू, सखी, बेलिइ मालदे वीर कि. ।जी.। ॥२४७॥

॥ चूपई. ॥

सरसां संबत्र नइ पहिरणां, पाछां बान चलाव्यां घणां;
मागस तणां वर्ण अढार, पसूंयां तणा न जाणूं पार. ॥२४८॥
अबला विप्र दीइ आसीस, कान्हड प्रतपे कोडि वरीस.
जोई वाडी जोई वावि; कूंयरी जोवा गई तलावि.
देवल देव जोऊं फिरी; नगर लोक दीठउ कूंयरी. ॥२४८॥
गढ ऊपरि कूंयरी तिणि कालि करिइ सनान कुंडि जाबालि.
कूंयरी जोवा आवा भणी राउलि दीधी पहिरामणी. ॥२४९॥
सोमनाथ छूटंतइ लीया हाथी राउलि पाछा दीया;
जे जे मलिक राई झालीया, ते कूंयरी नइ पाछा दीया. ॥२५०॥
आगेवाण देखाडइ वाट, साथि मोकलिउ बीजड भाट.
सहू वलिउं वुलावी करी कटक भणी चाली कूंयरी. ॥२५१॥

---

२४५ ग कोठा नि, गुख मरम नि मतवारणां, जोयां चडी, जटित थिठी फूरडी. २५० ग छूटंति, कुंयरीनि झालीया. २५१ क आगइ वाण, ग बलीड बुहार अ.

तु जिहमति हूउ सुरताण, पाछु वलिउ, दीउं मेहलाण.
दल मेडता थिकु ऊपडिउं; तु हरसुरि जई नइ चडीउं. ॥२९२॥
वहि पालखी ऊतावली; कूंयरी जई नइ सइमभरि मली.
चालि चालि उत्तावली करी गयां आंबिर कटक सांचरी. ॥२९३॥
चाल्या कटक ददामा दिया; बीजइ दिनि बाहडपुर गया.
मदन भेर वागां नीसांण, तु ढीली पुहुतु सुरताण, ॥२९४॥

खण्ड ४.

॥ चूपई ॥

चूथा खण्ड तणु आरंभ बोलइ पद्मनाभ कवि बंभ.
संतोखिउं सजन संयोग, तु पातसाह थिउ आरोग. ॥१॥
सरिउं काज, मन पूगी रली; पातसाह नइ बेटी मिली.
ततखिण पूछइ असपति राय,'किम तिं मलिक छोडाव्या माय?' ॥२॥
एहवूं वचन पातसाहि कहिउं. कुंयरि पीरोजा आयस लहिउ,
गढनी वात पीरोजा भणइ, सावधान थिउ पातसाह सूणइ. ॥३॥
बोल बापनु हईडइ धरी सकल स्वरुप कहिउं कुंयरी,
'कान्हडदे छइ जेणइ ठाय, ते जालहुर किसु छइ माय?' ॥४॥

॥ दूहा ॥

'कणयाचल जगि जाणीइं ठाम तणुं जावालि;
तही लगि जगि जालहुर जन जंपइ इणि कालि. ॥५॥
विषम दूर्ग सुणीइं घणा; असिउ नही आसेर;
जसिउ जालहुर जाणिइं, तिस्युं नही ग्वालेर; ॥६॥
चित्रकोट तिसिउं नही; तिस्यु नहीं चांपानेर;
जसिउ जालहुर जाणिइं, तसिउ नही भामेर; ॥७॥
मांडवगढ तिस्युं नही; तस्युं नही मोहेर;
जस्यु जालहुर जाणीइं, तिस्युं नही रानेर. ॥८॥

॥ चूपई ॥

वसइ नगर गिरि ऊपर घणूं. स्यूं वर्णवूं तलहटी तणुं?
वेद पुराण शास्त्र अभ्यसइं, इस्या विप्र तिहां वासिं वसइं. ॥९॥

---

१ क हुउ आसिंग. ३ ग कटकनीं. ४ ग हैइ. ५ क ख जपइ जय-कार. ६ ग आसोर (sic आसोर=असीर गढ) साहेर. ७ ग मोहेर. ८ ग आ छे नहि. ९ ग रुडु लोक तलहटी तणु.

विद्याविनोद अपार वनय विवेक लहइ सु विचार.
राजवंश वसइ छत्रीस, छत्तु गुण, लक्षण बत्रीस. ॥१०॥

चाहुआण रा तेणइ ठाय; अबला विप्र मानीइं गाय;
छत्रीशाइ दंडायुध धरइं. हीण कर्म नवि को आचरइं. ॥११॥

च्यारि वर्ण उत्तम जाणींया विवहारिया वसइ वाणींया,
वुहरइ, वीकइ, चालइ न्याइ, देसाउरे करइ विवसाइ. ॥१२॥

जलवट थलवट चिहुदसि तणी वस्तु विदेसि आणइ घणी,
वीसा दसा विगति विस्तरी, एक श्रावक नि एक महेसरी. ॥१३॥

फडीया, दोसी नइ जवहरी, नामि नेस्ती कामि करी;
विविध वस्तु हाटि पामीइं; छत्रीसइ क्रींयांणा लींइं; ॥१४॥

नगरि मांडवि वारु पीठ; आछी खेरा चोल मजीठ;
पाडसूत्र पटूंआ सालवी वुहुरि, वस्तु अणावइ नवी; ॥१५॥

कंसारा नि नाणुंटीया; घडिया घाट वेचइ लोटीआ;
कागल कापड नइ हथीआर; सांथि सुदागर तेजी सार; ॥१६॥

तली सूखडी तोलइ मान; नागवेलि अणीआलां पान;
ईंणीं परि वस्तु विकाइं बहु जं जोइइं ते वुहुरि सहु. ॥१७॥

घडी घडी घडींयाले सान, राति दिवसनां लाभइ मान.
चुहटा चूक चूतरां घणां; ठामि ठामि मांडयां पेखणां. ॥१८॥

सेरी सांथ मोकली वाट, नगर मांहि छोह पंक्ति हाट.
घांची मोची सई सूतार वसइ नगर मांहि वर्ण अढार. ॥१९॥

---

१० ग विद्यावेद. १३ क ख महेश्वरी, ग अणावि घणी. १६ क ख कसारा नट नाणुटीया. १७ क जे, १८ ग चीररिया. १९ क ख सूइ ग मांहि पटणीयट हाट.

गांछा छीपा नइ तेरमा विवसाईआ वसइ नगरमां,
आप आपणि काजि सहूँ मिलइं; चुहटइ हईइ हईउ दलइं ॥२०॥
आठ पुहरि नित पूजा करइ; ईंडि धजा वस्त्र फरहरइ;
वलति वारि हुइ नितु जात्र; नाटक नट नचावइ पात्र. ॥२१॥
पुरइ प्रत्या जे ध्याइ लोक, भूख दुःख नइ टालइ शोक.
जोइ जिणालां ठाम विशाल, वसही देहरां नइ पोसाल. ॥२२॥
गढ उपरि जल ठाम विसाल, झालर वावि कुंड जाबालि;
वारु वावि मांडही तणी, साहण वावि अति सोहामणि, ॥२३॥
राणी तणी वावि गंभीर, नवलख वार्वि निर्मल नीर;
शोभित भूर्ज बूर्ज कांगरु नदी तरुअर फलवा वरु. ॥२४॥
साल्हा वावि करहडी जाणी, कान्हमेर रूयडु वखाणि.
साहमी वाडी तरुअर चंग, राय तणा छइ मंडप रंग. ॥२५॥
जेणइ बइसइ जालहुरो कान्ह, राज रीद्धि छइ इन्द्र समान.
रामपोलि अति रलिआमणी; त्रिणि पोलि तलहट्टि तणी, ॥२६॥
पोलि फूटरी पाटण तणी, चीतुडी नइ ढीली तणी.
बारी पोलि भलेरु भाव, कुंयर तणु तलहट्टि तलाव. ॥२७॥
सुंदर नाम तलावउ जेउ, भोले लाउ कि चोली बेउ.
[illegible]ा तणी जे परव अपार सहुको मांडइ शाहुकार. ॥२८॥
जे पहिरइं मुद्र कांथडी आविइ यति योगी का[illegible]डी,
देशान्तरी पंखीआ भाट अन्न अवारी पूछइ वाट. ॥२९॥

---

२० क वलते तारे, नाटक नृत्य नचावे. २२ ग चोथु चरण नथी. २३ ग पहेलुं चरण नथी. २४ क नदरख वावि, शोभित वज्र बरुवा फरु ग नदी तरुयर माहि वरु. २५ क साल्हा वावि कान्हडमेर, ग साल्हु चुक. २८ क तलावह शाहुकार, ग भोलि भाविक चोल बेउ. २९ क मुद्रा कांथडी अभयधारी, ग मुद्रिका धडी.

१०

तरुवर छांह परस चूवटि, राउत रमइ नितु जूवटइ,
नगर नायका रूप अपार, नितु नितु नवला करइ सिणगार; ॥३०॥
तास तणइ मंदिर वीसमइँ भोगी पुरुष तेहस्यूं रमइ.
वावि, सरोवर, वाडी कूँआ; नगर निवेसि ढलइ ढीकूँआ. ॥३१॥
गढ गरुउ जेस्यु कैलास ! पुन्यवंतनु ऊपरि वास !
जिस्यु त्रिकूट टांकणे घडिउ ! सप्त धातु कोसीसे जडिउ. ॥३२॥
घणी फारकी, विसमा मार, जेणि ठामि रहइ झूझार.
झूझणहारनॅ समदा वली वसमी वाट वहइ ढीकली; ॥३३॥
गोला यन्त्र मगरवे तणा आगइ गढ ऊपरि छइ घणा,
उपरि अन्न तणा कोठार व्यापारीआ न जाणु पार. ॥३४॥
माणिक, मोती, सोनां सार, गढ माहि गरथ भरिया भंडार.
टांकी वाव भर्यां घी तेल; वरस लाख पुहचइ दीवेल ! ॥३५॥
जूना सालां सूकां खड; ईंधण भणी घणां लक्कड.
जालहुर गढ विसमु घणु चाहुआण राय नणु बइसणुं. ॥३६॥
कान्हडदेउ पाटनु धणी बीजी भूमि भोगवइ घणी.
राजरिधिनुं कासिउ वखाण ? चालइ पंचवर्ण केकाण. ॥३७॥
चरिइ सेलडी साकर द्राख अति रूयडा तुरंगम लाख.
पाणीहरा, पोलिआ, सूयार, दास दीकोली, संख न पार. ॥३८॥
श्रीगरणा, वइगरणा भला, साणहिता महिता राउला.
नगर तलहार, देस सेलहुत, देहरासरि विप्र प्रोहित. ॥३९॥

---

३० क चुवटे जूवटे ३१ क वीसमे पुरुषज ग भोग पुरदर. ३३ क जेणिइ झूझणहारना सम दावली वसमी वार ग झूझवाणनी समदा वली वि-समा वाट. ३६ ग टाका वावि, सूका साल तणा सूका खडा, लाकडा. ३८ क चरिइ रुडा, पाणीहारि, दाशदीकला. ३९ क देहरासिरि, ग नगर तळार देकु सेलुहोत.

अवधानी अनि टावरी, करइ मसाहणी चिंता तुरी.
भंडारी कोठारी जेउ, पूरइ वरू राउलु तेह. ॥४०॥
आव्या ग्या नइ दीजइ मान बुद्धिवंत राउला प्रधान.
नितु नितु कीजि रा लगुनि वतां पोसातां दीजिइ कणह तां. ॥४१॥
चाहुआण वरि आजु लगइं ठकराला राउत ऊलगइं.
सोहलंकी, वाघेला, सुहड, रोसाला राउत राठूड; ॥४२॥
एक राउत चाउडा नइ हूंण अति फूटरा, ऊतारइ लूण.
जयवंता यादव, परमार, गोहिल सवे सबल झूझार. ॥४३॥
एंगि परि राजवंशी जे सवइं, लिइ ग्रास गाम भोगवइं.
तरुआरे सोनानी मूठि, करडां खेडां घालई पूंठि, ॥४४॥
कडिं कटारी हीरे जडी, पाडसूत्रनी छइ दात्रडी.
भला भलेरा देशइ हाथि वयरी सिउं ते वाहइ बाथि. ॥४५॥
मेघवानां फालिया बाधवा; पाए मोजड पागर नवा;
खांडा पटा तणी गजवेलि अलविइ आगिला हींडइ गेलि. ॥४६॥
साव लोह भाला नइ सांगि लिइ हथियार सवे मनरंगि;
नवां सावटू ठेसि पाय, ऊलगीइ कान्हडदे राय. ॥४७॥
रंग बिरंगी मूहगइ मूलि पहिरइ एक कणयरी झूलि.
भोजनि वीर मंडाइ त्राट. कीरति बोलइ चारण भाट. ॥४८॥
सेव, सूंहाली, लाडू गिल्या, आछा मांडा, पापड तल्या,
खाजां खडक, सालणी, वडी, कुर कपूर, तली पापडी, ॥४९॥

---

४० क अतेटाश्री, मसाणी, जेह, राउल तेह ग अवधानीया दीसि टावरी. ४१ क दीजइ दान, करेंइ राउलावता. ४५ क दामणी, ग दावडी. उत्तरार्ध नथी. ४७ क भालाने, ठेसिंइ ख सावटू ठेलिइं, ४८ क भोजन वार मांडीइ त्राट, ४९ क मालणे वली ग खाजे खडक सवाणि वडी.

पंचधार लापसी, कंसार, धान रसोना भाव अढार.
अति ऊजलां सथरां दही, भुंजाई ई राउति लही. ॥५०॥

पान कपूर दीइ थइ यात. चूया सरस चोलिया हाथ.
मुडुधानि कुमरी घणी अन्तेउरी कान्हरा तणी. ॥५१॥

सवि सकुलीणी, रूप अपार, माणिक मोतीना सिणगार.
वडि रा लगुनि एहवी रीति हईडि सवि राय नइ चिंति. ॥५२॥

कान्हडदे राजा सु विचार रुपिइ जिसिउ अश्विनीकुमार.
बोलावीइ नितु परधान. छइ दरसन नइ दीजइ दान. ॥५३॥

मंडपि मुहुल दीइ भूपाल, नाचइ पात्र, ऊगटइ ताल.
जाणइ भरह भेद संगीत, पाटबंध ते गाइ गीत. ॥५४॥

खित्रीवट जे महा सधीर मालवदेव छइलडु वीर.
जिसी प्रीति लखमण नइ राम, राज अनेरइ एहवी माम; ॥५५॥
जिसी प्रीति हणूया सुग्रीव, जाणि नही जूजूया जीव;
सी करि छत्र चामर ढालीइ. साचइ न्याइ प्रजा पालीइ. ॥५६॥

देस देसना आवइ माल. कान्ह मालदे बि विरिसाल.
मोटिम घरि चाहूआणह तणी. राज करइ थानक आपणि'. ॥५७॥

॥ दूहा ॥

राज रिद्ध निर्मल सूंणी पूण्य तणइ परमाणि,
पद्मनाभ पंडित भणइ, सिर धुणिउं सुरताणि. ॥५८॥

---

५० क ढेपला दही, लहिंइ सही. ५१ क चोया मुडाधानी कहानडदे तणा ग चूया सरसा चोलि (sic चोलि) हाथि. ५२ ग हीर्दि राउलि चींति. ५३ ग छहरि सण देवरावि मान. ५४ क जाणइ जेह भरह संगीत, ५५ क साहस धीर अनइरई. ५६ क सिकिर. ५७ क कानमाल बेऊ परिसाळ,

॥ चूपई ॥

कहि पातसाह, 'सांभलि माइ ! इसिउं दुर्ग किम लेणु जाइ ?
कुमरी ! तिं वण जाणिउं किऊं ! जइ जालहुरि वचन कां दिउं ? ॥५९॥
कुमरी भणइ, 'अवधि मिइ कही तिणि दिनि गढ भेलासि सही'.
तिणि अवसरि बोलिउ सुलतान, 'सुकुन बोल ताहरा प्रमाण'. ॥६०॥
राजा भणइ मुहुल मांहि आवी, 'सुलतानि बंदा बोलावि'.
कमालदीन मलिक तेडिउं, सोहु, पातलु, सरिसु गउ; ॥६१॥
सांदी मलिक मान छइ घणूं, मलिक अमादलि माटीपणूं,
नयामदीन मलिक बलवंत, मलिक नेब जाणे जयवंत, ॥६२॥
मलिक बाहदीन बोलावीउ; लाख लाख साहण आपीउ.
बंदा तणा सवि अईयार हुंसे मुंसे बरखुरदार. ॥६३॥
अहिम्मद, महिम्मद नइ हाजीउ, आखु, बाषू नइ गाजीउ,
मीर गदाई, ताजनमीर, मोजदीन, आरोहि वीर, ॥६४॥
साहबदीन, पीरोजु वली, कयामदीन सिउं जाय मिली;
बहिरदीन नि बगसुं भणउ, राजदीन बंदउ ते तणउ, ॥६५॥
मलिक अइआज, प्यारु मीर, नथ्थु, आबू, गदाई, वजीर,
नीघू, धार अनि मरगूब, ईसमाल, रूडु आकूब, ॥६६॥
डुलतीयार, बाहादुर, हम्मीद, खिरदीन, कालु, फिरीद,
समसदीन, आदम, अमरीम, सलेमान, अब्दलु, करीम, ॥६७॥
अली, मीरण छि यम जिसिउ, इछू, मीढ्ढ, भीखु तिसिउ;
चिग़न, चंद अनि महारूफ, काबिल महा भयंकर रूप, ॥६८॥

---

५९ क ख माय. ६१ ग नाम समरकदी जेहनिं, बोलावि बंदा तेहनि. एवुं उत्तरार्ध छे. ६३ क खबरदार.; ख बखरदार. ६७ क पूर्वार्ध नथी. ६८ क आसीमी रणमुंमणनस्यु.

बदरदीन, सेख नइ सधु, बहादर, ईसप, प्यारु, बधु,
मलिक अईयार, हसामु मीर, गटू, कटू, कमामु मीर; ॥६९॥
तुरकाणां तणु पार नवि लहूं. इणि परि नाम केतलां कहूं ?
गमे गमे चडीआता फिरइं, ढीली नगरि मेलावा करइं. ॥७०॥
एक तणी नवि लहिइ भाख; चाल्यां कटक चडी नव लाख.
असपति राय तणइ फरमाणि खानजिहा राखिउ दीवाणि. ॥७१॥
दीधी सीख पातसाहि घणी, 'फोज करेज्यो आपापणी.
वचंन दीउं जालहुरिं राय, कटक न आवइ रातीवाय. ॥७२॥
मारगि रहिजो जूजूइ गामि; तिहांथा जाज्यो एकिं ठामि.
ल्यु असबाब सामटु अनइ वरस आठ तणइ माजनइ'. ॥७३॥
लाख लाख साहणना वाट दश सहिस दीवाणी हाट.
लाभइ चाउल, मूंग नइ लूण; आटा गुल घी, खाइ कूण ! ॥७४॥
लाभइ खांड, तेल नइ मीरी; करइ सालणां, लाभइ सिरि;
अजमा जीरां लाभइ बहु; वेसण ब्रीहाली लि सहु; ॥७५॥
लाभइ नवी तिली नइ विरी, कोठीबडां तणी काचरी,
आदा, सुरण, केला बहु, बीजोरां, दाडिम लींबहु, ॥७६॥
लाभइ खारिक, फोफल, द्राख; वली नालीयर लाभइ लाख;
वली लाभइ साबू, कंटोल, हाटि हाटि छि निरतां तोल. ॥७७॥
गांधि हाटि पामीइ पडी, रोग न आवइ एकइ घडी,
साथि आवइ घोडानी लास, कटक मांहि मंडाइ घास. ॥७८॥
लाभइ कापड नइ हथीआर, मोजां कुसि न लाभइ पार.
एवडु वरु दीवाण ज सहइ; सहु चूगणां मसारा लहइ. ॥७९॥

---

७१ क नवि जाणु भाख. ७४ क देश देश उत्तरार्ध नथी ख दशहश.
७५ क लाभइ सह्री ख सही. ७६ क भिझी ख विही ७८ क नइ एकिं
माडीनिखास,

हाट तणु पार नवि लहइ, घणां लोक विवसाईआ वहइ.
खांडां, तरकस, तीर, कमाण, जरहजीण पूरइ दीवाण. ॥८०॥
मोटा मलिक गूदरइ वलि घोडुं मरइ नवुं मोकलइ.
चाल्या कटक सोनगिरि भणी, पूठिं वनगइ आवइ घणी. ॥८१॥
भोई, मेहर, घणा तब्बाक, भठीयारा, धीवरना लाख,
ढाढी मतरब गाइं गीत. ठामि ठामि निपजइ मसीत. ॥८२॥
आगि उड समारइ वाट, बार सहिस सूतार, सिलाट.
माली, तंबोली, सोनार, चालइ घाटघडा लोहार. ॥८३॥
कंसारा, त्रांबाहर, सवइ चालइ, कारु नारु नवइ.
तीरगरा, बगनीगर वली, खास खवास सांचरइ मिली. ॥८४॥
भाठी मद वेचइ खमार. चौद सहिस चालइ चमार.
द्राम रोकडा आपइ हाथि उरति पूंगडां लीधां साथि. ॥८५॥
मलिक लहइ बिमणी करियाति, चालइ कटक दीह नि राति.
जिणिइ ठामिं कटक ऊतरइं, वेगि काठगढ खाई करइं. ॥८६॥
चड्या कटक, सीखामण हूई; ददा सनावर साथि देइ.
दि सीख पिरोजा तिणि भावि, 'वीरमदे जीवतु लेइ आवि. ॥८७॥
एक वात हइइ जाणिजे, वीर तणु मस्तक आणिजे.
संसालि जे कुल मांहि करी', छानी वात कही कुयरी. ॥८८॥
लाल सिराचा तुरक ज जिहां, मलिक मसूरति बइसइ तिहां.
वली वचन बोलइ सुरताण, 'अह्म एणी परि करिज्यो जाण. ॥८९॥
जोयण जोयण पाला सइ वीस मेल्हे वली ढोल च्यालीस,
घोडा सहस एक असवार, सुरताणी ढोल हुइ जिणि वार— ॥९०॥
वाजइ सवे ढोल जेतलइं—जाणु खबर अह्मो तेतलइ'.
कटक मेडतइ चाली गयां; नवि लाख एक थाहरि हौयां. ॥९१॥

---

९० ग मेहलिउ. ९१ क ख थयां.

बीजउ भाट चालीउ जिसइं, गोल्हण साथि मोकलिउ तिसइं.
गोल्हण गयु जालहुर मांहि, तु अवगणना कीधी राइ. ॥९२॥
'जोयूं मलिकनूं माटीपणूं! सज थाज्यो, करस्यूं पेरणूं.'
लेख लिखाणा पाद्रिं पाद्रिं, तेडां गयां साचुरि, थराद्रि, ॥९३॥
काकरनयर वाराही बेउ, कांथगहडीना राउत जेउ,
अमरकोट नइ वीकमपुर, जेसलमेर गढ, वाघणहुर, ॥९४॥
पारकर, पूगल, मरोट, धाणक, पोखर, आल्हणकोट,
कछ, जागलू नि जासेहर, साराणि, चेत्रा, नाईसर, ॥९५॥
जिहलवाडु नइ देनेर, कइलवाडु, गढ बाहडमेर,
सिंधू, सवा लख, नरवर जाणि, सवे देसुत बोलावी आणि. ॥९६॥
वली खमाल अनि नाबरुं, टूकटोडु, सोजित, बारडु,
पाद्रडूं, गिरडूं, रछेलि, डोडिआलि, राणिक, काछेलि, ॥९७॥
घाटु, सीसुद्रूं, छेवाण, भाइल, बोरी माठूं ठाण,
चहाउलि चांगु करी आप, सीमाडा स्यूं मांडइ व्याप. ॥९८॥
झलहल देवराउत जिस्या, आबु तणा देवडा तिस्या.
त्रसांगमु, दांतु, भेलडी, वाघेला, बारड ग्या चडी. ॥९९॥
पोसीना नि भड सीहर, गढ तारंगु, पाल्हणपुर,
समीयाणा, रडुद्रा, रोहावि, संधि महेवा धणी बोलावि. ॥१००॥
भाद्राजण, मंडोहर तणा सूरा चंदेरी राउत घणा.
नवि कोटना राउत जेह, ग्या जालहुरि चडीनि तेह. ॥१०१॥
बालीसा नि सीसोदीया, सोढा नइ सिंधल आवीया.
ते पंचास सहस असवार राउल भेटी करु जूहार, ॥१०२॥

---

९३ क मलकनु मसूगनु पणुं घराद्रि ख मलिकनुं पणुं. ग थिराद्रि. ९४ ग कतृ गहडी राउत तेउ, ९५ ग आसलकोट. ९७ क बमानइं ग साकाति. ९९ क पाद्रवरा सातसा १०० ग शुद्ध. १०२ क सिंधव ग सामुद्रीया.

एक लाख खांडाधर वली. छत्रीसइ राजकुली मिली.
हींदू घणा जे जालहुर मांहि काहिउ जई गोल्हण साहि. ॥१०३॥
गढ मेडता नइ सिंउद्रडी दींयां पीयाणां चालियां चडी.
पंच वीस सहस असवार, बिमणा पाला झूझणहार; ॥१०४॥
राउल मालदे चालिउ चडी पुहुतु वाडी जिहां ढूंकडी.
राउल कान्हि आयस दींयुं; कुंयर वीरम भद्रानिनि गयुं. ॥१०५॥
मालदेवनूं दल जेतलूं वीरमदेव तणूं तेतलूं
एक दिवसि कूंयर रणि भडइं; बीजइ दिवसि मालदे चडइं. ॥१०६॥
च्यारि वरस ईणि परि नीगम्यां; हींदूए दल प्राणि दम्यां.
ढीली भणी लिखी अरदास; 'हींदूए दल पाडिउ त्रास. ॥१०७॥
कटक तुरक थयुं संत्रार; सतर सहिस पडिया अईयार.
मोटा मलिक किसी परि करइं? हींदू तणुं कोइ नवि मरइं'. ॥१०८॥
वलतुं पातसाह इम भणइं, 'नवि लाख साहण आपणइं.
लाख दस सिइ झूझणहार, मारंतां नवि आवइ पार. ॥१०९॥
सहस पंचास हींदू तणइं; एक लाख साहण सहू भणइं,
जां हींदूआ त्रिमणा मरूं, तां तुझे पाछा मन ऊसरूं. ॥११०॥
वचन कान्ह नवि लोपइ सही; रातीवाइ आवसि नहीं'. ॥१११॥

॥ दूहा ॥

पद्मनाभ पंडित भणइ; भावि चंचल होई,
सज्जन जे अंगीकरइ वचन न लोपइ सोइ. ॥११२॥

॥ चूपई ॥

'गढ लागि गढ खाइ करुं, एणी परि आग्रा संचरुं;
नित मेहाण सवे पालटुं; कटक करु ऊलट पालटुं; ॥११३॥

---

१०९ ग उत्तरार्ध नथी. ११० ग पूर्वार्ध नथी. ११२ क प्रविचचल ख अड द्रवि चंचल.

एहवी बुद्धि सवे आदरूं; एणी परिं आवा सैचरूं.
हींदू सूं तह्मे बोलु इस्यूं, सरिखे दलि आपण झूझस्यूं. ॥११४॥
ए पंचास सहिस मूलगा; इसी सहिस सींधू दल भला.
एकि एकि झूझावयो; मांटी नि प्राणि पाडयो'. ॥११५॥
मलिक इसिउ हींदू नइ कहइ, 'बीजा कटक तडोवडि रहइ.
अह्मो सामा आवूं जेतला, तह्मो राउत भडज्यो तेतला'. ॥११६॥
ईणीं परि वीस दिहाडा हूंया, दस सहस राउत रणि मूंया;
वीस सहस मूंगल रणि रह्या, गढनी पाता आघा गया. ॥११७॥
वली पडिया बिमणा हबसी, वात चिहु दासि जाणी इसी.
गढि ऊतरइ नितु नवनवइं. गया कटक प्रादालि सवइं. ॥११८॥
इस्युं सांभल्यूं कान्हडदेउ, दलि रजपूत मरा सवेउ.
मालदेव नि वीरमदेउ व्यास पांहि तेडाव्या तेउ. ॥११९॥
कटक तूरकइ तेणि समइं गया उडवइ वरस पांचमइं.
असिउं कहिउ कान्हडदे राउ, 'गढ उपरि जल थोडउ थाउ'. ॥१२०॥
व्यास भणइ, 'मंत्रनइ उपाइ वहिली वृष्टि होसि गढ मांहि'.
गढ उपरि गढरोहा समिइ वूठा मेघ दिवस पंचमइ. ॥१२१॥

॥ दूहा ॥

मंत्र महोषधी देवता अनुदिनि पूरि ऋद्धि,
पद्मनाभ पंडित भणइ, पुण्य तणी परसिद्धि. ॥१२२॥

---

११४ क हिंदू सें अह्म बोलिउ झांमउ. ११६ क भेजु. ११८ क वाजी हुसी, पालू यासिबइ. ११९ क मरासि बेउ. १२० ग गया ओडवाडी १२१ क हसि, वूठा देव दव सिचऊ दमइ. १२२ ग मत्र महिषद्विज देवता.

॥ चूपई ॥

'जूनां धान हुइ बलहीण, तिणि करी देह थाइ खीण',
असी वात राउल जे भणइ, बीजि दिवसि महाजन सुणइ. ॥१२३॥
राजंगणि सवि ग्या संचरी पहिलू सवि सहू मेलु करी.
जई रा लगुनि भेटणं करूं, मोती भरिउ थाल ते धरु. ॥१२४॥
विवहारीया राय वीनवइ, 'अह्मो आलहिणूं करिसं सवइ,
करयो वेढि, म छंडु मान; वरस साठि पूरीसिउ धान'. ॥१२५॥
रामसींह फडीउ इम भणइ, 'कण कोठार घणा अह्म तणइ.
मग, चोखा, जव, काठा गहुं पूरूं वरु, जु आयस लहुं'. ॥१२६॥
वीरम भणइ, 'उधारु जीउ, वरस त्रीस हूं पूरुं घीउ.
मागूं सीख, पसाय अह्म करू, भुंजाइइ बिमणउं वावरु'. ॥१२७॥
जइतसी दोसी इम भणइ, 'वस्त्र वखारि घणी अह्म तणइ.
लेवा तणी म करतिउ माठि; कापड हूं पूरूं वरस साठि'. ॥१२८॥
भोलुं साह भणइ, 'लिउ तेल, असी वरस पूरूं दीवेल,
बाले एतलु छइ पाधरु, वलते वारे नाहणूं करु'. ॥१२९॥
राय भणइ, 'महाजन! परि कही कोरुं धान जिमाइ नहीं'.
जमली साखि दीइ परधान, 'ईंधण विण नवि पाचइ धान'. ॥१३०॥
मोह्णसाह कहइ ए परि, 'वात एतली छइ पाधरी.
सूकडि अगर अह्मारइ घणां; वरस साठि पूरुं ईंधणां'. ॥१३१॥
राय भणइ, 'ई साचूं सही; पाखइ गोल न सकीइ रही'.
भीमु साह ईणी परि भणइ 'देउल मन भाजु आपणइ. ॥१३२॥
वरस अढार लगइ त्रापडा गुल ढीकलीइ पूरूं गडा.
तेहु पारखूं जोउ राय! गुलनु गोलु बिमणु जाय; ॥१३३॥

---

१२५ ग पूरंस्यू. १२६ क नइ काठा गहुं. १२७ ग जी घी भुंजाई इ पूरुं वरु. १२९ ग बोल एतलु छि.

वाजइ ते नवि पाछु जाइ; जीवतु गुल रोटी खाइ'.
एहवी वात मलिक सांभली ढीली नफर चलाविउ वली. ॥१३४॥

गढ ऊपरि एहवु परमाण सकल सरूप सुणइ सुरताण.
पातसाह मुखि बोलइ इस्यूं, 'त्रिमणु वरु अह्मे पूरस्यूं. ॥१३५॥

दिवस केतला रहिज्यो मंडि; भाजी मन आवस्यिउ छंडि'.
असी सहस तुरक आवऱ्या; त्रीस सहस हींदू दलि घऱ्या. ॥१३६॥

सोमचन्द्र राय पूछइ व्यास, 'बार वरस निं हूँआ छ मास.
वेढिं करतां वरस सु जाइ, पणि गढि तुरके कांई न थाइ. ॥१३७॥

जु भाजी छांडेसि ठाम, तु किम आपणूं रहेसि नाम?' ॥१३८॥

॥ दूहा ॥

पद्मनाम पंडित भणइ, जु घरि संपति होइ,
अन्न तणु आदर किसिउ वीर न वंछि सोइ. ॥१३९॥

॥ चूपई ॥

व्यास बोलीउ वचन विचारि, 'माल वीर गढ था ऊतारि,
वली कटक ऊतारिं घणूं, तु मुख दीसइ तुरकह तणूं'. ॥१४०॥

राउलि सहु सीखामण कही; वीरमदे गढ छांडइ नहीं.
पंचवीस सहस असवार, बिमणा पाला झूझणहार, ॥१४१॥

राउल कान्हि आयस दीउं, गढ अंबेरि मालदे गयुं.
राउल कान्ह तणइ आदेसि पाडइ सोर तरकनि देसि. ॥१४२॥

---

१३९ क जय संपत होई अग तणु वीरनव छइ सोइ. १४० क उतारई ख उतारे.

पातसाहइं कासित मोकल्युं मालदे देस मारइ एकलुं.
कमालदीन कहिउ सांभलि, गढ लीधा विण पाछउ वलि. ॥१४३॥

मलकि तसइं पीयाणूं दीउं, चुहमासि सुंदरला गिउं,
राउल भणइ, 'माल ग्यु परइं तु हजी तरक तलहटि फिरइं!' ॥१४४॥

उलंभा नवि राउत सहइं; नितु नितु यन्त्र मगरवे वहइ,
गोला वहइ नालिथ्या वली, आठ पुहर वहिं ढीकली. ॥१४५॥

राउल आवइ रहीं करहडिं, फेरिउ वेढि तुरकिं दडवडी.
मलिकिं तां मनि हठ आदरिउं; जमलुं गढ तलहटीइं करिउं. ॥१४६॥

हेठि कोइ न ऊतरीं रहइं, न को ऊपरि चडवा लहइं.
जेठि मासि जुं जल खुटसिइं, लोक भणि, जीवीसीं किसइ ? ॥१४७॥

लाधूं सपन राय तेणि कालि; एहवूं वचन कहिउं जाबालिः—
'आगइ देव तणूं वरदान, नवि गढि खूटइ पाणी धान'. ॥१४८॥

एहवूं वचन कहिउं गंभीर, पछिं ऊफरां आव्यां नीर. ॥१४९॥

॥ पवाडु ॥

तेडावीउ कान्ह उलीचुं; राउल सीख कहावइ.
वेगिं करी भोलाइनी वाडी लेई कटक चलावइ. ॥१५०॥

दस सहस साहण मोकलीयां ऊदलपुर नइ पासइ.
निजामदीन मलिक इहां रूंधूं; रखे अवर को नासइ. ॥१५१॥

---

१४३ ग पातसाहि कागल मोकलिउ माल नि वीर साहिठ एकलु. १४४ ग चिहु मासे संदलि गयु. १४६ क पेरि त्रिटी ग दुर्ग. १४७ ग कटक मांहि आव्या नवि लहि हेठु ऊपरि न को चडवा लहि शोखसि. १४९ ग ऊपहरां आव्यां. १५० ग बोलावी कान्हडु लावि राउलि सीख कहावि.

कलस थिका कान्हड ऊलीच कटक मोकल्या हेरी.
खेरे त्रिपुहरि जई दलि विलगां; तेजी वाल्या फेरी. ॥१९२॥
चूपट घाइ मडि चडीआता हींदु तुरक अपार.
पायक पडइ, लडथडइ मूंगल; ततखिण दीधा मार. ॥१९३॥
तुरक तणां दल भांजी प्राणि नडी नाद ऊतारिउ,
निजामदीन मलिक बलवंतु ते हींदूए मारिउ. ॥१९४॥
हरम धरी हठि घोडा लीधा; वेगि चडिया डूंगरि.
लूणकर्ण माल्हण ग्यु साहमु; मिलीया ऊदलपुरि. ॥१९५॥
वधामणीउ पहिलु चालिउ; तिर्थ माहि दल ल्यावइ;
सोभित बर्ज कुंड जाबालि बारीइ थई आवइ. ॥१९६॥
रामपोलि जई राउ जुहारिउ; अधिक पसाउ लाधु,
रामचन्द्र हणूआनी परिं राइ रणवटि बांध्यु. ॥१९७॥
वात एतली कटकि सांभली, सवि साचां अहिनाण,
वेगि प्रधान हेरी ढीली सांभलिया सुरताण. ॥१९८॥
'करी पराण त्रिपुहारि वेलां हींदु आव्या चांपी,
निजामदीन मलिक राणि मारिउ, हरम भीलनइ आपी. ॥१९९॥
सहस त्रिणि तेजी ऊदालिया; रणवटि सूझ्या साथी,
मारी मेछ सवे थल कीधउ; लीया रणंगणि हाथी'. ॥१६०॥
कमालदीन मलिक सीखामण मोकलीउं फुरमाण.
साथि वली सल्हि देवरात्री तरकस तीर कमाण. ॥१६१॥
खानजिहां साथि मोकलिउं निजामदीननी वाहारिं
पातसाह बाहादुर पुरि आविउ मालदेवनी वारि. ॥१६२॥

---

१५६ क सोभित बर्ज कुजर वाळइ. १५८ क जण मोकल्या,

॥ राग धवल धन्यासी ॥

बाहादुर पुर अंबेर कि अंतरि चूक आलेखीउं ए
चूवटि परख्या पाउ कि कुण हारइ कुण जीपइ ए.आंचली.॥१६३॥
एक सोनगिरु राय कि बीजु ढीलीनु पातसाह कि
कान्हडदेनु वीर कि मालदे सूरताणस्यूं जूरमइ ए. ॥१६४॥
सोगटडां केकाण कि गयमर पासा ढालीइ ए,
खांडइ दीजइ दाउ कि झडप दीइं रणि मालदे ए. ॥१६५॥
सोनगिरु गढ ठाउ कि जूआरीपणु मांडीउ ए
कइ जीपइ सुरताण कि कइ गढ जीपइ मालदे ए. ॥१६६॥

॥ पवाडु ॥

खान तिहां दल ताजां लाविउ कटक आगिला मांहि.
हिंदू वेढि करइ सपराणी, आवइ चूपट घाइ. ॥१६७॥
जाणी वात मालदे राइ; ततखिणि छांडिउ ठाण;
वेगि करी वनाद्रा आविउ. ढीली ग्यु सुरताण. ॥१६८॥
देसि देसि मोकल्यां हकारां; सहुइं आघूं आवु.
राउ मालदे रोसि आगलु तेडावि मेलावु. ॥१६९॥
सिंधु सवालख अनइ पारकर सवि देसुत बोलाव्या,
अढार सहिस हांसरू घोडा थाणि मेलावि आव्या. ॥१७०॥
तुरी सहिस छत्रीस मेली लाख खांडाधर लाव्युं;
कटक तोरकां ऊपरि सूंडी राउ सींधल दल आव्युं. ॥१७१॥

---

१६३ ग बिहु मांहि जीपसिरे. १६४-१६५-१६६ आ तूको ग मां नथी. १६९ क सहुइ आवुइ आवु. १७० क अढार सासते सातणा सुभद वली मेलाव्या.

आव्यु सुणी मालदे पडीउँ तुरक तणइ दलि त्रास.
संकटि पडिया असुर ढीली नइ मोकलावि अरदास. ॥१७२॥
'एकइ पासि राउल मालदे, बीजइ राउल कान्ह.
बिहु राय वचि रही न सकीइं' इम बोलइ परधान. ॥१७३॥
असपति राय भणि, 'परधान ! जाई मलिकनि कहियो
वरस आठ कूंयरि कहीया, तहीं पाछात न रहियो. ॥१७४॥
आगइ ए गढ अछि सदैवत प्राण कोईइ न थाइ.
ऊपरि चहुयाण सपराणा किम हि न लीणु जाइ'. ॥१७५॥
राउल भणि मालदे प्रीतिं, 'जु थाणु छंडावि,
कोड आपणूं किम पुहोचेसि ? वली कटक नहीं आविइ'. ॥१७६॥
सीख मोकली राउल कान्हि बाहडमेरिं थाणूं.
मानिउ बोल मालदे राइं जई ढूडु तुरकाणूं. ॥१७७॥
आठ वरस मांहि आठ दिह थाकिइ तुरके करी सजाई.
'पाछां कटक सहुको चालु' मलिकि इसि फुरमाई. ॥१७८॥
जहींइ सींह मलिक गढ ऊपरि बदीखाणि रहाति,
सेजवाल तेहनु सगपण जण हाथिं मोकलावी. ॥१७९॥
वीकी नाटरडकनी वातिं सींह मलिक तेडाविउ;
आधी रातिं लपी छपंतु सुहटिं मलवा आविउ. ॥१८०॥
वीकु भणि, 'पाछा जायिउ; वचन कहिसं वेद,
जु अह्म पातसाह गढ आपि, तु देखाडूं भेद'. ॥१८१॥
रूडु भवाडी जमलु रावी करूं बोल प्रमाण.
मलिक भणि, 'जे बोल अह्मारि ते माने फुरमाण'. ॥१८२॥

---

१७२ क मोकलीवी. ख मोकलाविऊ. १७३ क बिहु राउते चिचि र-हीन एटलुं अशुद्ध चरण मात्र छे. त्यार पछीना एकत्रीस दोहरा क ख घ मा नथी मात्र ग मां छे. १७५ प्राणिं कोई न थाइ, किहमि.

॥ चूपई ॥

सेजवाल काढि कारण करी पापी पापबुद्धि आदरी.
लोभि एक विटालि आप; लोभि एक करि घण पाप; ॥१८३॥
लोभि एक नर लोपि धर्म; लोभि करइ पाडूंआं कर्म;
लोभि मिली माल आथडइं; लोभि एक नर वाहणि चडइं; ॥१८४॥
लोभि एक विदेसि वलइं; लोभि एक नर पाला पलइं;
लोभि एक दाखवि अणाथि; लोभि बूटां बालि हाथि; ॥१८५॥
लोभि एक फरि दारिद्र; लोभि चोर न आवि निद्र;
लोभि काजि पीयारि मरइं; लोभि कन्या विक्रय करइं. ॥१८६॥
लोभी जमलु वासि म वसे. लोभि एक सेडि सांडसे;
लोभि एक थाइ अन्यान; लोभि एक पडावि बान; ॥१८७॥
लोभि धर्म लोप आदरइं; लोभि सगां सहोदर मरइं;
लोभि एक नर पाडइ वाट, मारइ विप्र नगारी भाट; ॥१८८॥
लोभि एक नर छंडि मान, नीच तणि घरि खाइं धान;
लोभि एक तणूं मन राखि; लोभि एक दीइ कुडी साखि. ॥१८९॥
सेजवाल मनि एवडु लोभ, पाप तणु मनि नाणु क्षोभ.
हैया सरिसु विमासी जोइ लोभ समु नवि मिलु कोइ. ॥१९०॥
लोभ विहुणु जे नर सरइं पद्मनाभ नेह पूजा करइं
सीह मलिक ते राति ज मांहि सेजवालनि देई कलाहि. ॥१९१॥
वली लोभ देखाडिया घणा, टंका आपिया सोना तणा.
कटक चडेवा कहीउं मेल, वेगिं गढि पाडेसि भेल. ॥१९२॥

---

१८३ सेतपालं. १८४ आथडिइ. १८५ चडिइ पुलइ बूंदा. १८७ लोभ जमलु. १८८ आदरिइ, मरिइ. १९१ करिइ.

लाधूं सुपन तेणइ वार. ब्राह्मण देखी करिउ जुहार.
पूछि राय, 'कवण तूं नर?' 'विप्र वेषि हुं गढ जाल्होर. ॥१९३॥
चडिया कटक जु माहरी पूठि; गढ भेलाणु वहिलुं ऊठि.
अछि पाप माहरि जेतलुं, हुं भोगविसु काल तेतलुं. ॥१९४॥
पुण्यवंत प्रीति पामसि वली वंश गढि ताहरुं हसि'.
पाछुं विप्र ग्यु सांचरी. सुपन देखाडि आशापुरी, ॥१९५॥
कीहि, 'पीठि अह्मे जास्यूं आज जे वांछुं ते सीधां काज.
वली वंश नर ताहरि कोइ माहरि वचनि पामसि सोइ'. ॥१९६॥
वली गणेश वुहुणा मांहि एह ज वात जणावी राइ.
चुथूं सपन राय जव लहि, कान्ह स्वामि अइम आवी कहि. ॥१९७॥
एह वात चतुर्मुखि कही. राय विचारि, साचूं सही;
कमालदीन मलिक सु प्रमाण सेजवाल थिउ आगेवाण. ॥१९८॥
माहली राति मलिक दडवडी कान्हमेर गढि चालिउ चढी.
आगलि थिकु वीकमसी गइउं, इसिउ बोल घरणी प्रति कहिउं. ॥१९९॥
हीरादेवि भणि, 'चंडाल सूं मुख देखाडि तुं काल?
जेह पसाइं कीधां राज तेहणूं ते विणसाडयूं काज! ॥२००॥
एक डील नइ कारणि आज गढ भेलाणु. लोपी लाज!
जे नरनि छि करि प्रतिपाल दूध तेहनुं पीइ बिडाल!' ॥२०१॥
करि रीस ऊभी घरबारि गढि दल चडतां देखि नारि
इसिउं बोल हीरादे भणिउं. सेजवाल त्रैबालु हणिउं. ॥२०२॥
सासन आवि ए अहिनाण पडिउ धरातलि गया पराण.
अबला अंगि एतलि आहि हीरादेवि गई गढ मांहि. ॥२०३॥

---

१९४ चडिया कटक अठि. १९७ पुहुणा माहि. १९८ आघेवाण.

राउल भणि गई पाधरी ऊभी रही वीनती करी;
'राउल ! ऊधारिउ वात सेजवाले गढ कीधुं घात'. ॥२०४॥
सुहुणा तणी वात सवि मिली; कान्हडदेवि बूंब सांभली.
कांधिल तणइ साथि तिणिवार दस सहिस धाया झूझार. ॥२०५॥
उलीचि भड जाणी इसिउ राउलि रणवट आलिउ इसिउ.
कांधिल भडिउ कटक मांहि जाइ सीह मलिक मारिउ घण घाइ. ॥२०६॥
मलिक सवे दल मांहि खलभल्या;कान्हमेर जन पाछा वल्या.
कांधलि करिउ सइफलु भलुं राउलि सहु पूर्वि मोकलुं ॥२०७॥
कटक तोरकु सुंडिउ भलुं आठ पुहर कीधुं सइफलुं.
स्वामि काजि एकमना भड्या च्यारि सहस राउत रणि पड्या. ॥२०८॥
उलीचि कर ऊतारीया बार सहस मूगल मारीया.
त्रिहाणा मांहि वात मनि धरइ आव्या राय कोटइ कांगरइ. ॥२०९॥

॥ पवाडु ॥

गमि गमि जुजुउ दल दीठउ, जई संघासनि बइठउ,
वालइ दोट; ऊथला दीइं; कांधिल भडतु दीठउ. ॥२१०॥
राउल भणइ, 'आगि तूं कांधिल ! इसिउ योध न जाणिउ.
खांडा भरत कांगरा कोठइ', इसिउं कही वखाणिउ. ॥२११॥
चाडिउ वीर रासि कांधिल बोलइ, 'राउल जाणि म जाणि.
आगइ अह्मो सवि दीहे एहवा. इणि वेला म वखाणि'. ॥२१२॥

---

२०५ क सहु तणी वात. २०६ ग उलीचि इसिइ राउलजाइ रणवट दूसिइ. २०७ ग सवे मांहि रण खलभल्या कान्हमेर मेछ पाछा वलिया, सहु कटक मोकलिउ. २०८ ख आठिं. २१० क बइठिउ ग कागरिइ. २११ क अज, भरतका करे कोठार. मात्र ग मा आ तूक वधारे छे. 'त्रीजि पुहोरि बाधीउ रणवटि सोनन सारी वार, ऊड्या लोह घणां घड भागां पडति कीधु मार'. ग मां

दीधी झांप पांचसि राउत नीची कांधिल पूठि;
मारी म्लेच्छ पडिया सवि पायक कान्हडदेनी द्रेठि. ॥२१३॥
तीणि ठामि कान्ह ऊलिचि रण बांधीनि घाउ
खरा बिपुहर घणुं दल झगडी पडिउ पछइ घण घाउ. ॥२१४॥
आधी राति जयत देवडु तुरक तणि दलि भडिउ;
मारी मेछ भूंछ मचकोडिया; पछई प्रहारि पडीउ. ॥२१५॥
जयत वाघेलु पुहर पाछलि भलु भडिउ रण मांहि;
मारी म्लेच्छ पडिउ घण घाई; अंगि एतालि आहि. ॥२१६॥
लूणकर्ण माहण लोह नइ चाल्या साहमइ पूरि;
म्लेच्छ सरिसु भडिउ घण घाई, पडिउ ऊगमतइ सूरि. ॥२१७॥
वडाउला अरजन नइ बांधु रणवट कान्हड राइ
सोमचन्द्र व्यास तेडावइ ततखिणि तेडउ जाइ. ॥२१८॥
राउल भणइ, 'तुरक किम लेसि ? व्यास ! वचन उघारु.
वेगि दीउ मसाहाणी आयस; तेजी खांडे मारु'. ॥२१९॥
व्यास कहि, 'करणनि पिरि अन्तकालि दीउ दान.
आपु तुरी, हाथ म ऊडु, एहवू मागुं मान'. ॥२२०॥
मानिउ बोल राउ चहुयाणे; वेगि पाखल्या पाय,
जाणि व्यास लेई ऊतरसिइ, घोडा आप्या राय. ॥२२१॥
चुवीस सइ तुरंगम राउला व्यासि मेहला वाली,
दीधइ दानि पुन्य राउलनइ; इसी वात संभाली. ॥२२२॥

---

२१५ आ तूक पछी छे २१६ नुं उत्तरार्ध नथी. ग मा २१७ नुं पूर्वार्ध आखु अने उत्तरार्धनो प्रथम खंड नथी. २२५ ग जु तम पूठि राहि जीवतू २२५ क गढ जालहुर मेलतां नाथि. ख नाथि.

'घोडा सवि जीवलां मेहलाविवियां ते अह्म पुन्य अनंत.
विप्र तणूं जे धन निग्रहासि ते जासिइ भसमंत'. ॥२२३॥
राउल भणइ, 'इस्यूं कां कीधउं ? व्यास ! प्राण छंडेसि'.
व्यास भणइ, 'कुण बीजउ राजा खांधि पालखी लेसइ ? ॥२२४॥
जुं तह्म पूठि हुं जीवूं तु अपकीरति घण पामूं.
जाल्होरि भेलातइ नश्चि देह आपणुं होमूं'. ॥२२५॥
जयतलदे भावलदे उमादे अनइ कमलादे राणी
जमहर तणी करइ सजाई वात हीआ मांहि आणी. ॥२२६॥
साथि घणी दिकोली सूंडी. करइ आवी नइ वात,
लोक भणइ, 'अह्मे राउल ! ताहरा नहि छांडउ संघात'. ॥२२७॥
पहिलइ पुहरि विप्र ऊचरइ, राउल आसीस मागइ
विवहारिया सवि सकुटंबा, पाए राउले लागइ. ॥२२८॥
राउत सवि तणां जे माणस, तेह साथ नवि छांडइ;
करइ जुहार सूद्र सवि आवी; घरि घरि जमहर मांडइ, ॥२२९॥
गण गायक नि नगरनायिका गाछा छीपा कोली
करइ जुहार, मगावइ आयस, माली नइ तंबोली; ॥२३०॥
कारु नारु नइ विवसाईया आवइ वर्ण अढार,
पाइ लागी नि कामा सारइ आयस करइ जुहार. ॥२३१॥
झालर वावि मांहि अंतेउर लेइ आभरण नखावइ.
पुरुसुं पाणी मांहि बोलाव्युं; गढमांहि कांई न रखावइ. ॥२३२॥
माणिक मोती हीरा आणी सोनां रूपां सार,
ऊंडइ नीरि अणावि राउलि बोलाव्या भंडार. ॥२३३॥

---

२३३ क डरहोने ख डांढनिरी,

चहूयाण कुलि जेह धुरंधर जाणि राज विवेक,
तेडावी वीरमदे कुंयर सिरि कीधु अभिषेक. ॥२३४॥
लागुं पायि; माजी आंसू जणणी दीइ आसीस,
वंशि अझ्झारइ तूं अजरामर प्रतपे कोडि वरीस'. ॥२३५॥
चंदन काठ अगर नइ तुलसी बीली आंबिली आणी
करी सनान देव आदित्य नइ अर्घ्य दीइ सवि राणी. ॥२३६॥
हाहाकार हुउ तिणि वेला; राणी जमहर पइसइ.
सरले सादि सहू हरि बोलइ जमहर इणि परि दीसइ. ॥२३७॥

॥ राग भूछी देशाख ॥

बंधव पुत्र कलत्र धन यौवन जाणि माया जाल,
जिणि दिणि हुइ दैव ऊफराटउ, तिणि दिणि सहुइ आल. ॥२३८॥
हा हा दैव दोस किम दीजि हो किसिउं दीसि वहाण,
ईणि सिहरि अजी न आवि हो हैडा था पाषाण. हा हा. ॥२३९॥
पंनरसि चुरासी गढि जमहर जालोहर निवेस
लोक सवि अंतेउर पुठि हो जमहरि करिउ प्रवेस. हा हा. ॥२४०॥
विषम कर्मगति किम टलइ हो मनि विखवाद म आणि
मुगति भुगति दानेश्वर हो समरि न सारङ्गपाणि. हा हा. ॥२४१॥

॥ चूपई ॥

डुंगर तणां शिखर डगमगइ; थ्युं अजूआलुं साचुरि लगइ.
दिग्गज आठ रहीया अवलोकि. धुम विराल गई सुरलोकि. ॥२४२॥

---

२३५ ग लीब २३७ ग जमले गहिया इम दीसिइ. २४० अंतेउर पूछिइ. २४२ सायर,

आणी वात न लाई खेव, ततखिणि जोवा आव्या देव.
हस्ति चडिउ एरावत इन्द्र, अंतरिखइ सूरज नइ चन्द्र; ॥२४३॥
नैऋत, वरुण, सवि सुर मिली नरवाहन तिहां आविउ वली.
तिहां चुसठि योगिणी हती; हंसि चडी आवी सरसती. ॥२४४॥
गरुडि चडी हरि आव्या अनइ आवी शक्ति सिंघवाहनी.
सप्त रखिश्वर, साचू चवि, ब्रह्मादिक तिहां आव्या सवि. ॥२४५॥
आव्या रूद्र वृषभ सज करी; महिषिसुर आविउ संचरी;
पाछा रहि आवसि खोडि, आव्या सुर तेत्रीसइ कोडि. ॥२४६॥
सरग लोकथी, साचु मानि, सवि अपछरा चाडि विमानि.
सवि देवता अंतरिख रही, दीव्य चक्षु विण दिसिइ नहि. ॥२४७॥
वली मलिक चडीआ तणी समइ ले सिउ घाउ दिवस पांचमइ.
कान्ह स्वामि नइ देहरइ वली करइ विणास वात सांभली. ॥२४८॥
ततखिणि चडिउ राउल कान्ह, सविहुं राउत करियां सनान;
गोपीचंदनि चरच्यां भाल; कंठि धरी तुलसीनी माल; ॥२४९॥
एकमना राउत संचरइ, अंतरखथी अपछर वरइ,
धाइ रणंगणि राउत भला; साहमा मलिक दीइ ऊथला. ॥२५०॥
मलिकपुर नइ कमालदीन; ताजमलिक अनइ हरदीन,
अहिम्मद मलिक नइ ऊमरू, अबू, महिम्मद नइ ऊंबरू, ॥२५१॥
करइ जंघा खोपर खान मीर मलिक मोटा अभिमान,
तिमरस मलिक अनइ बहिराम, बीजा तणां न जाणुं नाम. ॥२५२॥
अंगोअंगि भडइ मनरंगि, सहि प्रहार तेहनि अंगि.
हठि चडिउ सोनगिरु राउ प्राणि बि हथि मेहलइ घाउ; ॥२५३॥
दीइ ऊथला साहमा मंडि; वीर हाक वाजी ब्रह्मांडि.
राउत नवि पाछा ऊसरइ, उपरि पुष्प वृष्टि सुर करइ. ॥२५४॥

---

२४४ भारती. २५१ क तोगां मलिक. २५२ ग कहि री आरी पापस्थान.

साहमा छइ सपराणा मीर. सींगिणि थिका विछूटइ तीर,
ऊघाडां खांडां फरहरइं, वीज तणी परि झबका करइं. ॥२९५॥
देव दैत्य जेणि परि भडइ, बेहु कटकना पायक पडइ.
आगइ कुरुखेत्र घाउ जिस्या, हींदू तुरक भडइ रणि इस्या. ॥२९६॥
पूठिं रह्यु करइ संधान, बा पुकारइं राउल कान्ह,
नाम नाम लेई भूपाल बोलाविं परठइ कर माल. ॥२९७॥
राउत वली वीर रसि चडइ; वच्छु सुहड साल्हु रणि पडइ.
रहीउ थिर नइ लीधा घाउ; जीव उगार्या छांडी ठाउ. ॥२९८॥
महिता, कुंडलीॅया, टावरी, भला भडया रणि आदर करी,
लुहडु सेलहत चुरासीया चडि कटकि ते नासी गया. ॥२९९॥
अरसी मेरु वजसी वली सांगु सिलार सूलणु मिली
जेमु लखमण छलभु जाणि ए नासत नाठा निरवाणि. ॥२६०॥
आगइ भड सपराणु हतु रीछु राउत नानु पतु
अरजन वीहलु नइ मुलराज धांधल सूसोमु ग्यु भाजि. ॥२६१॥
बापलदे महीयडि परि सुणी नाठु धूंधलीउ साहणी
भोलइ नइ नरसइ चालीया राठुड रणवटि नासी ग्या. ॥२६२॥
दीठू दल नि आवी हारि जगसी नाठउ धरम दूआरि
कर्मसीया रयणी नि दिनि फूट रसीया नाठा इम मानि. ॥२६३॥
करिं हाक जिम ऊडइ माल; भला भड्या अरजन अडवाल,
लूणकरण, माल्हण, भाणसी, रणवटि आल्हणसी; लूणसी. ॥२६४॥
वेढि तणा जाणि परपंच सोम तणा रणि भडिया पंच.
मेघु, सोमु नइ देवाईत, मूलराज, त्रिकु नइ नइ जीत, ॥२६५॥

---

२५७ क ख बा पुकारइ. २५९–२६० मात्र ग मां ज छे. २६३ क ख मा उत्तरार्ध छ नहि. २६५ क ख नि बाणजयत.

आल्हणसी, महीडु, भीमसी रणवटि सांतलु नइ सोमसी,
करी हाक हठ रणि आदरिउ; एह भडी नि भारथ करिउ. ॥२६६॥
महिप जीत, कीका, हरपाल, साहासुत मेछना काल,
मंडलीक मारू झूझार, एहं राउति रणि कीधु मार. ॥२६७॥
वीरम, लोहडुउ, वीरम नाणि, कीतल, भुभु, भडिउ प्राणि.
राऊतु अभंग अबीह, देवसी नारद बे सीह, ॥२६८॥
तेजु, मुंजु, वछि राउत, भलउ भडिउ कान्ह गहिलुत
धीरू साह दलहर स्यूं जाणि लीधा घाउ धूंघ नि भाणि. ॥२६९॥
पूनराज राउत खांतल वली सूडिया राजड रणमल्ल,
सामती साहड बजूड, जिणि हम्मीर न जाणिउं कूड; ॥२७०॥
सींघल, सहसमल्ल झूझार, झांझण नि पासु पडिहार,
बाचु, भीम, खबड, वीकल, भलु भडु राउत सांतल. ॥२७१॥
साल्हु सोभत सूर अपार, सवि सुभट सबला झूझार
पूनल, भूजि अनि भारमल्ल, लाखणसी, महीडु, रायमल्ल, ॥२७२॥
साल्हु, राउत नइ धारसी, एता सवि हुआ साहसी.
मूंजग, मेरु, सामतसीह तेजु, सूड बि नि अबीह. ॥२७३॥
बीजड, लीबु, कडुउ जाणि, भडारी भड भलु वखाणि,
बारहीउ गोल्हण आदरइ ए राउत रामायण करइ. ॥२७४॥
खीमु, वीकु नि पदमसी, भला भडि मोल्हण, मोखसी,
भेडसी भड सणीइ साहसी, कुयरपाल, तालु, खेतसी; ॥२७५॥
पूनु, आसुड, बीजड, बेउ धारसी नइ ईपु जेह,
ए राउत एकमना जाणि रणवटि भला भड्या भुज प्राणि. ॥२७६॥

---

२६६ २७१ मात्र ग मा छे. २७२ उत्तरार्ध मात्र ग मा ज छे. २७३ उत्तरार्ध मात्र ग मा. २७५ थी २७६ अने २७७ नुं पूर्वार्ध मात्र ग मा ज छे.

मई सांभली आगिली भाष, रणि राउत मूआ पंचास.
हींदू भडिया इणि परि घणा; भज्या अंगरख राउल तणा; ॥२७७॥
एकमनु तुरक सिउं भडिउ जयकर्ण राय साथिइ पाडिउ.
जेहे राउते अंगम्यां लोह, तेणि मार्या मेछ संमोह. ॥२७८॥
स्वामि काजि एकमना भज्या भला ग्रासीया जे रणि पड्या !
रणि सीफलूं न ग्या जे छंडि ते किरती पाम्या नवखंडि ! ॥२७९॥
धारा तीरथ पाम्या जेह अमर लोकि सवि पुहुता तेउ !
जेह तणी घरणी घरबारि छंडी पूठि गई भरतार. ॥२८०॥
ते सरिसु गंभीर विवाद करि अपछरा अंतरि वाद !
दिव्य कुसुम माता अणुसरइ, राउत रंगि अपछरा वरइ ! ॥२८१॥
पूठि न ग्या जे राउल तणी ते अपकीरति पाम्या घणी.
जेह पसाइ पहिर्यां सार पट्टकूल, पहिर्यां सिणगार, ॥२८२॥
गृध्र सेन रूयाळु फरिइ; आमिष लोभि चंच वावरइ.
पडिया योद्ध थिउं बीहामणूं कटक तोरकुं भांगुं घणुं. ॥२८३॥
मारिया म्लेच्छ, असंभव करिउं; धायु लोह; पाछु ऊसरिउं.
करी वेढि गढ माहिल्या मांहि आगरखे पधारिया राय. ॥२८४॥
व्यास भणि, 'राउल अवधारि देव वचन यो यो विचार.
आगइ धारा तीरथ एक वली पामीइ पुण्य विवेक' ॥२८५॥
राउल भणइ, 'व्यास ! कुल साखि,ताहरूं घूम न जोउ आंखि.
थाउं उसीकालि अवसरि भलि; दीधुं वचन जन्म आगलि. ॥२८६॥

---

२८० थी २८१ मात्र ग मा ज छे बसें व्यासीमी पछी नीचेनी तूक क्षेपक छे. अन्वय अस्फुट छे अने मात्र ग मा ज छे.

'ते काया आणी परिताप गढ छांडी ऊगारूं आप.
अंतरि पखि पहारे पडइ वली दोट पंखीया पडइ.'

२८३ क ख रूयाळ्या ग रुयाळु.

अल्लूखाननू भाजी खंध रुद्र तणु छोडाविउ बंध.
निरपराध जे मारिउ वालि प्रतिपन्नूं पालुं शिशुपालि. ॥२८७॥
पृथ्वि तणु ऊतारिउ भार; मेछ तणु कीधुं संहार'.
संवत तेर भणीजइ जिसइं अठसठु संवत्सर निसइं, ॥२८८॥
ते वैशाख मास पंचमी, शुक्ल पक्षि सवि अरिअण दमी,
तिणि दिवस हुउ बुधवार, सकल लोक प्रतिपालणहार. ॥२८९॥
कलियुग मांहि देव अवतरी वचन आपणुं साचुं करी,
आदि पुरुष भणीइ अभिराम पामिउ वली आपणु ठाम. ॥२९०॥
जे मारंतां मलिक ऊगर्या करवा वेढि वली सांचर्या.
चाहुआण कुलि साहस धीर बोलिउ वीर वचन गंभीरः— ॥२९१॥
'सवि झूझार खडग वावरइ मारी म्लेच्छ रामायण करइ !'
वीरमदेवि संग्रामण काज ऊठ दीहाडा कीधू राज. ॥२९२॥
अंतेऊरी अकुलीणी नथी; जमहर तणी करि सामथी.
स्नान दान देहरासर करी जमलि रही सवि अंतेउरी; ॥२९३॥
राणी वचन उचरइ इसिउं, 'एकोतर कुल अजुआलसिउं'.
राम राम वाणी उच्चरइ. सजन लोक नइ आंसू खिरइ. ॥२९४॥

॥ राग ? ॥

रूपिं सलूणडी सवि साहेलडी वेलडी रहीरे निहालतीरे.
टोडडे आवीय आंसूडां रहावी य जालहुर परबत वधावीउ ए. ॥२९५॥
सुंदरी सोहामणी परबत ऊपरि घणी,
आणि रे जंमारइ मोकलामणी ए. ॥२९६॥

---

२८७ क नरापराध चालि, २८८ क अठसठइ संवछरि २८९ क हतु ग शुक्लपाखि. २९५ क ख राग छाऊली, ग राग प्र (?डा) ढुली.

सर्व गुण जाण नइ वांशि (वलि) चहुआण नइ
वीर अवतारयो चहुयाणनिं ए ॥२९७॥
वली रलीआमणु अरधासन वीरम तणु.
अह्मे पामस्यूं सोनगिरि बइसणु ए. ॥२९८॥

॥ चूपई ॥

राणी वचन इस्यां उच्चरी जमहर तीरिं गई संचरी;
पावक विषम सेव्यु तिणि रंगि, आहुति करि तेहने अंगि. ॥२९९॥
वीरमदे जाणिउं अनुमानि वीटी तुरक झालिसइ बानि,
वीर वचन मुखि विसमां जंपि ऊठी ऊरि कटारि चंपि. ॥३००॥
राउल तणइ अंगि उछाह, ऊपरि दृढ बध्या सन्नाह.
वढवा सारूं कोपि धडहडिउ तुरक तणइ दल साहमु चडिउ. ॥३०१॥
चडिउ रोसि राउल तिणि समइ; लोहतणी झड कुण अंगमइ ?
लघु वय कुंयर आविउ भार; राउत भला करइ हथीयार; ॥३०२॥
बोलइ बिरद सवि बंगाल; हींदू तुरक मिल्या रणि ताल.
हींदूए रणि लाधुं लाग; मारी म्लेच्छ मेह्लाव्या माग. ॥३०३॥
खरे बिपुहुरिं कटक तोरकुं झगडिउ राय रणंगणि थिकुं
वीरमदे खडग घण घाइ मारी म्लेच्छ पडिउ रण मांहि. ॥३०४॥
हईइ घणु मनोरथ हतु, 'वीरमदे साहस्युं जीवतु'.
ऊपरि मलिक गया सवि मिली; दीठउ राउत नवि पूगी रली. ॥३०५॥
जोयुं अंग तणइ अनुरागि तुरक ऊगरिया दसमि भागि,
सरोवर पालि तलहटी अनि लाख बि च्यारि गोहरि नीपनी. ॥३०६॥
जोवा मसि मलिक तिणि वार; ऊपरि चडिया; धखइ अंगार !
हुई मेलाणि वात ए जिसइ, ददा सनावर आवी तिसइ. ॥३०७॥

---

२९७ ग अवगुण ज्याणवानि वंश वली भाणनि. ३०० क ख उर्डा उदरि.
३०२ ग लघु वि (=वय)

हईइ दूहवण आणी घणु मुख दीठु वीरमदे तणु.
बांदी बोलइ आंसू भरीः—'धन्य धन्य जीणणी ताहरी !' ॥३०८॥
पूर्व प्रेम हईइ धरी साचु बोल कहिउ कूयरी.
रत्न जडित पांजरूं अमूल, चंदन, अगर, जायनां फूल, ॥३०९॥
वीर वदन बहिकि एवडुं, चंपा कुसुम अनइ केवडुं;
इणि परि जत्न घणेरां करी लेई मस्तक ढीली सांचरी. ॥३१०॥
पुहुती वेगि नयर योगिनी असपति राइं वात सवि सुणी.
पातशाह मनि आणइ शोक. तनखिणि जोवा आवि लोक. ॥३११॥
ददा सनावर तेगइ कालि मस्तक धर्युं कनकमइ थालि.
असपति राय तणी कूंयरी जोवा आवइ अंतेऊरि. ॥३१२॥
दीठउ वीर वदन तीणि ठाइ; खित्रीतेज न सहिणु जाइ !
पामिउ उदय जसिउं अकलंक जिसिउं पुनिम तणु मयंक ! ॥३१३॥
जिस्यां कमल युग नयन विशाल! तिस्यूं आगिलुं दीसइ भाल.
अंतेउरि भणइ, 'किरतारि इस्या पुरुष सिरज्या संसारि !' ॥३१४॥
लागू वली अणुरु मानि; जोतां आवइ मरण निदानि;
कुंयरी भणइ प्रतिज्ञा जाणि 'आगइ वचन दीउ चहुयाणि. ॥३१५॥
वीर वचन न लोपइ आपणू—मुख नहीं जोउं कुमरी तणू'.
माणसनु तु ए विवहार बोल बाप एक ज सार. ॥३१६॥

॥ दूहा ॥

जे सुकलीणा साहसी, मरणि न मूकइ माण.
मस्तक ऊफराटिउ थउ वीर तणुं चहुआण ! ॥३१७॥
सिद्धि निरंतर ते लहइ, सत्त न छंडि जेउ.
मरण पूंठि पामिउ वली कीरति वीरमदेउ. ॥३१८॥

---

३१० क ख महिमा एवडु. ३१३ क सहाणु जाइ. ३१४ क तेज आगलुं. ३१६ क मुख न जोयुं. ग मां उत्तरार्ध नथी.

एक असंभम ते भणू (जे) नीर तरिया पाषाण;
मरण पूठि मुस्तक फिरिउं ए बीजुं परमाण !' ॥३१९॥

॥ राग मालव सु सामेरी ॥

पूरव प्रेम संभारीउ, आंसूडे भीनु हारजी;
गुण फीटी अवगुण थया;'अह्म काहि कारण सिणगार जी ? ॥३२०॥
सगुण सलूणा राउल ! रूसणु किस्युं ?
हूं तां प्रेमगहेलडी तुं सोनगिरु चहुआणजी. सगुण. ॥३२१॥
तुं ता प्राणइ माहरु, हुं तां ताहरी घरि नारि जी;
जनम एक अंतरि गयुं, सो नेहलु म वीसारी जी. सगुण. ॥३२२॥
हईयलडु घणु गहबडचु, तुं सुणि न अह्मारा नाथ जी !
तुं अमरापुरि सांचरिउ, हुं मरणि न मेहलुं साथजी'. सगुण. ॥३२३॥

॥ चउपई ॥

कुंयरी कारण हईइ धरइ, थई ऊफरांटी आंसू भरइ,
कुंयरी तणु अंग खलभलइ. लिख्यु विधाता ते किम टलइ ? ॥३२४॥
यमूना नदी जई तिणि वारि मस्तक तणु करिउ संस्कार,
मरण भणी एकमनी थई मा मंदिरि मोकलावा गई. ॥३२५॥
पातसाहने चरणे लागी वेगि सांचरि आयस मागी.
अबला अंगि एतालि आहि झंपाविउ यमुना जल मांहि. ॥३२६॥
नर नारी बि पुण्य प्रसंगि देवलोकि पुहुतां मन रंगि.
आगइ अवधि कही कुंयरी वचन सवि हईइ धरी. ॥३२७॥
आठ मासि अवधि परिमाण पामिउ मरण पछइ सुरताण
कान्ह तणु उत्तम अवतार कलियुगि खटू दर्शन दातार. ॥३२८॥

---

३२० क राग मालप ग राग भाव सु सामेरी. इम काहि कारणि सवि सिणगारजी, राउत सू रूसणू करू. ३२२ थ उत्तरार्ध नथी. ३२३ क गहबडयु, मरण, ग अचरिज हईयडू घणू गहिबरू. ३२४ ग आसू धरिइ. ३२५ ग गई वीर मुस्तक करि सव (स) कार.

तिणइ वंशि वीरमदे नंद मेगलदेव, थउ आनंद
सोनागिरा कुलि साहस घणूं अंबुराज मेगलदे तणु. ॥३२९॥
पद्मनाभ मति बोलइ इसी आंबा तणु पुत्र खेतसी
लक्ष्मीवंत खेतसी तणु अखयराज सोनागिरु भणु. ॥३३०॥
ब्राह्मण तणा कराव्या याग; सवा लाख जिणि दीधा त्याग!
अखयराज केतलुं वखाण? जिणि सवि सांभल्या पुराण! ॥३३१॥
पुण्य तणी कीरति विस्तरी, विष्णुभक्ति जिणि साची करी,
भोजन वार नितु आखिराज अतिथि भणी मुकावि बाज. ॥३३२॥
जनम लगइ जयवंतु सुणुं; परनारी सहोदर भणुं;
अखयराज उत्तम अवतार, जेहना पुण्य न लाभइ पार! ॥३३३॥
जिणि कीरति कान्हडदे तणी अखेराजि अजूआली घणी.
वीसलनगरु नागर एक पद्मनाभ कवि पुण्य विवेक ॥३३४॥
एहवूं बिरुद आदरइ अनि लही बुद्धि कविजन रंजनी
माय भारती तणइ पसाइ अक्षरबंध बुद्धि रस थाई. ॥३३५॥
आखिराज सीखामण सरी पद्मनाभ कीरति विस्तरी.
सांभलतां सरीर उल्लसइ चूपई बंध असी सात सइ ॥३३६॥
च्यारि खंड जस्या नवनीत; दूहा चूपई मधुरा गीत,
पंचतालीस सु पूठि वरीस, मास मागसिर पूनिम दीस, ॥३३७॥
संवत पंनर बारोतरू, तिणइ दिनि सोमवार विस्तरु.
जालहुर गढ उत्तम ठाउ राउल कान्ह मालदे नाउ; ॥३३८॥

---

३२९ ग अलबराज मेगलदे तणू. ३३० ग लखमीचद तणु खेतर्सा तणु आपणि राजि सोनगिरा तणु. ३३१ ग आपिराज केटलु वखाण. ३३२ ग वारि नितु आपिराज. ३३३ ग जन्म लगि जिवंतु आखिराज. ३३४ ग आपिराजि अजूआली ३३५ एहवां पुण्य आदरि. ३३६ क इसी सातमइ ग आपिराज सीखामण. ३३७ क जेह्या पच तीजसु पूठि ख पंच तान सुपूठि ग जस्यां निशिदीस. चुपई.

पद्मनाभ मति आणइ नवी तेह तणी कीरति वर्णवी.
एक चित्त जे नर सांभलइं, तेह तणां सवि दुष्कृत टलइं. ॥३३९॥
जे फल लाभइ दीधइ दानि, जे फल गंगा तणइ सनानि,
जे फल हुइ तप कीधइ सदा, जे फल हुइ दर्शनि नर्मदा; ॥३४०॥
जे फल सत्य वचन प्रमाण, जे फल हुइ सांभलि पुराण,
जे फल लहि तापसि सवि, जे फल हुइ बंध छोडवि, ॥३४१॥
जे फल पामइ कीधइ जागि, जे फल भेटि हुइं प्रयागि,
जे फल पामइ गंगाद्वारि, जे फल हुइ भेटि केदारि, ॥३४२॥
जे जल हुइ विद्या उद्धरि, जे फल भेटि गोदावरी,
जे नारायण दीठइ नेत्रि, जे फल हुइ दानि कुरुक्षेत्रि, ॥३४३॥
जे फल पामइ साहसि सती, जे फल माह मास गोमती,
जे फल लही द्वारिकां खट मासि, जे फल भेटि हुइं प्रभासि, ॥३४४॥
जे फल हुइं मुक्तिपुरी साति, राम नाम उच्चरइ प्रभाति.
कान्ह चरित्र जिको नर भणइं, एक चिति जिको नर सुणइं; ॥३४५॥
तीर्थ फल बोल्यूं जेतलूं पामइ पूण्य सवि तेतलूं.
पूण्यि संग सवि सज्जन मलइं; पूण्यि आस मनोरथ फलइं. ॥३४६॥
प्राकृत बंध कवित मति करी कलयुगि कथा अभय विस्तरी.
चाहूआण कुलि कीरति घणी पूरु आस सविकह तणी. ॥३४७॥

---

३४० क ख वली नीर्मली. ३४४ क नाह्या हुइ हुइ द्वारका भेट्यां हुइ प्रभासि. ३४५ क सुगति पुरी साति जे जे भणइ जो कनर सूणइ. ख जे के नर. ग विष्णु भक्ति करिइ दिनरात्रि. ३४६ क प्रेम संगि सवे जनमिलइ पूज्येइ ख पूज (?र) इ. ३४७ क पूजू आस. ग पूगि आस सविकह तणी पछीथी 'पद्मनाभ मति पंडित भणी आशा पूरि सविकह तणी.

સ્ફુટ વિવેચન.

૧. **ग[illegible]न**=ગણપતિ. **वीनवूं-अप०** [illegible]-અમ્‌નું ઊં; ગુરૂત્વના કારણથી સ્વર દીર્ઘ. **ब्रह्म[illegible]ता**—બ્રહ્માની પુત્રી–સરસ્વતી; માપ સારૂ એવડી **त्ति** કરેલ છે. **बन्धप्राकृत**–પ્રાકૃતબન્ધ–પ્રાકૃતભાષામાં રચના. **प्राकृत**–સસ્કૃત નહિ તે–પ્રાકૃત લોકની ભાષા–ગુજરાતી. **दिउ**–આપો. **मुझ**–મુજને–મને.

૨. **धुरि**–આરભમાં. **यादव[illegible]ळे**–જાદવકુળમાં; ચાલુ સપ્તમીના પ્રત્યય ' એ 'નું પૂર્વરૂપ. **सं० कुले-प्रा० कुळे**–જૂ. ગુ. કુલિ–વ. ગુ. કુળે. **निकन्दीउ**–સેટ્‌ના ઇકારાગમમાં જૂના કર્મણિ પ્રત્યયનો ભ્રમ. **श्रीकन्त**–લક્ષ્મીના પતિ–શ્રીકૃષ્ણ.

૩. **जिणि**–જેણે; ત્રીજી વિભક્તિ. **गाहीऊं-सं० गाह्**–ઝંપાવ્યું. **भुयंग-सं० भुजङ्ग-प्रा० भुअङ्ग**–જૂ. ગુ. ભુયગ–ગુ. ભોરગ, સરખાવો ભૂયસી (દક્ષિણા)–ભૂરસી.

૪. **वाणी-सुरंग**=જેની ઉક્તિનો એકેકો બોલ કેવળ રસમય છે એવો. **सोनगिरा**=જે ડુગર ઉપર ઝાલોર નગર અને કિલ્લો હતો તેનું નામ સોનગિરિ–સુવર્ણગિરિ–કનકાચળ–હતુ, ત્યાં રહેનારી ચોવાણોની શાખા, એ ચોવાણો સોનગિરા ચોવાણ અગર એકલા સોનગિરા કહેવાતા. **तणी**–સસ્કૃતમાં તદ્ધિત પ્રત્યય છે; પુરાતન પ્રા૦ 'કેર' (જે ઉપરથી કેરો–કેરી ઇ.) અને 'તણ' શબ્દ સંબંધાર્થે યોજાય છે; તેમની પૂર્વે ષષ્ઠી પણ આવે છે. જૂ. ગુ. મા સંબંધાર્થ શબ્દ તરીકે વપરાય છે–સો-નગિરા તણી=સોનગિરાની. **तिणि**–તેણે; ત્રીજી વિ. **चंग**=સારી–મ૦ ચાંગલી–હિં૦ ચંગા. સરખાવો ગુ. કહેવત. ' મન હોય ચંગા તો કથરોટમાં ગગા. '

૫. **जाणीइ**–પ્રાકૃત કર્મણિ પ્રત્યય બે છે, **ईअ** અને **इज्ज**. પહેલા ઉપરથી જૂનો કર્મણિ **ई** પ્રત્યય થયો. હાલ એ પ્રત્યય દેખીતુ–જાણીતુ–ઓ-ળખીતું–માનીતું વગેરેમાં રહ્યો છે. જૂનુ વર્તમાન, ત્રીજો પુરૂષ, એક-વચન કર્મણિરૂપ. **तास-सं० तस्य-प्रा० तस्स**–તાસ, છઠ્ઠીનું એક-વચન. **कान्हड[illegible]ह**–કાન્હડદેની. ઘણુ કરીને **प्रा० स्स** ઉપરથી **ह** છઠ્ઠીનો પ્રત્યય. સરખાવો. ઇન્દ્રહ–**का० प्र० १ । ९.**

૬. **नवकोटी**—જેમાં નવ કોટ–દુર્ગ આવ્યા છે એવો દેશ. નવ કિલ્લા હોવાને લીધે મારવાડ નવકોટી મારવાડ કહેવાતી. જૂવો ટોડરાજ-સ્થાન, તેમજ એલ્ફિન્સ્ટન.

> **मंडोवर** સામંત. હુવો **अजमेर** સિદ્ધ સુવ.
> ગઢ **पूंगल** ગજમલ્લ. હુવો **लोद्रवे** ભાણુભુવ.
> અલ્હપલ્હ **अरबुद**. ભોજરાજા **जालंधर**.
> જોગીરાજ **धरधाट**. હુવો હાંસુ **पारक्कर**.
> નવ કોટ **किण्डु** સંજુગતુ થિરપવાર હરથાપિયા.
> ધરણીવરાહ ધર ભાઇયાં કોટ બાંટ જૂ જૂ કિયા.

धण–ધન; **कण**–ધાન્ય. **सविकहि**–સહુ કોઇને. **कप्पडकणय**—કણયકપ્પડ–કિનખાપ; **फा०** કમખાબ. કવિતામાં આમ શબ્દ ઉલટપાલટ કરવાની છૂટ છે.

૭. **कणय चल**—કનકાચલ–સોનગિરિ–જે ડુગર ઉપર ઝાલોરનો કિલ્લો છે તે. **ठाम**–ઠેકાણું. સ્થાન. **तणु जाबालि**–જાબાલિતણુ–જાબાલિનો. જાબાલિપુર–ઝાલોર, પ્રાકૃત કવિતામાં આમ શબ્દ ઉલટપાલટ કરવાની છૂટ છે. સરખાવો. **का० प्र० १ । १. तहीं लगइ**–તે કારણથી જૂ. મ. **त्याला लागुनि**; એથી પણ જૂનું મ. રૂપ **त्याला लागुनिया**. **जम्पइ**–કહે છે; **सं० जल्प–प्रा० जम्प; जम्पइ= कथयति दे० ना० मा०.**

૮. **इसी**—એવી. **निद्धि**–ધનપતિ–કુબેરના ભંડાર. એ નવ ગણાય છે.

> **महापद्मश्च पद्मश्च शंखो मकरकच्छपौ ।**
> **मुकुन्दकुन्दनीलाश्च सर्वश्च निधयो नव ॥**

૧૦. **सहोदर**–એક ઉદરથી જન્મેલો–ભાઈ. **स्यूं–सं० समम्**–જૂ. ગુ० **सिउं**–શુ, સાથે. **कूंयर–सं० कुमारः–प्रा० कुमरो**–ગુ. કુવર, રાજપુત્ર.

૧૧. **हठ**, નરજાતિમા વાપર્યો છે. હાલ એ શબ્દ નારીજાતિનો છે. **पुहवि**–પૃથ્વીમાં; સરખાવો ભૂમિ, **का० प्र० १–३३.** તેમ જ રાતિં, **का० प्र० १–१५५.** આ રૂપ ઇકારાંત નારીજાતિમાં જોવામાં આવે છે. **प्रा० पुहुवी**, હિં० **पुहुमी.**

૧૨. **आपणइ**—આપણે, પોતાને–**सं० आत्मन्–आत्मीय प्रा० आपण**..

૧૩. **सारंगदे**—બધી પ્રતોમાં રાજાનું નામ કર્ણદેવ નહિ પણ સારગદેવ આપ્યું છે. રાજા અને યુવરાજ બન્નેને નામે રાજ્ય કરવાનો રિવાજ હોય એમ જણાય છે. ચોટણ ગામમાં મળેલા વર્તમાન સંવત ૧૩૫૫ના એક લેખ ઉપરથી જણાય છે કે ઝાલોરમાં **कान्हडदे** અને **सामतसिंह** જોડે રાજ્ય કરતા હતા. પાટણમાં સવત ૧૩૫૩ માં (રામદેવ અને) **सारंगदेव** અને પછીથી **सारंगदेव** અને **कर्णदेव** (૧૩૫૩) જોડે રાજ્ય કરતા હતા. **कर्णदेव,** રામદેવનો દિકરો એટલે **सारंगदेव**નો ભત્રિજો હતો એમના વખતમાં પ્રથમ **मल्लदेव** અને પછીથી **माधव** કારભારી હતા. **बोलाइ**–નવું કર્મણિરૂપ. **अवगणिउ**–અવજ્ઞા કરી–અપમાન કર્યું–દૂભવ્યો. **बम्भ–सं० ब्रह्मन्, प्रा० बम्भो,** જૂ. ગુ. **बम्भ, बम्ब,**–બ્રાહ્મણ. અમદાવાદમાં 'રઘનાથ બબની' પોળ છે. 'અમો પશ્ચિમ બુદ્ધિ **બંબ** કહાવું સદા' કવિ બહદેવજીની–ભમરગીતા. ક. ૨૮. અપ્ર કા. અં. ૭ જોડો જોડો બંબ. અહીં બ્રાહ્મણના જ અર્થમાં વાપર્યો છે. **तांहिलगइ**–તે કારણને લીધે, તેને લીધે; જૂ. મ. **त्या लागुनी.**

૧૪. **मूलगु–प्रधान**–મહામાત્ય. **जु**–જો. **तुरकाणं**–તુરકો–મુસલમાન; સરખાવો 'ઓદાણું તરકાણું' **अरहूं– सं० आरात्**–ગુ. ઓરૂં, કચ્છી૦ ઓડો. છેલ્લા બે વર્ણ છૂટા લખ્યા છે છતાં બેની એક વરડી સમજીને ઉચ્ચાર કરવાનો છે. ત્રણ માત્રાનો શબ્દ છે; સરખાવો કલહુ **का० प्र० १–२६.**

૧૫. **आगिलां**—આગલ્યાં–પૂર્વ જન્મનાં. **सालग्राम**–ગડકી નદીમાં થતો ગોળ કાળો પત્થર, જે વિષ્ણુ તરીકે પૂજાય છે.

૧૬. **कीजइ**—તદ્ભવ કર્મણિરૂપ; **सं० क्रियते—प्रा० किज्जइ. जाग**–યજ્ઞ. **त्याग**–તાગ–દાન. **पीपल**–પિંપળો.

૧૭. **स्मृति**–પ્રાચીન શાસ્ત્રકારોએ રીત રિવાજ, ક્રિયા, ધર્મશાસ્ત્ર, રાજનીતિ વગેરેના ચાલતા આવેલા નિયમો યાદદાસ્ત ઉપરથી જેમાં લખ્યા છે તે ગ્રંથો; **सं. स्मृ**–યાદ રાખવું. જૂદા જૂદા યુગમાં જૂદી જૂદી

સ્મૃતિને પ્રાધાન્ય અપાતું. મનુ, યાજ્ઞવલ્ક્ય, શંખલિખિત, પરાશર એ મુખ્ય છે. **पुराण**—સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ ને નાશ સંબંધી, સુર, અસુર, ભક્ત, જ્ઞાની સંબંધી, મનુઓ તથા તેના વંશજો, એઓના ઇતિહાસ સંબંધી વિષયવાળા ગ્રંથો. મુખ્ય ૧૮ પુરાણ છે. બ્રહ્મ, પદ્મ, બ્રહ્માંડ, અગ્નિ, વિષ્ણુ, ગરૂડ, બ્રહ્મવૈવર્ત, શિવ, લિંગ, નારદીય, સ્કંદ, માર્કંડેય, ભવિષ્યત્, મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન ને (દેવી) ભાગવત. **नवखण्ड**–હિંદુશાસ્ત્ર પ્રમાણે પૃથ્વીના નવ ભાગ કર્યા છે તે; ઇલાવૃત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરૂષ, કેતુમાલ, રમ્યક, ભરત, હિરણ્યમય અને કુરૂ.

૧૮. **ढीली**–વૈદિક **सं. इल्हा–सं. इढा**– જૂ. ગુ. ઢીલી, ગુ. દીલ્હી–દીલ્લી. **नयर योगिनी**–યોગિનીનગર–યોગિનીપુર–દીલ્હી. ઉલટાવેલો ક્રમ. પૃથુરાજરાસામાં આ નામ આપે છે.

૧૯. જૂઓ પ્રાસ, દીવાણ અને સુરતાણિ. 'અ'ની સાથે અંત્ય હ્રસ્વ ઇ-ઉ નો ઘણીવાર પ્રાસ મેળવ્યો છે. **दीवाण**–પાતશાહનો મુસલમાન કારભારી. **साची–सं. सः**–ની છઠ્ઠીનું એક વચન. તેની. **सुरताणि**–ત્રીજીનુ એક વચન. આ તૂકની પછી માત્ર પૂનાની **ग** પ્રતમાં નીચેની લિંટીઓ છે

'पातसाह नवि जाणि सिद्धि; माधव महिति मांडी बुद्धि,
छूटि घोडा पाणीहारि, हंस तुरी बि पुहुरि वार. १
दिन इकेकु छोडी दीइ; ते साहण मसा . णी लीइ
त्राणि सिं साठिं गगाजल तुरी एक वालि ते तेजी तुरी.' २

'માધવે અલાઉદ્દીનને ત્રણસેને સાઠ ઘોડા નજર કર્યા;' રાસમાળા.

૨૦. **लास–सं. राशि**–ઢગલો–જથ્થો, ઘણુ. **ऊंबरे**–અમીર ઉપરથી બહુવચન ઉમરા. **अरदास**—અરજ, વિનતિ; **फा. अर्जदस्त. ; कद्दम**–આગળ–પહેલો–મોખરે ચાલનાર, સરદાર; **फा.**

૨૧. **परधान**—પ્રધાન, પાતશાહ આગળ દીવાન અને પ્રધાન એમ બે જૂદા જૂદા અમલદારો રહેતા. પ્રધાન હિંદુઓ જ થતા. **असपति**–અશ્વપતિ, ગજપતિ, નરપતિ અને રથપતિ એવા ઇલ્કાબ રાજા-

ઓને લગાડાતા. અલાઉદ્દીનને અશ્વપતિ કહેતા. અથવા **सं. असि**–તરવાર ઉપરથી. જૂવો ટૅાડરાજસ્થાન.

૨૨. **खम्भायत**–ખંભાત. સ્તમ્ભાવતી–સ્તમ્ભ=થાંભલો દીવાદાંડીવાળું શહેર–બંદર, ખંભાતનું જૂનું નામ ગ્યાનિ અગર ગ્યજનિ હતું. જૂવો ટૅાડરાજસ્થાન. તેમ તામ્રવતી નામ સારૂ જૂવો ખભાતનું ગેઝિટિયર. **मांगलहुर** માંગરોળ. **साहसी**–અવિચારી.

૨૩. **सरुह–सं. सरुज**–ગળગળો, પીડાયુક્ત. **फरीआदि**–અરજ, વિનતિ. **गहिलु**–ઘેલો, **सं० ग्रह** ઉપરથી.

૨૪. **अनुराग**–પ્રીતિ. અહીં અધમ અર્થમાં વાપર્યો છે–વિષયવાસના. **भच्छ करइ**–ભક્ષ કરે છે–ખાય છે. **पडीआर**–મ્યાન. **पटु**–તરવાર; **सं. पत्र. अंगरख**–અગરક્ષક. **जमलु**–જોડે–સાથે; **सं. यमल** જોડકુ. સરખાવો જમલાર્જુન–ગોકુળમાં જોડેજોડે ઉગેલાં આંજણનાં બે ઝાડ–શાપિત થયેલા યક્ષકુમારો–જેને શ્રીકૃષ્ણે ઊખળું ભેરવીને પાડયાં અને યક્ષ કુમારોને મુક્તિ આપી હતી.

૨૫. **चाटुउ**—કડછી, ચાટવો. **सूआर**–રસોઇયો. **सं. सूपकारः**. રાજા જમવા બેસે તે વખતે, કદાચ ગુસ્સે થઇને મને મારી નંખાવશે એવી બીકે રસોઇઓ બારણાં અદખોલાં કરીને હાથ લાંબો કરીને કડછી વતે પીરસે છે.

૨૬. **तस**–તેની, કેશવની. પ્રસિદ્ધ 'કરણઘેલા'ની નવલ વાર્તામાં માધવની સ્ત્રીને કરણે જબરદસ્તીથી જનાનામાં ઘાલી હતી એમ કહ્યું છે. 'કાન્હડદેપ્રબંધ' તેમજ 'રત્નમાળ'—જે ભાટોના ચોપડા વગેરેને આધારે સ્વ૦ કવીશ્વર દલપતરામે એ. કે. ફોર્બ્સ સારૂ લખી હતી તેમાં, માધવના ભાઈ કેશવની સ્ત્રીને કરણ પકડી ગયો હતો એમ કહ્યું છે. 'તે કેશવની સ્ત્રીને ઘેલા કરણે જબરદસ્તીથી લીધી.' રત્નમાળ આવૃ. ૨ જી પા. ૨૧૫. **न सहिणु जाइ**–સહ્યો ન જાય, વેઠયો જાય નહિ, સહેવાય નહિ. **सहिणु** જૂનો **अपभ्रंश**નો કર્મણિ વિધ્યર્થ કૃદત છે. **जा** સાથેની આ વાક્યરચના જૂના કર્મણિભૂત કૃદતવાળી ગૂ. સહ્યો જાય, હિં. સહા જાય, મ૦ **मारिला जातो** આદિ રચના સાથે સરખાવવા જેવી છે. **मांडिसि**-માંડીશ. સર-

ખાવો સુરતી માડિસેં. **कलहु**–કળો–વિગ્રહ. એ માત્રાનો શબ્દ. સરખાવો અરહૂ **का प्र. १–१४**

२७. **ब्रुडी**–દોડીને **बान**–લઢાઇમા પકડેલા કેદી. ઓળમા પકડેલ માણુસ **खूनकार–फा** ખૂનખાર–લોહીનો તરસ્યો, જેનાથી બધા ત્રાસે એવો **प्राणि**–પરાણે, બળ કરીને

२८ **पंचांग पसाउ**—પાચે અગે પહેરવાના વસ્ત્રનો સરપાવ

२९ **सीखामणि**–હુકમ, આજ્ઞા **पाट**–રાજ. **सूधी**–પાસરી, સીધી

३० **पिहिरामणी**–પોશાક સરપાવ **सिम्भरनु धणी** સભરનો રાજા. ચોવ્હાણ-ચોવાણોની મૂળ રાજધાની સભર નામના ખારા સરોવરની તેડ ઉપર જોધપુરથી પૂર્વમા ૧૫૪ મૈલ ઉપર હતી એ સરોવરની વચ્ચે બેટ ઉપર ચોહાણોની દેવી, શક્તિ શાકભરીનુ દેવળ છે અજમેર વસાવ્યા પછી રાજગાદી અજમેર ગઈ ચોહાણોની જૂદી જૂદી શાખાઓએ જૂદે જૂદે ઠેકાણે ગાદીઓ સ્થાપી હતી છતા બધા સભરરાવ-સભરધણી-સભરપતિ એ બિરુદથી બોલાતા લગભગ સવત ૧૭૦૦ મા માણેકરાય ચોહાણે શાકભરી દેવીના નામથી આ સાભર શહેર વસાવ્યુ હતુ પૂર્વે મોટુ નગર હતુ પણ હાલ માત્ર જોધપુરના તાલુકાની સ્થિતિમા આવી પડયુ છે જુવો મુનશી દેવીપ્રસાદકૃત મારવાડની ભૂગોળ અને ટાડ રાજસ્થાન

३१ **ऊधारु**–અવધારો, નક્કી માનો જાણો **भणी सूरठ**–સૂરઠભણી, સોરઠ તરફ ઉલટાવેલો ક્રમ **भूमिं**–ભૂમિમા, દેશમા, જૂવો **का प्र १–११**

३२, **सभा सिउ**–સભા સાથે સર્વાનુમતે **पतां**–એ તો **अग्गारु**–પ્રથમ વરડી લધુ છે

३३ **हईअडि**–હૈયામા

३४ **कान्हडदे .. प्राणि**–કાન્હડદે આણ માનતો નથી, વાત ઘણી રસે હડે ચઢી છે **चडी**–હાલનુ રૂપ ચઢી.

३५ **पवाडु**–પવાડો **वडु**–મોટો **वख्यात** કીર્ત્તિવત. **महमुदशाहनु केडु**–અલ્લાઉદ્દીન શાહની પાસે રહેનાર–હજૂરી અલાઉદ્દીનનું આખુ

નામ ઇસ્કિંદર ઈ સાની સુલ્તાનુલ આઝમ અલ્લાઉદ્દુનયા મૌદ્દીન મહમ્મદશાહ એવું હતું. **बन्दु**–બન્દો, મહેરબાનીનો માણસ, સેવક. **ग** પ્રતમાં આ તૂક છે નહિ.

૩૬. **बांदु**–બંદો. **[illegible]रमाण**–ફરમાન, હુકમ; **फा.** ફરમાનીદન. **न्युधा**–નોંધ્યું, નિર્માણ કર્યું. ઠેરવ્યુ.

૩૭. **महितु**–મહેતો. **पोसातु**–યોગ્ય, મોટો. **मीर**–**फा०** અમીર ઉપરથી થયેલો શબ્દ; સરદાર, જાગીરદાર. **मलिक**–રાજા. **मेलावइ**–મેલાવામાં–જમાવમાં. મેળાવો–જમાવ. સરખાવો લોકગીત ‘ ચોળા, તું મારે સજન મેળાવા જોગ.’ **खोजा**–નોકર. **खान**–અમીર. પીર, મલિક, ખોજા, ખાન વગેરે ઘણા આપ્યા.

૩૮. **गढरो**—ઘેરો. **तेह**–તેનું; હ છટ્ઠીનો પ્રત્યય. સરખાવો **का. प्र.** ૧–૫, ૯.

૩૯. **सोमईआ**–સોમનાથ, સોરઠી સોમનાથ મહાદેવ; બાર જ્યોતિર્લિંગમાંનું એક. ૧ સોમનાથ (સોરઠમાં), ૨ મલ્લિકાર્જુન (શ્રીશૈલ પર્વત પર), ૩ મહાકાલ (ઉજ્જયણમાં), ૪ ઓંકાર (અમલેશ્વર), ૫ વૈજનાથ (ચિત્રાભૂમિ ક્ષેત્રમાં), ૬ નાગેશ (દારૂકવનમાં), ૭ કેદાર (બદરી, હિમાલય પર), ૮ ધુસ્મેશ (એરૂલ), ૯ રામેશ (સેતબંધુ), ૧૦ ત્ર્યબકેશ્વર (ત્ર્યબકમાં), ૧૧ વિશ્વેશ્વર (કાશીમાં) અને ૧૨ ભીમશકર (ભીમા), એ બાર જ્યોતિર્લિંગ કહેવાય છે.

‘ **भडकमाड** ’–ડગે નહિ એવો–જૂ. ગૂ ભિડકમાડ. **का. प्र.** ૨–૧૪. (**भट्ट**) સુભટ (**कमौड**) પરાક્રમી. **हठ**–નરજાતિમાં વાપર્યો છે. **का. प्र.** ૧–૧૧.

૪૦. **डहली**–નાનો તબુ; **फा.** દેહલીજ. **दोर**–મોટાં દોરડાં,–**स. दोरक.** **साबान**–**फा.** સાયબાન–તાપ અને તેજ ન આવે એવા અગાડી પડદાવાળા તમ્બુ **सिराचा**–**फा.** સરા (ધર્મશાળા) ચા લઘુતાદર્શક પ્રત્યય, સમીયાણો **फा.** સમિયાના–સપાટ છત હોય એવા બાજૂએથી ખૂલ્લા તંબુ. **घडीआजोयण**–ઘડીએ જોજન, ચાર ગાઉ ચાલે એવી.

૪૨. **फारुकी**–ખલીફા ઉમર ફારૂકના અનુયાયીઓ, તેમ જ તેમની ઓલાદના. **हबसी**–હબસાન, એબિસીનિયાના રહેવાશી–હબસ. **बंगाल**–

બંગાળાના રહેવાશી. **पाला पलि**–પગે ચાલે છે, પગપાળે જાય છે. **काहर**–કાવડીઆ, **का** [illegible] **परिखंधे । काहारो परिखंधो जलादिवाही कर्मकर इत्यर्थः ॥ दे. ना. मा. ।**

૪૩. **तब्बाक**–થાળ, ખૂમચો ઉપાડનાર; **अ.** તબક–ખૂમચો. **पेसरा**–**फा.** પિસર–છોકરો; જુવાનિયા. **पूढा**–મોટા, જબરા.

૪૪. **मयगल**–મદગળ, મયગળ, મેગળ, હાથી. **पूंतार**–મહાવત, જૂવો ભીમકવિનો પ્રબોધપ્રકાશ. પ્ર. ૫ 'વળાર્ગિ પૂંતારિ પૂંતાર.' **पाखर**–ઘોડાપર નાંખવાનું બખ્તર. **पक्खरा तुरय कवचे । दे. ना. मा ।** **कठपंजर**–અંબાડી; સરખાળો કાઠડો ને પાંજરી.

૪૫. **सारसी**—સરસાઈ, ચડસાઈ, સ્પર્ધા.

૪૬. **ऊवट**–ઉકરાંટી–આડી. **ऊपड्या चालइ**–ઉડ્યા ઉડ્યા ચાલે. **ग** માં આ તૂક નથી.

૪૭. **नफेरी**–મોટી શરણાઈ. **काहल**–શિંગી–શિગડાના આકારનુ ફુકવાનુ વાઘ. **नि**–ને, અને **नीसाण**–ડકાનોબત. **मेहलाण**–પડાવ, મુકામ.

૪૮. **कुद्दालीआ**–કોદાળીઆ. રસ્તો સાફ કરનાર લશ્કર. **आरहडे**–પથ્થરફોડા–કચ્છમાં 'આહરોડા' જાતના રજપુત છે, એ જાતનો આ ધધાની સાથે કાંઈ સબંધ હશે? ત્રી. વિ. **घणि**—ઘણુ વડે, ત્રીજી વિભક્તિ.

૪૯. **वागडु**–વગડાઉ–જગલી. સાવજ–રાની પશુઓ. ભાલણે પોતાની કાદબરીમા વગડાઉ પશુના અર્થમા સાવજ અને પક્ષીના અર્થમાં સાવિજ એવો ભેદ રાખ્યો હોય એમ જણાય છે. પ્રેમાનદ નળાખ્યાનમા પક્ષીને માટે 'સાવજડુ' એ બોલ પણ વાપરે છે.

૫૦. **समरसी**–મેવાડ (ચિતોડ)નો રાવળ, જેના વખતનો વિ. સ. ૧૩૩૦ નો શિલાલેખ મળ્યો છે. એ ૧૩૫૦–૧૩૬૦ સુધી હતો. જૂઓ ગૌરીશંકર ઓઝાનું ટૉડરાજસ્થાનનું ચોપાનિયુ ૧૧. ટૉડ સાહેબ સમરસી રાવળ ૧૩૩૧ માં મરી ગયાનુ કહે છે. **बनासि**–બનાસ નદી ઉપર, **बूबीआ**–બૂમાટા, ઉડતી ખબર. વાવડ.

૫૧. **गयाणि**—ગગનમાં. સપ્તમી. [illegible]**हडासि**—મોડાસે.

૫૨. **लेसीऊं**—લઈશું. 'સામે મોઢે લઢવા જઇશું.'

૫૪. **क मजसारे**—કામ સારે છે. પહેલી લઢાઈ આરંભે છે. **रणि पेरण**—રણુ ઉપર રણુ.

૫૫. **लोह**—લોઢુ, તરવાર. [illegible]**टोआ**—સં. **कंकट** .—બખ્તર—બખ્તરીઆ. **समोह**—સામે મ્હોએ. **सं. संमुख, प्रा० संमुह.**

૫૬. **सरगापुरि**—સ્વર્ગમાં. **बइसी**—બેશીને. **सं. उपविश.** સરખાવો બઇઠુ.

૫૭. **घाली लाइ**—લાહ્ય લગાડી. [illegible]**साजूसे**—લૂટાલૂંટ. આ તૂક પછી પૂનાની '**ग**' પ્રતમાં નીચેની પુનરુક્ત પ્રક્ષિપ્ત તૂક છે.

> **'भागा देस काहानम चिड तर बावननी खेड हारि;**
> **[illegible]जरातेनु खोखर भाथु अजीय न आवइ पार'**

૫૮. **डंडाहि**—ડડાવ્ય, ડાંગરવા અને આજુબાજુનો મુલક; **डंढाव**=ઉંઝા, ડાંગરવા, સિદ્ધપુર; જૂવો ઇંડિયન એન્ટિકવરી, પુ. ૬, પા. ૨૦૮–૨૧૦. **[illegible]त्तर**—ડંડાવ્ય અને ધાણધારની વચ્ચેનો મુલક. હાલનું 'ચરોતર' નહિ. **धाणधार**—પાલણપુર અને આજુબાજુનો પ્રદેશ. **धधोलि**—ઢઢોળી, હચમચાવી નાંખી. **वीवी**—ખબર, વાવડ. **पोलि**—પોળ, દરવાજો

૫૯. **दीधा**—ચોઢયું; સરખાવો 'કટક ગયા', 'મધુ લીધા'. **झूझार**—લઢવૈયા. **माग नीसार**—જવા આવવાના રસ્તા. જૂનાં ખતોમાં 'માગનિછાર' ચાલ નિકાલના અર્થમાં વપરાતો.

૬૧. **रही**—થોભીને.

૬૨. **रुख**—ઝાડ, વૃક્ષ. **नाणि**—તપાસી જો, અનુભવી જો; જૂવો 'તેં કહ્યું તે મેં નહિ માન્યુ, આજે મારી જાતે નાણ્યું', દયારામ. **किर**—કેરાં. **गोहलां**—ગિલોડાં.

૬૩. **वालि**—ઘોડાર.

૬૪. **हूसिइ**—હોસે, થશે. જૂનું રૂપ 'હુસઈ' અને પાછળનું 'હુસિ', એ બેની વચ્ચેનું રૂપ. **बांग [फा०]**—બૂમ, તે ઉપરથી નિમાજ, ન-

માજ કરવા આવવા આમંત્રણ તરીકે તોપ ઉપર ચઢીને પડાતી બૂમ. **सेलार**–સરદાર. સાલાર.

૬૬. **भणी कटक** ઉપડ્યાં **असाउलि**–અસાઉલ ભણી ઇ. શબ્દનો ઉલટપાલટ ક્રમ. **असाउल**–અમદાવાદ વસ્યાની પૂર્વે તે પ્રદેશમાં હતું તે શહેર. અમદાવાદના એક 'આસ્તોડિયા' દરવાજાના નામમાં જ માત્ર એની નિશાની રહી છે. જે દરવાજે થઇને અસાઉલ જવાય તે 'અસ્લુરયા' કહેવાતો. આ શહેર આશાભીલનું હતુ. **हीलोल्यु**–હલાવી મૂક્યો, હચમચાવી નાંખ્યો. **अति कीधुं**.—ખૂબ કર્યું–રોળ વર્તાવ્યો.

૬૭. **धूलकूं**—ધોળકુ, ધોળકા. **सूरति**–સુરત. **रानेर**–રાંદેર.

૬૮. **तडिआं**—કાંઠા ઉપરનાં, બંદરો. **धंधोलां**–હલાવી મૂક્યાં. **सायर**—સાગર. **सावटूं**–જરીઆન?

૬૯. **सपराणा**—જબરા, મોટા.

૭૦. **तालाति**–લૂટ. **सामटी**–સમેટી, સાંભરી. **वाजी सान**–ડંકો દઇને. **का० प्र० १–७१, १०५, १९२. पियाणू**–પ્રયાણ.

૭૧. **सोरठ**—સૌરાષ્ટ્ર, આખું કાઠીઆવાડ. **मयगलपुर**–?

૭૨. **दीव [सं०] द्वीप**. કાઠીઆવાડની દક્ષિણે આવેલાં બેટ અને બદર. **हालकल्लोल**—હાલકહુલક; **हलबोलो कलकलः। दे० ना० मा०. द्रहबोल**–ધરાબોળ.

૭૩. **हईआ ढक**–હૈયાફાટ, હૃદય ચીરી નાંખે એવો. **बूंबरण**–બૂમરાણ, બૂમાટો.

૭૪. **वाड**–વાઢ. **केलेहरा**–?

૭૫. **पिण्डोलूं**—પંડોળાં. **जु**–પાદપૂર્ણાર્થે.

૭૬. **नाठतूं**—(વર્તમાન કૃદંત.)–નાસભાગ કરે છે. **देस आगलीआं**–મોખરાનાં, મોરચાનાં, મુખ્ય, ધોરી. **आवु**–સામુ.

૭૭. **साहण**—લશ્કર. **घणूं** (ક્રિ. વિ. અવ્યય)–પુષ્કળ. **देवकइ पाटणि**—સોમનાથ મહાદેવને પાટણ–**क** છઠ્ઠીનો પ્રત્યય. સરખાવો **हिं० देवके**.

७८. **ऊभ्या**—ઊભા કર્યા; સરખાવો આ ધાતુનો કાઠીઆવાડી ઉપયોગ. **बारगह**–? **पायगह**–ફા૦ પાયગાહ=ઘોડાર.

७९. **पोलि**—દરવાજો. **पराण**—બળ. **पायक**–યોદ્ધા, પ્યાદળ.

८०. **पाद्रि**—ગામના ગોંદરામાં, પાદરે. **गामड्डाणे पई । दे० ना० मा० । सिहफ**–ધસારો, છાપો, sortie. જૂઓ **का० प्र०** **२–४३. चउपट**-રણરૂપી ચોપાટ, બાજી. **राउत**–રજપુત.

८१. **वाला**—વાળા રજપૂતો પોતે મૂળ કાઠીઆવાડ (હાલના સોરઠ, ગોહિલવાડ અને હાલારની મધ્યમાં આવેલો પ્રદેશ—આખો કાઠીઆડ નહિ)ના જ છે એવો દાવો કરે છે; અને તેની વિરુદ્ધ કશો પૂરાવો હજુ ઉપલબ્ધ ન હોવાથી તે માન્ય રાખવું જ પડે છે. હાલમાં એ જાત બીજી જોરાવર જાતોમાં મળી ગઈ છે. એમની સત્તા કોઈ પણ ઝાઝી જામેલી હોય એવું જણાતું નથી. આ જાત ને સોળંકીઓને ચલ્લુ તકરાર થતી અને બન્ને જાતો માંહોમાંહ લઢી, નબળી પડીને નષ્ટપ્રાય. થઈ ગઈ છે. **वाजा**–એ રાઠોડની શાખા છે. તેઓ રજપૂતસ્થાનમાંથી આશરે તેરમા સૈકામાં કાઠીઆવાડમાં આવ્યા હતા. વાજાના મુખી વેજાએ ગીરની દક્ષિણે રાવળ નદી ઉપર વેજલકોટ વસાવ્યું. તેથી તેઓ દક્ષિણ કાંઠા ઉપર વસ્યા. ત્યાંથી પૂર્વ તરફ આગળ વધી ઉના અને ત્યાંથી છેક ઝાંઝમેર અને મનારી નદી સુધી ગયેલા હતા. ઝાંઝમેરમાં વાજાનો એક પાળીયો સંવત્ ૧૫૧૨ ની સાલનો છે. હાલમાં વાજાઓ ભાવનગર મહારાજાના ગરાસીઆની સ્થિતિમાં રહે છે. **जेठुआ**–જેઠવા ચૂડાસમા પછી કાઠીઆવાડમાં આવ્યા મનાય છે. એમનું મૂળ બરાબર જણાયું નથી. પણ તેઓ ઉત્તરમાંથી આવી મોરબી નજીક વસ્યા એમ ઠરે છે. ત્યાંથી કાંઠે કાંઠે વધી દ્વારકાં લીધું અને નૈરુત્ય દીશામાં આગળ વધીને બરડાના પહાડની અને સમુદ્રની વચ્ચેના પ્રદેશમાં વસ્યા. એમનું પાટનગર પ્રથમ ધુમલી હતું અને ધુમલી ઉજ્જડ થયા પછી પોરબંદર પાસેના છાંયામાં રાજધાની સ્થાપી. મુસલમાન સત્તાની પડતી સમયે છાંયામાંથી તેઓ પોરબંદર આવ્યા. અદ્યાપિ પોરબંદર તેઓની રાજધાની છે. પોરબંદરના રાણા જેઠવા રજપુત છે. જેઠવા પોતાની ઉત્પત્તિ હનુમાનના

દીકરા મકરધ્વજથી માને છે. **ચૂડાસમા**–આ જાતના રજપૂતો કાઠીઆવાડમાં ચાવડા પછી આવ્યા. તેઓ ક્યારે આવ્યા તે નક્કી નથી. પણ ઘણું કરી ૭ મા કે ૮ મા સૈકાની લગભગ આવેલા હોવા જોઇએ. ચૂડચંદ્ર નામના મૂળ પુરુષથી એમનું નામ પડયું છે. તેમની પહેલી રાજધાની વથળી (વામનસ્થળી જૂનાગઢ તાબે) હતી. ત્યાર પછી જૂનાગઢ થઈ. તેમની સત્તા ૧૪૭૦ માં નાશ પામી. સિંધના નગરઠઠ્ઠામાં રાજકરતા સમા રજપુતની ઓલાદના તેઓ છે. એ વંશના છેલ્લા રાજા રામંડળિકે હિંદુધર્મ તજીને મુસલમાની ધર્મ અંગિકાર કર્યો અને એનો દેશ મુસલમાનોને હાથ ગયો. રામંડળિકને અમદાવાદનો બાદશાહ જોડે લઈ ગયો જ્યાં એ મરણ પામ્યો. એની કબર અમદાવાદમાં કદોઇઓળમાં અદ્યાપિ છે. ચૂડાસમાની સખ્યા હવે જૂજ રહી છે તોપણ તે ઉંચી પક્તિના ગણાય છે અને રાજવશીઓ સાથે બેટી વ્યવહાર કરે છે. સરવૈયા, રાયજાદા, રાહ અને બીજા કેટલાક એ જાતના ફાંટા છે. ઉપરાંત જેસલમીરના ભાટી તથા જાડેજા તેમજ ચોરવાડ તથા કેસોદના ઠાકોરો પણ ચૂડાસમા વંશના છે. **से** [**सं० समम्.**]–સાથે.

૮૩. **ऊसरीआ**—પાછા હઠયા, ઓસર્યા.

૮૪. **ऊठव्या**—ઉશ્કેરીને દોડાવ્યા, તતકાવ્યા.

૮૫. **वरति भेल**—ભેલ પડી. **जु**–પાદપૂર્ણર્થે.

૮૭. **मढवाइ**—માઢમાં, મોટાં ડહેલાંમાં. **पडाउ**–પડાવ.

૮૮. **रणि वाउला**—રણઘેલા, **वाउल्लो**=વાતોડો; જૂવો પા યલચ્છી, તેમજ **दे०ना०मा० वाउल्लो पलविरए। वाउल्लो प्रलपन**[illegible]**ल:।** બકબકાટ કરનાર, ગાંડો; **सं० वातुल:।** વાયલ. **सं०** માં એ અર્થ નથી. **दोटि**–? **पाखालि**–આજુબાજુ.

૮૯. **सूंझ्या** —ચાલ્યા, ચઢયા. **नडी**–કનડીને; હેરાન કરીને, રગડીને. **जू**[illegible]**मयं नडियं ।** જૂવો **पाइयलच्छी**. **दीहि**–દહાડે.

૯૦. **गोहर**—ઘોરી–ઘોર પ્રાંતનો, અર્થાત્–મુસલમાન. **साहि**–પકડે, લઇ જાય. **देवराइ**–દેવના રાજા, મહાદેવ, સોમનાથ.

૯૧. **वार्हि**—વાડે, પારે.

૯૩. **इंडि**—ઇંડું, કળસ. **सं० अण्ड. आरहुडा**–જૂવો. **का० प्र० १–४८** ની ટીકા.

૯૪. **पाडेवा**—પાડવા; સરખાવો **करेवा, वरतेवा, है०व्या० ८–४ । अव० का० प्र ० १–९६. १–९५:** તેમજ જૂવો. 'અધર અમૃત રસ પાન કરેવા મુખમું મુખ મેલાવાંરે–' બાપ તારે. ' નરસૈં મહેતો. અપ્ર૦ કા૦ પુ. અં. ૫. અને 'તમ દીઠે દાઢ ગલે મહા સતીઆ અમે અભિમાન ધરેવા; નરસૈયાચા સ્વામી સંગ રમતાં ભવસાગર તરેવા' અપ્ર૦ કા૦ પુ. અં. ૬.

૯૫. **प्राण**—બળ. **मूठा**–કચ્છી–મૂઠો. **सं० मुष्–मंठो सण्ठे दे० ना० मा० । नांगइ**–ભાગે છે ?

૯૬. **वरतेवा**—વરતવા, થવા. **कलिजुग.........विलास**–કળિયુગ પો-તાનો દોર ચલવી રહ્યો છે **देव**–મહાદેવ.

૯૭. **रहावु** [Causal imp. sing.]–રાખો **भूत**–ભૂત, મૂત્તિ. **करे-सिंउ** કરીશું. **चूनु**–[સં.]–ચૂનો.

૯૮. **फलक**–પાટ.

૯૯. **भूछ**—કાળાભૃશ–કાળામેશ. **त्रीयल**–ત્રેલીઆં, તરીલાં, ત્રણજોડી બળદનું જૂથ.

૧૦૧. **बलकाक**-બળવાન. **तूल**–તૂર, આકડો, સમળો વગેરેનું રૂ. **केथऊं**–ક્યાં સરખાવો પારસી અને સુરતમાં વપરાતું રૂપ કેથું.

૧૦૩. **आले वाध्रे हालरां कीधांः**–આળું–લીલુ, સુકાયલુ નહિ તે; વાધરી–ચામડાની કાપીને કરેલી પટ્ટી જેવી દોરી; **हालरुं**–એકની જોડે એક એમ સાંકળીને બાંધેલો જથ્થો.

૧૦૪. **तसलीमा** [**फा०**]–તસલીમ–સલમ કુશળ ઇચ્છિવું–ઉપરથી વિદાય. **सान**–ડંકો.

૧૦૫. **वोडि**—વીડિ, બીડ **सिऊं**–શું.

૧૦૬. **जुनुगढ**-જૂનાગઢ. **गिरिनार**–ગિરનાર. **वूलीउ**–ઊંધુ વાળ્યું, તોડયું. **काच**–કચ્છ. **कन्थागहडि**–કન્થગઢે, કંથકોટે. ત્રીજી વિ૦. કચ્છના ભચાઉ તાલુકામાં આ કિલ્લો છે, તે કંથાદુર્ગ અથવા કથગઢ પણ

કહેવાતો. કંથકોટ ઇ. સ. ૯૪૩ માં જામસાડજીએ પૂરો કર્યો. તેના પિતા જામમોડજીએ આરંભ કર્યો હતો. (રા મા.) ~~પારકર~~–થરપારકર. 'પાર'=પેલી તરફ; 'કર' અગર 'ખર' મારવાડની લૂણી નદીનું નામ. મારવાડમાં માત્ર લૂણી નદી જ કહેવા જેવી નદી છે. મારવાડની પૂર્વ સરહદથી પશ્ચિમ સરહદ સુધી ગયેલી છે. આ નદી ચોમાસામાં વહે છે અને બીજી ૠતુમાં એનું વહેણ સૂકાઇ જાય છે. એનું પાણી ચોમાસામાં મીઠું રહે છે. સૂકાયા પછી છાછરા વિરડા ખોદતાં પાણી મીઠુ મળે છે પણ ઊંડા વિરડા ખોદતાં મળતુ અગર બંધ પડેલા વહેણનું ભરાઇ રહેલું પાણી ખારૂ હોય છે. આ ઉપરથી એનું નામ લૂણી (લૂણ–મીઠુ; મીઠાવાળી,) ખારી એવુ પડયુ છે. એ નદીની પેલીમેર ચોવાણોની બીજી શાખાનું રાજ હતું. લૂણીની પેલીમેરનો પ્રદેશ અને ત્યાં આવેલુ શહેર તે પારકર. જૂવો ટૉડરાજસ્થાન, તેમજ મૂનશી દેવીપ્રસાદવાળી ભૂગોળ. **ठट्टू**–ઠઠ્ઠા, નગર ઠઠ્ઠા.

૧૦૭. **आपणपूं**—પોતાપણુ–આપબળ.

૧૦૯. **गोह**—ઘો. **कही**–કોઇ જગાએ.

૧૧૧. **मुहल**—મહેલ–કચેરીનો તંબુ. **बीसी**–બેસીને. **मसूरति**–મસલત, મન્ત્ર; **फा०** મુસવરત.

૧૧૨. **मन्त्र**—છાનો ઠરાવ. મસલત. **अस्यूं**–આવુ. આ પ્રમાણે. **मांटी**– મરદ થજો, બહાદુરી બતાવજો. કવિ પ્રેમાનદ પણ આ શબ્દ આ જ અર્થમાં વાપરે છે. ' સાંભળી મલ્લ માંટીડા થાય. ' પ્રે. દ૦ ભા૦ કડવું ૧૨૧. કાઠીઆવાડમાં 'પુરૂષ–જૂવાનિયો' એ અર્થમાં પ્રચલિત છે. સુરત તરફ ' માંટીડો ' ધણી. અમદાવાદ તરફ ધણી એ અર્થમાં વપરાય છે, પણ સ્હેજ તિરસ્કારયુક્ત અર્થ છે. ' મોટો માંટી થયો છે. ' ' નબળો માંટી બઇઅર પર શૂરો. '

૧૧૩. **मंडइ**—મંડે, લઢે, લઢાઇ માંડે, સૈન્ય વ્યૂહમાં ખડું કરે, લઢવા આવે; જૂવો. **का० प्र०** ૧—૧૭૭. **आणीमुहे**–આમને મોંઢે–આ તરફ. **मि**—મેં; ત્રીજી વિ૦

૧૧૪. **मूत**—મૂત, મૂર્ત્તિ. **बान्दि**–કેદી. **सजाइ**–તૈયારી. **मांटी हुइ तु**–મર્દ હોય તો. જૂવો **का० प्र०** ૧૧૨ ની ટીકા. **घातु**–નાકું. **बांधे**–રોકે.

૧૧૫. **सिइ [सं० स्वयम्]**–સ્વમ, સ્વે, પોતાની મેળે. **आपणूं**–પોતાનું. **राखे**—બચાવે–ઉગારી લે.

૧૧૬. **स्वपनन्तर**—બીજું સ્વપ્નું. **हूंतइ**–હોતાં, થતાં, સતી સપ્તમી. **पाउ धारां**–પગ ધર્યા, પધાર્યા.

૧૧૭. **ईसान**—મહાદેવ. **गोरी**–ગૌરી–પાર્વતી. **तेरा**–મુસલમાનની એક જાત, મુસલમાન.

૧૧૮. **अजि—**હજી. **लीधइ जाइ**–લીધો છતાં જાય છે. સતી સપ્તમીનો ખોટો પ્રયોગ–અથવા **सं० स्थ** ધાતુ ઉપરથી સ્રાપ્તિરૂપ. લેઇને જાય છે. ભૂ૦ કૃ૦ નો ક્રિ૦ વિ૦ તરીકે ઉપયોગ–સરખાવો **हिं०** ' ધૂમસે' ગાડી લિવાય લીનો જાય.'

૧૧૯. **दैत्य थिकु**—દૈત્ય પાસેથી.

૧૨૦. **मोर**—મોરચો, શિરમોરપણુ; **सं० मुकुट**. સરખાવો મો'ડ, મો-ળીયું (માથે બાંધવાનુ). **ऊडाण**–ચઢાઈ, હૂમલો; **सं० उड्डाण–डी** ઉડવુ. **जेड**–વિલંબ, ઢીલ; મા૦ જેજ=ઢીલ, વાર; જૂવો જગદેવ પરમારની વાત–રત્નમાળ.

૧૨૧. **रामगिरि**—રામગ્રી, રામકલિ. ભૈરવ રાગની રાગણી. જે ખાસ વસંત રૂતુમાં સવારના સાત આઠ વાગતા સુધી ગવાય છે, તેમજ કરૂણરસને માટે યોજાય છે. **ऊछइ**–ઓછે. આછે; **सं० अच्छ**.

૧૨૨. **वेद**—નક્કી, સાચ.

૧૨૩. **अह्म**—અમારો; છઠ્ઠી. વિ. **विहण्डि**–(સં० **खण्ड**–ભાગી નાંખવું) ભાગી નાંખ, કડકા કરી નાંખ, કાપી નાંખ.

૧૨૫. **करेजे**—કરજે; આજ્ઞાર્થ.

૧૨૭. **पराण**—બળ. **तलहटी**–તલાટી–તલેટી.

૧૨૮. **आफणिइ**–(**प्रा० अप्पणिआ । हे० व्या० ।**) પોતાની મેળે. ' આફણિયે ન્હાસસે દેખીને વારો છો શાને " પ્રે૦ ભા૦ ૬૦ કડવું૦ ૫૫

૧૨૯. **परगणूं—प्रा० पर**=પરાય–પલાય. પગરણુ–આરંભ–પ્રયાણ.

૧૩૦. **वोढि**–વઢવાડ, વઢવેડ, લઢાઈ. **सं० वृध्**–મારી નાંખવું; જે ઉપ-રથી :વાઢ, વાઢો, વાઢવું, વાઢીઓ વગેરે શબ્દ થયા છે. **करेसि**–કરશે. **अछवां**–છાનામાના, એમાં 'अ' વધારાનો હોય અગર 'आ'= **समन्तात्** નું રૂપ હોય.

૧૩૧. **सिराणइ**—સિરાણે. હાલનું 'સિવાના.' સિવાના જોધપુરથી પશ્ચિમે ૫૪ મૈલ ઉપર આવેલું શહેર એ રાજનો તાલુકો છે. જૂવો. મુ. દે. મા. ભૂગોળ.

૧૩૨. **काठग**–લક્કડકોટ!

૧૩૪. **सीख**—આજ્ઞા.

૧૩૫. **जबाने**–હેજબને **अ०** હિજાબ=પડદો, ચક; તે ઉપરથી પડદા આગળ રહેનાર નોકર–દ્વારપાળ. હાજીબ–રાજગૃહાધિકારી. ઘરખટલાનો ઉપરી અધિકારી, કચુકી. (Chamberlain). **बरदारनकीबे**–(ઉલટાવેલો ક્રમ)– નકીબ બરદારે, છડીદારે, (નકીબ **अ०** છડી; બરદાર=ઉ-ચકનાર, રાખનાર.) મોટા માણુસોની તહેનાતમાં રહી તેના હોદ્દા, બિરદ વગેરે મોટેથી બોલી લોકોની નજર ખેંચનાર તેમજ મળવા આવનાર માણુસનું નામ હોદ્દો વગેરે બોલીને કોણુ આવ્યું છે તેનું સૂચન કરનાર તે નકીબ બરદાર, છડીદાર.

૧૩૬. **करु विच्छेद**—વિચ્છેદ કરો, ફોડ કરો, ફોડો, મેળવી લો. **म जेइ**–વિલંબ ન કરો.

૧૩૭. **सविहूनि**—સઘળાને. **अनाम** ઈનામ. **तीरी द्राम**–તેરા, એક જાતના મુસળમાન–મુસલમાન–મુસલમાનોનો સોનાનો સિક્કો. તેરા અગર તીરીદ્રામ–દ્રામ–દિનાર, મુસલમાની સિક્કો, ગુ. દામ. **सं० द्रम्म. ग्री०** Drachma.

૧૩૮. **आघा**—પાસે, **सं० अग्रे.**

૧૪૦. **पासि तुम्ह दीधी**—તમારી જોડે આપી, મોકલી હોય તે, તમારી માર્ફત કહાવી હોય તે અરજ.

૧૪૧. **जु**—જો. **वैश्वानर**–અગ્નિ. **वलतु**–સિવાય. **कहिइ**–ક્યાંઈ પણ.

૧૪૩. **आयसि**–હુકમથી.

૧૪૪. **कटकह** [હ, છઠ્ઠીનો પ્રત્યય]-કટકની, દળની; સરખાવો. **का० प्र० १-५-९.**

૧૪૬. **तडंग**—મ્યાન. **भईसु**-પાડો.

૧૪૭. **ताहरि जमलि**—તારી બરાબર, તારી જોડના, તારા જેવા **व्याज**-માટે.

૧૪૮. **लीजइ**—લીજે, લઇએ. વ્યુત્પત્તિએ કર્મણિ વર્તમાન ત્રીજો પુરૂષ એક વચન, પણ હાલ વપરાટમાં કર્તરિ વર્તમાન પહેલો પુરૂષ બહુવચન **अप० लीज्जइ.**

૧૪૯. **पूरवु**—પૂરો, પૂરી પડાવો, પૂરાવો. **वरीसु**-વર્ષ. **रातीवाहु**-રાતવાસો

૧૫૦. **जण**—માણુસ હાલ કાઠીઆવાડમાં આ અર્થમા વપરાય છે. **वेसरी** [**सं०. वेसर**]-ખચ્ચર.

૧૫૧. **मरातब** [**अ०** મરતબાનુ બહુવચન]-પદવિ, પદાવને યોગ્ય મુકામ, **भला**-સાગ, જબરા **झूझार**-ઝઝનારા, લઢવૈયા. **तुहि**-તોયે, તોપણ.

૧૫૨. **बंदीवाल**—બદીવાન.**सीदाता**-પીડા પામતા **सं० सीद्** . **ढाडि**-રાઢ; સરખાવો ધાહ. **का० प्र० १-१५९. दीसि**-દિવસ **अगासि**-ખુલ્લામાં. **तावडि**-સૂર્યના તાપથી. **राति** [ક્રિ. વિ તરીકે ઉપયોગ]-રાતે

૧૫૩. **विछोह्यां**—વિખૂટા કરેલા, માતાની પાસેથી દૂર કરેલા **सरखां**-એકધારાં.

૧૫૪. **अणुहाण**—અડવાણુ,જોડા વગર. **लहइ**-લહે, મેળવે. **लोहडा**-લ્હોડા, બેડી.

૧૫૫. **हालरां**—એક એક સાથે સાકળીને બાધીને કરેલા ટોળા. **वाध्रि**-વાધરે, લીલા ચામડાની કરેલી દોરીએ **आलइ**-આળીએ, લીલી-સુકાયલી નહિ એવીએ. **गालइ**-ગાળે.

૧૫૬. **विछोह**—વિયોગ, વિજોગ. **विच्छोहो विरहं. । दे०ना०मा० । नाह**-નાથ, ધણી, વર. **घाह**-ત્રાહ્ય.

૧૫૭. **अह्मे**–પ્રથમ પુરૂપ વાચક સવનામ, બહુવચન. વૈદિક સંસ્કૃતમાં **वयम्** અને **अस्मे**, એવાં બે રૂપ છે. તે પરથી સંસ્કૃતમાં માત્ર **वयम्** રહ્યું અને **अस्मे** વપરાયુ નથી. પ્રાકૃતમાં **अस्मे** રૂપ ઉપ-રથી **अम्हे**--**अह्मे**, અપભ્રંશમાં **अह्मे**, જૂની ગુજરાતીમાં **अह्मि**, ગુજરાતીમાં **अमे**, મરાઠીમાં **आह्मि**, હિંદીમાં **हम** અને કચ્છી અને સિંધીમાં **असीं**. **अणूरुं**–અયોગ્ય.

૧૫૯. **गोयर**—ગોચર, ચરો, ઢોરને ચરવા સારૂ પડતર રાખેલી જમીન–આઘાટ ન કરી આપેલી જમીન. **पाडी वाट**–વાટ પાડી, રસ્તે લૂંટ કરી

૧૬૦. **रिखि**—રૂષિ, બ્રાહ્મણ

૧૬૧. **संभेडा-?**—**लाया**-લગાડ્યા, સળગાવ્યા.

૧૬૨. **पातिग पंच**—પાંચ મહાપાપ –' કનકચોરી, ગુરૂતલ્પગ, બ્રહ્મઘાત, મદપાન; યહચોં સગતિ મહાઅઘ, તરે કૃષ્ણગુનગાન '–**वस्तुवृंददीपिका**,

૧. બ્રહ્મહત્યા, સુરાપાન, સુવર્ણચૌર્ય, માતૃગમન અથવા ગુરુપત્નીગમન અને તત્મગ–નર્મકથાકોષ.

૧૬૩. **ऊसार्सा**—ઉખાડી

૧૬૪. **वुहर्या**—વહોર્યા, વેચાતા લીધા. **वीक्या**–વેચ્યા. લીધા અને વેચ્યા, વેપાર કર્યો. **गलंतइ**-ગળતા, ગ્રસતાં.

૧૬૫. **'कइ धन..........पोख्यां गात्र'**—કે પારકાં ધન બળથી–પરાણે ઝૂંટી લઇને અમારા પામર–તુચ્છ શરીર પોસ્યાં.'

૧૬૬. **लीजइ**—**अप० लिज्जइ** જૂગો૦ **का० प्र० १–१४८** ની ટીકા. **चाडइ**-ચાડે, પારે. **रुधिउ**–રૂધાયલો, ભીડમાં આવેલો, સપડાયલો.

૧૬૭. **आसव**—મદ્ય, દારૂ, દ્રાક્ષનો તે આસવ. **ब्रह्म**-બ્રાહ્મણને. બીજી વિ૦. **पाड्या वंधान**–કેદમા પાડ્યા. બ્રહ્મની જોડે સંબધ રાખે છે.

૧૬૮. **केहइ–पापि**—કેવા પાપે.

૧૬૯. **अंगीकर्या**—અંગીકૃત, માથે લીધેલાં, કબૂલ કરેલાં **कालहरि**-કાલર, ઘાસની ચોરસ ગંજી. ગોળ ગંજી તે ઓઘલો, ન્હાની તે ઓઘલી.

૧૭૧. **समव्यसन—**

' દ્યુતરમન, મૃગયા, પલભચ્છન રંગહે, મધપાન, ગુનકાવર પ્યારિસંગહે;
ચોરીસહ યહસાથ વ્યસન આગમ કહે; નથે નાથ બલિવર્ધ સમસો એહીરે.'

ध. वृ. दी.

लांच अजुगति–અયોગ્ય, નિંદ્ય એવી જે લાંચ.

૧૭૨. **केहा**—કીયા.

૧૭૩ **कीधु मेल**—મેળાવો કર્યો, લશ્કર એકઠું કર્યું.

૧૭૪. **जंवारइ**—જન્મારે. **सं० जन्मन** . **प्रा० जम्मो**. હિં૦ જંવારા.

૧૭૫. **विगूचतां**—વાતો કરતા.

डांगरा–ઢાંઢીઆ, **डांगरा फेरिया**–ઢાંઢી પીટાવી, ઢાંડી ફેરવી.

૧૭૬. **पडग्वुकटक**—પાક્ષિક, પખું કરનાર લશ્કર. **जेतलइ**–જેટલે, જ્યારે.

૧૭૮. **कान्हड**—બીજી વિ૦ **सरूप**–સ્વરૂપ, હાલત. **थिकु**–થકુ, થી.
પચમી વિ૦.

૧૭૯. **सनाहु [सं० सनद्ध]**–બખ્તરવાળુ. **संख**–સંખ્યા.

૧૮૦. **जिमीइ [प्रा० जिम]**–જમાય. કર્મણિ વર્તમાન ત્રીજો પુરૂપ એક-
વચન. **जु**–પાદપૂર્ણાર્થે.

૧૮૧. **उपलहाणा**—વગર પલાણે. **सजाई**–તૈયારી.

૧૮૨. છત્રીસ રાજવશનાં નામ જૂદા જૂદા ગ્રથોમાં જૂદાં જૂદાં છે. પ્રાચીન હસ્તલિખિત પુસ્તકો, ચદ વરદાઈ, કુમારપાળ ચરિત્ર, ખીચીઓના ભાટ વગેરેની યાદીયોપરથી કર્નલ ટાડે યાદી બનાવી છે, જેમાં ૩૮ વશ આપ્યા છે. કર્નલ ટોડ તે નીચે પ્રમાણે ગણાવે છે.

૧ ઇક્ષ્વાકુ–સૂર્ય	૭ કછવાહા.	૧૨ ચાવડા	૧૭ બલ્લા
૨ ઇંદુ–સોમ–ચંદ્ર	૮ પરમાર	૧૩ ટાંક–તક્ષક	૧૮ ઝાલા
૩ ગ્રહિલોત–ગહેલોત	૯ ચોહાણ.	૧૪ જીટ–જાટ	૧૯ જેઠવા–કામરી
૪ યદુ–જાદવ.	૧૦ સોળકી ચાલુક્ય	૧૫ હુન–હૂણ	૨૦ ગોહિલ
૫ તુંવર	૧૧ પડિહાર	૧૬ કાઠી	૨૧ સવૈયા
૬ રાઠોડ			

૨૨ સિલારં	૨૭ બડગૂજર	૩૩ મોહિલ
૨૩ ડાભી	૨૮ સેંગર	૩૪ નિકુમ્ભ
૨૪ ગૌડ	૨૯ સીકરનાલ	૩૫ રાજપાલી
૨૫ ટોડા–ડોડ	૩૦ વૌસ	૩૬ દાહિમા
૨૬ ગોહરવાલ	૩૧ ડાહિયા	૩૭ દૂલ
	૩૨ જોહિયા	૩૮ ડોહિરઆ

खांडां–તરવારો, તરવાર ધરનાર યોદ્ધા. **एक एक पाहि**–એક એકને પડખે, એક એકથી ઘણું કરીને પક્ષ ઉપરથી. **सपराणा**–બળવાન. **भुजि**–ભુજબળથી, લડતાં. **नावइ**–ન આવે.

૮૩. **सूडापंखा**—પોપટની પાંખના રંગના **किहाडा**–ક્યાયડા. **नीलडा**–કાળુડા.

૮૪. **पंचवर्ण**—પચરંગી. **पाखरीआ**–પાખર પહેરાવીને તૈયાર કર્યા. મરખાવો 'રાતો ઘોડો રણુપાખરિયો સહસ્ત્રભર્યો શણુગાર જોને.' **कंकलोह**–એક જાતનુ પલાણ **केकाण**–ઘોડો

૮૫. **खुरतलि**—દાબડા વડે, ખરીએ. **साट**–વાગ, લગામ. **बारगिरि**–ઘોડેસ્વાર સિપાઇના, સિપાઇએ વાપરવાના. **देवराणा**–અપાયા. આ રૂપ હાલ પણ વિસનગર તરફ પ્રચલિત છે. જેમકે કેવરાણું, જવરાણું, ખવરાણું. ૮૫. **ऊवट**–આડે રસ્તે, ખરો રસ્તો મુકીને, વાંકી વાટે

૮૬. **सावलोह**–તદ્દન લોઢાની **पाणी.........चालइ**—પાણીના પૂરની પેઠે પાણી ઢળ્યુ જતુ હોય નહિ એવી રેલાતી ચાલે.

૮૭ **आंगां**—શરીર–ધડ ઉપર પહેરવાનાં બખ્તર. **टोप**–માથે પહેરવાનુ બખ્તર **रंगाउलि**–એક જાતનું બખ્તર. **खांडां**–મોટી તરવારો. **खेडां**–ભાલા. **पटा**–પટા ફેરવવામાં વપરાતું હથીઆર. **कटारी**–કટાર. **सींगणि**–કામઠા. **जोझमली**–ઝૂઝવામાં, ઘૂમતા લઢવામાં સારી **लीजइ सारवसारी**–સારી સારી ટાળીને લેવાય છે.

૮૮ **छत्रीश दंडायुध**—છત્રીશ જાતનાં આયુધઃ—ચક્ર, ત્રિશળ, ધનુપ, વજ્ર, બાણુ, કૈવાણુ, તુફંગ (બદુક), કોકબાણુ, ફરશી, કટાર, છરા, સેલ (બરછી), ખેટક (ઢાલ), ગદા, સાંગ, તોમર, પાશ, ભુશંડી, બાંટ, ખંજર, જંબુર, લઠ્ઠ, જંત્ર, અંકુશ, ભાલુ, હળ,

મુશળ, ખાંડુ, ખરખટ, જંબાલ, જરહ, ગુપ્તી, ગુરજ, દલ (કુહાડો) પટા, પિસ્તોલ

पडण पड्या–નમસ્કાર પડ્યા, ભોંયપર પડીને દંડવત નમસ્કાર કર્યા. **आसापूरी**–આશાપૂરી–ચોવાણોની શક્તિ

૧૮૯. **जींपाडे**—જીતાડે, કાન્હડદેને જય આપે. **सं० जि, प्रा० जिम्प,** જૂ૦ ગુ૦ **जींप. आशिका**–ઉતારેલી આરતીની શગ ઉપર હાથ ધરીને પોતાની આંખોએ લગાડવાની ક્રિયા. તેમજ દેવની વિભૂતી, ન્હાવણનું જળ વગેરે લઇને પોતાની આંખોએ લગાડવાની અગર કપાળમાં ચોપડવાની ક્રિયા

भटाउली प्रवाहि—ચાલવામાં. વેગમા **कडाहि**–કડાઇ, **सं० कटाह पडख**–સરસાઈ. **सुखासनि**–સુખપાલે બેસીને, **आलोर्चा**–દર્પણમા મો જોઇને, ઠીકઠાક થઇને અગર સારા શુકન સારૂ દર્પણમાં જોઈને **सेलहुत**–જમીનદારની તરફથી વજે વગેરે ઉઘરાવનાર અમલદાર, સેલોત. **तूरकी**–તુર્કસ્થાનના, **पइठाणा**–પ્રતિષ્ઠાન–પૈઠના **अहिठाणा**–અહિચ્છત્ર–પાચાળના. **ऊंदिरा**–ઉદરના રંગના **कलथीआ**–કલથીના રંગના. **क्षेत्र**–ઉત્પત્તિસ્થાન. **वाहिक**–પંજાબ. **ऊडणभ्रमरी**–દરિયાના વમળમાથી ઉત્પન્ન થએલા. **विशेषगति करइ**–ખાસ ચાલે ચાલે છે **समुद्रमांहि वस्या**–દરીઆમા જન્મેલા. ઘોડા વેચવા આવનાર વખતે ગપ મારતા હશે કે અમારા દેશમા અમુક જાતના ઘોડા સમુદ્રમાં થાય છે। સમુદ્રમથનમાંથી નીકળેલઃ ચૌદ રત્નોમાં 'ઘોડો' પણ એક હતુ તે પ્રખ્યાત છે. **बावना चंदन**–એક જાતની સુખડ. **पाखर**–ઘોડાનું બખ્તર. **पातली पटाटि**–પાતળી ગરદન ? **पीतलहर**–પીતળનાં, '**ह**'= છઠ્ઠીનો પ્રત્યય તેમજ 'ર' પણ છઠ્ઠીનો પ્રત્યય. એવડી છઠ્ઠીનુ ઉદાહરણ. **परनारीसहोदर**–પરસ્ત્રી ને સહોદર–મા જણી બહેન ગણનારા. **बोलावी मारि**–બોલાવીને હાકેટીને મારે; અણચિંતવ્યા અણજાણમાં નહિ. **मारि नइ मरि**–મરે તો મારીને મરે. **छत्रीस युद्ध सरम करि**–યુદ્ધમાં વપરાતી છત્રીસે કળા–કવાયત જાણે એવા. **हूंते**–છતાં. **सं० भू** ઉપરથી. **तेह राउते**

चालते हूते સતીસપ્તમી. **सं० तेषु राजः त्रेषु चलत्सु सत्सु. रत्नाउली**–રત્નાવળી, શિરપેચ મુકુટનાં જડેલાં રત્નોની પંક્તિ. **फड ड्या**–મદમાં આવ્યા. **फेत्कार**–ફુત્કાર–ફુફાડા. **आसणी**–[**सं० अश्वः प्रा० अस्सो** જૂ. ગુ. **आस** ઘોડો; '**णी**'=ની. છઠ્ઠી વિ૦] ઘોડાની. 'ણી' પ્રત્યય સંબંધાર્થે ઘણો જ થોડો વપરાયલો છે. **बंदीजन**=ભાટ, ચારણ **बिरुद्दावळी**–બિરૂદનાં ગાન. **सनाह**–બખ્તર.**सं० संनाह. धनख**–ધનુષ્ય. આ રૂપ હિંદીમાં કાયમ રહ્યું છે. **अणी**–ભાલાની અણી. **अणी तणा अंगार**–અણીઓ અંગારાની પેઠે ચમકતી હતી.

૧૫૦. **त्रंबकि**–ત્રબાળુ, મોટી નોબત.

૧૫૧. **उपरि थिका**–ઉપરવાટે. **घाटि**–નાકે, ઘાટે; **सं० घट्ट**, તેની જ રીતે પહાડ–**सं० प्रघट्टक. नह**–નોબત. **तरवरीआ**–**तरव**ગી રહ્યા. બાડ થઈ. **नलहाटि**–તળાટી તળેટી

૧૫૨ **लेम्बिउ**—લઈશુ

૧૫૩. **पइसी प्राणि**–બળ કરીને, પરાણે પેશીને **मारिजो**–મારજો. **अप० मारेज्जा** Potential

૧૫૪. **हेरु**—બાતમીદાર, ચાર.

૧૫૫. **केडि**—કેડ, પૂઠ. **तारव्या**–વીણી કાઢેલા, તારવી કાઢેલા, ચૂંટી કાઢેલા.

૧૫૬. **दीवी**—મશાલ, **सं० दीपिका.** કચ્છમાં હાલ પણ એ અર્થમાં વપરાય છે.

૧૫૭. **जांगी**–જંગી, મોટાં. **मांटी**...........**पराण**—કાયરના તો જોઇને પ્રાણ નીકળી જાય એમ બધા મર્દ મૂછે વળ દેતા હતા–મૂછ મરડતા હતા, એમ અન્વય લેવાનો છે. લશ્કરમાં ભીરૂ તો હતા જ નહિ.

૧૫૮. **काठगढ**–લક્કડકોટ. **चूकी रह्या ते नासि**–ચોકી રહેલા મુસલમાનો નાસે છે.

૧૫૯. **हाक**–હાંકોટવું તે; **सं० आकारय. दृशामुहव्या**–દિગ્મૂઢ થયલા, ગભરાયલા. **काने पडीआ ढाक**–કોલાહલથી કાને ધાક પડી ગયા, કાન બહેર મારી ગયા.

૨૦૦. **छांडी छाक**—છક, મગરૂરી, ટીશી મૂકી દીધી. **आपोप**-આપો આપ, પોતાની મેળે. **बलक क**–?

૨૦૧. **घाह**—ત્રાહ્ય, ત્રાહ્ય; **सं० त्राहि. किम्हि**–કેમે કરીને. ગમે તેમ. **ऊवेले**–ઉગારે; **प्रा० उव्वर**, જૂ. ગુ. (મૂળ)–ઉવલ, (પ્રેરક) ઉવેલ, સરખાવો; ઉગ્ગર ઉપરથી ઉછેર. **सार**–સાહ્ય.

૨૦૨. **जरह**=બખ્તર, **जीन**–પલાણુ–પલાણુ પર નાંખવાનુ બખ્તર. **लेवराई**–લેવાય.

૨૦૩. **वेढि**—વઢવાને, લડવાને, લડાઈ સારૂ, અવ્યયરૂપ.

૨૦૪. **हळहळ करी**—કલબલાટ કરીને.

૨૦૫. **पीआर**—પારકાં.

भणी अजूआलां.—અજૂઆલાં ભણી. **आपण**–પોતાના–પોતાના પક્ષના; (**सं० आत्मन**). **पीआर**–પારકા, દુષ્મનના; (**सं० पर**). **विगत न लाभई**–વ્યક્તિની ખબર પડે નહિ. **बइठी**–બેશી ગઇ, ભાગી ગઇ.

૨૦૬. **तीना**—તેજ. **ऊठवि**–ઉડાવે, ફેંકે, કુદાવે.

૨૦૭. **जरहजीण**—એક જાતનું બખ્તર. **आंगां**–અગ ઉપર પહેરવાનુ બખ્તર.

૨૦૮. **पाखर फोडइ**—બખ્તર વિંધી નાખે. **विछोडइ**–વછોડી–તોડી નાંખે.

૨૦૯. **लोह कटाकटि वाजइ**—તરવારો કટાકટ અવાજ કરતી અથડાય. **भाजइ**–કાપી નાંખે.

૨૧૦. **मालतणी**............**झूंटइ**–મલ્લની પેઠે બાથે આવે અને વળગા ઝૂમી કરે. **माल**–મલ્લ. **डोट**–ધોલ, અડબોથ. **वजावइ**–વગાડે છે, મારે છે. **भडइ**–લઢે છે.

૨૧૧. **उपरि थीं**..............**ढलि नीहाउ**—ઉપરથી (હાથી ઉપરથી) પૂંતાર–મહાવતો નીચે ભોયપર પડે છે તેના પગ ભાગે છે; (યોદ્ધાઓ) હાથીઓની સૂંઢ વાઢી નાંખે છે ને ઢિંચણુ કાપી નાખે છે તેથી તેઓ ભોંય ઢગલો થઇને પડે છે. **ढांचो**–ઢિંચણુ. **नीहाउ**–ઢગલો. **सं० निकाय, प्रा० निहाउ**. જૂવો **पाइयलच्छी**.

૨૧૨. **कंध [सं० कंधरा]**–કાંધ. **धगड**–મુસલમાન; તુર્ક ઉપરથી. ચાલુ બોલીમાં ધગડો–સિપાઈ. સરખાવો **तर्कु**–ત્રાક ઉપરથી **प्रा० धग्गो**. **मारेवा**–જૂવો **का० प्र० १–९४–९६** ની ટીકા.

૨૧૩. **मारीथल**–કસાઈખાનું. **पग मेल्हणु न जाइ**–પગ મેલ્યો ન જાય –પગે ન મુકાય. **व्याहणा मांही**–સવારમાં–પ્રભાતમા; **स० विभा** ઉપરથી; **प्रा० विहाणम्**. સરખાવો ' ઢોલ્લા મઇં તુહુ વારિઆ, મા કરૂ દીહા માણુ; ણિદ્દઇ ગમીહિ રત્તડી, દડવડ હોહી વિહાણુ !'

૨૧૪. **फेरी**—ફેરવીને, મરડીને. **चंब**–ચર્મ–ચામડું.

૨૧૬. કેટલીક પ્રતમા ' રણિક્ષેત્રિ ' એવો એવડી ' સપ્તમી 'વાળો પાઠ છે. અર્થની સ્ફુટતાને માટે મુકી દીધો છે.

૨૧૭. **करासिं कोडि**—કેડ લેશે, પૂંઠ પકડશે. **ऊवेले**–ઉગારે; જૂવો **का० प्र० १—२०१** ટીકા.

૨૧૮. **पांजरी भागी**–હાડપજર ભાગ્યાં. તૂટી ગયાં

૨૧૯. **भागे कणसे पडी तरुआर्युं**—ભાગેલે પાને–પાનાં ભાગેલાં એવી તરવારો રણાગણુ પર પડી હતી. સરખાવો હાલ કાઠીઆવાડમાં વપરાતુ રૂપ. 'તરુવાર્યું'

૨૨૦. **कंध**—કાંધ. **कबंध**–ધડ. **कचरावोह**–કાદવ. **वोह**=વહેળો; સરખાવો ખેડા જીલ્લાની નદી મેસવો–મેહવોહ–વર્ષાદના પાણીનો વોહ, તેમજ કચ્છી અને કાઠીઆવાડી શબ્દ ' વોકળો ' **पखालिआ**–પખાળ્યુ. ધોયુ, સાફ કર્યું.

૨૨૧. **कान्ह तणु अवतार**—કૃષ્ણનો અવતાર.

૨૨૨. **सिंहार—**સહાર, નાશ. **संखेपि**–સક્ષેપે. ટૂકામા.

૨૨૩. **संपजइ**=સાંપડે, મળે. **सं० संपद्यते–प्रा० संपज्जइ**. **निधान**–ભડાર જૂવો. **का० प्र० १–९** ની ટીકા. **रेवत**–ધોડો સંસ્કૃત શબ્દ નથી પણ **रय**=વેગ ઉપરથી બનાવી કાઢેલો જણાય છે. **बझइ**–બાંધે છે **सं० बध्यते**.

૨૨૫. **वाहलां नहीं वियोग**—વ્હાલાંનો વિયોગ નહીં. સમાસની વચમાં

'નહીં' મુક્યો છે–**सजन**–સ્વજન, પોતાનાં માણસ. સરખાવો સ-જની–બ્હેનપણી.

૨૨૭. **मयगल......बारि** [**सं०** म कल મદથી મસ્ત–ગાંડો થયેલો; વિશેષણ; જૂ. ગુ. મયગળ, ગુ० મેગળ]–પુણ્ય હોય તો બારણે હાથી બંધાય છે.

૨૨૮. **वेणि—सं० वेणु** નરજાતિ; વેણુ–ગુ. નારીજાતિ. 'વેણુ વાગી' **खाट**–ખાટલો, પલંગ.

૨૨૯. **पुत्रसंतान**—એક જ અર્થના બે શબ્દનું જોડકું. સરખાવો છૈયાં છોકર. **पाधरा** [**सं० प्रध्व**]–સિધા, અનુકૂળ.

૨૩૦. **सार**—સારાં, ઉત્તમ. **ऊजली**–ઊજળી, નિષ્કલંક.

૨૩૧. **त्रिणि वार..............मंगलाचार**—ત્રણે વાર–સવાર, બપોર, સાંજ; એકસો ને આઠવાર; પુણ્યે ઘેર ત્રણે કાળ–સદા–એકસોને આઠવાર મંગળ થાય છે. **कडूउ चवइ** [કડવું **प्रा० चव**=બોલવું]–પુણ્ય હોય તો માણસની બોલી મીઠી થાય. નઠારૂં ન બોલાય.

૨૩૨. **पुण्यइ......आदरि**—પુણ્ય હોય તો માણસ આદરવડે–અંતઃકરણ-પૂર્વક હોંસથી–પુણ્ય કરે. પુણ્ય કરવામાં હોંસ થાય.

૨૩૩. **अणयुगतूं**—અસંભવિત, ન બને એવું.

૨૩૪. **पुहुवि**—પૃથ્વિમાં–દુનિઆમાં.

૨૩૫. **बंदणिं**—બંદીજન, ભાટચારણ વગેરે.

૨૩૬. **न्हलाई खेव**—તરત, ત્વરાથી નવરાવીને. **देव**-મહાદેવ. **वद्धामणी**–**सं० वर्द्धयति, वर्द्धापयति,** (નામ) **वर्द्धापनम्, प्रा० वद्धावइ**–વધામણી.

૨૩૭. મદન—મૂળ અર્થ (**सं० मद्** ઉપરથી) કામદેવ; પ્રશસ્તપણું બતાવનાર શબ્દ **मदनभेरी**=ભેરી–મોટું–સારૂં ભૂંગળ. સરખાવો મદનબાટ=મેવાવાળો ઉત્તમ કંસાર; તિરસ્કાર બતાવતા નાન્યતર-જાતિ લગાડેલો શબ્દ મદનીઉ [=ઓછી ઘી નાંખીને બારી કાઢેલો કંસાર.] **तलिया तोरण**–બરૂના પોલા સાંઠાનું ત્રિકોણ પાડીને બના-વેલું તોરણ–તરીઆતોરણ; **सं० त्रिक** ઉપરથી. **गूडी**–ન્હાની ધજા.

સરખાવો ગુડીપડવો (પ્રાકૃત જનોનો 'ઘોડી' પડવો ')=શાલિ-વાહનના શકના આરંભનો—પહેલો દિવસ ચૈત્ર શુદ પડવો. તે દિવસે ઘેર ઘેર ન્હાની ધજા ચઢાવવાનો રિવાજ દક્ષિણમાં છે.

२३८. **देवराइ**—દેવાય છે; **रास**—દાંડીઆ લઈને ઢોલના તાલ પ્રમાણે ગોળ કુંડાળામાં ફરતાં નાચવાની રમત. રાસ લેવા—દાંડીઆ રમવા. લૂણ=મીઠું. **लूणणां**-નોંછાવર, મીઠું ઉતારવું તે, અલખલા જવા સારૂં મીઠું ઉતારવું તે. **पेखणां**-તમાસા જોવાના.

२३९. **फूल पगर**—ફૂલના ફગર—ઢગલા; **सं० प्रकर**. સરખાવો 'ફુલ ફગરનો ધાઘરો, એને સાળૂડે કસબી કોર રે.' **अबीर— अ०—शक**-રીઆં બારી દળીને કરેલો—સુગંધ મિશ્રિત—ધોળો અગર કાળો પીળો લોટ. બ્રાહ્મણોએ આ શબ્દને સંસ્કાર આપીને સંસ્કૃત બનાવી દીધો છે. **अबिलं च गुलालं च।**

२४०. **खांडव**--? કોઠારી—કોઠારનો ઉપરી. **चासणी—खाण,** ચંદી. હાલ ગુજરાતીમાં ઘોડાને ખવરાવવાના દાણા સંબંધે નહિ પણ બીજાં ઢોર—ગાય, ભેંસ, વગેરેના સંબંધમાં ખાણ શબ્દ વપરાય છે. કચ્છ-માં એ અર્થમાં વપરાય છે.

३४१. सावेक —સહુ કોઈના. **मांहिलि मुहलि**—માંહિલે મહોલે, અંતઃપુ-રમાં, રણવાસમાં.

२४२. **मांडवि**—માંડવામાં. **ऊढणि**—ઓઢણી. **प्रा० होरणं वत्थे। दे० ना० मा०।**

२४३. **निगोद्र ?**—આ બહુ વપરાયલા શબ્દનો અર્થ સ્ફુટ નથી. **नेउर—सं० नूपुरं—प्रा० निउरं—नेउरं—पक्षे नूउरं** નેપુર, પગનું ઘરેણું.

२४४ **थाट**—થાળ. **चुक**—ચોક. **स० चतुष्पथ.**

२४७. **बेलिइ**—બેલે, બેલડીએ, જોડે, પડખે. **स० द्वि.** સરખાવો બેલું, બેલી, બેલ

२४८. **सरसां**—સાથે. **संबल**—ભાતું, મુસાફરીમાં જોડે રાખવા કરેલું ખાવાનું. **सं०** [illegible] પા[illegible]રણાં—પેરણાં—લુગડાં. **माणस तणां**

वर्ण अढार [ઉલટાવેલી રચના જૂવો]—અઢાર વર્ણું તણું માણુસ. पसूयां—જનાવરો.

૨૪૮. प्रतपे—તપો; सं० प्रतपतु. कोडि—ક્રોટિ, કરોડ. वरिस—વરિસ, વરિસુ—વરસ. सं० वर्षम्. સરખાવો માતા તેડતી વખત ગવાતું ગીત. 'શંદલ ત્રૂઠયાં દો રે આશીષ; ઘણું જીવો..........કોડિ વરિશ.' તેમજ 'પ્રતપો કોડિ વરીસ.' पंचा- तह—પચામૃત વડે, દૂધ, દહિં, મધ, ઘી અને સાકર વડે.

૨૫૦. सोल उपचार—ષોડશોપચાર—પૂજાના પ્રકારઃ—આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પ્રદક્ષિણા, નમસ્કાર, અને પુષ્પાંજલિ. भगति—ભક્તિ. એ નવ પ્રકારની ગણાય છે; શ્રવણુ, કીર્તન, સ્મરણુ, પાદસેવન, અર્ચન, વદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન.

हारइ—નમસ્કાર કરે.

૨૫૧. असंभम—બનાય નહિ એવી—બની શકે નહિ એવી. ઘણી વિકટ.

૨૫૨. तास—તેની. सं० तस्य. प्रा० तस्स. आमलि—જોટાની. वागडि—વાગડમાં.

૨૫૩. थाहर—ઠાર, જગા. सं० स्थलम्. प्रसाद—પ્રાસાદ—મંદિર.

૨૫૪. सि—પોતાની. सं० स्वीय. पांचे लिंगि—પાંચે લિંગમાં—લિંગના પાંચે કટકા મળીને આખા સોમનાથ થયા તેની જે પૂજા કરે.

૨૫૫. આ લિંટી બીજા ખંડની છે પણુ અર્થની સુગમતા સારૂ આ ખંડમાં ઉમેરી છે.

પ્રથમ ખંડ—વિવેચન સમાપ્ત.

બીજો ખંડ–'વિવેચન'.

૧. **तणुं**—જૂવો. ખંડ ૧–૪ ની ટીકા. **बंम**–જૂવો. ખંડ ૧–૧૩ ની ટીકા. બીજી લીટી ઔચિત્ય જોઇને પ્રથમ ખંડમાં મૂકી છે. વખતે લહીઆની ચાલાકીથી અહીં પેશી ગઈ હશે એમ જણાય છે.

૨. **नासी उवल्या**—નાસી છૂટયા, નાસીને ઉગર્યા; **प्राग उव्वर**–પાછળ રહેલું–ઉગરવું. **एक**–કોઇ, કોઈ એક, કોક; અનિશ્ચિત સર્વનામ. **विहीण**–વગર. **भूखई**–ભુખે. **खीण**–ખિન્ન, દુ:ખી.

૩. **घूमन्ता**—ચકરી ખાતા, લડથડતા, અડબડીઆં ખાતા. **घाइ**–ઘાને લીધે, ઘા વાગ્યાથી–**डोली**–ડોળીએ. **ऊपाड्या**–ઘલાયા, ઉપડાયા. **तणइ**–તણે; છઠ્ઠીનો પ્રત્યય. **टोइ**–ટુવે, ટીપે ટીપે પાય. **पलइ**–જાય.

૪. **रलतां**—રઝળતાં–**री**–જે ઉપરથી રય–વેગ જવું. તે પરથીજ રખડવું, કાઠીઆવાડી રડવું (ગબડવું અથડાવુ). સરખાવો ' ભાલણની કાદમ્બરી–શ્યામવર્ણું સ્ત્રી નીલાંબરનું પિહિરણિ પાઇ **रलतु**.' કડવું ૨. કડી. ૪૬.' **थ्या**–થયા. હાલ કાઠીઆવાડ અને કચ્છમાં આ રૂપ વપરાય છે. ' દીઠે મુકે દીઅણુ થ્યા અલા બાણુ મારી વયલો બારોચો. એક કચ્છી કાફી. **नयरि** નગરી–જૈન કવિયોની કવિતામાં આ રૂપ ઘણું વપરાયું છે. ' અનુપમ નયરિ ઉજ્જેણુ, લલનાં. **ऊगण्या**–અવગણ્યા, અપમાનિત, તિરસ્કાર કરાયલા. **अंधारुं करी**–અંધારૂં કરીને, હાર પામીને, લાજવા જેવી હાર ખાઇને. **अंतरि**–આડું.

૫. **अस्यु**—આવું. **भावइ**–ગમે. સારૂં દેખાય. **पइठु**–પેઠો. **भागा तणी**–હાર્યાની. હાર ખાધાની. કેટલીક પ્રતનો પાઠ '**सागातणं**' છે. **सागी**–શોકમય ખબર. **रकणां**–મુસલમાનીઓ.

૬. **करांकी**—[**सं. कक्षा**] ખડકી, કરાખી, ઘરની આગળનો ભાગ–**पहिरणी**–પહેરવાનામાં; હેત્વર્થ. **सूथणी**–[**सं. सक्थि**=સાથળ] સાથળે પહેરવાનું તે, ચોરણા, તુમાન, પાયજામા; સરખાવો. ઝાંઘ–

ઝંધડી, ટાંગ-તંગડી. **नेउर [सं. नूपुर-प्रा० नेऊर]** નેપુર, પગનું ઘરેણું.

૭. **लाखई**—ફેંકી દે, કાઢી નાંખે; સુરત તરફ હાલ વપરાતું રૂપ. **एकावलहार**—એક શેરો મૂલ્યવાન હાર. **सवि**—સઘળા. **वीणि**—વેણિ, ચોટલો. **विछोडे**—છોડે, વછોડે. **दोर**—દોરી, માથાનું નાડું. **लूस्या बंदोर**—લૂંટેલા બંદર જેવી. તે વખત ચાંચીઆઓનો જૂલમ કેટલો હશે તે સૂચવે છે.

૮. **रहइ**—રહે, જંપે. **थ्यु**—થયો; ગ્યાના જેવું રૂપ. **विखवाद**—ઝેર જેવું, ઝેર કહેવાય એવુ. **रोआवी**—રોવરાવાઈ. **मुहगी मूलि**—મૂલે મોંઘી, મોંઘેરી, ઘણી વહાલી.

૯. **फूटरा**—ફૂટડા, ગોરા, રૂપાળા. **वाउला**—જૂવો. ૧–૮૮ ની નોટ. **रणि वाउला**—રણઘેલા. **माउला**—પ્રીતિવાચક શબ્દ—માજી, પૂજ્ય સગાં, **मातुल** મામો, સસરો, પૂજ્ય? **म०** માઉલી. 'રામદાસ માઉલી.'

૧૦. **स्याप**—શાપ. **सांथ**—બાંધ્યાં હાટ વગર ભરાતું બજાર, ગુજરી. **विसाणे**—મળવાને, બેસવાને, ભરાવાને ઠેકાણે. **पडीया वाट**—વાટ પડી, વાટ બંધ થઈ, રસ્તો સૂનો થઇ રહ્યો. **देवराणां**—દેવાયાં, વસાયાં. વીસનગર તરફ હાલ પણ વપરાય છે. સરખાવો ખવરાંય, જવરાંય, કેવરાંય.

૧૧. **एकाएकि**—એકથી બીજાને મ્હોડે, એક એકથી. **सणिजि**—સંભળાય છે; શણ—સાંભળવું; શણી લેવું—સાંભળી લેવું; હાસ સાંભળ્યું ન સાંભળ્યું હોય તે સમજી લેવું એ અર્થમાં. **सखि**—દીલગીર થવા જેવી વાત, શોકની ખબર. **निन्नानि**—નક્કી. **ते**—તેમને; બીજી વિ૦

૧૨. **[illegible]**—ભડવીર. **दीधउ दाउ**—દાવ દીધો, હાર ખવરાવી. **आगलि**—સામે.

૧૩. **अवधारू**—સાંભળો. **वीतु**—વીતેલું તે. **सीदा**—દુઃખી થયા. **सं. सीद्**. **खानि**—ખાન પણ.

૧૪. **मीरां**—અમીરના અર્થમાં વપરાતો બોધ. બહુધા સંત જેવા ને

લગાડાય છે. **खवार**–નાશ પામ્યા. **सैद**–સૈયદ. **मलाणे**–મુલ્લાંએ. **लीधा घास**–દાંતે તરણાં લીધાં; શરણે ગયા. **बांदं**·બંદા, તાબેદાર, નોકર. **बरदार**–ધારણ કરનાર–નકીબ બરદાર. નકીબ અધ્યાહાર.

૧૫. **हबसी**—હબસાન કે એબિસીનિયાના રહેનાર. **मूगल**–મોગલ. **नवि लाभइ पार**–પારે જડે નહિ એટલા, ગણત્રીએ થાય નહિ એટલા. **उदाली लीया**–પડાવી, ઝૂંટાવી લીધા. **ताखति**-લૂંટ. **छंडावीया**–તજાવ્યા, લૂંટી લીધા.

૧૬. **शाह मनि**—શાહ, પાતશાહના મનમાં. **हेज**–હેત; પ્રીતિ.

૧૭. **बंदी.........जीवता**—જીવતા કેદી કર્યા, જીવતા પકડી લીધા. **असूं**–આવું. **नेत्रि**–આંખે; ત્રી. વિ૦

૧૮. **बात.........सलाम**—વાત વાતને છેડે સલામ કરે. **एकमना**–એકદીલા. એકસપી. એક સરખા **मारइ**–મારવડે, મારાથી, મારે કરીને. **भूत**-ભૂત, મૂર્ત્તિ, સોમનાથ મહાદેવ.

૧૯. **रोल**—રોળ, સહાર. **नांखिउ**–તજી દીધું, વર્જ્યું. **तंबोल**–પાન.

૨૦. **देसाउरि**—દેશવિદેશે. **बिइसइ**-બેસે, સભા ભરે. **बाहरि मूहुल**–મહેલની બહાર દર્શણ.

૨૧. **सारू**—બધું. આખું.

૨૪. **विमासी**—વિચારી. **साथि थिकु**–સાથે થઈ, જોડેજોડે. **खांडाधर**–તરવારીઓ. ઈલકાબ તરીકે છે.

૨૫. **मसूरति**—[अ. મસવરતી] મસલત. **सीखामण**–હૂકમ, **नामजाद**–વખણાતા, પકાતા. **लिउ**–લો. **नूंप्यां**–નિર્માણ કર્યાં. **उडऊ हाथ**-હાથ લબાવો.

૨૬. **साहण**—લશ્કર. **सजाई**–તૈયારી. **सिउं**–સાથે. **मांडउ**–માંડો.

૨૭. **चलावउ**—ચલાવો. **सोबति वाहु**–જોડે લો, સાથે રાખો. **आपापणा**–પોતપોતાના. **लेओ**–લેજો. **झूझार**-લઢવૈયા, ઝૂઝનારા.

૨૮. મયગલ—મદ ઝરતો હાથી. **पालउ**—પાળો.

૨૯. **करी कूड**—કપટ કરીને. **पासउ**—પાસું; નરજાતિ, હાલ નાનતર. **हांसउ**—ઠેકડી, મશ્કરી; નરજાતિ, હાલ નાન્યતર.

૩૦. **करा...उ**—કરશે. **विछोडि**—વિક્ષેપ પાડીને, ફાટફૂટ પાડીને. **सिरि कीधूं**—માથે ચઢાવ્યું.

૩૧. **हलहल**—ઝટપટ. **पाछउ**—પાછું. **पछइ**—પછી.

૩૨. **हीइ.........फराण**—મનમાં ઘણું બળ, ધુમડાઇ રાખે છે. **बेटउ**—બેટો—દિકરો.

૩૩ **विसमु**—દુર્ગમ. **अछिइ** [અછઇ—અછિઇ—છિઇ—છિ—છઇ] છે. **लेसिउ**—લઇશું. **तल टाइ**—**का०प्र०१–१९१** ની ટીકા જૂવો. **घोरिं**—ઘોરમાં. **जि**—જ.

૩૪. **भडतां**—લઢતાં. **किमइ**—કેમે.

૩૫. લશ્કરે ઝાડબીડ ભાગી નાંખ્યાં, મુલક પાદર થયો; ને નવાણનાં પાણી ખૂટીને કાદવ ડહોળો થઈ ગયાં. **जिम**—જેમ.

૩૬. **तरक**—મુસલમાન. **उतरीया**—વટાવી નિકળ્યા. **वुली**—વળાવી, ઓળંગીને. **घाट**—પહાડી રસ્તો. **कंदर**—ગુફાઓ.

૩૭. **रीसाविउ**—રીસાયો, ફૂફડી—કોપી ઉઠયો. **तहिं लगि छइ थाणि**—થાણે, થાણાપતિ હતો તે કારણથી. **सिं तणी.........गाजइ**—સિંહની પેઠે ગર્જના કરી ઉઠયો. **समीयाणें**—સમીઆણામાં, સીવાણામાં. સમીયાણા—સીવાના—જોધપુરથી ૫૪ મૈલપર પહાડપર આવેલું શહેર અને કિલ્લો. આ કિલ્લો ઘણો વિકટ છે અને ત્યાં ઝાલોરના કાન્હડદેવનો ભત્રિજો સાંતલસિંહ રાજ્ય કરતો હતો. એલીયટે આપેલી 'તારિખ ઈ અલાઈ'માં અલ્લાઉદ્દીનની આ ગઢ ઉપર ચઢાઇની સાલ ૧૩૦૮ આપેલી છે.

૩૮. **बूंबइ बूब**—બૂમેબૂમ. **सुणीजिइ**—સંભળાય. **भणइ**—કહે. **करु**—કરો.

૩૯. **आजि**—[**प्रा० अज्जाइं**—] અદ્યાપિ, હજી. **नावइ** [**न आवइ**] આવતું નથી. **तु**—તો. **वाहरि**—વ્હારે, મદદે.

૪૦. **खित्रि तणु........सपराण**—ક્ષત્રિકુળનું બળવાન તેજ. ક્ષત્રિકુળ તિલક. **गमांगमां**—ચોતરફથી, ઠેરઠેરથી.

૪૧. **पाखरीया**—પાખર ચઢાવી, ઘોડાને બખ્તર પહેરાવ્યાં. સરખાવો. 'રાતો ઘોડો રણ પાખરીઓ. સહસ્ર ભર્યો શણગાર જોને.'

૪૨. **मंजोहरि-?**—ખળભળી ઉઠયું, ધબરાટથી તળે ઉપર થઇ ગયું. **मेलाण**—એડો, છાવણી.

૪૩. **काहल**—(૧) શિંગડા અગર ધંતુરાના ફુલના આકારનું ફૂંકવાનું વાદ્ય. **सं० काहलं.** (૨) મોટી નોબત. **सं. काहला. सहफलूं**—ધસારો, હૂમલો, (sortie).

૪૪. **उसरिउ**—ઓસર્યો, હઠયો. **असंभम**—અસંભવ, મનાય નહિ એવી, બને નહિ એવી. **ऊदाली लीधा**—ઝૂંટાવી લીધા. **सह**—સો. **छह**—છએ.

૪૫. **अधलूं कीधूं**, અર્ધોઅર્ધ સંહારી નાંખ્યું. **मचकाड?**—મરડી નાંખ્યુ. **वेडी**—લઢાઈ બાદ. લઢીને, હાથ બતાવીને. **क, ख, घ**માં આ તૂક નથી. માત્ર **ग** માં છે.

૪૬. **सरसां**—સાથે. **संबल**—ભાથુ=**सं० शम्बलं.**

૪૭. **वली**—વળી, આવાર પણ. ફરીને પણ. **सूंडीनि**—ચાલીને.**देखु... हमारु**—અમારો હાથ (કર્યું). જોયો, અમારૂં પરાક્રમ દીઠું. **वीतु**—વીતક, વીતેલું તે. **वरांसु**—[**सं० विमृष्**] વિચારો, **एक...... वीतु**—એકવાર શું વીત્યું હતું તે વિચારી જૂવો.

૪૮. **गढरोहु**—ઘેરો.

૪૯. **खांडायत**—તરવાર ધરનારા. **पाखरीए**—પાખરેલ, પાખરેલા ઘોડા સાથે **इत्-इयो** પ્રત્યય લગાડીને કરેલું વિશેષણ. **छडे पिआणे**—છડી સ્વારીએ, એકલા એકલી.

૫૦. **लेअ-ई** જોઇએ તેને બદલે હ્રસ્વ **अ**. આપણે લેય, દેય, વગેરે રૂપ કરીએ છીએ તેનું પૂર્વરૂપ. **विलगु**—વળગ્યો.

૫૧. **मारेवा**—મારવા. જૂવો ટીકા. **का. प्र. १-९४; १-९६. वाचि**—

[**प्रा० विचि.**] વચમાં, વચિ કીધા–વચમાં લઈ લીધા. **अंगो-अंगि**–ખૂદબખૂદ. **बिहु**–બન્ને. **उथला**–[**स७ उत्था**–સાહમુ થવું.] સામા હૂમલા. સરખાવો રાધાજીના ઉથલા–સામા જવાબ.

૫૨. **सींगिणिगण**—ધનુષ્યોની પણછ, ધનુષ્યની પણછના ટંકારવ ગાજી રહ્યા. **ऊछइ**–ઉછળે. જાણે વિજળી ઝબુકતી હોય તેમ તરવારો ઉછળી રહી. **मडइ**–લઢે છે.

૫૩. **बिहु गमइ**—બે તરફે–બે બાજુએ **वूढि**–વઢે છે. **एकधार**–એક સરખા. **केतला कहीइ**–કેટલા ગણાવીએ.

૫૪. રાજાઓમાં અને સીધલ કુળમાં બહુ બળીઓ ભોજલો ખાંડાધર સજ્જ થઇને સાહમે રણે ચાલ્યો. **सुहडइ**–સુભટે.

૫૫. **सहुइको**—સહુ અને કોની વચ્ચે પણના અર્થનો ઇ નાંખ્યો છે. **भडकमा**–કચ્છી, ભડાંકમાડ. જૂ. ગૂ. ભિડકમાડ–પરાક્રમી–કમાડ સુભટ–ડગે નહિ એવો વીર. આજ લગી બધા જેને રણમાં મહા બળીઓ જાણતા હતા તે મહાવીર ભોજલો ખાંડાધર રણક્ષેત્રમાં પડયો.

૫૬. **वधावो**—વધામણી, વધાઈ, સરખાવો વધાવો. 'વધાવો મારે આવીઓ' ગીત. **भागां**–હરવ્યાં, જીત્યાં.

૫૭. **सांढीउ**—સાંઢીઓ, રબારીઓ સાંઢીએ બેસી ખબર લઇ જતા, સાંઢણી સ્વાર.

૫૮. **हंसी**—એવી. **चाहुयाण जीतु**–ચહુવાણની જીત થઇ. **मलिकिं**–સાહચર્યાર્થે તૃતિયા. મલિક સાથે. **तीसि परि कीधी**–તે રીત કરી. એ હાલ કર્યા.

૫૯. **क्या बलाइ ऊठी**—શી બલા–આફત આવી પડી **तुरकाणइ**–તુર્કગણ ઉપર, મુસલમાનો પર.

૬૧. **मां लेचूकि**—માંહલે ચોકે–છેક અંદરના ચોકમાં. **करेवा**–કરવા જૂવો ટીકા. ૧–૪૪, ૧–૪૬, ૨–૫૧, **का० प्र० भागा**–હરાવ્યા.

૬૨. **ठामनिठोल**–ઘરબાર–ઠામઠેકાણું.

૬૩. આ તૂક માત્ર ग માં જ. **मि**–મે. **वसि–कीधा** વશમાં આણ્યાં

મે' વશ કર્યાં. અહિં वस નામ છે; હાલમાં વિશેષણ તરીકે વપરાય છે. गौड–બંગાળા: चौड–ચોલ રાજ્ય, કોરોમંડળ. गाजणूं–ગીઝની. कनूजूं–કનોજ. मरहठ–મહારાષ્ટ્ર. लाड चा–લાટદેશ. પૂર્વ દક્ષિણ ગુજરાત, કાનમ, ભરૂચ વગેરે પ્રદેશ. सिंधु–સિંધ. गूजर–ઉત્તર ગુજરાત. सोरठ–સૌરાષ્ટ્ર–કાઠીઆવાડ.

૬૪. मालव—માળવા. चंदेरी–ગ્વાલિયરના રાજ્યમાં એક જૂનો કિલ્લો અને શહેર. मांडव–માંડોગઢ–માંડુધારમાં જૂનો કિલ્લો. सारङ्गपुर–મધ્ય પ્રાન્તમાં દેવાસના રાજ્યમાં જૂનું શહેર અને કિલ્લો. रणथंभर–રણથંભોર–જયપુરના રાજ્યમાં દુર્ગમ ડુંગરી કિલ્લો. અલાઉદ્દીને ઈ. સ. ૧૩૦૧માં લીધો હતો. चीत्रोड–ચિત્રકૂટ–ચીતોડ–ઉદેપુરના રાજ્યમાં જૂનો પ્રખ્યાત ડુંગરી કિલ્લો. नागुर–નાગોર–જોધપુરના રાજ્યમાં જૂનું શહેર.

૬૫. जिमणपुर—જુઆનપુર, જવાનપુર. બનારસની ઉત્તરે આવેલું શહેર. જો કે એ પ્રદેશ મુસલમાનોના તાબામાં આવ્યો હતો પણ ખાસ આ શહેર ફીરોઝશાહ તઘલખે બંધાવ્યું. અગર–પુનરૂદ્ધાર કર્યો હતો. બેશક પદ્મનાભના વખતમાં અલ્લાઉદ્દીને જીત્યુ એમ કહેવાતું હશે તેથી એણે અલ્લાઉદ્દીનને મોંએ એમ કહેવડાવવાની ભૂલ કરી હોય એમ જણાય છે. पूर्व दिसिं जिमणपुर मथुरां वळी ते अंतरवेघ—પૂર્વ દિશામાં દોઆબમાં જમુના નદી ઉપરતું શહેર મથુરાં (મદુરા–દક્ષિણનું નહિ —ઈ. સ. ૧૩૧૧ માં સર કર્યું હતું. अंतरवेघ–દોઆબ. काकपुर–? भोजपुर–ભોપાળના રાજમાં એક શહેર. डीसा–પાલણપુર એજન્સિમાં આવેલી છાવણીનુ શહેર; પણ પૂર્વ સાગર સુધીની હકીકત અહીં છે તેથી उडीसा–(=ઓઢિયા, ઓરીસા) પાઠ લેવો ઠીક છે. चांपी–દબાવીને, બળ કરીને.

૬૭. पंडुआ—પાંડ્ય રાજ્ય. દ્વારસમુદ્રની દક્ષિણમાં જે મોટાં ત્રણ રાજ્ય હતાં તેમાંનું એક. ચેરા અને ચોલ એ બીજાં રાજય હતાં. जालंधर–જાળંધર દોઆબ પંજાબનું कास्मिर–કાશ્મિર. कामरु–કામરૂપ હિમાલયની તળેટીએ આસામ સુધીનો જૂનો પ્રદેશ. हिमाचल चूल लगइ–હિમાચળ શિખર સુધી. सं. चूडा–चूला.

૬૮. **खुरसाण**—ઈરાનનો ઈશાન કોણનો પ્રદેશ. ખોરાસાનને મેં મારા ઘોડાની ખરી તળે દબાવી દીધું. ખૂંદી વળ્યો. **निधान**—ભંડાર. **उच्च**—પંજાબમાં ભાવલપુરના રાજ્યમાં ભાવલપુરની અગ્નિકોણમાં પાંચ નદીઓના સંગમપર આવેલું પુરાતન શહેર. **मुलंतान**—પંજાબમાં.

૬૯. **चीण**—ચીન. **भोट**—ભુતાન **हंबूर**—? **दारसमुद्र**—દ્વારસમુદ્ર, મલબાર. ચાલુક્ય રાજાની પુનઃ સ્થાપના વખતે તેમની રાજધાની. મ્હેસૂર રાજ્યમાં આવેલી છે. उलग—ઓળગ, ચાકરી, રાજસેવા. **आनागूंदी**—વરંગુળના રાજ્યમાંનો ડુંગરી કિલ્લો. **बेदर** બીદર **तिलिंग**—તિલંગણુ—તૈલંગ દેશ. **मुडधा**—મડધા—જોરાવર, મલ્લ જેવા જબરા, જવાંમર્દ; નડીઆદમાં જ્યાં પૂર્વે હોળીની લઢાઈ વગેરે થતું હતું તે જગા હાલ મડધાબારી—મડદાબારી—કહેવાયછે. મર્દ ઉપરથી. છેક દ્વારસમુદ્ર સુધીથી બળવાન રાજાઓ અમારે ઘેર દડ—ખંડણી—લઈ આવે છે. ટપાલના બંદોબસ્તને અભાવે ખેપીઆ—કાસદો કાગળો વગેરે લઈ જતા તે કાસદોના ઉપરીને પણ મડધા કહેતા. અહિં એ અર્થ નથી.

૭૦. **कलबरगुं**—**वुहरि**-વુહરઈ—વેચાતાં લે છે. જ્યાં વહોરાય છે, મળે છે. જ્યાં સોનુ અને નાગરવેલનાં પાન સારાં મળે છે.

૭૧. **विषम**—જીતવી કઠણ. **चांपी**......**लीधी**—દબાવીને તરવારને જોરે જીતી. **वागिरु**—દોલતાબાદનો.

૭૨. **ऊडणभमरी**—ઊંડાણના વમળ. ઉંડાણના વમળ છે એવા દરીઆ વચ્ચેનો બેટ જે લંકા તેનો રાજા અમારે ત્યાં હાથીની ભેટ પૂરી પાડે છે

૭૩. **उखि**—? **कच्छ**—? **जाजाबंदिर**—જાવાનું બંદર. **हिरमज**—હોરમજ, ઈરાની અખાતમાં.

૭૪. **सेतबंध**........**पाज**—સેતુબંધ રામેશ્વર જ્યાં વાંદરાઓએ પાજ—પાળ, પૂલ બાંધ્યો હતો એમ સંભળાય છે—કહેવાય છે. **पाज**—પાળ. **सं. पद्या**, **जण**—માણસો, સીપાઈઓ.

૭૫. **पालटीया**—ઉંધા વાળ્યા. **सं० पर्यस्त**. બૂ. ફૂ. સરખાવો પલટવું, પલોટવું. **भडबाय**—ભડવીર. **ठाइ**—ઠેકાણું.

૭૬. **लाग्गु**—જડયો. **लाग**—તક. **अह्म**—અમને બીજી વિભક્તિ. **वयराग**—વૈરાગ્ય.

૭૭. **तेज**—પરાક્રમ—વીર્ય—બળ. **कइ**—અગર અથવા. **आयुध नाखु**—હથીઆર તજી દઈ.

૭૮. **प्रतिज्ञा**—પણ. **हूंतु** [सं. भू. નો વર્ત. કૃ.] પાંચમી વિભક્તિનો પ્રત્યય

૭૯. **काशिद**—કાસદ.–(**आ०**) દૂત, ખેપિયો. **छडे पीयाणे**—છડી સ્વારીએ. **जु** [**सं० यावत्**] પાદપૂર્ણાર્થે.

૮૦. **सजाई**—તૈયારી. **सोनार**—સોની. **चारु**—સુંદર. **पोलि**—દરવાજા. **पगार**—[**सं० प्राकारः**] કોટ.

૮૧. तिणेलाग्या—તેમાં ખપ્યું. **सरिसु—सं० सदृश**. જેવું, જેપરથી સરખું, સમ; **सम**—સાથે, તેપરથી સરિસુ—સાથે. **भल**—સારી રીતે.

૮૨. **चि[illegible] गमइ**—ચારે ગમે—ચોગરદમે. **ऊपल्हाण—सं. उद्गतं पर्याणं यस्मिन् तद् उत[illegible]. प्रा० उप्पल्हाणम्**. પલ્હાણ વગર, ખૂલ્લી પીઠે. ત્વરા દર્શાવે છે. ઘોડાને પલાણવાએ ન રહ્યા, ખૂલ્લી પીઠે સ્વારી કરીને ધાયા. **धाया**—જેવા હતા તેવા ઉઠીને પલાણ વગર ઘોડે બેશીને દોડ્યા.

૮૩. **रुंधइ**—રોકે. **मेल्हाण**—છાવણી,

૮૪. **घंटा**—હાથીઓને પીઠપરથી બે તરફ લટકાવવામાં આવે છે તે ઘંટ. **घूघरमाल**—ગળામાં ઘૂઘરાની માળા પહેરાવવામાં આવે છે તે. **खलूका**—ખલકા, ખલલ, ખલલ, એવો અવાજ. **[illegible]मस्थल**—હાથીનું કપાળ. કપાળનાં હાડકાના કુંભ—ઘડાના જેવા આકારને લીધે.

૮૫. **ऊनया—सं. उन्नताः प्रा० उण्णअ**. ઉંચા ચઢી આવેલા. **जेव्हा—अप० जेहा** અને ગુ૦ જેવાની વચ્ચેનું રૂપ. **कालामेह**—કાળાં વાદળાં. **गयवर**—ગજવર, શ્રેષ્ઠ હાથીઓ. **ठाठ चालत**—ઠઠમાં—હારમાં ચાલતા પ્રત્યયનો લોપ. **छेह**—છેડો—અંત—તાગ—પાર.

૮૬. **सालीहोत्र**—શાલિહોત્ર—અશ્વવિદ્યા ઉપર લખનાર, તે ઉપરથી અશ્વ-શાસ્ત્ર. **कसूटी**—કસોટી—પરીક્ષા. શાલિહોત્ર પ્રમાણે કસોટીએ ઉતરે

એવા શ્રેષ્ટ કરોડો ઘોડા. **केकाण**–ઘોડા. **सबे** [illegible]**ले**–સઘળા દળ સાથે–સઘળું દળ લઇને.

૮૭. **मोइ**—માછલાં પકડવાનો ધંધો કરનારી એક જાત. **मेहर**–એક નાત, પાલખી ઉપાડવાનો ધંધો કરનારી. **ठाठीया**–ઠઠ્ઠી, ઢોરનું ધણ રાખવાની જગા. ઢોર પાળવાનો ધંધો કરનાર જાત. કચ્છમાં હાલ ઠઠ્ઠી શબ્દ પ્રચલિત છે.

૮૮. [illegible] **वाणीया**—કટક-લશ્કરની જોડે વેપારને અર્થે જનારા વાણીઆ. **वस्तु**—વેપારની ચીજો. **गाडे चडी**........**आवइ**—ગાડા ઉપર ઘાણી ગોઠવીને ઘાંચીઓ ફેરવતા ચાલ્યા આવે છે. **खेडता**–ચલાવતા.

૮૯. **गांछा**—ઘાંચા-વાંસફોડા. જૂવો ' જંગમ ફાડે વાંસ, ઘટ લીધો કર ઘાંચે. ' શામળ. **सतुआरा**–કડીઆનો ધંધો કરનારી એક જાત. **बाबर**-? કાઠીઆવાડમાં બાબરાવાડ કરીને પ્રાન્તની સાથે કાંઈ સંબંધ હશે ? **उड**–ઓડ–જમીન ખોદનારી જાત. એ ફરતી જાત છે, નવાણો ખોદે છે, કયારડા બાંધે છે વગેરે કામ કરે છે. સિદ્ધરાજ જયસિંહની જશ્મા ઓડણની વાત ઇતિહાસમાં જાણીતી છે. **तंबोली**–પાન વેચનારા.

૯૦. **बगनी**-? **भाठी**–દારૂ ગાળવાનું યન્ત્ર. વાસણ. **खमार**–ભંડારી જેવી એક નાત જે દારૂ ગાળવાનો ધંધો કરે છે. **भठाया** [illegible]–રાંધેલું ધાન વેચનારા, રાંધનારા. **घाटघडा**–ઘાટ ઘડનારા.

૯૧. **सलावट**—સલાટ, પથ્થરઘડા. **छोह**–છો, ચૂનો सं० **सुधा** [illegible]. **चूनारा**–ચૂનો પકવનારા. **बुहरा**–વહોરા. **कागलकूटा**–કૂટીને કચરીને કાગળ બનાવનારા. **तूनारा**–રફુગર.

૯૨. **वाणजू**—વણજ કરનારા, વાણીઆ. **उलगाणा**–ઓળગાણા, ભંગી જેવી એક જાત. [illegible]**टकटांया** [सं० **कटक**]–લશ્કરી, લશ્કરમાંના ? **हबसी**–હબસ-એબિસિનિયાના રહેનાર. **माथाइत**–ભાથા ધરનાર, તીરંદાજ. **फरसीधर**–ફરસી, કોવાડી રાખનારા.

૯૩. **च**[illegible]**लतां**—ચાલવાને લીધે, ચાલવાવડે. **शेष**–શેષનાગ–એ નામનો નાગનો રાજા. પ્રલય કાળને વિષે વિષ્ણુ નારાયણ રૂપે એના ઉપર

ધ્યાન કરે છે. એ પાતાળના પ્રદેશનો અધિપ છે. એ રામાવતાર વખતે લક્ષ્મણ થઇને અને કૃષ્ણાવતાર વખતે બલરામ થઇને અવતર્યો હતો. એને સહસ્ર ફેણ કલ્પી છે. એ પૃથ્વિને પોતાની ફેણ ઉપર ધારણ કરી રાખે છે એવી પૌરાણિક કલ્પના છે. ન० કોષ. सायर–સમુદ્ર, સાગર प्रा० सायरो. अप० सायरु. रेलणहार–રેલી નાંખે, ડુબાવવા નાંખે એવાં પૂર.

૯૪. वरगां–બણુગાં.–कुंडी–દાંડી. नफेरी–શરણાઈ જેવું પણ લાંબુ ફૂંકવાનું વાદ્ય. जांगीढोल–મોટુ ઢોલ, જાંગડજાંગડ અવાજથી વાગે માટે. सुणीइ–સંભળાય છે. जोयण–જોજન, યોજન, ચાર ગાઉનું અંતર.

૯૫. भडवाउ—ભડવીર. पइठा–પેઠા.

૯૭. अ[illegible]य– અલ્લાઉદ્દીન. धुरि–પહેલાં, આરંભમાં. तु–પાદપૂર્ણાર્થે.

૯૮. रुंधी––રોકી, આંતરી. रहठाणु–રહેઠાણ.

૯૯ पुहुचइ––પહોચે, ચાલે, નભે. कण–દાણા.

૧૦૦. सूकांखड––સુકકુ ઘાસ. चणा नि कोरडी–ચણા અને મઠ. प्रा० कोयद्रो. पूली–પૂળી. कडब–જારના પૂળા. बांध्या चरइ––બાંધ્યા બાંધ્યા ખાય છે. બેઠા ખાય છે.

૧૦૧. काठी––બળતણ. लूण–મીઠુ. वरस सु पुहचइ–સો વરસ ચાલે એટલુ. पहिलइ.........मुंजाई–પહેલે પહોરે, બપોરે અને સાંજે રાંધી રસોઇનો સાદ પડે. ‘ કોઈ ખાનાર છે ’ એવો ધર્મસાદ પડે.

૧૦૨. नीठइ—નીઠે, ઉણાં, થાય. ઘટે. जु–જો–तु–તો. मेघ–વાદળાં. उलीचइ–ઉલેચે.

૧૦૩. गढया ૨––કિલ્લાનું સ્થળ. Position. पोलि–દરવાજા. पगार–[सं. प्राकार:]–કોટ. कोठा–બુરજ. फारकी–પથ્થર ફેંકવાનાં યંત્ર. मार–મારા.

૧૦૪. त्रिकलसइ—ત્રિકલસે–ત્રણ નાના ઘુમ્મટ ઉપર કળસવાળા મકાન ઉપર. મહેલના ઉંચામાં ઉંચા ભાગમાં હોય છે. [illegible]रताणा–સુલતાની–સુલતાનનું. पालि–પાળે, પાળ ઉપર.

१०५. एक थंभ—એક થાંભલાવાળો નાનો તંબુ. घोडानी हार— ઘોડાની હાર. परि રીત.

१०६. मेजा—વાવટા. साहण—સૈન્ય. अचिरज—અચરજ. આશ્ચર્ય. प्रा० अचेरा.

१०७. साधना—સાધનો. धन......सुरतांण—આજે અમારાં નશીબને ધન્ય છે કે સુલતાન પધાર્યા.

१०८. रखोपां -રક્ષણ–રખવાળું. defensive. सं० रक्ष्. गडा–પથ્થર. यंत्र–પથ્થર ફેંકવાનાં યંત્ર. मंडाव्या—ગોઠવાવ્યા.

१०९. उतावली—ઉતાવળે કામ કરે એવી, ફેરી. ઢીકલીનું વિશેષણ છે. ढीकली-પથ્થર ફેંકવાનું યંત્ર. नितु—નિત્ય–चूकी—ચોકી.

११०. ऊपरि थिका—ગઢ ઉપરથી. वलगइ—વળગે, લઢે. रातीवा —રતોવાઇ, રાતેને રાતે. सं० रात्रिपात, प्रा० રત્તિવાઓ. दीहइ–દહાડે. सइफलु मांडइ—હલ્લા કરે. સઇફલુ–છાપો, ધસારો કરે.

१११. मूंडी—ચાલીને. सावदलि—બધા લસ્કર સાથે. रोसाला—ક્રોધ ભરેલા.

११२. पोसाता–પ્રખ્યાત. નામાંકિત. वेढि ऊतारइ—લઢાઈ કરે છે. ऊठवइ–હલ્લો કરે છે. एकमना—એકસપે.

११३. वानर तणी परि झडपी—વાંદરાની પેઠે કુદીને, ઝડપ નાંખીને एक चडइ.........धाई–કોઈ ધાઇને ગઢ પર ચડી આવે છે. माझिम—મધ્યમ, માઝમ. हवाइ—હવાઈ, કોકબાણ. એક તરેહનું દારૂખાનુ જે સળગાવવાથી ઉંચે જઇને તણખા તણખા થઇને નીચે પડે છે. તે લઢાઇમાં આગ લગાડવા સારૂ વપરાતું.

११४. ढालइ—ફેંકે. लोढीगडु—લોહ પથ્થર, લોઢી પથ્થર, आ. आवइ માર્ગમાં આવે, આડું આવે. विणखूटइ—વગર આવરદા ખૂટયે. મોત વગર.

११५. इंणिपरि—એ પ્રમાણે. आलयइ—બચાવ કરે છે. हठि—હઠે. પુલ્લિંગ. गढरोहु—ઘેરો. छडाव्यो—તજાવ્યો.

११६. हुइ—થાય. હોય. पेखणां–નાચ—તમાસાની બેઠક. वीणि—વીણા.

मृदंग—તબલા જેમાં જૂદા જૂદા સૂરમાં મેળવેલાં બે નરઘાં હોય છે. મોટું જે બહુધા લાકડાનું હોય છે તેને નરઘું અને બીજું નાનું જે બહુધા માટીનું હોય છે તેને બાયું કહે છે. મોટા ઉપર શાહી ઘૂંટેલી હોય છે અને નાના ઉપર વગાડતી વખત લોટની કણેક ચોંટાડવામાં આવે છે. મોટું જમણે અને નાનુ ડાબે હાથે વગાડાય છે. મોટા ઉપર ગતના બીજા અક્ષરો અને નાના ઉપર તાલ દેવામાં આવે છે. બે છૂટાં નહોતાં લાકડાનું લાંબુ વાદ્ય હોય છે જેની એક બાજુ નરઘા જેવી અને બીજી બાયા જેવી હોય છે, તેને પખાજ અગર પખવાજ કહે છે. નરઘું અને પખવાજ જડેલા ચામડાને બાંધેલી ચામડાની સાટો લાકડાના ગોળ કકડા જે તેમાં ખોસેલા હોય છે તે આઘા પાછા કરવાથી નરમ કે સખ્ત થવાથી નીચા કે ઉંચા સૂરમાં મળે છે. **उछव-सं० उत्सव.** ઓછવ, આનંદ મેળવવાને કરેલી બેઠક, જલસો. **पात्र**—પાતર, નાચનારી.

૧૧૭. **चि॑ पासि**—ચો તરફ, ચારે બાજુ. **कटक मांहि**—લશ્કરમાં, છાવણીમાં. છાવણીમાં સિંહાસન પર બેઠો બેઠો પાતશાહ ત્રિકળશા મહેલ પર સાંતળ બેસે તે જૂવે છે.

૧૧૮. **सारही**—ભાથાધર. તીરંદાજ. **सं-शरधि** ભાથો **तेडाणा**-તેડાવાયા. **बहुत**-બહુ-**प्रभूते वः ॥२३३॥ बहुत्तं. सि०हे०** બહુત, બોત, બહુ. આ તૂક અને તેની પછીની તૂકોમાં વર્ણવેલો છે તેવો પ્રસંગ કવિ ચદ્રશેખર કૃત ‘ હમ્મીર-હઠ ’ નામના કાવ્યમાં છે. આ કાવ્ય એ કવિએ ‘ **कर नभ रस अरु आतमा, संवत फागण मास.**’ એટલે સંવત ૧૯૦૨ માં બનાવેલો છે. કવિ જોધરાજે પણ એક ‘ હમ્મીર-હઠ ’ સંવત ૧૮૫૫ માં બનાવ્યો છે. આ ગ્રંથો અર્વાચીન છે પણ નયચંદ્ર સૂરિએ સસ્કૃતમાં હમ્મીર મહાકાવ્ય નામે ગ્રંથ વિ. સં. સોળમા સૈકાના પૂર્વાર્ધમાં લખ્યો છે; એ ગ્રંથ રા. રા. નીલકંઠ જનાર્દન કીર્તને એમણે ઈ. સ. ૧૮૭૯ માં છપાવ્યો છે. જે અસલ પ્રત ઉપરથી એ ગ્રથ છપાયો છે એ પ્રત નયચંદ્ર સૂરિના ગુરૂભાઈએ જ વિ. સ. ૧૫૪૨ માં એટલે કાન્હડદે પ્રબંધ થયા પછી ત્રીસ વર્ષે ઉતારી છે. આ તૂક અને ત્યાર પછીની તૂકોમાં વર્ણવેલો પ્રસંગ એ મહા કાવ્યમાં પણ છે. હમ્મીરહઠનું વસ્તુ આ પ્રમાણે છેઃ—જયપૂરની પાસે આવેલા રણથંભોરના રાજા હમ્મીર

દેવ તથા અલાઉદ્દીન સુલતાનની વચ્ચે, હમ્મીરદેવે અલાઉદ્દીનના એક મૂગલ સરદાર મીર મુહમ્મદ મંગોલને આશ્રય આપવાને લીધે વિગ્રહ થયો હતો. એ સરદાર અલાઉદ્દીનને ગુસ્સે કરી નાઠો હતો. નાસતાં નાસતાં રણથંભોર ગયો અને 'હું પાતશાહનો અપરાધી છું અને શરણે આવ્યો છું' કહેવાથી હમ્મીરદેવે એને આશ્રય આપ્યો હતો. અલાઉદ્દીને ઈ. સ. ૧૩૦૦ માં રણથંભોર પર ચઢાઈ કરી હતી અને લાંબા ઘેરાને અંતે એ ગઢ પડયો હતો. આ વિગ્રહમાં હમ્મીરદેવનાં પરાક્રમ ઘણાં હતાં. का० प्र० માં પણ કવિ કાન્હડદે પાસે કહેવડાવે છે કે હું હમ્મીરરાયની પેઠે કરીને મારૂં નામ પ્રખ્યાત કરૂં.

૧૧૯. **बंदू**—ગુલામ, નોકર. **पाटू**–પાટો. **तु हि**–તોયે.

૧૨૦. **सींगिणि**—કામઠું, ધનુષ્ય, **कोसां**—છેડા. **मेली**–મેળવીને, એકઠા કરીને, એક બીજાને અડે એટલું ધનુષ્ય તાણીને. **प्राणि**–બળવડે. **ह-स्ति**–હાથે. **सोलही**—શોઢા–રજપુતની એક જાત છે તે, જાતની સ્ત્રી. **सूसरु फूटु**—આરપાર, શરીરમાં થઇને બીજી બાજુએ નીકળ્યું.

૧૨૧. **उसरु [सं. अवसर]**—ઉત્સવ, **पेखणु**, જલસો. **भागु**. વિખરાયો; ભંગાણ પડયુ. **जुउ**–જે. **ठाण**–લક્ષ્ય.

૧૨૨. **रोसालु**—રોશાળો, તીખો, તાતો. **प्रसादि तुह्मारि**–તમારે પ્રતાપે. **इहांथु**–અહીંથી. **फेडुं**–મારી કાઢું.

૧૨૩. **सींगिणिगण**—[સીંગિણિ–ધનુષ્ય; ગણ–દોરી]–પણછ. **परठिउ**–મુક્યું, સંધાન કર્યું. **लाखंतां**–નાંખતાં, ફેંકતાં. **विछोडी**–તોડીનાંખી. **विलख**–બે લક્ષ્યવાળું, સાથે લાગાં બે નિશાન સાધે એવું. **खाटि**–સિંહાસને, પલંગે.

૧૨૪. **छांडयूं**—તજ્યું. **भुइ**–ભોએ, ભયવડે. **बीहइ**–બ્હીએ. મરણના ભોએ સહુએ બીએ.

૧૨૫. **उठवणी**—હૂમલો. **निरता**–? **नलीआर**–તોપચી, નાળ ફોડનાર.

૧૨૬. **ढीवज**—મોટા પથરા. **हाड**–હાડપંજર, શરીર. **गूड**–પગ, ઘૂંટણ, ગૂડા. **काचरां**–ફાડયાં. **पाहण**–પથર.

१२७. **आगवर्ण**—આગ રૂપ, આગ જેવા. **नालि**—નાળમાં, લાંબી તો-પમાં. **ढोला**—?

१२८. **मग... यन्त्र**—फा० મગરબી–પથરા ફેંકવાનું યંત્ર. જૂવા એલિયટનો હિંદનો ઇતિહાસ. પુ. ૩. પા. ૧૭૪. (આવૃત્તિ ૧૮૭૧) **ध्रु**–ધ્રુવનો તારો, હોકાયંત્ર. ધ્રુસાંધવો–દિશા નક્કી કરવી, તાકવાને. **सूत्रधार**—સુતાર.

१२९. **भटकोय**—સંહાર કરતું ચાલ્યું જાય એવુ એક જાતનું હથીઆર. **निफात**—નાશ. **अल्कापात** [**सं०** उ...पात]—તારાનો વર્ષાદ.

१३०. **छांडी जासि**—છોડી જશે, ગઢ તજીને જશે. **पडखी** [**सं. प्रति+ईक्ष्**]–અનુમાન કરીને. **मारुय**–મારવાડી રજપુતોએ. **साहण**–સૈન્ય. **खाखावीखी**–તારાજ–તારો તાર.

१३२. **हऊउ पसाउ**—કૃપા થઈ; અંબિકા પ્રસન્ન થયાં.

१३३. **त्रिणि**—ત્રણ. મહાદેવને ત્રણ નયન છે. ત્રીજી આંખ ભમરોની વચ્ચે હોઇને એનો ડોળો ઉંચો નીચો થયાં કરે છે. એને લીધે જ શિવનું નામ ત્ર્યંબક પડયૂં છે. **कपिल**–ધેરા તપખીરીઆ રંગનું, ભુખરૂં. **...डमाल**–માથાની ખોપરીઓની માળા જે શિવ હમેશ ધારણ કરે છે તે. **तुबी**–તૂમડુ. **ब्र...कपाल**–બ્રહ્માનું માથું, પ્રથમ બ્રહ્માને પાંચ માથાં હતાં તેમાંથી એક રૂદ્રે કાપી નાંખ્યુ હતુ. તે માથુ શિવ હમેશ પાસે જ રાખે છે.

१३४. **भस्मु**—જો કે એ પાઠ રાખ્યો છે પણ ग નો પાઠ **भस्मह** વધારે ઉત્તમ હોઇને તેનાથી અર્થ સ્પષ્ટ થાય છે. **भस्मह**–છઠ્ઠી વિ. **बाघचंब** [**सं.** ...घ्रचम] વાધાંબર. શિવ માત્ર વાધાંબર જ ઓઢે છે. **त्रिशूल**–ત્રણ ફળવાળો ભાલો.

१३५. **चीतवई**—વિચાર કરે છે. **रङ्गि**–આનદે. **स्वामि**–શિવ.

१३६. **घालीइ**—મરાય–ઘલાય. **विमासी**–વિચારી ને.

१३७. **पासाहूंतु**—પાસામાંથી, સોડમાંથી. પં. વિ. **गुर्ज**–ગુરજ, ખીલા ખીલાવાળું હથીઆર, કેટલાક ફકીરો રાખે છે એવું. **अहिनाण**—એંધાણ. **संकेत**–નિશાની. **काहिइ**–ક્યારે પણ. **केतलइ**–કેમે પણ. કેટલાથી પણ, ગમે તેટલા (પૂરાવા) થી પણ.

१३८. [illegible]—રૂપ, ધાતનું ખરેખરૂં રૂપ, ખરી હકીકત; અલાઉદીન રૂદ્રનો અવતાર છે એ હકીકત.

१३९. **पेर**—પેર. તતખીર. **तेणि करइ विनाण**–તેણે ખબર કરી.

१४०. **गुणी**—ગુણ. **त्रापडा**–તાપડાં, ગુણપાટ. **अणावी**—અણાવે.

१४१. **जेहे**—જેણે. **गुणी...........जल मांहि**–ઉંચે ગુણો ઉપર યન્ત્ર મંડાવીને ગાયો મારીને ડોકાં તળાવના પાણીમાં નાંખ્યાં.

१४२. **तुरणी**—ઉતાવળી. **आछुं—सं-अच्छ**. સ્વચ્છ. **निर्वर्ण**–રંગના પાસ વગરનું.

१४३. **वडु**—મોટો. **घडु**–ઘડો.

१४४. **हुइ**—હોય છે.

१४५. **अन्तेउरी**—રાણી.

१४६. **जमहर**—ઝમોર. દુશ્મનોને હાથ પડવા કરતાં બળી મરવાને અગ્નિ પ્રવેશ કરવાની ક્રિયા, તેમજ તે કારણ માટે તૈયાર કરેલો અગ્નિ. **पइसस्यु**—પેશીશું. પ્રવેશ કરીશું. **हींदू तणइ मानीइ गाइ**—હિંદુને ગાય માનયોગ્ય–પૂજ્ય છે.

१४७. **जीवितव्यनी**—જીવતરની–જીવવાની. **पीजइ**–પીવાય. **पली**–પળી પણ, લગીરે, ચાંગળું એ.

१४८. **गिरुउं**—ગરવું, મોટું, ભારે. **मवाडूं**–દેખાડીએ છીએ. **जाणेजो**-જાણજો..સમજજો.

१४९. **घरणि**—ગૃહિણિ, રાણી.

१५०. **वी[illegible]**—પહોચશે, ખબર થશે. **अ[illegible]ज्यो**–આણજો. લાવજો. **आणी जमार**—આ જન્મારે. આ ભવમાં. **माफलामण**–રામ રામ, છેલ્લા પ્રણામ (Good bye.)

१५१. **लाइ**—લાવી. **चंदन**, સુખડ, મલયાગર. [illegible]–કુટુંબ, સગાં સ્નેહી.

१५२. **प्रभावि**—પ્રતાપથી, મહિમા વડે. **आहि**—આય, બળ. **सजन [सं. स्वजन]**–પોતાનાં માણસો.

१५३. **रहाइ**—રહેવાય.

१५४. **माजन** —માજને, ~~મિલને, અંધારે માર્ક~~]–ધોરવંશનો, ધોરી; તે

ઉપરથી મુસલમાન. **ઘણ**—ઘણા. **ગ પતિ**—ગઢનો ધણી સાંતલસિંહ. **પટમલ્લ**—યુદ્ધકુશળ. યુદ્ધમાં યથેચ્છ ઘૂમનાર. સરખાવો ધીંગડમલ, રંગડમલ, તેમજ ખટમલ (માંકણ)!

૧૫૫. **કેકાલા**—કોડની ભરેલી. **वुलावु**—વળાવું. **दुल्हा**—વર.

૧૫૬. **भेद**—ગુપ્ત વાત. **पीजिइ**—પીવાય. **पुगी**—પહોંચી, ખર આવી.

૧૫૭. **जीवीइ**—જીવાય. **जीवन**—જીવાડનારૂં.

૧૫૮. **पिंड** - શરીર. **प्राण**—જીવ **पर णा** [**सं. प्राघुर्ण**] પ્રાહુણા, પરોણા, **हिव**—હવે. **होइ**—થાય, થશે. **सचर बारे**—બધી જગાએ.

૧૫૯. **पावकि**—ચિતા ઉપર; અગ્નિમાં. **सई दालि**—પોતાના દળમાં.

૧૬૦. **विराल**—વરાળ. **कहिसि**—કહેશે. **भलु**—ભલો સારો.

૧૬૧. **इम.........अहिनाणि**—સાચા એંધાણ-નિશાની વડે-પોતાનું ગુર્જ ઓળખીને. **निश्चि जाणि**—નક્કી જાણે,—જાણજે. **कहावी**—કહેવડાવી. **नइ**—ને.

૧૬૨. **अम्ह**—અમને **मिलइ**—મળે, તાએ થાય; નમે. **आपूं.........मान** જીવ જાય તો ભલે પણ મારૂ પણ—માન છોડું નહિ. **लाजइ साख तणी चहुआण**—ચહુવાણ-ચોવાણની સાખ, શાખા-ઓલાદ લાજે.

૧૬૩. **लोक**—વસ્તી. **पडा उथाय - सं. उत्था**—હલ્લો, હલ્લો કર્યો. **सालिग्राम**—કાળો, ગોળ પથર જે વિષ્ણુને નામે પુજાય છે. એ નેપાળની હદમાં ગંડકી નદીમાં થાય છે.

૧૬૪. **ऊगवीआ**—કોરા કર્યા, સુકવ્યા.

૧૬૫. **साह्मा धर्या**—સામા કર્યા, મોખરે આણ્યા. **टोले मिलइ**—એકઠા એકમેક-થઈ ગયા.

૧૬૬. **भलां करइ**—સફળ કર્યાં. સારી પેઠે વાપર્યાં. **देव**—કૃષ્ણ.

૧૬૭. **पोसाता**—મોટા, બળવાન, પ્રખ્યાત. **पायक**—પદાતિ, લડવૈયા.

૧૬૮. **[illegible]**—વીરપણું, શૂરાપણું. **वीरायतन**—(પાઠાંતર) વીરનું શરીર, શૂરાનું કલેવર.

બીજો ખંડ-વિવેચન સમાપ્ત.

ત્રીજો ખંડ–વિવેચન.

૨. **मइ**—એ. ત્રિ. વિભક્તિ.

૩. **सइमरमु राउ**—શંભરપતિ, ચોહાણુ રાજા કાન્હડદેવ.

૪. **सुरताणा**—સુલતાનના. **पूछया च प्रधाण**–પ્રધાન પૂછાયા, અર્થાત પ્રધાનને પૂછ્યું.

૫. **अंगमइ**—વેઠી શકે. ટક્કર ઝીલી શકે. **जास तणु**–જેનું. 'જાસ-જેનું' ને તણુ પ્રત્યય લગાડયો છે. છઠ્ઠીનો એવડો પ્રત્યય.

૬. **जास तणइ**—છઠ્ઠીનો એવડો પ્રત્યય.

૭. **तडोवडी**—બરોબરી.

૮. **मेल**—સંધિ.

૯. **लयोसि**—લઈશ. ભવિષ્ય કાળ.

૧૦. **रलिउ**—રખડયો. રઝળ્યો. **सं. रि**–જવું.

૧૧. **जूउ मान केतलउ घटइ**—જૂવો કેટલાં પ્રમાણુમાં માપ ઘટે. ભર્યા સરોવરમાંથી પોપટ ચાંચ ભરીને પીએ તો પાણી કેટલું ઘટે ? સમીઆણુ લીધું તેમાં શું થઈ ગયું ?

૧૨. **अ वर्जन करसिउ भलि**—મનહરણુ કરીશું–મનરંજિત કરીશું–ઠીક મહેમાનદારી કરીશું; અર્થાત ઠીક જંગ મચાવીશું. વિપરીત લક્ષણા. **सूअर**–સૂવર, ભૂંડ, ડુક્કર **सं. सूकर**. સુલતાન ન આવે તો સૂવર ખાય એવા સમ દે છે.

૧૩. **नवि लाई घडी**—ઘડીએ વાર ન લગાડીને. વાર લગાડયા વગર–તુરત.

૧૪. **लील विलास**– વિલાસી–વૈભવી. **सायर**–સાગર, સમુદ્ર–**वडव नल** સમુદ્રમાં રહેલો અગ્નિ.

૧૫. **कीहु गर्व......डुंगरु**...તમે મનમાં શેનો ગર્વ ધરો છો ? સાત સાત વર્ષે સમીઆણુ–એક નાનો ડુંગરો–નાના ટેકરા ઉપરનો ગઢ લીધો!

૧૬. **हाकइ**—હાકોટી ઉઠે છે,

૧૭. **गांलु खणी**—ખોદી નાંખું. **सुर........तिमिड**—સૂર્ય ઉગે ત્યાં દીવો શી ગણત્રીમાં? સાક્ષાત ગરૂડની સામાં સર્પનો શો હિસાબ?

૧૮. **गजमाल**—હાથીની હાર. **झंपइ**-ઝંપાવે, પડે. **सेन**—સીચાણો, શકરેબાજ. **सं. श्येन. वालु दोट**—દોટ દેઉ, ઝડપ નાંખુ.

૧૯. **डामरी**—?

૨૧. **गालु आविउ आखेट**– શિકારમાં ગાળામાં આવ્યુ—ગાળામાં સપડાયુ, આવી પડયું તે ખરૂ. ઝાલોર લેવા જતાં વચમાં બ્રાહ્મણોનું ભિન્નમાળ આવી ગયું તો તે એ ઠીક.

૨૩. **भणवा भणी**—ભણવા તરફ- ભણવામાં. **अंगि सहित**—અંગો (વેદનાં) સહિત. **आचर्ण**—વર્તણુક—આચાર. **वर्णई**—વ્યાખ્યાન કરે છે. **व्याकर्ण**—વ્યાકરણ શાસ્ત્ર.

૨૪. **चौद विद्या**—ચાર વેદ, છ વેદાંગ, બે મીમાંસા; ધર્મશાસ્ત્ર અને પુરાણ. **चरह**-ચરક, વૈધકનો જૂનામાં જૂનો માન્ય ગ્રન્થ. **संगीत** નૃત્ય, ગીત અને વાદિત્રનુ શાસ્ત્ર. **जातकि**—કોઈના પણ જન્મ સમયે ગ્રહોની સ્થિતિના ગણિતનું જ્યોતિષ. **पिंगल**—છંદશાસ્ત્ર, **भरह विनीत**- ભરત મુનિયે પ્રતિપાદિત શાસ્ત્ર.

૨૫. **ब्रह्मपुरी**—બ્રાહ્મણોનું નગર. **श्रीमाली**—શ્રીમાળના—ભિન્નમાળના બ્રાહ્મણો. **गिरूआ गोत्र**—ચઢીઆતાં—ગરવાં ગોત્ર—પ્રખ્યાત કુટુંબ. **अवसाथि**—ધરમાં, અગ્ન્યાગારમાં. **सं. आवसथ**—ધરમાં હોમનો જારી અગ્નિ રાખવાનો ઓરડો. **अग्निहोत्र**-નિત્ય હોમ કરવાનો ચાલુ રાખેલો—ઓલવાવા ન દેવાય એવો—અગ્નિ.

૨૬. **खटकर्म**—યજન, યાજન, અધ્યન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ (અમર પ્રમાણે.)

૨૭. **भेटि**—ભેટવાથી—મળવાથી. **पातिग**—પાતક, પાપ. **धोतिउं ऊगाइ आ[illegible]** ધોતીઆં આકાશમાં અદ્ધર સુકાય છે. **त्रंबालू**—તરભાણું, સંધ્યાવંદન વખતે પાણી વગેરે નાંખવાનું ત્રાંબાનું છીછરૂં વાસણ. **सइ**—પોતાના. **सस्य**—શિષ્ય.

૨૮. **सहस अठ्यासी**—પ્રાચીન અઠયાસી હજાર રૂષિયો. **आगे सरिया**—પૂર્વે થઇ ગયા. **भाखरीइं**—ડુભાષિયાએ.

૩૧. **वीजइ होम..........मांहि**—આહુતિ દેવાય, ગાય દ્હોવાય તો સવારમાં નસાય.

૩૨. **पाडुउ**—પડાવ.

૩૪. **उपघ त**—ધાત.

૩૫ **वेगि........छोडि**—ઉતાવળથી ઘોડા તૈયાર કરી લાવ. **पुहंत**—પહોકંત—પહોચંત—આવી પહોંચે છે.

૩૮. **ताह तणइ.........कुण ?**—તેના મોં આગળ કોણ ટકી શકે ? તેની સામા કોણ ઉભું રહીને લઢી શકે ?

૩૯. **अंगाणि**—આંગણે. **नर निकुंभ**—નિકુંભ રજપૂતની એક જાતના નર, વીર. **गोहिलु**—ગોહેલ રજપુતો.

૪૦. **श्रीपतणे**—સિક્કો મ્હોર રાખનાર અધિકારીએ. **वही** દફતર, ચોપડો. વહીવંચા—ચોપડો—અમુક વંશનો ઇતિહાસ લખ્યો હોય તેવો—વાંચનાર ભાટ. **सेल त**—સેલોત.

૫૨. **जके........गया**—આ આખું પૂર્વાર્ધ અસ્ફુટ છે.

૫૪. **वाहर...........चडइ**—વહારે ચઢતી વખત કોપે ધધડી ઉઠે, અને એક છલંગે ઘોડે બેસે.

૫૬. **ए आगिला बुद्धिबल प्राणि**—બુદ્ધિબળ અને શરીરબળમાં આગવા—મોખરાના શ્રેષ્ટ.

૫૯. **खुरासाणी**—ખુરાસાનના અગર ખુરાસાનની ઓલાદના.

૬૭. **हेखारव**—હિસારવ. ખૂંખારા. હણહણાટ.

૬૮. **नवि मानइ साट**—લગામને વશ રહે નહિ. લગામને ગાંઠે નહિ.

૬૯. **भाजेज्यो**—ભાંગજો. હરાવજો. **पीयाणे**—મુકામે.

૭૬. **लोहडा तणी कटाकटी ऊडि**—તરવારોની કટાકટ ઉડે છે. **यंत्रि पुहुतु सुर्य**—સૂર્ય બરોબર માથે આવ્યો. જંત્ર મધ્યાન્હ થયા. યત્ર—વખત માપવાની ઘડી, તેમજ શંકુયંત્ર. **रणतूर**—રણવાદ્ય. યુદ્ધનાં વાજાં.

૭૭. **ऊठवणि**—હૂમલો. ધસારો. **घोडे साट देई**—ઘોડાની ડોકપર લગામ મુકીને, છૂટી લગામે. **जई फूटा**—જઇને પેઠા.

૭૮. **विलगइ.........वार**—વાત કરતાંમાં તો તરત જ દાનવને દેવ વળગે તેમ વેરીને વળગે છે.

૭૯. **मचकोड्या**—તોડ્યા–મરડી નાંખ્યા. **क लाव्या वाट**—રસ્તો તજાવ્યા, ભગાવ્યા.

૮૦. **खलभल भालइ खंडइ**—ખલભલાટ કરીને ભાલાથી ખાંડી નાંખે. વિંધી નાંખે. **रणि पेरण मंडइ**—રણમાં પેરણું માંડે–રણમાં જાય છે.

૮૧. **ऊ ना सं. अवच्छिन्न**–ઉપલક્ષિત.

૮૨. **बीज तणी............कायर कांपइ**—તેમની તરવારો વીજળીની પેઠે ઝબકે છે તે જોઇને કાયર હોય તેઓ થરથરી જઇને કંપી ઉઠે; પણ આ પદાતિઓ પાછી પાની ન કરતાં આગલી ભોંય જ ચાંપે છે–અગાડી જ ધસે છે.

૮૩. **आवाले कीधु.—?**

૮૪. **भीछ**—ભયંકર.

૮૫. **मूलगा**—મુખ્ય. **उगरत**—મૂળમાં **ऊगंता** એવો અશુદ્ધ પાઠ રહી ગયો છે. **ख** માં **उगरता** એવો શુદ્ધ પાઠ છે. **उगरता**—બાકી રહેલા. લઢાઈ પછી ઉગરેલા.

૮૭. **बगतर**—બખ્તર.

૮૮. **उद्दाल्यां**—લઈ લીધાં.

૯૧. **हलाव्या**—ઢીલાં કર્યાં. ઘોડાની પીઠ તપી ન જાય માટે તંગ ઢીલો કરીને પલાણ હલાવ્યાં.

૯૨. **डाव**—હાથે પહેરવાનાં બખ્તર. **कोठि**—શરીરે, ધડ ઉપર પહેરવાનાં બખ્તર.

૯૪. **जे नीसाण............आविड**—તુરક લોકોએ તળાવના પડાવ ઉપર જે નોબત ઉપર ઘા વગાડ્યા તે સ્વર સાંભળીને મલિક નેબ ઉતાવળથી ત્યાં આવ્યો.

૯૭. **रुंडमुंड**—માથાં. **उभे**—ઉંચે. **धाह**–ત્રાહ.

૯૮. **फेरी वींटी**—ચોગરદમ ફરીને ઘેરી લઇને. **संधान**–સાંધવું. ધનુષ ઉપર બાણ મુકવું તે.

૯૯. **कोडा........मांडी**—ભાલાનો કોટ કર્યો. ધસારો લાવનારને ભોંકાય એમ ભાલા ગોઠવ્યા.

૧૦૦. **सुहड**—સુભટ. **आ हणे**—મારે છે. સં. आ+हन-ઘા કરવો. મારવું.

૧૦૩. **ऊथला**—ઉથલા, **उत्थला परिवर्तनम्** । दे० ना० मा० ।

૧૦૫. **सुद्धि करेवा**—ખબર કરવા, જાણ કરવા.

૧૦૬. **वांदणूं**—વંદન. **तुह तणी**—તારી. છઠ્ઠીનો એવડો પ્રત્યય.

૧૦૭. **सा मा**—સામે મોંએ. **सवेउ**—સરવે.

૧૦૮. **माणस**—વીર પુરૂષ, મર્દ.

૧૧૦. **तारवी**—ચુંટી કાઢીને. વીણી કાઢીને-સારા સારા લઇને.

૧૧૫. **रांधिल**—રાંધનાર-રસોઇયો. **सांसहु**-સાંખું. **कसायातण**-કાંસાનું. **प्रहार म वालिसि**-પ્રહાર ન કરીશ. ન અથડાવીશ. ન ખખડાવીશ.

૧૧૯. **जाति स्मरणिका**—પૂર્વ જન્મના સ્મરણવાળી. પૂર્વ જન્મમાં કોણ હતી તે જાણનારી. **शाकन**-શાકુન શાસ્ત્ર. જ્યોતિષની એક શાખા, અહિં સમગ્ર જ્યોતિષ શાસ્ત્રને માટે.

૧૨૧. **पंख......पतंग**—જે જઇને દીવે-દીવામાં પડે તો પતંગીઉં પાંખ સહિત પોતાનું અંગ બાળે છે. **जाइसि**—જઇશ. ભાવષ્યકાળ.

૧૨૩. **आम तात**—પ્રજાના પિતા.

૧૨૪. **उछाह**—ઉમંગ-કોડ.

૧૨૬. **आंतरु**—અંતર-ભેદ-તફાવત. **भोग पुरंदर**—ઇંદ્રના ભોગ-ઇંદ્રનો વૈભવ જેને ત્યાં છે એવો.

૧૨૭. **भाव**—રીત-તરેહ.

૧૨૯. **कान्ह........करु**—હે કાન્હડદે! વિગ્રહમાં-આપણે લઢાઇ છે તેમાં-લગ્ન કરો.

૧૩૦. **तं देसिउ**—તેને આપીશું, તેને આપીશ.

૧૩૩. **निवेस**—અભિનિવેસ, ચોટ, નિશાન, લક્ષ.

૧૩૫. **नहि बिइसि जिमण माहइं**-મોંસરમાં જમવા સારૂ એ બેસે નહિ, બેસવા પામે નહિં. **मयंक**—મૃગાંક-ચંદ્ર.

૧૩૬. मुहसाल—મોસાળ.

૧૩૭. एकवीस जे पृथ्विराज—મારી પૂર્વના એકવીસ રાજાઓ. એકવીસ પૂર્વજો, પેઢીઓ.

૧૩૮. अहिठाण—આધષ્ઠાન. वाघिगदे—કાન્હડદેવના બાપ સામંતસિંહની પહેલાં રાજ કરતો, કાન્હડદેનો એક પૂર્વજ. એ બળવાન રાજા થઇ ગયો છે.

૧૩૯. पुराणि—પુરાણુમાં, પૂર્વની વાતોમાં, પાછલા વખતમાં. आगिइ हुई न होसि नहीं—(આવી વાત) અગાડી થઇ એ નથી અને થશે એ નહિં.

૧૪૦. सु—પોતાનો. भावि.........बोलिइ—આ ભવમાં પોતાનો ભવ કેમ બોળીએ, પોતાની જાત કેમ વટાળીએ.

૧૪૨. મગ કોરીને તેમાં સદાએ રહે તે જીવનું પણ કર્મ છૂટતું નથી—ભાવિ મિથ્યા થતું નથી. સરખાવો. 'મગ કોરીને પેસતાં, કદી ન મૂકે મોત.' સામળ. સર્વેને કરેલાં કર્મનાં ફળ મળશે; પાંચમ નીમાઇ હશે તો છઠ્ઠ કેમ થશે ?

૧૪૪. साम......तिणि—સામ, દામ વગેરે ત્રણે રીતે.

૧૪૫. पूछु वीर—વીરને—વીરમદેને પૂછો.

૧૪૬. मच्छराक—મચ્છર—માત્સર્ય.

૧૪૮. सुंदरला तीर—સુંદર નામના તળાવને તીરે. ला—છઠ્ઠી વિ. નો પ્રત્યય.

૧૪૯. राहवी—રહનું પ્રેરક રૂપ—રખાઈ.

૧૫૧. मेघवनां—ઇંદ્રધનુષ્યના રંગનાં.—चंद्रुआ थिका—ચંદરવામાંથી. झूबकां ઝૂમખાં.

૧૫૨. त्रिकलशां—મહેલમાં ઉંચામાં ઉંચી બેઠકની જગા જેના ઉપર નાના નાના ત્રણ ધૂમ્મટ અને શિખર-કળશ હોય છે તે.

૧૫૪. त्रिकूट—લંકાના એક 'પર્વતનું' નામ—લંકાનો ગઢ. लंक त्रिकूट सरीखा—ત્રિકૂટ ઉપરના લંકાગઢ જેવો. कनक-लक मल—કનક, સોનું. સકોમલ—કુમાળું—સુંદર. સોનાના જેવું સુંદર. फूटडी—ઉજળી, સારી દેખાય એવી. बइठ—બેઠક.

૧૫૫. धज—ધજા. चुकला—ચાર ફાળવાળા—ચોફાળવાળા. जाल—જાળી.

૧૫૬. पटूलडां—પટોળા, સુદર ભાત છાપેલા રેશમી વસ્ત્ર. परियंचि—સિંહાસને. धवल—ધોળા. धुलहर—ધવલગૃહ—सौध—છોબંધ હવેલી. चित्र सुरंग—સારા રગે ચિતરેલા ચિત્ર.

૧૫૭. पंचशब्द—ચાર તરેહના વાદ્ય, नद्ध, सुषिर, तत, અને घन અને ગાનારનો કઠ એ પાચના સુર पात्र—પાતર स्वर सात—ષડજ, રીષભ, ગાધાર, મધ્યમ, પચમ, ધૈવત અને નિષાદ—સા, રી. ગ, મ, પ, ધ, નિ.

૧૫૮. दीपकमाल—દીપમાળ

૧૬૨ विनाणि—વિજ્ઞાનવડે ઘણી ચતુરાઇવડે. तुरकह—છઠ્ઠી વિ૦ તુરકના.

૧૬૪ आंगम्या—[स आ + क्रम to over power] હફાવાયા.

૧૬૫. पाहिरणइ—પેરણુમા—પોશાકમા.

૧૬૬ घडी—ઘટા लोलि रत्न सूं जडी—રત્ન સાથે જડેલી લોલો રત્ન-જડિત-લોલ કાને પહેરવાનુ ઘરેણુ લોલક.

૧૬૮ वुठउ [सं—वृष्ट]—વરસ્યા विलखूं—વિલક્ષ—ગભરાઈ ગયેલુ

૧૭૦ उलकापात—તારાનો વર્ષાદ, અહિ અગારાની વૃષ્ટિ

૧૭૫ हम्मीर परि हुं आदरुं—હમીરરાયની પેઠે હુ કરૂ नाम अह्मारु ऊपरि करु—મારૂં નામ ચઢિયાતુ કરૂ—વખણાવુ.

૧૭૬. गाहि—કિલ્લા ઉપર, અહિં મેડતાને માટે વાપર્યો હોય એમ જણાય છે. મેડતા ઉપર ચઢીને જાઓ

૧૭૭. वेरणूं—સ્વારી, હૂમલો. राउलु—રાજાનુ

૧૭૮ वही आव्या—ચાલી આવ્યા હાલ કાઠીઆવાડમા આવા અર્થમા વહ્યો ગયો—વહ્યા એમ વપરાય છે गहगहि—ગરજે, ગડગડે

૧૮૧. अईयाए—યોદ્ધા.

૧૮૩ पाथाहत—પાથાનો પુત્ર—પાથાઉત.

૧૮૫. चोलि ... तिह—વર્પ્યો—ગયો છતાં. सलिसप्तमी. तहि—ત્યારે. सकार—[illegible]

૧૮૬. मोकल ।ज—મોકલના નામ પરથી તળાવનું પડેલું નામ. मांडी गइउ—આદરીને ગયો.

૧૮૮. लहि—મેળવે છે. सं. लभ्.

૧૯૪. लहइ—જાણે છે. सं. लक्ष्.

૧૯૫.–૨૦૭. આ તૂકોમાં કુંવરી પોતાના પૂર્વ જન્મની હકીકત કહે છે.

૨૧૦. नाह—નાથ, માલીક, ધણી. जम्हली—સાથે. दाह—અગ્નિસંસ્કાર.

૨૧૪. जमाहरु,—જન્મારો, અવતાર.

૨૨૪. अछइ—सं. अस्ति, છે.

૨૨૫. आय—બળ–લશ્કર.

૨૨૬. हिवई—હવે.

૨૩૦. कुणइ—કોણે.

૨૩૧. परिअचि—પડદો. जंवारा—જન્મારા.

૨૩૪. शिखरी—પહાડી. पनुती—પનોતી. तेहचा—તેનો, चा—છઠ્ઠીનો પ્રત્યય. નરસિંહ મહેતાની કવિતામાં ઠેરઠેર જોવામાં આવે છે. મરાઠીમાં તો છે જ. पोखइ—પોષે–સંતોષે. पावासि [सं. प्रावृष्] મેઘે, આકાશે.

૨૩૫. मन्मथ—મન મથી નાંખે એવો–મદન, કામદેવ. बूहव्यु–દૂભવ્યો. निर्गुण—ગુણ વગરની, નગુણી.

૨૩૬. नीगमूं—ગાળું. रयाणि–રાત્રિ. घणेरी—મોટી લાંબી. रहणूं न जाइ—કર્મણિ વિધ્યર્થ કૃદંત–રહ્યું ન જાય. હિં. रहा नहि जाता. અપભ્રંશ વાક્યરચના. જૂવો. सि. हे. ૮ । ૪ । ૪૪૧.

૨૩૭. जल ीणा—જળથી છૂટી પડેલી सं. हा. તજી દેવું. कंत वि-हूणी–કંથ વગરની. खीणी—ખિન્ન.

૨૩૮. जं म ।गेस तं वोस—જે માગીશ તે આપીશ.

૨૩૯. ाामनाथ छूटंतई धर्यो—સોમનાથ છોડવતાં પકડ્યા.

૨૪૨. न भाजइ रङ्ग—દેવળનો રંગમંડપ તોડે નહિ.

૨૪૩. टलतु–શિવાય. પાતશાહ બાદ કરીને ગમે તે. क ।काम–છજાં. मालीयां–મેડા. का रिआं–सं. कार्य–. [illegible] બહારની

ધારે અણિદાર નાની કમાનો કાઢી હોય છે તે. **सात खवणां**–[**सं. क्मा के क्षमा** ઉપરથી] સાત માળનાં, સાત ભોંયાં. પ્રેમાનંદે ભોયુ શબ્દ વાપર્યો છે. **गवाक्ष**–ગવાક્ષ. **उराउर**–સરસાઈ કરતી **वलभी**–છજાં. **आवर्या छइ**–છવાયા છે. **सांभलीतुं**–સંભળાતું. જૂનો કર્મણિ વર્તમાન કૃદંત **मादल–सं० मर्दल**–નોબત–જેના ઉપર ચામડું મઢે છે તે વાસણ. **पीतल घर**–પીતલગૃહ–પીતળનું બનાવેલું વાસણ. **पीतल घरना..........वाजि छि**–પીતળના વાસણુપર મઢેલી નોબતનો ધમકાર વાગે છે. વાગી રહ્યો છે. **तत**–તંતુવાળાં વાદિત્ર. **वितत**–વધારાનો પર્યાય શબ્દ **घन**–ઝાંઝ વગેરે જેવાં વાદ્ય. **शुषिर**–કાણાવાળાં–સુરાખવાળાં વાદ્ય. પંચશબ્દ વાજીત્ર કહેતાં માત્ર ત્રણ જ ગણાવ્યાં છે, જૂવો. **का. प्र.** ખંડ ૩–૧૫૭ ટીકા. **वयगरणा**–વહી લખનાર, વાંચનાર–રાખનાર–વહી–ચોપડો; દફતર, કરણ–કારકુન. **कुटवकन, अक्कलेह, टावरी, बारहीया–१ एवं वाधि**–એવી રીતના.

૨૪૫. **मढ**—માઢ, કહેલાં. **मतवारणां–सं. मत्तवारण:**—મહેલની ઉપર ઉંચો ઓરડો. **भूमिहरि**–ભૂમિગૃહ–ભોંયરાં.

૨૪૬. **अंतेउरी**—રણવાસ.

૨૪૯. **कूयरी जोवा आवा भणी**—કુવરી જોવા આવી ત્યારે, જોવા આવી તે પ્રસંગે જોવા આવી તેમાં.

૨૫૨. **जि माते**—હેરાન–દુઃખી.

ત્રીજો ખંડ–વિવેચન સમાસ.

ચોથો ખંડ-વિવેચન.

૧. તોષિઉ—સંતોષાયો, સંતોષવાળો થયો, રીઝયો, પ્રસન્ન થયો. આરોગ-પિડા રહિત.

૨. રલી—કોડ, ઉત્કટ અભિલાષા, પ્રબળ ઇચ્છા. किम-કેવી રીતે.

૩. आयस लहिउ—હુકમ મેળવ્યો, આજ્ઞા માથે ધરી. सावधान थिउ-સાવધાન થયેલો, ધ્યાન આપીને બેઠેલો.

૪. सकल स्वरूप—બધી હકીકત. माय-મા, દિકરી; વ્હાલનો બોલ.

૬. विषम—દુર્ગમ, જીતાય નહિ એવો. आसिउ-એવું. जासिउ-જેવું. तिस्युं—તેવું

૭. तासिउ—તેવું.

૮. घणूं—મોટે ભાગે, વિસ્તારથી. વિશાળ ભાગથી. अभ्यसइ-અભ્યાસ કરે, ભણે.

૧૦. वनय—વિનય. छन्नु गुण-लक्षण बत्रीश (સંપૂર્ણતા વાચક શબ્દો) સર્વગુણ સપન્ન, સર્વ સારાં લક્ષણોવાળા.

૧૧. अबला...........गाय-જ્યાં બ્રાહ્મણ, સ્ત્રીઓ અને ગાય મનાય છે,-રક્ષણ કરાય છે. हीणकर्म—નઠારાં કર્મ.

૧૨. विवहारिया—વેવારીઆ, વેપારી. वुहरइ...........विवसाइ-ખરીદ કરે છે, વેચે છે, અને ન્યાયે ચાલે છે; પરદેશની સાથે વેપાર કરે છે.

૧૩. जलवट—દરીઆને રસ્તે. थलवट-ખુશ્કીને રસ્તે. महेसरी—જૈન નહિ તે, મહાદેવને માનનારા-હાલ વૈશ્નવ.

૧૪. फडीआ—દાણાના વેપારી. दोसी—કાપડના વેપારી. जवहरी-ઝવેરી. नामि-પ્રખ્યાત. नेस्ती-ઘીના વેપારી. छत्रीस-સંપૂર્ણતા વાચક શબ્દ. क्रीयाणां-કરીઆણું.

૧૫. नगरि—पीठ. શહેરમાં માંડવી આગળ સુંદર બજાર છે. आछी-સુંદર. खेरा—चोल-ઘણીજ રાતી. पाडसूत्र-રેશમ. पटुआ-રેશમના દોરા વગેરે ગુંથનાર.

૧૬. नाण वटीया—નાણાવટી. लोटीआ—બોડાં માથાંવાળા વ્હોરા. सौथि બજારમાં, સાંથમાં. सदागर तेजी सार—ઘોડાના સારા સોદાગર, અગર સારા ઘોડાના સોદાગર.

૧૭. नागवेली—નાગરવેલ, પાન. जं—જે.

૧૮. चुहटा—બજાર. चुक—ચોક. चुतरा—ચોતરા.

૧૯. मोकली—પહોળી. छीह पंकिहाट—છોબંધ દુકાનો. सुइ—દરજી.

૨૦. गांछा—વાંસફોડા. तेरमा-? चुहटइ.........वलइ—ચોટામાં એટલી તો ભીડ થાય છે કે છાતીએ છાતી ભિડાઇ જાય—દળાઈ જાય.

૨૧. ईडां—કળશ. वलति.........जात्र—ત્રીજે ત્રીજે દિવશે જાત્રા—દેવસ્થાન અગાડી મેળા ભરાય છે. पात्र—પાતર—નગર નાયકા.

૨૨. पुरइ.........शोक—જે લોક નગરમાં આવે છે તેમનાં ભૂખ, દુઃખ ને શોક નાશ પામે છે. जिणालां—જૈન મંદિરો. पोसाल. પોશાળ, જૈન લોકોને ધર્મની ક્રિયા વગેરે કરવા સારૂ, ભણવા સારૂ રાખેલું મકાન.

૨૪. शोभित............कांगरु—ખુરજે ખુરજે શોભાયમાન કાંગરા છે. नदी......फलवा वरु—ઝાડ સારી રીતે ફળે તે માટે કરેલી કૃત્રિમ નદી—કાંસ છે.

૨૫. करहडी—કરઘટી—ઉતળા પાણીવાળી. પાણી હાથે લેવાય એવી. मंडपरंग—રગમંડપ. વિલાસસ્થાન.

૨૬. जाल रो—જાલોરનો.

૨૮. परब—પ્રપા. વટેમાર્ગુ ને પાણી પાવાને નિર્માણ કરેલી જગા.

૨૯. कांथडी—કંથા. यति.........कापडी—સાધુઓના અર્થના શબ્દો, જેમ ધન દોલત. पंखाअ—પંખીની પેઠે ભમનાર. अव्र अवारी—सं. अव+आ+कृ ?—અન વહેંચાય છે. અપાય છે.

૩૦. तरुवर.........जूवटे—ઝાડની છાયા નીચે આરસના ચોકમાં આરસની ફરસબંદી ઉપર રજપૂતો જૂગટે રમે છે. नगर—नायका—ગણિકા. नवला—નવા.

૩૧. तास तणइ—તેના. બેવડી છઠ્ઠી. वासंग—વિશ્રામ લે છે, રહે છે. नगर.........टीकूआ—શહેરની પાસે ઢીકુડીઓ ચાલી રહી છે.

૩૨. **जिस्यु.........जडिउ**—જાણે સપ્ત ધાતુનો અને રત્નજડિત કો-
સીસાંવાળો ત્રિકૂટ પર્વત કોરી કાઢ્યો હોય નહિ એવો.

૩૫. **गरथ**—દ્રવ્ય. **टांकी.........दीवेल**–વાવો ખોદીને તેમાં ઘી તેલ
ભર્યાં છે. દીવેલ તો લાખ વરસ પહોંચે એટલું ભર્યું છે.

૩૬. **जूना सालां**—જૂની-ગઇ સાલોના **ईंघणमणी**-બાળવાનામાં
જોઇએ તો-ભણીના આવા અર્થ ઉપર લક્ષ ઘો. **बइसण**-બેસણું
બેઠક-રહેવાની જગા.

૩૭. **पाटनु घणी**—રાજગાદીનો માલીક.

૩૮. **चरइ...........लाख**—ઘણા રૂપાળા લાખેક ઘોડા શેરડી, સાકર
અને દ્રાક્ષ ખાય છે.

૩૯. **आंगरण**—શ્રી મ્હોર રાખનાર અમલદાર. **व गरणा**—વહી-
ચોપડો-દફ્તર ચોપડો રાખનાર અમલદાર. **साणा ता**—સાધન
લશ્કર ઉપરથી-લશ્કરી મહેતા-કારકુનો. **देहरासरि**—દેરાસર સાથે
સંબંધ ધરાવનાર. **प्रोहित**-પુરોહિત-પરોત-ગોર.

૪૦. **अवधानी—टावरी—भंडारी**—ભંડાર રાખનારા અમલદાર-**को-
ठारी**—અન્નના કોઠારના ઉપરી. **वरु**—વરો-વપરાટ.

૪૧. વતાં-વૃત્ત, કામ, કામગરી. સરખાવો જૂની કહેવત-' વતું કરીને
વાળીશ' તારૂં કામ, નોકરી, કરીને વાળીશ. રોજરોજ રાજાની પાસે
કામ કરે છે તેને પોસાતાં-સારાં. **कणह**—સોનું. સોનાં અપાય છે.

૪૪. **करडां**—કડુણ. **खेडां** [**सं. खङ्गिन** ગેંડો]-ગેંડાના ચામડાની ઢાલો.

૪૫. **कडिं**—કેડે. **दावडी**—દોરી. **भला.........बाथि**—ભલાભલા-
જબરા જબરા દેશ અને વેરીઓ શું બાથ ભીડે છે

૪૬. **मोजड**—મોજા-જોડા. **पागर**—પગનાં ચર્મપૂટની દોરી. **अलविइ**-
હળવે હળવે ? **सं.-अलघु-?** લટકામાં. **हिंडइ गेलि**—ગેલમાં, લટ-
કામાં ચાલે છે.

૪૭. **सावटू**—જરીઆન-**ठेसि पाय**-પગે ઠેશ મારે છે. તમા રા-
ખતા નથી.

૪૮. **सोवन्नि झूलि**—સોનાની ઝૂલ.

૪૯. **मांडा**—મોટા લાડુ. **खडक** ખડકલા, **कूर कपूर**-કપૂરની સુગં-
ધવાળો ભાત.

૫૦. जाक—જાત. सुखर्ई—જામી ગએલાં. ઠેપલાં થઇ ગએલા.

૫૧. पान कपूर—કપુરવેલી—કપૂરી પાન. चूआ—ચૂઆ. એક જાતનો સુગંધી પદાર્થ.

૫૨. चिंतति—ચિંતવન કરે છે, રાજાને જ ભજે છે.

૫૩. अश्विनीकुमार—અશ્વિનીના બે જોડે અવતરેલા પુત્ર. એઓ સ્વર્ગના વૈદ્ય અને ઘણા જ રૂપાળા હતા. छह दरसन नइ—છએ દર્શન જાણનારા—બ્રાહ્મણોને.

૫૪. मुह्रुल दीइ भूपाल—રાજા દર્શન દે છે. उगटइ—વાગે છે. भरहभेद—ભરત ભેદ—ભરત પ્રતિપાદિત સંગીત. पाटबंध—ઠાઠબંધ, તાલસુર સહિત.

૫૫. खत्रीवट......छइलड वीर—માલદેવ ક્ષત્રિવટ જાણ, મહા ધૈર્યવાન અને છેલ છે. राजा अनेरइ—રાજા અને એને, માલદેવને.

૫૬. हणूया—હનુમાન.

૫૭. वेरिसाल—દુશ્મનોને સાલરૂપ—કાંટારૂપ. मोटिम—મોટમ, મોટાઈ.

૫૮. रा..................सुरताणि. પદ્મનાભ કહે છે કે પૂર્વ પૂણ્યના પ્રમાણમાં ચોવાણને ત્યાં નિર્મળ રાજરિદ્ધિ સાંભળીને પાતશાહે માથું ધુણાવ્યું.

૫૯. लेणुजाइ—લીધું જાય. લેવાય. જીતી શકાય.

૬૦. सुकुन बोल—ધન દોલતની પેઠે એક જ અર્થના બે શબ્દો.

૬૩. बर्खुरदार...फा० બર—ફળ, અને ખુર્દન્—ખાવું. ફળ—લાભ વગેરે ખાનાર ભોગવનાર—છોકરો અગર નોકર ચાકર વગેરે.

૬૮. यम जिसिउ—જમ જેવો—ભયંકર.

૭૧. एक तणी.........माख—કેટલાકની તો ભાષાએ સમજાતી નથી.

૭૨. करेजो आपापणी—પોતપોતાની (ફોજ) નક્કી કરજો.

૭૪. दीवाणी हाट—દીવાન તરફનાં, દીવાને મડાવેલાં चाउल—ચોખા. खाइ-कुण—કોઈ ખાઓ, કોઇ ખાઓ; એટલાં બધાં મળે છે કે ખાનાર મળતા નથી.

૭૫. ...ळणा—? सिरि—? ...ली—વરીઆળી. ली—લે.

૭૬. तिली—તલ. चिरि—વરી. એક જાતનું ચોખા જેવું ધાન્ય.

૨૧

૭૭. **नालीयर लाभइ लाख**—નાળીએર તો લાખ જોઈએ તો લાખ મળે છે. **साबु**–સાબુ ચોખા ? **कंटोल**–કંટોલાં.

૭૮. **पडी**—ગાંધીનાં કરીઆણાં–વસાણાની પડી–પડીકાં. **मंडाइ घास**–ઘાસ મંડાય છે. વેચવાને ગોઠવાય છે.

૭૯. **मोजां**–જોડા. **कुसि**— ? **वरु**–વરો. **मसारा**–મુસારા–પગાર.

૮૦. **पूरइ**–પૂરે, પૂરૂં પાડે.

૮૧. **गूदरइ**—અ૦ મક્ષ. **खनगइ**–અ૦ ખજાનો.

૮૨. **मेहर**–મ્હાર. **धीवरना**—ઢીમર, માછલાં પકડવાનો ધંધો કરનારી જાત. **ढाढी**–બહુધા રવાજ વગાડીને ગાઇને માગનારી એક જાત. **मतरब**–અ૦ તરબ–તેણે ગાયું–તે ઉપરથી–ગવૈયો.

૮૪. **त्रांबाहर**—તાંબાઘડા. **कारुनारु–कारु**-કારીગરની જાતો. નવ નાતો કારૂમાં ગણાય છે. સુતાર, લવાર, કુંભાર, સોની, કંદોઇ, માળી, હજામ, ગોવાળ અને તમોળી. **नारु**–વસવાયાં. એની પણ નવ નાતો મનાય છે. કોળી, વાઘરી, કલાલ, ઢેડા, બજાણીઆ, વાદી, સરાણીઆ, ખરાદી, અને ચમાર. બોલવામાં નારૂકારૂ કહેવાય છે. **तीरगरा**–તીરઘડા. **बगनीगर**–અ૦ બગની–જવનો દારૂ, આસવ–જવનો દારૂ ગાળનાર, કલાલ. **खास खवास**–ખાસ હજૂરના નોકરો.

૮૫. **मद**—દારૂ. **खमार**–દારૂ ગાળનારા. **उराति** અ૦ અરતી–ઉંટ, ઉંટ. **पूंगडां**—?

૮૭. **ददा**—ધાવ, આયા.

૮૮. **संसालिजे कुल मांहि करि**—કુલાચાર અનુસરાય–સંભાળાય **अह्म**–અમને.

૯૧. **थाहरि**—ઠોર, ઠાર, ઠેકાણે. **पार्द्रि पार्द्रि**–ગામે ગામ.

૯૮. **माठूं ठाण**—કપરૂં, અઘરૂં, વસમુ, દુર્ગમ ઠેકાણું.

૧૧૦. **जां**—જો. **तां**—તો. **मन**–ના, નહિ. **उसरु**—ઓસરો, પાછો હઠો.

૧૧૩. **पालटु**—ફેરવો, બદલો. **ऊलटपालटु**–હેરફેર કરો.

૧૧૫. **मूलगा**—મૂળે, મૂળમાં, કુલ.

૧૧૬. [illegible]—બાજુ ઉપર.

૧૧૭. **गढनी पातां आंघा गया**—તેઓ ગઢની તરફ-દિશામાં-આબા-પાસે ગયા.

૧૧૯. **व्यास पांहि**—વ્યાસદ્વારા, વ્યાસની મારફત.

૧૨૧. **वूठा**— વરસ્યા.

૧૨૩. **महाजन**—વેપારીઓ, વાણીઆ, વેપારીઓનું મંડળ.

૧૨૪. **राजंगणि**—રાજદ્વારે. રાજમહેલને આંગણે, **पहिलु......करी**—પહેલાં બધા એકઠા થઇને. **रा लगुनि भेटणुं करुं**—રાજાની અગાડી ભેટ ધરી.

૧૨૫. **आलहिणूं**—આપવું તે. **करयो......मान**-આપ લઢાઈ જારી રાખજો, ટેક મૂકશો નહિ.

૧૨૬. **फडीउ**—અનાજનો વેપારી **अह्म तणइ**-અમારા-વિભક્તિનો એ-વડો પ્રત્યય. **पूरुं वरु जु......लहु**-જે હુકમ થાય તો વરો-વપરાટ-જોઇતો સામાન, પૂરો પાડું, આપુ.

૧૨૭. **उधारु**—જીવાડુ, બચાવું. **घीउ**—ઘી. **मागु......वावरु**-હું આગ્રા માગું છું તે આપો અને બેલાશક રસોઇમાં બમણુ વાપરો. **म करसिउ माठि**-કસર કરશો નહિ. ઓછું વાવરશો નહિ.

૧૨૯. ભોળો શાહ કહે કે મારે ત્યાંથી તેલ દીવેલ લો. હુ એંસી વરસ સુધી આપી શકીશ. બળાય તેટલું બાળો અને વળી મરજી હોય તો ચોળીને નહાઓ !

૧૩૦. **पाचइ**—**सं. पच्**-રાંધવું, પાકે, રધાય.

૧૩૧. **पाधरी**—ઠીક, સારી. **सूकडि**-સુખડ-**अगर**-અગરચંદન.

૧૩૨. **पाखइ**—વગર. **गोल**—ગોળ. **देउल मन भाञ्जु आपणइ**—આપણે હાથે દેવળ ભાગશો નહિ. આ તૂકના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધની વચ્ચે **क** માં નીચેની અસ્ફૂટ ક્ષેપક તૂક છે.

सूषु साह कहि परि करी छास पिहिलु आउंरी भरी
वाहण चडतां लीजइ साथि जोउं पारखूं आपणइ हाथि.

૧૩૩. **गुलनु........जाय**—ગોળનો ગોળો બમણો આપી જાય.

૧૩૪. **बाजइ........बाह**—વાગે તે જીવતું પાછું ન ફરે અને જીવતું રહે તે વળી ગોળને રોટલી ખાય ! **नफर**—નોકર, ગુલામ.

૧૩૫. **पूरस्यूं**—પૂરીશું, પૂરા પાડીશું.

૧૩૬. **रहिज्यो मंडि**—મંડયા રહેજો. ટકી રહેજો. **आवस्यिउ छांडि**—છોડી, તજી આવશો નહિ. **आवट्य**--વાટી નાંખ્યા, મારી નાંખ્યા.

૧૩૭. **सु**—સો.

૧૪૨. **पाडइ......देसि**—તરકના દેશમાં ત્રાહ ત્રાહ પોકારાવે છે, બૂમ પડાવે છે.

૧૪૪. **चुहमासि**—ચોમાસે. **परइ**—આઘે.

૧૪૭. **जेठि........किसइ**...જેઠ મહિનામાં પાણી ખૂટશે તો જીવી શું શી રીતે ?

૧૪૯. **ऊफरां**—ઉંચાં.

૧૫૨. **कलस थिका**—શિખર ઉપરથી, કિલ્લા, ડુંગર ઉપરથી. **कान्ह ऊलीचि**—કાન્હ ઉલીચાએ. **हेरी**—બાતમી મેળવીને.

૧૫૫. **हरम**—હુરમ, અમીર જેવા પદવીવાળાની સ્ત્રી.

૧૫૬. **वधामणीउ** વધામણીઓ **तिर्थ मांहि**—જાબાલીપુરમાં. ઝાલોરમાં.

૧૬૧. **सल्हि**—આયુધસમુહ; તરવાર, ભાલા અને પણછ વગરનાં કામઠાંનો જથ્થો.

૧૬૨. **मालदेवनी वारि**—માલદેવની તરફ.

૧૬૩. બાહાદુરપુર અને અબેરની વચ્ચે બાજી આળેખી અને ચોપટ ખેલવા ચાલ્યા. એક તરફ સોનગિરો રાજા અને બીજી તરફ દિલ્હીનો સુલતાન. બેમાંથી કોણ જીતશે ? કાન્હડદેવનો ભાઈ સુલતાનની સાથે ઝૂઝે છે. તેણે ઘોડારૂપી સોગટાં બનાવ્યાં, હાથીઓ રૂપી પાસા નાંખ્યા. તરવારો વડે દાવ આપ્યા. માલદેવ રણમાં છાપો મારે છે. સોનગિરિ આગળ બન્નેએ જૂગટું રમવા માંડયું. સુલતાન જીતશે કે માલદેવ જીતશે ?

૧૬૯. **हकारां**—તેડાં. **आघू आवु**—પાસે આવો. **आगलु**—પહેલાંનું. પહેલાં એકઠું કર્યું હતું તે. **देसुत**—દેશોત. **थाणि**—થાણામાં, છાવણીમાં.

૧૭૪. **पाछात म रहिस्यो**—ઉતાવળા ન થશો. મુદત અધુરી ન રાખશો.

૧૭૫. बलि—બ. सं बल-બળવાન. कोइइ-કોઈએ. किम हि न लीणु जाइ-કેમે લેવાયુ જાય નહિ, કેમે લેવાય નહિ.

૧૭૮. थाकिइ—ઓછા છતાં.

૧૭૯. जहींइ—જેવામાં, જ્યારે. रहींइ-રહે છે.

૧૮૦. लपी छपंतु—લપાઈને છાનું.

૧૮૧. आयिउ—જશે. कहिसि-કહીશું, હું કહીશ. बेइ-નક્કી.

૧૮૨. मघाडी -લગાડી, જણાવી.

૧૮૪. पाडूआं कर्म—सं० पातुक-પતીત કરે એવાં કર્મ.

૧૮૫. अणरथि—ગરીબાઈ. बूटां-નાનાં ઝાડ, અથવા ઝાડનાં મૂળીઆંને લીધે સખ્ત થઈ ગયેલી કસદાર જગા, જેને વાવવા લાયક કરવા સારૂ ખોદવી અગર બાળવી પડે છે.

૧૮૬. पीयारि—પારકે. सेडि सांडसे- ?

૧૮૭. अन्यान—અજ્ઞાન.

૧૮૮. नगारी-?

૧૯૧. सरइ—હિંડે છે, ચાલે છે. कंलाहि- ?

૧૯૨. चडेवा—ચઢવા. पाडेसि—પાડશે.

૧૯૭. सोइ—અનુકુલતા-ભાગ્યની અનુકુળતા. રાજસમૃદ્ધિ.

૧૯૮. चतुर्मुखि—ચાર મોંઢે. आगेवाण-આગેવાન.

૧૯૯. डवडां—દોડીને.

૨૦૧. एक डीलनु कारणि आज—પોતાના પંડના લોભને લીધે.

૨૦૨. त्रंबालु—ત્રાંબાનું વાસણ.

૨૦૪. राउल भणि—રાજા તરફ. રાજાની પાસે.

૨૦૫. सुहुणा तणी—સ્વપ્નાની.

૨૧૩. झांप—હલ્લો, ધસારો. द्रेठि—નજરે, દેખતાં.

૨૧૭. सा मह पूरि—સામે પૂરે, લશ્કરની સામે.

૨૧૮. પૂર્વાર્ધ અસ્ફુટ છે.

૨૨૨. राउला—રાઉલ-રાજાના. લા છઠ્ઠી. વિ. નો પ્રત્યય.

૨૨૩. निम सि—લેશે. जासिइ भसमंत-રાખ થશે, બળી જશે.

૨૨૪. **आंधि ... लेसइ**—બાર ખભે લેશે. અંતકાળે આપેલું જ્ઞાન લેવાનું સાહસ કાણ કરશે?

૨૨૫. **मेलातइ**—પડતાં, ભેળાતાં, નાશ પામતાં. **नर्मि**–જ૨૨;

૨૨૭. **विकोली**—દાસીઓ, છોકરીઓ.

૨૨૮. **सकटुंबा**—સહ કુટુંબ.

૨૩૦. **गणगायक**—ગાયક ગણ, ગવૈયાઓનાં ટોળાં **नगर नायिका**–ગણિકાઓ. ગાનારીઓ.

૨૩૨. **आभरण**—લુગડાં. **पुरसु**–પુરૂષપૂર, માથોડુ.

૨૩૬. **अर्घ**—હાથમાં અગર અરઘીઆમા ચંદન, ફૂલ અને અક્ષત સહિત પાણી લઇને સમર્પવુ તે.

૨૩૭. **पइसइ**—પેસે છે. **सरले सादि**–ગળગળે સાદે.

૨૩૮. **उफरांटउ**—આડુ, વાંકુ, અવળું.

૨૩૯. **वहाण**—વહાણું સવાર

૨૪૦. **पंनरसि चुरासी गढि जमहर**—ઝાલોર ગઢમાં પંદરસેં અને ચોર્યાશી ઝમોર મડાયા.

૨૩૧. **मुगति**—મુક્તિ. **भुगति**–ભક્તિ. **सारंगपाणि**–સારગ નામનું ધનુષ્ય ધરનાર વિષ્ણુ, કૃષ્ણ ભગવાન.

૨૪૨. **सा...रि लगइ**—સાચોર નગર સુધી. **दिग्गज**–પુરાણોની માન્યતા પ્રમાણે દરેક દિશાએ રહેતો એકેક હાથી. એ આઠ દિશાના આઠ છે; ઐરાવત, પુણ્ડરીક, વામન, કમુદ, અઝજન, પુષ્પદન્ત, સાર્વભૌમ અને સુપ્રતીક. **धुम**–ધુમાડો. **विराल**–વરાળ. **सुरलोकि**–દેવલોકમાં.

૨૪૩. **एरावत**—ઐરાવત; સમુદ્ર મંથન વખતે નીકળેલાં ચૌદ રત્નોમાંને‌ા એક, ઇંદ્રનું વાહન; એને સાત સુંઢો છે. **इन्द्र**–દેવલોકનો રાજા.

૨૪૪. **नैऋत**—નૈઋતી, મૃત્યુની અધિષ્ટાતા દેવી. નૈરૂત કોણની દિગ્પાલિકા. **वरुण**–જળનો અધિપતિ, દેવતા. **नरवाहन**–વિદ્યાધરોનો રાજા, બૃહત્કથાનો નાયક, પાંડવોના વશમાં જન્મેલો. **योगिनि**–જોગણી. અંબાએ પોતાના આનંદને માટે ઉત્પન્ન કરેલી ઉપદેવીઓ. એ ચોસઠ છે. ન. કો.

૨૪૬. **महिषि [illegible]र**—સુર-યમ. મહિષિ-પાડે, પાડા ઉપર. યમનું વાહન પાડો છે. **पाछा रहि आवसि खोड़ि**-પાછા, પાછળ, પછવાડી રહે ખોડ-ખાંપણુ આવશે.

૨૪૭. **अपछरा**—અપ્સરા, આકાશમાં ગતિ વાળી સુરનાયકાઓ.

૨૪૯. **गोपीचं [illegible]नि**—ગોપીચંદને; દ્વારકામાં ગોમતી નદીના [illegible]પટમાં થતી પીળી માટી વડે.

૨૫૩. **मनरङ्गि**—મનના ઉત્સાહ વડે. **बि हथि**-બે હાથે.

૨૫૭. **बा पुकारइ**—એક [illegible]પુ પડી ગયું હોય એમ જણાય છે. બાપુ બાપુ એમ પોકારે છે. ઉશ્કેરવાને.

૨૬૦. **नासत**—નાસેડે.

૨૬૩. **कर्मसीया-? फूट रसीया-?**

૨૬૬. **भारथ करिउ**—ભારત જેવુ યુદ્ધ કર્યું.

૨૭૧. **पडिहार**—રજપૂતોની એક જાત.

૨૭૩ **साहसी**—મરણીઆ.

૨૭૭. **मइ सांभली आगिली भाष**-મેં કહેવાતું સાંભળ્યું છે. પૂર્વની થતી વાતો, ઇતિહાસ સાંભળ્યો છે.

૨૭૯. **ग्रासीया**-ગરાસીઆ, ગરાસ ખાનારા.

૨૮૦. **धारा तीरथ**-રણસંગ્રામમાં તરવારે કપાઈ મરવા રૂપ તીર્થ.

૨૮૧. **विवाद**—એક પ્રતમાં **निनाद** પાઠ છે તે સારો છે. **निनाद**-ધાંટો કંઠ, શબ્દ. **अंतरिवा**[illegible]-અંતરિક્ષવાદ.

૨૮૩. **रूयांछु**- ?**आमिष**—માંસ.

૧૮૪. **आंगरखे**—ગઢમાં-છેવટનું રક્ષણનું-ભરાઈ પેસવાનું સ્થાન.

૨૮૭. **प्रतिप**[illegible]—અંગિકાર કરેલું. અંગિકૃત.

૨૮૯. **अरिअण**—અરિગણુ, દુશ્મનો. **प्रतिपालण** [illegible]र-પ્રતિપાલન કરનાર.

૨૯૦. **अभिराम**—સુંદર. **पामिउ आपणु ठाम**-સ્વધામ પામ્યા.

૨૯૨. **रामायण करइ**—રામાયણના જેવું યુદ્ધ મચાવે છે, કરે છે.
ऊठ-दिहाडा—સાડાત્રણ દિવસ.

૩૦૨. **झड**—ઝપટ.

૩૦૬. **गोहरि**—ચોર.

૩૧૮. **कूहरण**—દૂષણ. **जीयणी**—જનની, મા.

૩૧૦. **बहिकि**—બ્હેકે છે, ફોરે છે. **केवडु**—કેવડો.

૩૧૩. અકલંકિત પુનેમનો ચંદ્ર ઉગ્યો હોય એવું.

૩૧૫. **मानि**—માને. બી. વિ. **अणूह**—ઓછું

૩૧૭. **सुकलीणा**—કુળવાન.

૩૨૦. **कहि कारण**—શા કારણે. શું કરવા.

૩૨૩. **गहबड**—ઢીલું થઈ ગયું, ગળગળું થઈ ગયું.

૩૨૪. **खलभलइ**—કંપે છે, ક્ષોભ પામે છે.

૩૨૫. **म कलावा**—મોકળી થવા, છૂટી થવા, રજા લેવા.

૩૨૮. **खट दर्शन**—ખટદર્શન જાણનારના જેવો પવિત્ર. **दातार** દાનેશ્વરી.

૩૩૨. **बाज**—પત્રાળા.

૩૩૩. **परन री सहोदर**—પરસ્રીને બ્હેન સમજનાર.

૩૩૬. [illegible] **सरी**—આજ્ઞા માનીને. **उल्लसइ**—રોમાંચિત થાય, ઉલ્લાસ, આનંદ પામે.

૩૩૭. **नवनीत**—માંખણ. **पंचतालीस सु पूठि बरीस**—એકસો પિસ્તાલીસ વરસ પછી. કવિ પોતે રચેલા પ્રબંધનો સાલમાં લહીઆઓના દોષથી ગરબડ ન થાય એવા હેતુથી કહે છે કે એકસો અને પિસ્તાલીસ વર્ષ પછી. ઝાલોર પડયા પછી એકસો પિસ્તાલીસમા વરસમાં એટલે સં. ૧૫૧૨ માં આ પ્રબંધ રચ્યો છે.

૩૪૩. **विद्या उद्धरि**—વિદ્યાનો ઉદ્ધાર કરવા વડે.

૩૪૮. પ્રાકૃતબંધમાં કવિતા કરવાની ઈચ્છા કરીને કલિયુગમાં અભય કથાનો વિસ્તાર કર્યો.

ચોથો ખંડ વિવેચન સમાપ્ત.

શુદ્ધિપત્ર.

—xx—

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
		પ્રસ્તાવના.	
૨	૧૪	नी	नि
૧૦	૮	કરકટીઓની.	કાઢી નાંખો.
	૧૭	તો	,,
૧૫	૬	મુલતાની	સુલતાની.
૧૬	૧૬	તે	કાઢી નાંખો.
૧૯	છેલ્લી	આગ્ર	અગ્નિ
૨૦	૧૭	પૂર્વ	કાઢી નાંખો.
૨૧	૨૦	દેવળ ન ભાગતાં	,,
૨૨	૪	રાવળને	સુભટ
૨૪	૬	કંકાસના	કાઢી નાંખો.
		कान्हडदे प्रबंध.	
૨૬	૧૮	खांडव	पांडव
૨૯	૯	खोर	ख्वार
	૧૦	परदार	बरदार
૩૧	૮	जिपयानिउ	जि पयसऊं
૩૨	૧	वाहार	विहार
૩૩	૭	वूढी	वूढि
૩૫	૭	उचि	कूचि
૩૭	૬	कटकटीया	करकटीया
૫૭	૧૬	रही	रली
૫૮	૮	कही	कहि
	૧૪	कि	किम
૬૩	૮	असंभ	असंभव
૬૪	છેલ્લી	हुई	हुइ
૬૮	૭	टलतु	वलतु

૭૮	૫	प्रत्या	प्रत्य
	છેલ્લી	अवारी	अवारीइ
૭૫	૧૮	वीर	वारि
૭૬	૨	राउति लही	लहींइ सही
૭૭	૨	जंइ	जइँ
૭૯	૧૮	संसालिजे	संभालीजे
૮૦	૫	कंथगहडीना	कांथ गहडीना
૮૨	૮	गढनी पाता	गढ [illegible]ता
	૧૧	मरा सवेड	मरासि बेड
૮૩	૧૧	भुंजाइइ	भुंजाईइ
૮૪	૧૧	घरि संपति	जय संपति
	૧૨	अग्न	अङ्ग
૯૦	૧૦	अइम	इम
૯૬	૨૨	नइ जीत	नइजीत
૧૦૧	૪	॥ ३१९ ॥	॥ ३०९ ॥
૧૦૪	૯	जल	फल
	૧૨	लही	लहि
		સ્ફુટ વિવેચન.	
૧૩૧	૩	૨૪૮	૨૪૯
૧૩૨	૬	રહેલું	રહેવું
	૨૬	पहिरणी	पहिरणि
૧૩૩	૯ ની નોટમાં	प्रीतिवाचक............ ....માઉલી.	सं. मातुल–મામો.
૧૩૭	૯	રાજાઓ	રજપૂતો
૧૩૮	૫	गूजर	આ શબ્દ પહેલાં નીચે પ્રમાણે ઉમેરો.–સવાલખ–સપાદલક્ષ–મૂળ કુમાઉનનો પ્રદેશ, પાછળ–થી શંભર આસપાસનો પ્રદેશ. જૂવો રાસમાળા.

૧૩૯	૨૩	**उच्चि ?**	**कूच्चि**—કોચીન. **कल च**- કાલિકટ.
૧૪૧	૧૮	**बगनी ?** બદલે ઉમેરો.	**बगनी**—જવનો દારૂ.
	૨૫	[illegible]થી લશ્કરમાં	**करकाटेय** (સં. **कर** [illegible]) હાથકાતી ધારણ કરનાર.
૧૪૨	૨૬	નાના	કાઢી નાંખો.
૧૪૩	૧	એક ચોખી	એકચોખી
૧૫૧	૧૬	એક છલગે	કચ્છી
૧૬૦	૪૬ની ટીકામાં	**अलविह**	**अलविह आगिला**—કોઇની છેડ કરવામાં પહેલા.
૧૬૨	૮૮ની ટીકામાં.	**संसालिजे कुल मांही- करि**	**सं**[illegible] **कुल मांहि करी**
૧૬૩	૧૧૭ની ટીકામાં	**गढ** વગેરેને બદલે.	**गढ नीपातां आघा गया** તેઓ નવા કાઠગઢ કરતા આઘા પાસે ગયા.
૧૬૪	૪	**आवस्यिउ**	**मन आवास्यिउ**
૧૬૬	૨૩૨ની ટીકામાં.	પુરૂષપૂર, માથોડું.	સુવર્ણપુરૂષ.
૧૬૭	૧૬૦ની ટીકામાં.	નાસેડે	નાસતા.